વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૦મું
ડિસેમ્બર - ૨૦૧૫
અંક : ૪૫૧

મંગલ મંદિર ● ડિસેમ્બર-૨૦૧૫ ● ૧
(કુલ પાના : ૧૦૬)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

*Merry Christmas*
&
**Happy New Year!**





: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org

# સૌંદર્યનિખાર માટે શ્રેષ્ઠ મનોહર પ્રકાશનો





કિંમત : T 180

લગ્નપ્રસંગો, પાર્ટિઝ, મૉડલિંગો, સેશન્સ, વગેરે ફંક્શન સમયે વિવિધ હેર સ્ટાઈલ્સ વ્યક્તિના વ્યક્તિત્વને નિખારે તેવી હોવી જોઈએ.

આ પુસ્તકમાં વિવિધ પ્રકારની હેરસ્ટાઈલ્સ વિશે સુંદર રંગીન ફોટોગ્રાફ્સ દ્વારા જરૂરી માહિતી આપવામાં આવી છે.

## બ્યૂટિ રેસિપિઝ





કિંમત : T 180

સૌંદર્યને સોળે કાલએ ખીલવવાની સાચી સમજ આપતું શ્રેષ્ઠ પ્રકાશન

આ ત્રણે પ્રકાશનો અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષાઓમાં પણ મળે છે.

## મેક-અપ આલ્બમ




કિંમત : T 250

સૌંદર્યની સૂઝ વિકસાવે અને રૂપવતીના શૃંગારમાં સહાયક બને તેવા શૃંગારપ્રસાધનોનું શ્રેષ્ઠ આલ્બમ

**આપના શહેરના બધા બુકસેલર્સને ત્યાં મળે જ છે અથવા મંગાવી આપશે.**

NAVNEET®
Knowledge is wealth

## NAVNEET EDUCATION LIMITED


**Correspondence Address** : Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad-380 052, India.
**phone** : (079) 6630 5000 • 66305001, 2745 1000 • Fax : (079) 6630 5011, 2748 8000
**email** : navneet.ahd @Navneet.com • **Website** : www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

## Deep Industries Limited

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

## Deep Industries Limited

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

AN ISO 9001 - 2000 COMPANY






# GILL & CO. PVT. LTD.

**IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT**

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

**Registered Office :** NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

**: BRANCHES :**

**ADONI / AHMEDABAD / AMRAVATI**
**BHATINDA / NEW DELHI / UJJAIN**

## કચ્છની ધરતીને વંદન... કચ્છની વિવિધ ક્ષેત્રની પ્રતિભાઓને સલામ !

# ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ • 380 001

ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

## કચ્છ વિષયક અને કચ્છી સર્જકોનાં અમારાં અણમોલ અને ગૌરવવંતાં પ્રકાશનો

### ધીરેન્દ્ર મહેતા

| | |
|---|---|
| છાવણી (ઇનામી નવલકથા) | 150 |
| તમે માનશો ? (લઘુનવલ) | 150 |
| આપણે લોકો (નવલકથા) | 115 |
| અદૃશ્ય (નવલકથા) | 80 |
| ખોવાઈ ગયેલી વસ્તુ (નવલકથા) | 100 |
| ભંડારી ભવન (નવલકથા) | 175 |
| વલય (નવલકથા) | 100 |
| ચિહ્ન (નવલકથા) | 200 |
| ગંઠાઈ ગયેલું લોહી (નવલિકાઓ) | 140 |
| હું એને જોઉં એ પહેલાં (નવલિકાઓ) | 100 |
| રણની આંખમાં દરિયો (સંપા. નવલિકાઓ) | 150 |
| પ્રત્યંચાનો કંપ (કાવ્યો) | 125 |
| નંદશંકરથી ઉમાશંકર (વિવેચન) | 250 |
| દર્શક અને બીજા વિશે (વિવેચન) | 180 |
| જયંત ખત્રી (ચરિત્રલેખન) | 90 |

### હરેશ ધોળકિયા

| | |
|---|---|
| નિયતિનું સંતાન (નવલકથા) | 125 |
| અંગદનો પગ (નવલકથા) | 120 |
| વિચારોની રખડપટ્ટી (લેખો) | 120 |
| અદૃશ્ય પાત્રો (નવલિકાઓ) | 125 |
| ભારતીય ચેતના (અનુવાદ) | 150 |
| આતમ વીંઝે પાંખ (અનુવાદ) | 200 |
| કચ્છ : વિહંગાવલોકન (સંદર્ભ) | 75 |

### દર્શના ધોળકિયા

| | |
|---|---|
| નારીની કથા પુરુષની લેખિની (સંપા. નવલિકાઓ) | 200 |
| નરસિંહ ચરિત્રવિમર્શ (વિવેચન) | 300 |
| શ્વાસમાં વાગે શંખ (ભક્તિકાવ્યોનો આસ્વાદ) | 225 |
| આઠે પહોર આનંદ રે... (વિવેચન) | 125 |
| સહૃદય ધર્મ (અનંતરાય મ. રાવળના સંપાદિત લેખો) | 260 |

### દુલાભાયા કાગ

| | |
|---|---|
| કાગવાણી ભાગ 1થી 8 | |
| કાગવાણી ભાગ - 1 | 100 |
| કાગવાણી ભાગ - 2 | 120 |
| કાગવાણી ભાગ - 3 | 170 |
| પૌ. કથાનકો અને રૂપકો (કા.વા. 4) | 140 |
| બાવન ફૂલડાંનો બાગ (કા.વા. 5) | 180 |
| ભૂદાનમાળા (કા.વા. 6) | 170 |
| મા (કા.વા. 7) | 125 |
| યોગીમાળા (કા.વા. 8) | 125 |

### દુલેરાય કારાણી

| | |
|---|---|
| મિઠે મેરાણ જા મોતીડા-1 (કાવ્યો) | 15 |

માવજી કે. સાવલા

| | |
|---|---|
| તાઓ સૂત્ર (અનુવાદ) | 60 |
| એક અધૂરી સાધનાકથા (નવલકથા) | 100 |

સૂરજલાલ એ. મહેતા

| | |
|---|---|
| પર્યાયકોશ (કોશસાહિત્ય) | 800 |

### પ્રભાશંકર ફડકે

| | |
|---|---|
| કચ્છીકવિતા - આસ્વાદના આલોકમાં (વિવેચન) | 80 |

### મહેન્દ્ર સાકરચંદ દોશી

| | |
|---|---|
| કચ્છીબોલી (ભાષાસજ્જતા) | 140 |

### સ્વામી સચ્ચિદાનંદ

| | |
|---|---|
| કચ્છીકથાઓ (ચરિત્રકથાઓ) | 90 |

### અન્ય પ્રકાશનો

| | |
|---|---|
| કચ્છનો સર્વાંગી વિકાસ-1-2 | 700 |

## અમદાવાદમાં અમારા ત્રણ વિશાળ શો-રૂમ

### ગૂર્જર સાહિત્યભવન

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001
ફોન : 22144663, ફેક્સ : 22144663
ઇ-મેઇલ : goorjar@yahoo.com

✷

### ગૂર્જર સાહિત્ય પ્રકાશન

102, લૅન્ડમાર્ક બીલ્ડીંગ, ટાઇટેનિયમ
સિટીસૅન્ટર મોલ પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15
ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com

✷

### સંસ્કાર સાહિત્યમંદિર

5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કૉલેજની બાજુમાં, આંબાવાડી,
અમદાવાદ-15. ફોન : 26304259

આપની પસંદગીના કોઈ પણ લેખકનું
કોઈપણ પુસ્તક મેળવવા માટે
અમારો સંપર્ક કરો

✷

આપ ઇમેલથી અથવા વૉટ્સૅપ દ્વારા
ઑર્ડર મોકલીને ઘેર બેઠાં પણ પુસ્તકો
મેળવી શકો છો...
વૉટ્સૅપ નં. 9879500182,
9825268759
ઇમેલ : goorjar@yahoo.com
goorjarprakashan@gmail.com



નવું વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને
મંગલમયી બની રહે એ જ અભ્યર્થના....



# જીવદયાપ્રેમીઓ
# દાનવીર દાતાઓ

## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

**કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો, લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.**

## શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

**કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.**

ભુજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)

## સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)

**: મુંબઈ ઓફિસ :**

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬

છેલ્લા ૩૯ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ
(મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯)

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

● નાતાલ ........ **પ્રતાપ નારાણજી દંડ** ...... ૯
● આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૧૦
● શ્રદ્ધા સુમન : સ્વ. શ્રી મણિલાલ કુંવરજી ગોસર ........ ૧૧

**લેખ વિભાગ**

### પર્વ વિશેષ

● નાતાલ : પ્રેમનો સંબંધ, પ્રેમનું સૌંદર્ય ........ **ફાધર વર્ગીસ પોલ** .... ૧૨
● ઈસુ, પાપીનો ગોઠિયો ........ **ફાધર વર્ગીસ પોલ** .... ૧૪

### કચ્છ વિશેષ

● કચ્છી વાર્તા ........ **સૌજન્ય : 'કચ્છી ગદ્ય' ● ડૉ. શાંતિભાઈ આચાર્ય** .... ૧૭
● રણોત્સવ પ્રસંગે ........ **જગદીશચંદ્ર છાયા** .... ૧૮
● ટપાલ ટિકિટમાં કચ્છ ........ **ચંદ્રવદન જી. મહેતા** .... ૧૯
● કચ્છના વનસ્પતિ વારસાનું જતન કરીએ ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૨૨
● કચ્છ સંગ્રહાલયની શિલ્પ સમૃદ્ધિ ........ **નરેશ અંતાણી** .... ૨૪
● જૈન આગમો, પ્રબંધો અને સાહિત્યમાં કચ્છની સાંસ્કૃતિક સમૃદ્ધિ ...... **ડૉ. દિનેશ જોશી** .... ૨૭
● ગાંધી યુગે ભારત : સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં – **આલેખક : કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી**
કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ : ૧૯૨૧- ૧૯૪૮ (પ્રકરણ-૮) ........ **સંપાદક : હરેશ ચ. ધોળકિયા** ..... ૩૦

### સમાજ ચિંતન

● તરુણો ઝડપથી પુખ્ત બનતા જાય છે ........ **હરેશ ધોળકિયા** .... ૩૨
● કૂખનો કારોબાર ........ **હંસરાજ કંસારા** .... ૩૫
● ડૉક્ટરો ગરીબ દર્દીઓને ખર્ચના ખાડામાં ઉતારે છે ........ **સંજય વોરા** .... ૩૭

### પ્રાસંગિક

● આંતરરાષ્ટ્રીય ભૂમિ વર્ષ ........ **સંજય પી. ઠાકર** .... ૩૯

### વિવિધા

● મૃત્યુના દેવ 'યમરાજ'નું પણ મંદિર...! ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર** .... ૪૦

### પ્રવાસ

● રાતની રેલ સફર ........ **લેખિકા : શ્રીમતી લીના શર્મા ● અનુવાદ : મગનલાલ સંઘવી** .... ૪૨

### દેશાટન

● રશિયા જોઈ અમે એના રસિયા થયા ........ **માણેક સંગોઈ** .... ૪૩

### વિચાર વિમર્શ

● પ્રસન્નતાની ક્ષિતિજ ........ **ડૉ. મુકેશ જોષી** .... ૪૬

### હૃદય મંથન

● આપવાનો આનંદ ........ **ડૉ. કાંતિ ગોર 'કારણ'** .... ૪૯

### વહી ગયેલા દિવસો

● તહેવારોની રાણી દિવાળી ........ **અલકા અરવિંદ સંઘવી** .... ૫૦

### મુલાકાત

● નાણાં વગર દુનિયાની પદયાત્રા (અંગ્રેજી આવૃત્તિ) ........ **અનુવાદ : મગનલાલ સંઘવી** .... ૫૧

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**

શ્રી પ્રતાપ નારાણજી દંડ

ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**

શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ

ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦

મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**

શ્રી શાંતિલાલ મુળજી સાવલા

ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**

શ્રી કાંતિલાલ રામજી શાહ

ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯

મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**

શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)

ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩

મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**

શ્રી ચંદ્રકાંત દામજી શાહ

ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**

શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર

ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે,
શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

## સમાજની ક્ષિતિજો


- નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૨૦ નર-નારીના જીવનમાં આકર્ષણના મહત્ત્વના કારણો .............. **સ્વામી શ્રી સચ્ચિદાનંદજી** .... ૫૪


## માંગલિક


- સદી પહેલાની યોગનિષ્ઠ આચાર્યશ્રીની આર્ષવાણી .................. **પન્નાલાલ ખીમજી છેડા** .... ૫૬
- હવેલી સંગીત અને પસ્તી .................. **ડૉ. સુધીર મોદી** .... ૫૮


## જીવન માંગલ્ય


- પિયાનોની પાઠશાળા .................. **ડૉ. નિરંજન વ્યાસ** .... ૫૯
- મર્યાદાને મનમાં રાખો .................. **હરીશ ખત્રી** .... ૬૦


## વાર્તા


- પ્રસાદ .................. **કેશુભાઈ દેસાઈ** .... ૬૧
- મૃત્યુર્મોમ્ અમૃતંગમય .................. **માલતી શાહ** .... ૬૬


## વિભૂતિ વંદના


- અનન્ય સરદાર .................. **મનુભાઈ પંચોળી 'દર્શક'** .... ૬૮
- આપણા પ્રાઈમ મિનિસ્ટર : મા.શ્રી 'નમો' .................. **રાસવિહારી મણિયાર** .... ૭૧


## આરોગ્ય


- શું ડિપ્રેશન ખરેખર બીમારી છે? ............... **ડૉ. મણિલાલ ગડા ● ડૉ. દીપ્તિ શાહ (ગડા)** .... ૭૪
- લીંબુ પુરાણ .................. **વરધીભાઈ ઠક્કર** .... ૭૬


## પર્યાવરણ


- વૃક્ષ પર વીંઝાતો પ્રત્યેક કુહાડો જીવસૃષ્ટિના અસ્તિત્વ પર ઘા કરે છે! ................ **મહિમ પાંધી** .... ૮૧


## ઇતિહાસ


- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ (પ્રકરણ-૪૩)...... **પ્રતાપ નારાણજી દંડ** .... ૮૨


## હળવાશની ક્ષણોમાં


- પાંચ ટિકિટ લાહોર .................. **ચિત્રસેન શાહ** .... ૮૪
- બાલુડેં જ્યું ગાલિયું .................. **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૮૫


## નિયમિત વિભાગો


- આંજો કાગર .................. ૮૬
- અન્ય સંસ્થાઓના સમાચાર .................. ૮૮
- સાર સમાચાર .................. **સંકલન : શાંતિલાલ સંઘવી** .... ૮૯
- જાણવા જેવું .................. **સંકલન : રજનીકાંત પારેખ** .... ૯૦
- *Nano Nine* શબ્દ રમત-૧૧૧ .................. **સંકલન : રજનીકાંત પારેખ** .... ૯૧
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૬૮) .................. **સંકલન : રજનીકાંત પારેખ** .... ૯૩
- વલોવતન .................. **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** .... ૯૪
- સમાજ દર્પણ .................. ૯૫
- સંસ્થા સમાચાર .................. ૯૬
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ .................. ૧૦૦
- ઊડતી નજરે .................. ૧૦૨


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## નાતાલ

*– પ્રતાપ નારાણજી દંડ*

છેલ્લા બે મહિનાથી આપણા દેશમાં તથા સમાજમાં ધાર્મિક ઉત્સવો ચાલી રહ્યા છે. ડિસેમ્બર મહિનો એટલે અંગ્રેજી સાલનો છેલ્લો મહિનો અને સમગ્ર વિશ્વમાં ઉજવાતા નાતાલના તહેવારનો મહિનો. આ મહિનામાં ઈશુ ખ્રિસ્તનો જન્મ તા. ૨૫ ડિસેમ્બરથી ૧લી જાન્યુઆરી સુધી મનાવવામાં આવે છે. ૨૫મી ડિસેમ્બરથી શરૂ થતો નાતાલનો તહેવાર ખ્રિસ્તીઓનો સૌથી મોટો તહેવાર છે. ૨૪મી ડિસેમ્બરે બરોબર મધ્ય રાત્રે ૧૨ના ટકોરે દુનિયાભરનાં દેવળો ઘંટનાદથી ગૂંજી ઊઠે છે. પ્રાચીન પેલેસ્ટાઈનના બેથલેહેમ ગામમાં ૨૫મી ડિસેમ્બરે ઇસુ ખ્રિસ્તનો જન્મ થયો હતો. ઇસુના જન્મને ખ્રિસ્તી લોકો આપણી કૃષ્ણ જયંતીની જેમ ઊજવે છે અને દેવળોમાં જઈને પ્રાર્થના કરે છે. ચોથી સદીના અંત સુધી નાતાલનો તહેવાર જુદી જુદી તારીખે ઉજવાતો હતો પણ ત્યારબાદ ખ્રિસ્તી ધર્મનાં ધર્મગુરુઓએ આ તહેવાર ૨૫મી ડિસેમ્બરે ઊજવવાનું નક્કી કર્યું હતું અને તે પ્રમાણે આજ દિવસ સુધી ઉજવાતો આવે છે.

વિશ્વભરમાં ઇસુ ખ્રિસ્તના અનુયાયીઓએ દેવળો સ્થાપ્યાં. સાથે સાથે મિશનરી દવાખાનાં, સ્કૂલો સ્થાપી. આ મિશનરી સાધુઓએ ગરીબોની તથા રોગીઓની ખૂબ જ સેવા કરી. સદીઓથી ભારતમાં ગરીબી ભોગવતા લોકોને ઇસુ ખ્રિસ્તનો ધર્મ તથા એમની કાર્યશૈલી ખૂબ જ ગમી. અને એ રીતે ધીમે ધીમે ઘણા બધા લોકોએ ખ્રિસ્તી ધર્મનો અંગીકાર કર્યો. ફક્ત ગરીબ લોકો જ નહીં, પણ ભારતમાં ઘણા પ્રબુદ્ધ ચિંતકોએ પણ ખ્રિસ્તી ધર્મનો અંગીકાર કર્યો. ડૉ. કમરકર, રાવ બહાદુર, આઠવલે તથા નારાણ વામન તિલક અને એમના જેવા ઘણા બધા વિચારશીલ મહાનુભાવોએ પણ ખ્રિસ્તી ધર્મને અપનાવ્યો હતો.

ખ્રિસ્તી મિશનરીઓએ હિંદુસ્તાનના પછાત વિસ્તારોમાં શાળાઓ, કૉલેજો તથા હૉસ્પિટલો બાંધીને શિક્ષણની સાથે સાથે સેવા કરવા તથા ધર્મ પ્રચાર કરવાનું પણ કામ કર્યું હતું. તેને લીધે ઘણી બધી કોમોના પછાત વર્ગના લોકોએ ખ્રિસ્તી ધર્મનો અંગીકાર કર્યો હતો.

ખ્રિસ્તી ધર્મની અસર ફક્ત અમુક વર્ગ પૂરતી સીમિત ન હતી. ગાંધી બાપુ પણ પોતાની પાસે બાઈબલ રાખતા. પ્રસિદ્ધ દલિત સર્જક જોસેફ મૅકવાનના સાહિત્યમાં પણ ખ્રિસ્તી ધર્મની અસર સ્પષ્ટપણે વરતાય છે. ફાધર વાલેસના સાહિત્યમાં પણ ઇસુ છે અને મધર ટેરેસાની માનવસેવામાં પણ ઇસુ જ હતા.

ધર્મ કોઈ પણ હોય, પછી તે હિંદુ હોય કે ખ્રિસ્તી હોય – બધાનો ઉપદેશ એક જ હોય છે : સત્ય, પ્રેમ અને માનવસેવા. અત્યારે સમાજને અને દેશને આગળ લાવવા હશે તો પ્રત્યેક વ્યક્તિએ સત્ય અને પ્રેમને અપનાવીને યથાશક્તિ માનવસેવા અપનાવવી પડશે.

'મંગલ મંદિર'નો દીપોત્સવી અંક અમોએ બહુ જ ટૂંકા ગાળામાં તૈયાર કરેલ, જે આપ સૌએ દિવાળીની રજાઓમાં માણ્યો હશે. આટલા ટૂંકા ગાળામાં દીપોત્સવી અંક તૈયાર કરવા માટે લેખકો / સર્જકોએ આપેલ સાથ-સહકાર માટે અમો એમના આભારી છીએ.

આગામી નવા વર્ષ જાન્યુઆરી-૨૦૧૬થી 'મંગલ મંદિર'ના સુજ્ઞ વાચકોની રસ રુચિને ધ્યાનમાં રાખીને કેટલાક નવા વિભાગો શરૂ કરવાનું નિરધારેલ છે.

સમાજદર્શક વિષયો પરત્વે સમાજના રસ ધરાવતા સભ્યો પોતાનું પ્રદાન કરવા માટે સહકાર આપે એ જ અમારી રિદ્ધિ અને સિદ્ધિ.

*૬, મુદ્રા એપાર્ટમેન્ટ, ૯/૨૬, ચૈતન્ય સોસાયટી, સ્ટેડિયમ રોડ,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૪. મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯*

# આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● તા. ૧-૧૨-૨૦૧૫ સાંજના ૪.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | રંગારંગ કાર્યક્રમ. |
| ● ૪ તથા ૫-૧૨-૨૦૧૫ સાંજે ૭.૩૦ થી રાતના ૧૦.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | ધોરણ-૮, ૯, ૧૦, ૧૧, ૧૨માં ભણતા વિદ્યાર્થીઓ માટેના એપ્ટિટ્યૂડ ટેસ્ટ તથા બાયોમેટ્રિક ટેસ્ટનો કાર્યક્રમ. |
| ● તા. ૧૫-૧૨-૨૦૧૫ સવારે ૧૦.૦૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | તબીબી સેવા સમિતિ | પગની ન્યુરોપથી વિશે મશીન દ્વારા જાણકારી મેળવવાનો નિઃશુલ્ક કેમ્પ. |
| ● તા. ૧૭-૧૨-૨૦૧૫ સાંજે ૪.૦૦થી ૬.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | તબીબી સેવા સમિતિ | પગની ન્યુરોપથી વિશે મશીન દ્વારા જાણકારી મેળવવાનો નિઃશુલ્ક કેમ્પ. |
| ● તા. ૧૩-૧-૨૦૧૬ સાંજે ૪.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | વયસ્ક સમિતિને ૧૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે એક કાર્યક્રમ. |

## જીવનમાં પ્રતિકાર

તારા જીવનમાં મુસીબતોનાં વાદળ ચઢી આવ્યાં ત્યારે
તેં દૃઢ મનોબળથી ઉત્સાહપૂર્વક તેનો સામનો કર્યો?
કે પછી ડરપોક અને નામર્દ બનીને તે સૂર્યપ્રકાશથી
પણ મોં છૂપાવ્યું?

મુસીબત ભલે પહાડ જેવી હોય યા રજ સમી
કે પછી તું તેને સમજે એવડી,
તને તેનાથી શું નુકસાન થયું તે અગત્યનું નથી,
તેં તેનો કઈ રીતે પ્રતિકાર કર્યો એ જ મારે જાણવું છે.

તું હતો નહતો થઈને પૃથ્વી પર પટકાઈ પડ્યો?
ઊઠ! ઊભો થા! અટ્ટહાસ્ય કરીને કપડાં ઉપરથી ધૂળ ખંખેરી નાખ.

જમીન પર ચત્તાપાટ પડી જવામાં કોઈ નામોશી નથી,
પણ હંમેશ માટે ત્યાં પડી જ રહેવું – તે કલંક છે.

જેટલા જોરથી તને પટકવામાં આવે એટલો તું
વધુ ઉપર ઉછળ. તારી આંખ પર ઉપસી આવેલાં
લોહીનાં ચકામાંને ગર્વથી જો. તું પરાજય પામે
તો પણ શું?

***અગત્યનું એ છે કે તેં કેવી લડત આપી –***
***અને તેનું પ્રયોજન શું હતું?***

***– ભાર્ગવી દોશી***
***સૌજન્ય : "સમજણના સૂર"***

## કામથી સફળતા

પર્વત શિખરે ઊગેલું ઊંચું વૃક્ષ ના બની શકો તો ચાલશે
*ઊંડી ખીણમાં ઊગેલો નાનકડો છોડ બનજો –*
*પર્વતની તળેટીમાં ઊગેલો સૌથી સુંદર છોડ.*

ઊછળતું, કૂદતું કસ્તુરી મૃગ ના બની શકો તો ચાલશે
*નાનકડી એક માછલી બનજો –*
*સરોવરમાં સરતી સહુથી વધુ તરવરાટભરી માછલી.*

જહાજના કપ્તાન ના બની શકો તો ચાલશે
*બનજો નાનકડા નાવિક –*
*નાવિકગણના સૌથી કુશળ નાવિક.*

રાજમાર્ગ ના બની શકો તો ચાલશે
*નાનકડી એક કેડી બનજો –*
*ઉપવનમાંથી પસાર થતી સૌથી સુંદર કેડી.*

પ્રખર પ્રકાશિત સૂર્ય ના બનો તો ચાલશે.
*બનજો એક ટમટમતો તારલો –*
*અમાસના આકાશનો સૌથી સુંદર તારો.*

***સફળતા તમારા હોદ્દા ઉપર આધારિત નથી,***
***જે કંઈ કામ કરો, ઉત્તમ રીતે કરો.***

***– ભાર્ગવી દોશી***
***સૌજન્ય : "સમજણના સૂર"***

# શ્રદ્ધા સુમન



## શ્રી મણિલાલ કુંવરજી ગોસર

**(ગોધરા - અમદાવાદ)**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી મણિલાલ કુંવરજી ગોસરનું લાંબી માંદગી બાદ શુક્રવાર, તા. ૩૦-૧૦-૨૦૧૫ના રોજ નિધન થયું છે.

કર્મયોગી શ્રી મણિલાલભાઈ ગોસરે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી તરીકે લાંબા સમય સુધી સેવાઓ આપી હતી. અને છેલ્લે ૧ વરસ સુધી ઉપપ્રમુખ તરીકેની જવાબદારી નિભાવી હતી. તેઓના કાર્યકાળ દરમ્યાન જુદી જુદી સમિતિઓનું કન્વીનરપદ સંભાળેલ હતું.

શ્રી મણિભાઈનો જન્મ તા. ૯-૧-૧૯૪૭ના રોજ રાયણમાં (તા. માંડવી, કચ્છ) થયેલ હતો. કૌટુંબિક સંજોગો અને કૌટુંબિક જવાબદારીઓના કારણે અભ્યાસ માધ્યમિક શાળા સુધી જ થઈ શકેલ. કૌટુંબિક જવાબદારી નિભાવવા માટે તેઓને બાલ્યાવસ્થામાં જ મુંબઈ મુકામે નોકરીમાં જોડાવાની ફરજ પડેલ. મહેનત, ખંત અને દૃઢ નિશ્ચયને કારણે શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાળા) સાથે ધંધામાં જોડાયા અને ઉત્તરોત્તર પ્રગતિ સાધી.

તેઓએ ગોધરા (તા. માંડવી) ગામના અંબેધામના ટ્રસ્ટી તરીકે તેમજ મહાજનમાં ઉપપ્રમુખ તરીકેની કામગીરી પણ સફળતાપૂર્વક અદા કરી હતી.

સરળ સ્વભાવ, સ્પષ્ટ વક્તાપણું અને કામ કરવાની ધગશને કારણે સમગ્ર સમાજમાં લોકપ્રિયતા મેળવી હતી.

એમના દુઃખદ અવસાનથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

દિવંગત આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ આપે એવી અભ્યર્થના સહ....

| | |
|---|---|
| **કે. આર. શાહ** | **પ્રતાપ નારાણજી દંડ** |
| **માનદ્ મંત્રી** | **મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ** |

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## ત્રિગુણી પ્રકૃતિ ધર્મ...

સત્વે સાંપડે સુસંતતિ, રજસમાં ઉન્માદ;
પાપાચારી જન્મતા, તમસને પ્રાસાદ. (૧૫)
સત્વે મધુરસ જાણવો, રજસ મિશ્ર રસજાણ,
તમસમાં કટુરસ ઘણો, નિશ્ચય કરતો હાણ. (૧૬)
સત્વ મહીં ૐકાર છે, રજસમાં હુંકાર;
દિસે છે આ જગતમાં, તમસ હાહાકાર. (૧૭)
ગોધન વાધે સત્વમાં, હયધન રજસ પ્રમાણ;
તમસમાં નિશ્ચય જાણવો, ગર્દભ ઉંટ પ્રમાણ. (૧૮)
હરી હાજર સત્વમાં, રજસ ઈન્દ્રાદિક જાણ;
અરિ ઘેર્યા છે તમસમાં, જેનું નથી પ્રમાણ. (૧૯)
સત્વ અમૃતનો ઘડો, રજસ મધુરસ પાત્ર;
તમસ વિષનું પાત્ર છે, લેનારું નિજ જાન. (૨૦)
સત્વ વર્ણ બ્રાહ્મણ તણો, વૈશ્ય વર્ણ રજહોય;
પતિત વર્ણતો તમસ છે, શુદ્રાદિકતે સ્હોય. (૨૧)
સત્વ તપથી ઉજળું, રજસ ભોગ વિલાસ;
ભૂંડુ સહુથી તમસ છે, મેશ ચોટ્યું મોં પાસ. (૨૨)
સત્વ પૂરી સ્વસ્થતા, રજસ કરે ઉચાટ;
તમસ તો યાદી ભર્યો, નિજ કે પરને માટ. (૨૩)
સત્વ પર દુ:ખે દુ:ખી, રજસ જુવે સુખ ખાસ;
તમસ હરે છે અન્યના, સુખ સંપત્તિ ને વાસ. (૨૪)
સત્વ શુભ વાંછે ઘણું, નિજ શુભ વાંછે રજ;
અશુભ વાંછે અન્યનું, તે તમસને ત્યજ. (૨૫)
પરગજુ છે સત્વરસ, રજ કરે પ્રત્યુપકાર;
ગુણ ઉપર અવગુણ કરે, એ તમસનો નિર્ધાર. (૨૬)
સત્વ-રજ ને તમોતણા, વિવિધ કહ્યાં પ્રકાર;
'રશ્મિન્' કહે સમજુ જનો, તેમાં લેશે સાર. (૨૭)

## કચ્છી પિરોલી...

(૧) બોય ભાવર તેડળા, ઉલ્ટી એનીંજી ચાલ;
કેંકેક તાં અણગમો થીએ, કેંકે અચે પ્યાર.
(૨) આકાર વિગર જી નારી, આય માડુજે મીંજ;
અન્ન વિગર પધરી થીએ, સીબુ અને સંજ. (૨)
(૩) જડેં અચેં તું, તડેં ન હુવે શુદ્ધભાન;
જડેં વિને પાંઈ, તડેં અચે શુદ્ધભાન.

[જવાબો : (૧) સુખ-દુ:ખ, (૨) ભુખ્ખ, (૩) નિંધર]

*રશ્મિનનો રણકાર ભાગ-૨ અને ભાગ-૧ માંથી સાભાર*


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

# J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

| MUMBAI OFFICE | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

| PUNE & OTHER MAHARASHTRA OFFICE | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

| GUJARAT OFFICE | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

| UTTAR PRADESH OFFICE | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

પર્વ વિશેષ

# નાતાલ : પ્રેમનો સંબંધ, પ્રેમનું સૌંદર્ય

• ફાધર વર્ગીસ પૉલ •

નાતાલ કે ખ્રિસ્ત જયંતીમાં ખ્રિસ્તી લોકો પ્રભુ ઈસુનો જન્મ મહોત્સવ ઊજવે છે. પણ આજે ફક્ત ખ્રિસ્તી લોકો જ નહિ પણ ઈતર ધર્મોના લોકો પણ નાતાલ ઊજવે છે. કોઈ ધર્મ અને જાતજાતની વાડાબંધી વિના દેશવિદેશના લોકો નાતાલ ઊજવે છે. એટલે નાતાલ કેવળ એક સંપ્રદાયનો કે રાષ્ટ્રનો તહેવાર જ નહિ પણ આંતરરાષ્ટ્રીય ઉત્સવ બન્યો છે.

મોટા ભાગના ખ્રિસ્તી લોકો નાતાલ દર વર્ષે ડિસેમ્બરની ૨૫મી તારીખે ઊજવે છે. તો અમુક ખ્રિસ્તી સંપ્રદાયના લોકો જાન્યુઆરીની ૬ઠ્ઠી એ નાતાલ ઊજવે છે. નાતાલ ભલે કોઈ એક દિવસ મનાય પણ એની તૈયારી અને ઉજવણી લાંબા ગાળા સુધી ચાલે છે. આ વર્ષે 'થેન્કસ ગિવિંગ ડે' (આભારનો દિવસ) ની ઉજવણી વખતે હું સાઉથ અમેરિકાથી નોર્થ અમેરિકામાં ગયો હતો. ઓક્ટોબર મહિનામાં ઉજવેલા 'થેન્કસ ગિવીંગ ડે' ની ઉજવણી પછી યુએસએ અને કેનેડાના મિત્રો મને કહેતા હતા કે હવે નાતાલની તૈયારી શરૂ કરવાનો સમય આવ્યો છે!

આ બધી ભવ્ય તૈયારી અને નાતાલની ઉજવણીમાં હું જોઉં છું કે જેની જન્મજયંતી ઉજવાય છે તે બાળ ઈસુને લોકો ભૂલી જાય છે! ઈસુનો જન્મ કેવળ ઉજવણી માટેનું એક નિમિત્ત માત્ર બને છે! ઉજવણી સાથે જાણે ઈસુને કોઈ લેવાદેવા નથી! પણ મારી દૃષ્ટિએ ખ્રિસ્ત જયંતીની બધી ઉજવણીમાં બાળ ઈસુ કેન્દ્રસ્થાને હોવા જોઈએ. નહિ તો ડિસેમ્બર ૨૫મીની અને એની આસપાસની ઉજવણીને ખ્રિસ્ત જયંતીનો મહોત્સવ કહેવાનો કોઈ અર્થ નથી.

આપણે નાતાલની ઉજવણીમાં ઈસુને કેન્દ્રમાં રાખવા માટે ઈસુના જન્મનું રહસ્ય સમજવાની જરૂર છે. બે હજાર વર્ષ પહેલાં પેલેસ્ટાઈન દેશના બેથલેહેમ ગામની એક ગમાણમાં એક તદ્દન નિઃસહાય બાળક તરીકે ઈસુનો જન્મ થયો હતો. એ નિઃસહાય બાળક 'ઈમાનુએલ' છે.

ઈસુના જન્મની આ વાતમાં શુભસંદેશકાર વાથ્થીએ ઈસુના જન્મની આઠ સદી પહેલાં યરુશાલેમમાં થયેલ મહાન પયગંબર યશાયાએ કરેલ ભવિષ્યવાણી ટાંકી છે કે, 'કુમારી કન્યાને ગર્ભ રહેશે, અને તે પુત્રને જન્મ આપશે અને લોકો તેનું નામ ઈમાનુએલ એવું પાડશે. ઈમાનુએલ એટલે 'ઈશ્વર આપણી સાથે છે' (માથ્થી ૧, ૨૨-૨૩; યશાયા ૭, ૧૪)

ગમાણમાં સૂતેલા બાળ ઈસુ ખરેખર ઈમાનુએલ છે. બાળ ઈસુ જાણે છાપરે ચડીને પોકારે છે કે એક નિઃસહાય બાળકના સ્વરૂપે ઈશ્વર માણસો વચ્ચે વાસ કરે છે, ઈશ્વર સૌ માણસો સાથે છે. બીજા શબ્દોમાં કહીએ તો પોતાનાં પાપથી ઈશ્વરથી વિખૂટી પડેલી માનવજાત સાથે ફરી નવેસરથી સંબંધ બાંધવા માટે ઈશ્વરપુત્ર ઈસુ આ ધરતી પર આવ્યા છે.

ઈશ્વરે પહેલ કરીને બાળ ઈસુના રૂપમાં માનવજાત સાથે, હા, દરેક માનવી સાથે સ્થાપેલા સંબંધને સ્વીકારીને આપણે નાતાલ ભવ્ય રીતે ઊજવી શકીએ. ઈશ્વરનો માનવ સાથેનો એ સંબંધ પ્રેમનો સંબંધ છે. જ્યાં પ્રેમ હોય ત્યાં માફી હોય છે. એટલે પાપમાં ડૂબેલા માણસને બિનશરતી માફી આપીને ઈશ્વર દરેક માનવીને બાળ ઈસુ રૂપે પોતાની પાસે બોલાવે છે. ઈશ્વરના માણસ સાથેના પ્રેમ અને માફીના સંબંધમાં માણસ માટે આશા છે. હવે માણસને પોતાના કોઈ પણ સંદર્ભમાં નિરાશ થવાની જરૂર નથી. કારણ, ઈશ્વરપુત્ર બાળ ઈસુ હતાશા પામેલા માણસમાં આશા સંકોરવા માટે આ ફાની દુનિયામાં આવ્યા છે.

ગમાણમાં સૂતેલા બાળ ઈસુ આગળ માણસ પોતાના માથા પરનાં પાપનો બોજો દૂર ફેંકી શકે છે. નિરાશામાં ડૂબેલો માણસ આશાથી બાળ ઈસુ પાસે આવી શકે છે. ઈશ્વરે ઈસુ દ્વારા પહેલ કરીને માણસને આપેલાં પ્રેમ અને માફીનો સ્વીકાર કરીને અડગ શ્રદ્ધાથી માણસ બાળ ઈસુ સાથે, હા, ખુદ ઈશ્વર સાથે નવો સંબંધ બાંધી શકે છે.

ગમાણમાં સૂતેલા બાળ ઈસુ દ્વારા સ્થાપેલો ઈશ્વર અને માનવ વચ્ચેનો આ સંબંધ અસીમ પ્રેમનો સંબંધ છે. બિનશરતી માફીનો સંબંધ છે. અમર આશાનો સંબંધ છે. માણસ માત્રનાં સુખ, શાંતિ અને આનંદનું રહસ્ય ઈશ્વર સાથેના આ સંબંધમાં હું જોઈ શકું છું. ઈશ્વર અને માનવ વચ્ચેના આ સંબંધમાં શ્રદ્ધા છે. ઈશ્વરની માણસ પરની શ્રદ્ધા છે; માણસની ઈશ્વર પરની શ્રદ્ધા છે. અને માણસ આ શ્રદ્ધાથી ઈશ્વર સાથે પ્રેમનો સંબંધ બાંધી શકે છે. ઈશ્વર પરની અડગ શ્રદ્ધાને આધારે માણસ ખુદ પોતાના પર અને બીજા માણસો પર શ્રદ્ધા રાખી શકે છે.

બાળ ઈસુના રૂપમાં ગમાણમાં સૂતેલા એ નિઃસહાય બાળક, ખુદ ઈશ્વર પુત્ર ઈસુ, માણસજાત સાથે સ્થાપેલા આ સંબંધમાં પ્રેમ છે, શ્રદ્ધા છે, આશા છે. ઈશ્વર અને માનવ વચ્ચેના આ પ્રેમ, શ્રદ્ધા અને આશાનો સંબંધ ખૂબ સક્રિય સંબંધ છે, જીવતોજાગતો સંબંધ છે. માનવ અને ઈશ્વર વચ્ચેના આ સંબંધ સ્થાપવા અને એની ઘોષણા કરવા માટે જ બાળ ઈશુ આપણી વચ્ચે પધાર્યા છે. આ સંબંધ સ્વીકાર કરવામાં ઈસુએ પ્રબોધેલા સંદેશનો સ્વીકાર હોય છે. ઈસુએ ચીંધેલો માર્ગ અપનાવવાનો નિર્ણય છે. પણ પ્રશ્ન છે કે, આપણા દૈનિક જીવનમાં ઈસુએ ચીંધેલા માર્ગે આપણે કેવી રીતે ચાલીએ? એમના આદર્શો અને વલણો આપણે કેવી રીતે રોજબરોજના જીવનમાં અપનાવી

શકીએ?

ઈસુના જાહેર જીવન દરમિયાન એક શાસ્ત્રીએ એટલે કાયદાના પંડિતે ખુદ ઈસુને આ પ્રકારનો પ્રશ્ન પૂછ્યો હતો! 'ગુરુદેવ, શાશ્વત જીવન પ્રાપ્ત કરવા મારે શું કરવું?'

ઈસુએ સામે પ્રશ્ન પૂછીને શાસ્ત્રીને મોઢે જવાબ આપ્યો હતો કે, શાશ્વત જીવન પ્રાપ્ત કરવા માટે માણસે પરમેશ્વર પ્રભુ ઉપર પૂરા હૃદયથી અને પૂરા જીવથી, પૂરી શક્તિથી અને પૂરા મનથી પ્રેમ રાખવો અને માણસે પોતાના માનવબંધુ ઉપર પોતાની જાત જેટલો પ્રેમ રાખવો.

ઈસુના જવાબથી સંતોષ માનવાને બદલે શાસ્ત્રીએ પોતાનો મૂળ પ્રશ્ન નકામો નથી એમ બતાવવા માટે ફરી ઈસુને પૂછ્યું, 'પણ મારો બંધુ કોણ?'

ઈસુએ ફરી શાસ્ત્રીને જવાબરૂપે એક દૃષ્ટાંત આપતાં કહ્યું, 'એક માણસ યરુશાલેમથી યરીખો જતો હતો. એવામાં તે લૂંટારુઓના હાથમાં સપડાયો. તે લોકોએ તેનાં કપડાં ઉતારી લીધાં અને સારી પેઠે માર પણ માર્યો અને તેને અધમૂઓ મૂકીને પોતે ચાલતા થયા. હવે એવું બન્યું કે, એક પુરોહિત તે રસ્તે થઈને નીકળ્યો, પણ પેલાને જોઈને બીજી બાજુ થઈને ચાલ્યો ગયો. આ જ રીતે એક પુરોહિત સહાયક પણ ત્યાં આવ્યો, અને તે પણ તેને જોઈને બીજી બાજુથી ચાલ્યો ગયો. પણ એક શમરુની મુસાફરી કરતો કરતો તે ઠેકાણે આવી પહોંચ્યો. અને પેલા માણસને જોઈને તેના દિલમાં દયા પ્રગટી. તેણે તેની પાસે જઈ તેના ઘા ઉપર તેલ અને દ્રાક્ષાસવ રેડીને પાટા બાંધ્યા અને પોતાના જાનવર ઉપર બેસાડીને તે તેને એક સરાઈમાં લઈ આવ્યો અને ત્યાં તેની સંભાળ લીધી. ઉપરાંત, બીજે દિવસે બે રૂપામહોરો કાઢીને તેણે સરાઈવાળાને આપી અને કહ્યું, 'તમે એની સંભાળ રાખજો, અને તમે જે કંઈ વધારાનું ખર્ચ કરશો તે હું વળતાં તમને આપી દઈશ.'

આ દૃષ્ટાંત કથા સંભળાવીને ઈસુએ પેલા શાસ્ત્રીએ પૂછ્યું, 'હવે, આ ત્રણમાંથી કોણ પેલા લૂંટારુના હાથમાં સપડાયેલા માણસનો બંધુ કહેવાય? તું શું ધારે છે?' પેલાએ જવાબ આપ્યો, 'જેણે તેના ઉપર દયા લાવીને સેવા કરી તે.'

શાસ્ત્રીના જવાબથી ખુશ થઈને ઈસુએ એમને કહ્યું, 'તો જા, તું પણ એ પ્રમાણે કરજે.' (જુઓ લૂક ૧૦, ૨૫-૩૭)

માનવ-માનવ વચ્ચેના સંબંધની બાબતમાં ઈસુને માટે કોઈ ધર્મની વાડાબંધી નથી. કોઈ નાનામોટા હોદ્દાનો તફાવત નથી. માનવ-માનવ વચ્ચેનો સંબંધ કોઈ સગાંસંબંધી પૂરતો મર્યાદિત નથી. ઈશ્વર અને માનવ વચ્ચેના સંબંધમાં ઊંચનીચનો કોઈ ભેદભાવ નથી. કોઈને માટે વિશેષ પસંદગી હોય, કોઈને માટે અગ્રતા હોય, તો તે પસંદગી લૂંટારુઓના હાથમાં સપડાયેલા મુસાફર જેવા જરૂરિયાતમંદ લોકો માટે હોય છે. ઈસુના જન્મનો સંદેશ સાંભળીને એમને ગમાણમાં મળવા આવેલા ભરવાડો જેવા ગરીબ લોકો માટે એમની વિશેષ પસંદગી હોય છે.

ગમાણમાં સૂતેલા બાળ ઈસુના પ્રેમાળ હૃદયમાં સૌને માટે સ્થાન છે. ઈસુ સૌને આવકારે છે. સૌને પોતાની પાસે બોલાવે છે. ઈસુના એ આવકારમાં એકબીજાને કોઈ ભેદભાવ વિના માણસ તરીકે સ્વીકારવાનું આમંત્રણ છે. એકબીજા સાથે ભાઈબહેન તરીકેનો સંબંધ રાખવાનું આમંત્રણ છે. ઈશ્વર તરફનો રસ્તો, મુક્તિનો માર્ગ, માણસ અને માણસ વચ્ચે, માણસ અને ઈશ્વર વચ્ચેના સંબંધમાં છે. એ સંબંધમાં નિઃસ્વાર્થ પ્રેમ છે, બિનશરતી માફી છે, વળતરની આશા વિનાની સેવા છે. એ પ્રેમ અને માફી અને સેવામાં દિલનો આનંદ છે. બાળ ઈસુ એ આનંદના મૂળમાં છે.

છેલ્લે, આપણને મુક્તિ બક્ષનાર ઈશ્વરના પ્રેમનું સૌંદર્ય ગમાણમાં સૂતેલા બાળ ઈસુમાં નિહાળીને ધન્યતા અનુભવીએ. આનંદી નાતાલ.

*'અમી બેલા',*
*જૂની હાઈકોર્ટ સામે,*
*અમદાવાદ.*

# વિકરાળ પ્રશ્ન

આપણી દોડવાની ગતિ વધારીએ તે પહેલાં બે ઘડી શાંતિથી વિચારશું ખરા કે આપણે જવું છે ક્યાં? આજે આટલા બધા લોકો વધુ ને વધુ બેચેન અને અશાંત થતા જાય છે. તેમને ખબર નથી કે તેઓ ક્યાં જવા માગે છે, પણ તેમને ક્યાંક જવું છેઃ જીવન ત્યાં વધુ સારું હશે, અહીં તે સંતોષકારક નથી. આપણો આખોયે સમાજ બેચેન છે, અસ્વસ્થ છે, અસંતુષ્ટ છે, બીજે ક્યાંક જવા, બીજું કશુંક મેળવવા ઝંખે છે. તેથી આ દોડધામ છે.

નકામી અને ભંગાર ચીજવસ્તુઓના ઉત્પાદન, જાહેરાત અને ખરીદ વેચાણ પાછળ આજે કેટલાં બધાં સમય, શક્તિ અને નાણાં વેડફાઈ રહ્યાં છે! આ નરી મૂઢતા છે કેમ કે જેઓ વધુ પૈસા મેળવવા પોતાના ઘરાકને છેતરે છે, તેઓ એ વાત ભૂલી જાય છે કે તેઓ પોતે જ્યારે ઘરાક બનીને કશુંક લેવા નીકળશે ત્યારે તેઓ પણ છેતરાવાના જ છે. આ તો એક ઝેરી કુંડાળું છે.

ખરેખર તો, મોટાભાગના લોકો કાંઈક માનસિક શાંતિ ઈચ્છે છે. એમને એવો સમાજ જોઈએ છે કે જેમાં પોતાના કુટુંબના ભાવિ વિશે ચિંતા ને ભય ન રહે. તેઓ સતત દોડ્યે જ રાખવા માગતા નથી, પણ ઠરીઠામ થવા ઈચ્છે છે. ભાવો, પગારો, અકરાંતિયો ઉપયોગ વગેરેના ચકરાવામાંથી છૂટવા મળે, તો એ સુખ પામશે. એમને ઝંખના છે થોડુંક વિચારવાની, કંઈક મનની શાંતિ માણવાની અને એ બધી ચીજોના કાંઈ પૈસા નથી પડતા. તે મેળવવા માટે ઓવરટાઈમનો ઢસરડો નથી કરવો પડતો.

પરંતુ આવી બાબતોનો પ્રચાર કરવાથી કોઈનો નફો વધતો નથી. એટલે પછી લોકોને એ વિશેની કેળવણી કોઈ આપતું નથી.

એક વિકરાળ પ્રશ્ન આપણી સામે ડાચાં ફાડીને ઊભો છેઃ લોકો આ તે કઈ જાતનું જીવન જીવે છે? ગુનાઓનું પ્રમાણ કેમ વધતું જાય છે? સમાજમાં આટલી બધી હિંસા ને વિધ્વંસકતા, હતાશા ને સાશંકતા કેમ છે? કોઈ સામૂહિક હેતુ કે ધ્યેય વિશેની પ્રતીતિ કેમ નથી? સમાજ પ્રત્યે આત્મીયતાની ભાવના કેમ ક્યાંય દેખાતી નથી?

***– જે. બી. પ્રિસ્ટલી***
***સૌજન્ય : "સંપર્ક"***

# ઈસુ, પાપીનો ગોઠિયો

• ફાધર વર્ગીસ પૉલ •

*"વૈદ્યની જરૂર સાજાને નથી હોતી, માંદાને હોય છે. હું તો પુણ્યશાળીઓને નહિ, પણ પાપીઓને બોલાવવા અવતર્યો છું, જેથી તેઓ હૃદયપલટો કરે."*

*(લૂક ૫, ૨૯-૩૨)*

ઈસુએ એકવાર પોતાના ટીકાકારોને કહ્યું, "હું તો પુણ્યશાળીઓને નહિ, પણ પાપીઓને બોલાવવા આવ્યો છું."

ઈસુએ ઠેર ઠેર ફરતા એક સાધુ તરીકે પોતાના જાહેર જીવનની શરૂઆત કરી હતી. તેમણે આરંભમાં જ પોતાની સાથે રહેવા માટે કેટલાક શિષ્યોને પસંદ કર્યા. એમાં એક શિષ્ય જકાતદાર માથ્થી હતા.

જકાતદાર માથ્થી યહૂદી હતા. પરંતુ યહૂદી પ્રજા જકાતદારોને ધિક્કારતી હતી. કારણ, જકાતદારો યહૂદી હોવા છતાં યહૂદીઓ પર રાજ્ય કરનાર રોમન બાદશાહ માટે કામ કરતા હતા. તેઓ પોતાના યહૂદી લોકો પાસેથી જોરજુલમથી કરવેરો ઉઘરાવતા હતા.

જકાતદારો રોમન અધિકારીઓ પાસેથી અમુક રકમથી જકાત ઉઘરાવવાના હક્ક ખરીદી શકતા હતા. પછી આ જકાતદારો કરવેરામાં મનફાવે તેટલી રકમ યહૂદીઓ પાસેથી જબરદસ્તીથી ઉઘરાવી શકતા હતા. એટલે યહૂદીઓ જકાતદારોને જાહેર પાપીઓ ગણતા.

ઈસુએ એક એવા તિરસ્કૃત માનવ માથ્થીને પોતાના શિષ્ય તરીકે પસંદ કર્યા. એટલું જ નહિ, પણ એના ઘરે એક ભોજન સમારંભમાં બીજા જકાતદારોની સાથે ઈસુ પંગતમાં બેઠા.

યહૂદી ધર્મગુરુ સ્વપ્નમાં પણ ન વિચારે એવાં અકલ્પિત પગલાં ઈસુ જાહેરમાં ભરે છે. એટલે યહૂદી સંપ્રદાયના આગેવાનો એવા ફરોશીઓ અને કાયદાના શાસ્ત્રીઓ ઈસુના અન્ય શિષ્યો આગળ બબડાટ કરે છે, "તમે લોકો જકાતદારો અને પાપીઓ સાથે કેમ ખાઓ છો, પીઓ છો?"

ડગલે ને પગલે પોતાનો વિરોધ કરનાર ટીકાકારોને ઈસુએ સચોટ જવાબ આપ્યો. તેમણે ફરોશીઓ અને શાસ્ત્રીઓને કહ્યું, 'વૈદની જરૂર સાજાને નથી હોતી, માંદાને હોય છે. હું તો પુણ્યશાળીઓને નહિ, પણ પાપીઓને બોલાવવા અવતર્યો છું. જેથી તેઓ હૃદયપલટો કરે." (લૂક ૫, ૨૯-૩૨)

અહીં માનવ પ્રત્યેનું ઈસુનું વલણ સ્પષ્ટ છે. એ વલણ પ્રેમનું વલણ છે. ઈસુનો પ્રેમ કોઈ માનવને બાકાત રાખતો નથી. પાપી અને પુણ્યશાળીઓનો તફાવત કરતો નથી. જેને બધા લોકો પાપી ગણીને તિરસ્કૃત કરે છે, ધિક્કારે છે, તેનો ઈસુ મિત્ર બને છે.

ઈસુના મિત્ર વર્તુળમાં સમાજના તિરસ્કૃત જાહેર પાપીઓ છે, કોઢિયાઓ છે, ગણિકાઓ છે અને જકાતદારો છે. માનવમાત્ર માનવનો બાહ્ય દેખાવ જુએ છે, જ્યારે ઈસુ માનવનું અંતર જુએ છે. માથ્થી અને જાખી જેવાં પાત્રો ઈસુના પ્રેમના અનુભવથી હૃદયપલટો કરે છે અને ઈસુના શિષ્ય બને છે. ઈસુ પાપીઓ અને પુણ્યશાળીઓ — બધાને આવકારે છે.

ડૉ. ફિલીપ પોર્ટરે પ્રથમ વિશ્વસંમેલનના એક દૃશ્યનું વર્ણન કર્યું છે. દક્ષિણ આફ્રિકાના એક પ્રતિનિધિએ કહ્યું, "બધા સાથે સાથીદારી - ભાગીદારી કરવામાં દોસ્તી છે, મિત્રતા છે. પરંતુ ગોરાઓ અને કાળાઓ એક જ મંચ પર સાથે બેસે એ વાત અઘરી છે. એટલે આપણે ગોરાઓ અને કાળાઓ બે અલગ ભાગમાં મળીએ એ જ યોગ્ય છે." આ સૂચનાનો વિરોધ કરતાં એક સ્ત્રી તરત જ બોલી, "મિત્રતા કે દોસ્તી (Friendship) એ માનવસર્જિત છે. જ્યારે સત્સંગ (Fellowship) એ ઈશ્વરનું દાન છે. ઈશ્વર માનવને જુએ છે, એના રંગ, વંશ, જાતિ કે નોકરી જોતા નથી." એ સ્ત્રી ખરેખર પાપીઓની સોબત માણતા ઈસુને બરાબર સમજી શકી છે.

ન્યુયોર્ક ખાતે એક દેવળની દીવાલ પર લખેલું વાક્ય વાંચો : "કુ કમ ઈન — ટ્રેસપાસેર્સ વીલ બી ફોરગિવન" અર્થ છે કે, "ખુશીથી અંદર આવો. પ્રતિબંધનો ભંગ કરનારને માફી આપવામાં આવશે."

જાતભાઈઓથી પાપી અને તિરસ્કૃત ગણીને તરછોડાયેલા માથ્થીને ઈસુ પોતાના શિષ્ય તરીકે પસંદ કરે છે. એમાં માથ્થીને અનહદ આનંદ છે. એ આનંદ માથ્થી ઈસુના માનમાં એક ભોજન સમારંભ ગોઠવીને પ્રગટ કરે છે. સમારંભમાં પધારેલા લોકોમાં યહૂદીઓ જેમને ધિક્કારે છે એવા જકાતદારો અને પાપીઓ પણ છે.

ઈસુ માથ્થીના એ બધા સાથીદાર - ભાગીદારોની સોબતમાં ભોજન માણે છે. ઈસુ બરાબર જાણે છે કે, માથ્થીના આનંદમાં ભાગીદાર બનવાથી એમનો આનંદ બમણો થાય છે. એ જ રીતે પાપી અને જકાતદાર તરીકે પોતાના સમાજમાંથી તિરસ્કૃત થયેલા માથ્થીના દુઃખમાં ઈસુ સહભાગી બનીને એ દુઃખને હળવું કરે છે. અંગ્રેજીમાં સાચું જ કહેવામાં આવે છે કે,

***"Joy shared is joy doubled;***
***Sorrow shared is sorrow halved."***

મતલબ કે, આનંદમાં બીજાને ભાગીદાર બનાવવાથી આનંદ

બમણો થાય છે. એ જ રીતે દુઃખમાં બીજાને ભાગીદાર બનાવવાથી દુઃખ અર્ધું થાય છે.

યહૂદી પ્રજા ફક્ત પોતાને જ ઈશ્વરની મુક્તિને પાત્ર ગણતી હતી. પરંતુ ઈસુના આચાર-વિચાર ઘોષણા કરે છે કે, ઈશ્વરની મુક્તિ બધા લોકો માટે છે. પાપીઓ, જકાતદારો, ગણિકાઓ તથા વિદેશીઓ પણ ઈશ્વરની પસંદગીને પાત્ર છે.

આ વાત ઈસુએ પ્રબોધેલાં કેટલાંક દૃષ્ટાંતોમાં સ્પષ્ટ થાય છે. સંત લૂકકૃત શુભસંદેશના ૧૫મા અધ્યાયમાં આપેલાં ત્રણ દૃષ્ટાંત આ વાતનો પુરાવો છે. ખોવાયેલા ઘેટાના દૃષ્ટાંતને અંતે ઈસુ કહે છે, "જેમને પશ્ચાત્તાપની જરૂર નથી એવા નવ્વાણું પુણ્યશાળી માણસો કરતાં પશ્ચાત્તાપ કરનાર એક પાપી માટે સ્વર્ગમાં વધારે આનંદોત્સવ થશે."

આ જ સંદેશ ખોવાયેલી રૂપામહોરના દૃષ્ટાંતમાં પણ જોવા મળે છે. એમાં એક બાઈ પોતાની દસ રૂપામહોરમાંથી એક ખોવાઈ જાય ત્યારે તે ખૂબ કાળજીપૂર્વક ખોવાયેલી રૂપામહોરની શોધાશોધ કરે છે. ખોવાયેલી રૂપામહોર એને જડે છે ત્યારે તે બાઈ પોતાની સહિયરોને અને પડોશીઓને બોલાવીને આનંદ કરે છે. દૃષ્ટાંતને અંતે ઈસુ કહે છે, "એ જ રીતે હું તમને કહું છું કે, પશ્ચાત્તાપ કરનાર એક પાપી માટે પણ ઈશ્વરના દૂતોમાં આનંદ વ્યાપી જાય છે."

ઈસુના પ્રેમ અને સંદેશ કેવળ એમના શિષ્યો અને અનુયાયીઓ માટે મર્યાદિત નથી, પણ બધા માનવો માટે છે. આ જ વાત ઈસુ પોતાના સમગ્ર જાહેર જીવનમાં પોતાના આચાર-વિચારથી સ્પષ્ટ કરતા રહ્યા છે.

યહૂદી લોકો તો પરધર્મના લોકોને નરકાગ્નિનું ઈંધણ માનતા હતા. પરંતુ ઈસુ તો વિધર્મી લોકોને પણ આવકારતા હતા. એકવાર ઈસુ કફરનહૂમ ગયા. ત્યાં ઈસુને એક વિધર્મી સૈનિક સૂબેદારનો ભેટો થયો. એમની શ્રદ્ધા જોઈને ઈસુ પોતાને અનુસરતા યહૂદી લોકોને કહેવા લાગ્યા, "હું તમને કહું છું કે આવી શ્રદ્ધા તો મેં ઈસ્રાયલમાં (એટલે કે યહૂદી પ્રજામાં) પણ દીઠી નથી!"

એ જ રીતે ઈસુએ યહૂદી પ્રજા આગળ નમૂનેદાર લોકો તરીકે સિદોન પ્રદેશમાં સારફત ખાતે રહેતી પરજ્ઞાતિની વિધવા તથા પરદેશી નામાનને રજૂ કર્યા છે. ઈસુ તમને, મને અને દરેક માનવને આવકારે છે અને પોતાના પ્રેમપાશમાં લે છે એને માટે વધુ કોઈ પુરાવાની જરૂર છે?

*'અમી બેલા',*
*જૂની હાઈકોર્ટ સામે, અમદાવાદ.*

*મોતની પરવા ન કરવી, એ વીરતા કહેવાય. પરંતુ જ્યાં મૃત્યુ કરતાં જીવન વધુ ભયંકર હોય, ત્યાં જીવન જીવવાની હિંમત કરવી એ જ સાચી વીરતા છે.*

*– થોમસ બ્રાઉન*

## રણોત્સવ પ્રસંગે...

**(અનુસંધાન : પાના નં.-૧૮ ઉપરથી ચાલુ)**

કચ્છીમાં જેને 'લઈ' કહીએ છીએ, એને ગુજરાતીમાં 'પ્રાંસલી' કહે છે. ગામ નામ 'પ્રાંસલા' અને 'પ્રાંસલી!' મતલબ કે કચ્છીમાં લૈયારા, લૈયારીનું... ગુજરાતી નામ પ્રાંસલા, પ્રાંસલી થાય છે.

*અને છેલ્લે....*

કચ્છીઓ તો જબરા ભૈ!

ઈન્ટરનેટનો યુગ તો હવે આવ્યો, કચ્છીઓએ તો સેંકડો વર્ષો પહેલાં એક ગામનું નામ પાડ્યું હતું... "INTERNET"!!

જી હા, 'ઈન્ટરનેટ'ને ગુજરાતીમાં કહેવાય 'અંતરજાળ.' કચ્છમાં ગામ નામ અંતરજાળ (તા. અંજાર)

જાર એટલે પીલુ.

છે ને કચ્છીઓની કમાલ!

*'જિગર', ૬૦૦, ન્યુ ઉમેદનગર કોલોની, ગરબી ચોક,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૯૩ ૪૧૪૯૩*

## ટપાલ ટિકિટમાં કચ્છ

**(અનુસંધાન : પાના નં.-૨૧ ઉપરથી ચાલુ)**

કચ્છ ફિલાટેલિક એસો.ના ઉપક્રમે ભુજ મધ્યે ખાસ પ્રસંગોએ ટપાલ ટિકિટને લગતાં પ્રદર્શનો પણ ગોઠવવામાં આવ્યાં હતાં. તે સમયે શ્રી વાલજીભાઈ કે. ઠક્કર, શ્રી કિશોર દાસજી, શ્રી દિનેશ એચ. મહેતા, શ્રી મહેન્દ્ર શાહ, શ્રી અવિનાશ અંજારિયા, શ્રી ચંદ્રવદન મહેતા, શ્રી રામજી સોલંકી, શ્રી સુધીર મહેશ્વરી, શ્રી સુરેશ ધોળકિયા, સ્વ. શ્રી હરિલાલ ઝાલા, સ્વ. શ્રી અબ્દુલ્લા ધોબી, સ્વ. શ્રી વિશનજી રામાણી, સ્વ. શ્રી ભૂપતસિંહજી મદનસિંહજી જાડેજા તથા પેન ફ્રેન્ડ ક્લબના શ્રી અશ્વિન રંગવાલા વગેરે સક્રિય ભાગ લેતા.

વિશ્વસ્તરે જે રીતે ફિલાટેલીનો શોખ વધતો ગયો અને જેમજેમ તેની આર્થિક મહત્તા લોકો સમજતા ગયા, તેમ તેમ જૂની - નવી ટિકિટોનો સંગ્રહ શોખ પણ વધતો ગયો. તેમાંયે ભારતની આર્થિક નગરી મુંબઈ શહેરમાં વસતા 'કચ્છી' ટપાલ ટિકિટ સંગ્રાહકોએ 'કચ્છ હોબી સર્કલ'ની સ્થાપના કરી હતી. તેના ઉપક્રમે તા. ૫-૨-૧૯૮૩થી તા. ૭-૨-૧૯૮૩ સુધી ટિકિટ, સિક્કા, ફર્સ્ટ-ડે-કવર અને દેશ વિદેશની નોટો – 'વર્લ્ડ પેપર મની'નું એક ભવ્ય આયોજનવાળું પ્રદર્શન રાખવામાં આવેલ હતું. આ પ્રસંગે STAMCO-83 – ખાસ 'સ્ટેમકો-૮૩' સોવેનિયર પણ પ્રગટ કરવામાં આવેલ હતું. કચ્છના રાજવી પરિવારના સુપુત્ર, કચ્છી સિક્કાના નિષ્ણાત એવા સ્વ. શ્રી ભૂપતસિંહજીભાઈ મદનસિંહ જાડેજા કચ્છ હોબી સર્કલના પ્રમુખ હતા. 'કચ્છ હોબી સર્કલ'ના ઉપક્રમે તા. ૧૯/૨૦/૨૧ જાન્યુઆરી, ૧૯૮૫ના દિવસે પણ ટિકિટો - સિક્કાનું પ્રદર્શન રાખવામાં આવેલ. જેને પણ સારી સફળતા મળેલ હતી.

*૮૯, 'શબ્દલોક', સંસ્કારનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૯૭૮૦૫૨૮૦૦, ૯૯૭૯૭૧૫૨૧૭*

કચ્છ વિશેષ

# કચ્છી વાર્તા

## મા-પુત્તર ને નોં

હેકડા મા-પુત્તર વા. મા-પુત્તર વા ને પુત્તર કે પેણણાયો. પોય ઘરમેં નોં આવઈ. અને નોં આવઈ એટલે? સસ્સ-નોંરેજો મતભેદ એકબીજાથી હલ્યો જ અચે. પુત્તર વચારો નોકરી કમ-ધન્ધો કરીન થકી-પચી ઘરે અચે તો મા ચોન્તી કે 'તોજી વઉ હીં કે, તોજી વઉ હીં કે, તોજી વઉ હીં કે.' ઉનકે વઉ ચોન્તી કે, 'આંજી મા હીં તી કરે, આંજી મા હીં તી કરે.' ઉનજો જીવ રોજ ખ્યેં વઠા. પુત્તર તો જિન્દગીથી કણ્ટાડી વ્યો. કે હણે ઇ મા જિન મૂંકે વડો ક્યો ઉન ભી ન છડાજે તડે હાણે બાયડીકે તો કુરો કરિયાં? ઇ સસ્સ-નોરેંજો એટલો અણબનાવ થઈ વ્યો કે પુત્તર વિચારો સાવ કણ્ટાડી વ્યો.

હકડો ડિન ઇનકે વિચાર આયો કે હાણે ઇનકે કીંક બોધ સિખાયલા કીંક કરિયાં. હકડો ડી ઇનકે ફરેલા કોઠવે. કે 'હાલો પાંય જરાક ફરી અચિયોં.' વન્નેતા. ફરતે ફરતે તે એક સુતારજો વાડો વો વડો, વાઢેજો, — કચ્છી મેં વાઢો ચે સુતારકે — તે વાઢેજે વાડેમેં કોઠે વ્યો. ઉડાં બો વાઢા વડજો જાડ વો તેંકે થૂડકે સામસામા વડી કરવતસેં કપી વેન્ધાવા. તે હકડો આય આ પણ્ડ કોરા ખેંચે કરવતકે, અન સામો જુકો વઠો વો વાઢો, ઇ પણ્ડ કોરા ખેંચે. વડી કરવત બોં હથે જલી વી આય તે સામસામી ખેંચાતી અચે અને લકડો કપાન્ધો વોય. ઇ વતાયો ને પુત્તર ચે 'ઇ કીં કપિયેન્ધા ડિસો, ઈ સામસામા બોંય ખેંચિયેન્તા ને લકડો કપાયેતો. હકડો જણો કે પણ્ડ કોરા ન ખેંચે તો ઉનજી કરવત સામે હલે ન. લકડો ઇં કપાજે ન બોં જણા જારે પણ્ડપણ્ડ કોરા ખેંચેન્ધા અચેન્ધા ત ઇ લકડો કપાતો અચેન્ધો. તે રીત આંય પણ સસ્સ-વઉ બોંય પણ્ડ પણ્ડ કોરા ખેંચોતાં ઇન વિચમેં આંઉ કપાયતો વિન્ધાજે. વિચમેં મુંજી જિન્દગી એડી થીએતી. તે આંય હકડી જણ છડિયો. બોંય મિઝ્જા હિકડી પણ્ડ કોરા તાણી વ્યો કે નોં હી કરેતી ત ભલે કરેતી. માજો જીવ આય દયાડુ થઈને, ઇં થીએતો મુજે પુત્તરકે ને નોંરકે, ત આંઉ ચુપ ક્યાં. તોય થઈ સકે. ને, બાયડી સમજે કે 'ભઈ મુજે ધણીકે દુખ ન થીઓ ખપે ને મુંજી સસ્સ આય તે કેટલા વરે જીવન્દી ને કેટલી મુકે તકલીફ પોન્દીં' તોયપણ ઊ વસ્તુ પતી વિન્ધી.

બોંયપણ જો પિણ્ડ પિણ્ડ કોરા તાણેઓ ત એન રીતે વિચમેં ત્રેયાજો કુરો?

બોંય, મા પિણ્ડજે પુત્તર કે ગુરેજી અને બાયડી આય પિણ્ડજે ધણીકે ગુરેતી તો છતાં પિણ્ડ-પિણ્ડજી આપસમેં ખેંચો ઉનકી તકલીફ ઊભી થીએતી.

## મા-દીકરો અને વહુ

એક મા-દીકરો હતા. મા-દીકરો હતા ને દીકરાને પરણાવ્યો એટલે ઘરમાં વહુ આવી. અને વહુ આવી એટલે? સાસુ-વહુને મતભેદ તો પરસ્પર ચાલ્યો જ આવે. ઘેર જાઓ તો, દીકરો બિચારો નોકરી - કામધંધો કરીને થાક્યો પાક્યો આવે તો મા કહેશે કે, 'તારી વહુ આમ કહે, તારી વહુ આમ કહે, તારી વહુ આમ કહે.' તેને વહુ કહશે કે 'તમારી મા આ તે કરે, તમારી મા આ તે કરે.' આમ રોજ બેઠાંબેઠાં તેનો જીવ ખાય. દીકરો તો જિંદગીથી કંટાળી ગયો કે હવે આ મા જેણે મને મોટો કર્યો તે પણ જો છોડે નહીં તો પછી પત્નીને તો શું કરું? આ સાસુ-વહુનો એટલો બધો અણબનાવ થઈ ગયો કે દીકરો તો બિચારો તદ્દન કંટાળી ગયો.

એક દિવસ તેને વિચાર આવ્યો, હવે કંઈક બોધ શીખવવા માટે કંઈક કરવું. એક દિવસ તેમને ફરવા બોલાવ્યા. કહે 'ચાલો, આપણે થોડેક ફરીએ, ફરી આવીએ.' ફરતાં ફરતાં તે એક સુતારની મોટી કોઢ હતી — કચ્છીમાં સુતારને વાઢો કહે — તે સુતારની કોઢમાં બોલાવી ગયો. ત્યાં બે સુતાર સામસામે વડના થડને, વડનું ઝાડ હતું તેના મોટા લાકડાને સામસામા મોટી કરવતથી કાપ્યા કરતા હતા. એક હતો તે કરવતને પોતાની તરફ ખેંચે અને બીજો જે સામે બેઠો હતો તે પોતા તરફ ખેંચે. મોટી કરવત જે બેય હાથે પકડેલી હતી તે સામસામી ખેંચાતી આવે અને લાકડું વેરાતું જાય. આ બતાવીને કહ્યું, 'આ શું કાપે છે? જુઓ, આ બંને સામસામે ખેંચે છે અને લાકડું વેરાય છે. જો (આમાંનો) એક જણ પોતાની તરફ ન ખેંચે તો તેની કરવત સામે ચાલે નહીં, લાકડું આમ કપાય નહીં. બંને જણ જ્યારે પોતપોતાની તરફ ખેંચતા જાય છે ત્યારે આ લાકડું કપાતું જાય છે. તેવી રીતે તમે પણ સાસુ-વહુ બંને પોતાપોતા તરફ ખેંચો છો. તેની વચ્ચે હું વેરાતો જઉં છું. વચમાં મારી જિંદગી એવી થાય છે. તેથી એક જણ પણ છોડી દો. બેમાંથી એક પોતા તરફ ખેંચી લો કે 'વહુ આમ કરે છે તો ભલે કરે. માનો જીવ છે તે દયાળુ થઈને મારા દીકરા-વહુને આવું થાય છે તો હું ચૂપ રહું.' એમ માને તોય થઈ શકે અને બાયડી જો સમજે કે 'મારા પતિને દુઃખ ન થવું જોઈએ અને મારી સાસુ છે તે કેટલા વરસ જીવશે ને મને કેટલી તકલીફ પડશે,' તો પણ એ વસ્તુ પતી જાય.

પરંતુ બંને પોતપોતા તરફ તાણો તો વચ્ચે ત્રીજાનું શું?

બંને, — મા પોતાના દીકરાને ચાહે છે. પત્ની છે તે પોતાના પતિને. તેમ છતાં પોતપોતા તરફ બંને ખેંચે તેની તકલીફ થાય છે.

*સૌજન્ય : 'કચ્છીગધ', ડો. શાંતિભાઈ આચાર્ય*

# રણોત્સવ પ્રસંગે....

• જગદીશચંદ્ર છાયા 'શ્રેયસ' •

*આપનું આગમન થયું....*
*ને...*
*...રણ...અમારું*
*...મુઠ્ઠી ઊંચેરું થયું...!*
*લાગણીએ 'લીલુંછમ' થયું.*
*– 'શ્રેયસ'*

રણોત્સવ હવે ફરી શરૂ થવાનો છે. આનંદની વાત છે કે રણોત્સવ ઉત્તરોત્તર વિશેષ સફળતા મેળવી રહ્યો છે. ત્યારે ચાલો આજે આપણે આ કચ્છ પ્રદેશની 'શુષ્ક વનસ્પતિઓનો ગામ નામો પર પડેલો પ્રભાવ' એ વિષે 'રસીલી' ચર્ચા કરીએ.

હલો, હોથલ કચ્છડે!

ઓઢા જામને જ્યારે હોથલ કહે છે, 'કચ્છમાં કખ, કાંટા ને કસ્તર સિવાય બીજું છે શું?' ત્યારે ઓઢો 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા'ના ભાવ સાથે જવાબ આપે છે :

*'ખેરી, બેરી ને બાવરી*
*ફૂલ કંઢા ને કખ,*
*હાલો હોથલ કચ્છડે,*
*જીત માડુ સવાયા લખ.'*

અરે, અમિતાભ તો હવે બોલ્યા, 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા.' વાસ્તવમાં સદીઓ પહેલાં ઓઢા જામે, હોથલને આપેલ જવાબમાં એવો જ ભાવ વ્યક્ત કર્યો હતો. હેતાળ કચ્છીઓ રેતાળ શુષ્ક વનસ્પતિઓનેય ગામ નામકરણ વખતે ભૂલ્યા નથી!

- **ખેરનું બહુમાન :**

ચામડીના રોગોનું ઉત્તમ ઔષધ છે — ખેર.

*"ખદિરઃ સર્વ કુષ્ઠઘ્નાનામ્ શ્રેષ્ઠઃ"*

ખદિરાદિ, ખદિરાદિષ્ટ ઔષધોનાં નામથી સૌ પરિચિત છીએ. કચ્છીઓએ તો કચ્છની 'ઓળખ' આપતી આ વનસ્પતિનું નામ આખા એક મોટા વિસ્તાર "ખડીર"ને આપીને (ખેર-ખદિર)નું બહુમાન કર્યું છે. ખેરની કોઈ અવગણના કરશે તો એની ખેર નથી.

- **કંઢો**

કાંટાળું વૃક્ષ સૌરાષ્ટ્રમાં 'કંટાળા' ગામ છે. ગામથી કોઈને કંટાળો હોય? એતો 'કંઢો' પ્રભાવિત નામ છે. કચ્છમાં ગામ કંઢેરાઈ, કંઢાય, કંઢોરા... બનાસકાંઠામાં આવળ માતાજીનું મંદિર છે.

- **બોર**

બોરડી ક્ષુપનું રાતું-મીઠું ફળ તે... બોર. કહેવતમાં 'બોલે તેના બોર વેચાય.'

***રાતી રાતી ચણોઠડી ને બીજું રાતું બોર***
***ત્રીજું રાતું ચોળિયું ને ચોથું દુઃખિયું રાતુંચોળ***

જો કે હવે માર્કેટિંગમાં માહિર હોય એવા બળૂકા વક્તા તો... બોરની સાથે એના ઠળિયા પણ વેચી નાખે છે.

બોર ૩ પ્રકારના : સામાન્ય બોર, અજમેરી બોર અને ચણી બોર.

અહીં 'બોર' વિષે લાંબુંલચક લખીને કોઈને 'બોર' કરવાનો હેતુ નથી. આપણી ચર્ચાનો મૂળ મુદ્દો 'ગામ નામકરણ પર બોરનો પ્રભાવ' છે.

ગામો... બોરડી, બોરસદ, બોરીઆવી.

કચ્છનાં ગામો (કચ્છીમાં બોરને 'બેર' કહે છે) બેરુ, બેરડો, બોરાણા, બેરાજા, બોરીચા.

નળિયા ગામ માટે કહેવત છે

*'નરિયો બેર જો ફરિયો.'*

સસ્તો શિયાળુ મેવો તે બોર.

શબરીને રામના 'ટેસ્ટ'ની જરૂર જાણ હોવી જોઈએ. નહિતર શબરીએ, પોતે ચાખેલાં મીઠાં બોર રામ માટે રાખી મૂક્યાં ના હોત.

ચાલો, આપણેય હૈયે રાખીએ હામ, બોર ખાવા ક્યારેક આવશે રામ.

- **બાવળ**

*'આપણે તો આવળ, બાવળની જાત,*
*ઊગવાનું હોય ત્યારે પૂછવાનું નહીં.'*
*- કૃષ્ણ દવે*

આડેધડ ઊગવાની એની ટેવનો ભરપૂર લાભ લેવો જોઈએ. પાણી વિણ પાંગરતાં આ વૃક્ષો કચ્છનાં સાચાં મિત્રો છે. એને ઝાકળના પાણીથીય આનંદ! એવાં સંતોષી!

ગાંડા બાવળનીય એક આગવી ઓળખ છે, ઉપયોગિતા છે, ગરિમા છે.

પણ આપણે તો અહીં ફક્ત ગામ નામના મુદ્દે જ ચર્ચા કરીએ છીએ.

બાવળા (અમદાવાદ), બાવળ (ખેડબ્રહ્મા).

કચ્છમાં ગામ... બિબ્બર...

જીહા, 'પાવરપટ્ટી'માં આવાં 'સંસ્કૃત' નામો ધ્યાન ખેંચે એવાં છે...!

'અરલ' પણ સંસ્કૃત નામ જ છે ને!

બાવળ તો વૈશાખનાં 'ગુલમહોર' છે!

વસંતના સંતો છે!

- **પ્રાંસલા**

કચ્છનાં 'લૈ' વનસ્પતિ પ્રભાવિત ગામો... લૈયારા, લૈયારી.

'લૈ'ને ગુજરાતીમાં 'પ્રાંસલી' કહે છે.

સૌરાષ્ટ્રમાં ઉપલેટા પાસે એક ગામનું નામ છે 'પ્રાંસલા'.

એ ગામનું નામ છાપામાં બહુ ચમક્યું છે. કારણકે એ ગામ 'પ્રાંસલા'માં તાજેતરમાં ૧૮૦૦૦ બાળકો માટે રાષ્ટ્રકથા યોજાઈ હતી. એ ગામ નામ પ્રાંસલા નામ પણ વનસ્પતિ 'લઈ' પ્રભાવિત છે.

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૬ ઉપર)

# ટપાલ ટિકિટમાં કચ્છ

• ડૉ. ચંદ્રવદન જી. મહેતા •

સમગ્ર વિશ્વના જુદા જુદા પ્રકારની ચીજવસ્તુઓ ભેગી કરતા સંગ્રાહકોમાં ટપાલ ટિકિટ સંગ્રાહક મહત્ત્વનું સ્થાન ધરાવે છે. જે તે દેશમાં પ્રગટ થતી ટિકિટો, તે દેશના ઈતિહાસનો અરીસો બને છે. ટપાલ ટિકિટ, એ જ્ઞાનની બારી છે અને ઈતિહાસનો દરવાજો છે. ટપાલ ટિકિટ દ્વારા આપણે આપણા જ્ઞાનમાં વૃદ્ધિ કરી શકીએ છીએ.

રંગબેરંગી રંગોમાં છપાતી ટપાલ ટિકિટો પર મહાનુભાવો, દેશનેતાઓ, સંતો, કવિઓ, વૈજ્ઞાનિકો, ધર્મચક્ર પ્રવર્તકો, ઐતિહાસિક સ્મારકો, ધાર્મિક સ્થાનો, માછલીઓ, જંગલી પ્રાણીઓ, નૃત્યાંગનાઓ, ફિલ્મી એક્ટરો - ગાયકો, સેવાભાવી મહિલાઓ, રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, અનેક ઘટનાઓ, સ્થાનો અને વ્યક્તિત્વોને સ્થાન આપવામાં આવે છે. આ ટપાલ ટિકિટ સાથે તેની માહિતી આપતી વિવરણિકા - બ્રોશર પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેના દ્વારા આપણે જે તે ટિકિટનો ઈતિહાસ જાણી શકીને આપણા જ્ઞાનભંડારને વધારી શકીએ છીએ.

ભારતીય ટપાલ ટિકિટનો ઈતિહાસ સને ૧૭૭૪થી શરૂ થાય છે. પણ ભારતમાં પ્રથમ ટપાલ ટિકિટ સને ૧૮૫૨માં ઈસ્યુ કરવામાં આવી હતી. આ રીતે ભારતીય ટપાલ ટિકિટ સંગ્રહને સને ૧૮૫૨થી ૧૯૪૬ — આઝાદી પહેલાંનો વિભાગ અને તે પછી સને ૧૯૪૭થી આજ દિન લગીનો બીજો વિભાગ એમ બે વિભાગમાં વહેંચવામાં આવે છે. ભારતીય ટપાલ ટિકિટનો ઈતિહાસ ઘણો વિસ્તૃત અને રસપ્રદ છે. પરંતુ આજે આપણે ભારતીય ટપાલ ટિકિટની દુનિયામાં કચ્છનું શું સ્થાન છે તેની વિગતો જોઈશું.

સત્તાવાર રીતે કચ્છને સંબંધિત છે ત્યાં સુધી ૩ ટિકિટો પ્રસિદ્ધ થઈ છે :

૧. 'મ્યુઝિયમ ઓફ ઈન્ડિયા' શ્રેણી અંતર્ગત ભારતના ચાર સંગ્રહાલયોમાંથી લેવાયેલી સંગ્રહિત વસ્તુઓના ફોટા રજૂ કરતી ચાર ટિકિટો પૈકીની ગુજરાત રાજ્યના સૌથી જૂના 'કચ્છ મ્યુઝિયમ'માં સંગ્રહિત થયેલા ભગવાન શ્રી ઈન્દ્રના વાહન સાત સૂંઢાળા કાષ્ટકલાથી શોભતા 'ઐરાવત'નું ચિત્ર લઈને ૦.૨૫ પૈસાની ટિકિટ ભુજ મધ્યે તા. ૨૭-૭-૧૯૭૮ના વિમોચિત થઈ. જે ૫૦ લાખની સંખ્યામાં પ્રસિદ્ધ થઈ.

૨. સમગ્ર વિશ્વમાં ખ્યાત એવા કચ્છ માંડવીના સપૂત અને મહાન ક્રાંતિકારી પંડત શ્રી શ્યામજી કૃષ્ણવર્માની તા. ૪-૧૦-૧૯૮૯ના માંડવી - કચ્છ મધ્યે વિમોચિત થયેલી ટિકિટ મૂલ્ય ૦.૬૦ પૈસા. જે ૧૦ લાખ ટિકિટો છપાઈ હતી.

૩. રૂરલ ઈન્ડિયન વુમન - ભારતીય ગ્રામીણ મહિલાઓની શ્રેણી અંતર્ગત તા. ૧૫-૧૦-૧૯૯૭ના પ્રગટ થયેલી ચાર ટિકિટોની શ્રેણીમાંની રૂા. ૬/-ની ધોરડો - બન્નીની હરિજન મહિલાના ચિત્રવાળી રંગીન ટિકિટ.

— આ રીતે અત્યાર સુધી મુખ્ય ત્રણ ટિકિટો પ્રસિદ્ધ થઈ છે. જેની વિગતવાર નોંધ નીચે મુજબ છે :

**૧. મ્યુઝિયમ ઓફ ઈન્ડિયા શ્રેણી**

તા. ૨૭-૭-૧૯૭૮ મંગળવારે કચ્છ જિલ્લાના પાટનગર ભુજ મધ્યે મહાદેવ નાકા બહાર આવેલા ગુજરાતના સૌથી જૂના સંગ્રહાલય - મ્યુઝિયમ 'કચ્છ મ્યુઝિયમ'ને ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં તે મ્યુઝિયમમાં રહેલ કાષ્ટકલાથી શોભતા સાત સૂંઢાળા 'ઐરાવત'ના ચિત્રવાળી ૦.૨૫ પૈસાની પ્રસિદ્ધ કરવામાં આવેલ ટપાલ ટિકિટના વિમોચનનો કાર્યક્રમ રાખવામાં આવેલ.

ટપાલ ટિકિટ વિમોચન ગુજરાત રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ શ્રી કુંદનલાલ જે. ધોળકિયાના હસ્તે, કચ્છ મ્યુઝિયમની માર્ગદર્શિકાનું વિમોચન ગુજરાત રાજ્યના પોસ્ટ માસ્ટર જનરલ શ્રી આર.કે. સૈયદના હસ્તે જ્યારે પુનઃ રચિત કચ્છ મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી નવલભાઈ શાહના હસ્તે થયેલ.

તા. ૨૭-૭-૧૯૭૮ના ભુજ મધ્યે મ્યુઝિયમના પ્રાંગણમાં વિશાળ શમિયાણા નીચે સવારે આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ટપાલ ખાતા તરફથી ચાર ટિકિટો ૦.૨૫ પૈસા, ૦.૫૦ પૈસા તથા રૂા. ૧.૦૦ અને રૂા. ૨.૦૦ વાળી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. તેની સાથે બ્રોશર-વિવરણિકા, ફર્સ્ટ-ડે મેક્ઝિમ કાર્ડના વેચાણની સાથે ફર્સ્ટ-ડે કેન્સલેશન વ્યવસ્થા ગોઠવવામાં આવેલ. જ્યારે કચ્છ ફિલાટેલિક એસોસિએશન તરફથી પણ ખાસ કવર, કાર્ડ ઐરાવત હાથીવાળાં પ્રસિદ્ધ કરવામાં આવેલ. સવારે ૯ થી ૧૨ સુધી ચાલેલ આ કાર્યક્રમ બાદ મુખ્ય મહેમાનો પી.એમ.જી. શ્રી સૈયદ તથા મ્યુઝિયમના ગુજરાતના વડા શ્રી ભૌમિકના હસ્તે કચ્છના સિદ્ધહસ્ત કલાકારો સર્વશ્રી રામસિંહજી રાઠોડ (સાહિત્ય), શ્રી એલ.એમ. પોમલ (તસવીર કલા), શ્રી એલ.સી. સોની (ચિત્રકલા), શ્રીમતી હાજરાબાઈ (બાંધણીકામ), શ્રી હાંસુબાઈ વેલા (માટીકામ - ભુજોડી) તથા શ્રી સુલેમાન જુમા (નોબત - શરણાઈ વાદક) મુંદ્રા - કચ્છનાં સન્માન કરવામાં આવ્યાં.

સને ૧૯૭૮ના જુલાઈ માસની ૨૭મી તારીખે કચ્છના ફિલાટેલી જગતમાં અને કચ્છ મ્યુઝિયમ માટે ચિર સ્મરણીય તારીખ બની ગઈ કારણકે કચ્છ અંગેની ટપાલ ટિકિટ પ્રથમ વખત જ વિમોચિત થઈ રહી હતી.

આ પ્રસંગને સફળ બનાવવા ગુજરાત રાજ્યના પોસ્ટ માસ્તર જનરલ શ્રી આર.કે. સૈયદ, અમદાવાદ જી.પી.ઓ.ના ફિલાટેલિક બ્યુરોના કર્મચારીઓ, હોદ્દેદારો, ગુજરાત

રાજ્યના મ્યુઝિયમોના વડા શ્રી ભૌમિક, કચ્છ મ્યુઝિયમના ક્યુરેટર તથા કર્મચારીઓ, કચ્છ ફિલાટેલિક એસોસિએશનના સહુ સભ્યો, ભુજની વડી પોસ્ટ ઓફિસના અધિકારીઓ, કર્મચારીઓએ ભારે ઉત્સાહ ઉમંગથી ભાગ લીધેલ હતો.

તા. ૨૭-૭-૧૯૭૮ના દિવસે વિમોચન થયેલી ચાર ટિકિટોનું વિગતવાર વર્ણન આ પ્રમાણે છે :

- **ઐરાવત - કચ્છ મ્યુઝિયમ :**

બહુરંગી રંગમાં છપાયેલી ૦.૨૫ના મૂલ્યની આ ટિકિટનો તાંત્રિક આકાર ૩.૯૧ ૨.૯૦ સે.મી. જ્યારે પ્રિન્ટિંગ આકાર ૩.૫૫ ૨.૫૪ સે.મી. હતો. તે સાથે પ્રસિદ્ધ થયેલ અન્ય ત્રણ ટિકિટોનો આકાર પણ એ જ હતો. આ ટિકિટોમાં છિદ્રણ ૧૩ ૧૩ હતી. ૦.૨૫ પૈસાની ટિકિટ કુલ્લે ૫૦ લાખ પ્રસિદ્ધ કરવામાં આવી હતી અને તેનું પ્રિન્ટિંગ ઇન્ડિયા સિક્યુરિટી પ્રેસમાં કરવામાં આવ્યું હતું. આ 'ઐરાવત'ના ચિત્રની પ્રતિકૃતિ કચ્છ મ્યુઝિયમમાંથી લેવામાં આવેલ હતી.

- **'કલ્પદ્રુમ' ભારતીય સંગ્રહાલય - દિલ્હી**

૩૦ લાખની સંખ્યામાં પ્રગટ થયેલ મૂર્તિકલાના ઉત્કૃષ્ટ નમૂનાના ચિત્રની આ ટિકિટ ૦.૫૦ પૈસાના મૂલ્યની હતી.

- **કુષાણ સિક્કા - રાષ્ટ્રીય સંગ્રહાલય દિલ્હી**

૨૦ લાખની સંખ્યામાં પ્રગટ થયેલ કુષાણ સિક્કાવાળા ચિત્રની આ ટિકિટનું મૂલ્ય રૂા. ૧/- હતું.

- **અસ્ત્ર-શસ્ત્ર સાલારજંગ મ્યુઝિયમ - હૈદ્રાબાદ :**

રૂા. ૨/-વાળી રત્નજડિત અસ્ત્ર-શસ્ત્રની પ્રતિકૃતિવાળી ટિકિટ ૨૦ લાખ છપાઈ હતી.

ભારતીય ટપાલ ખાતાના ફિલાટેલી જગતમાં આ એક એવો દિવસ હતો, જે દિવસે — એક જ દિવસે ચાર ટિકિટના સેટમાં ૧ કરોડ ૨૦ લાખ ટિકિટો એક સાથે પ્રગટ થઈ હોય.

કચ્છની ધરતી પર બીજો પ્રસંગ ગુજરાત રાજ્યના કચ્છ જિલ્લાના માંડવી - કચ્છ ખાતે યોજાયો હતો. પ્રસંગ હતો માંડવી - કચ્છના જ વતની વિશ્વવિખ્યાત ક્રાંતિકારી લંડનમાં બેઠાંબેઠાં ભારતને આઝાદ જોવાનાં સોનેરી સપનાઓ સાકાર કરવામાં સતત વ્યસ્ત રહેલા કચ્છી સપૂત પંડિત શ્રી શ્યામજી કૃષ્ણવર્માની ૧૩૨મી જન્મ જયંતી પ્રસંગે પ્રસિદ્ધ કરવામાં આવેલ ટપાલ ટિકિટનું વિમોચન કચ્છ ફિલાટેલિક એસોસિએશન - ભુજના પ્રમુખ, આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કચ્છના બુઝુર્ગ ટિકિટ સિક્કા સંગ્રાહક શ્રી વાલજીભાઈ કરશનજી ઠક્કરના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે ભારતીય તાર ટપાલ ખાતા તરફથી ટિકિટ, ફર્સ્ટ-ડે-કવર તથા બ્રોચર - વિવરણિકા પ્રસિદ્ધ કરવામાં આવેલ. તદુપરાંત કચ્છ ફિલાટેલિક એસોસિએશન - ભુજ તરફથી ફર્સ્ટ-ડે-કવર પ્રસિદ્ધ કરવામાં આવેલ.

આ ટિકિટનું મૂલ્ય ૦.૬૦ પૈસા રાખવામાં આવેલ. જે ૧૦ લાખની સંખ્યામાં છાપવામાં આવી. ટિકિટ સાથે પ્રસિદ્ધ કરવામાં આવેલ ફર્સ્ટ-ડે-કવરના કૅન્સલેશન વખતે એક અનોખી ઘટના બનવા પામી હતી. વાત એમ બની કે ખાસ ઊભા કરાયેલા કૅન્સલેશન બૂથ ઉપરથી ફર્સ્ટ-ડે-કવરનું વેચાણ શરૂ થયું કે તરત જ ભુજથી ફોન આવ્યો કે તે કવરોનું વેચાણ ન કરવું કારણકે તે કવરોમાં નામમાં ભૂલ રહી ગયેલ છે. તેથી ભુજથી માંડવી મારતી ગાડીએ બીજાં ફર્સ્ટ-ડે-કવર આવ્યાં અને તેનું વેચાણ શરૂ કરવામાં આવ્યું. આ કવરો અમદાવાદથી લાવવામાં આવ્યાં હતાં કારણકે તેના પર અમદાવાદ જી.પી.ઓ.ની તા. ૪-૧૦-૧૯૮૯ની કૅન્સલેશનની છાપ હતી.

*ભુજવાળા કવર પર છપાયેલું ખોટું નામ*

શ્યામજી કિશન વર્મા - હિંદીમાં

SHYAMJI KRISHAN VERMA - અંગ્રેજીમાં

લખેલા હતા, જે ભૂલ હતી. તે પછી બીજા કવર

શ્યામજી કૃષ્ણવર્મા - હિંદીમાં

SHYAMJI KRISHNA VERMA - અંગ્રેજીમાં

લખેલાં હતાં, જે ભૂલ વગરનાં હતાં. પરંતુ તેના પર તા. ૪-૧૦-૧૯૮૯નું અમદાવાદનું કૅન્સલેશન હતું. વેચાણમાં મુકાયા બાદ ભુજ હેડ પોસ્ટ ઓફિસ તરફથી પણ તા. ૪-૧૦-૧૯૮૯નું કૅન્સલેશન કરી આપવામાં આવતું હતું. આમ એક જ કવર પર અમદાવાદ તથા ભુજનું કૅન્સલેશન કરવામાં આવ્યું. ફર્સ્ટ-ડે-કવરના વિમોચનના દિવસે એક જ કવર પર બે શહેરોનાં કૅન્સલેશન થાય એ પણ ફિલાટેલી જગત માટે અદ્ભુત ઘટના હતી. આવી ભૂલવાળાં કવરો આ લખનાર પાસે છે જેની નોંધ કચ્છના દૈનિક 'કચ્છમિત્ર'માં તથા મુંબઈથી પ્રગટ થતા 'જન્મભૂમિ' દૈનિકમાં તા. ૧૯-૫-૧૯૯૪માં કટાર લેખક સ્વ. શ્રી અનિલભાઈ કોઠારીએ વિગતવાર આપેલ છે.

તા. ૧૫-૧૦-૧૯૯૭ના યોજાયેલ ઈન્ડીપેક્ષ '૯૭માં પ્રસિદ્ધ થયેલી ચાર ટિકિટની શ્રેણી 'રુરલ ઇન્ડિયન વુમન' — 'ભારતીય ગ્રામીણ મહિલાયેં'માં રૂા. ૨/- ૬/-, ૧૦/-, ૧૧/-ના મૂલ્યની ચાર ટિકિટ પૈકી રૂા. ૬/-વાળી ટિકિટ પર બહુરંગી ચિત્રમાં કચ્છ જિલ્લાના ઉત્તરી ભાગે આવેલા એશિયાના શ્રેષ્ઠ ઘાસિયા વિસ્તાર - લુડિયા - બન્નીની હરિજન કોમની એક મહિલાનું ચિત્ર પ્રદર્શિત કરવામાં આવ્યું છે. જેમાં 'હરિજન' કોમની મહિલાઓમાં પહેરાતાં વસ્ત્રો, દાગીના પણ નજરે પડે છે.

ગુજરાત રાજ્યમાં આવેલો એક અતિ વિશિષ્ટ પ્રદેશ 'કચ્છ' આ રીતે ટિકિટો સાથે તો સંકળાયેલો છે, તે ઉપરાંત ફિલાટેલી જગત સાથે રાજાશાહીના સમયથી અત્યાર સુધી કઈ રીતે સંકળાયેલો છે તેની વિગતો નીચે મુજબ છે :

- **ફર્સ્ટ-ડે-કૅન્સલેશન — પ્રથમ દિવસ રદ્દીકરણ**

તા. ૨૫-૮-૧૯૭૮ના દિવસે ૦.૨૫ પૈસાના મૂલ્યના લાલ રંગની 'ભગવદ્ ગીતા' ટપાલ ટિકિટ પ્રસિદ્ધ કરવામાં આવી. જેના પર ભગવાન શ્રીકૃષ્ણ તથા અર્જુન - રથ પર ઊભેલા છે તે ચિત્રની સાથે કરોડો

લોકોને ‘કર્મયોગ’નો અતિ મૂલ્યવાન, પ્રેરણાદાયી અને નિસ્પૃહ જીવનધારામાં સામેલ કરતો શ્લોક ‘કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન’ લખવામાં આવેલ છે. તેના વિમોચન પ્રસંગે ભુજ મધ્યે મહાદેવ નાકા બહાર ‘કચ્છ મ્યુઝિયમ’ પાસે આવેલી મહારાવ શ્રી વિજયરાજજી લાઈબ્રેરીના હોલમાં ભુજ રેડ પોસ્ટ ઑફિસ તરફથી ખાસ ફર્સ્ટ-ડે-કેન્સલેશન કાર્યક્રમ રાખવામાં આવેલ.

આ પ્રસંગે કચ્છ ફિલાટેલિક એસોસિએશનના સભ્યો, શહેરના અગ્રગણ્ય નાગરિકો, પોસ્ટ ખાતાના વડા, કર્મચારીઓ હાજર રહ્યા હતા. આ ટિકિટના વિમોચનના દિવસે જ યોજાયેલા ફર્સ્ટ-ડે-કેન્સલેશન કાર્યક્રમમાં તે ટિકિટોનું વેચાણ પણ કરવામાં આવ્યું હતું. આવો જ કાર્યક્રમ ભગવાન શ્રીકૃષ્ણની નગરી દ્વારકામાં પણ રાખવામાં આવેલ હતો.

સ્પેશિયલ કેન્સલેશનનો બીજો પ્રસંગ હતો : ‘સુરખાબનગર પધારિયે’ — હિંદીમાં.

વિઝિટ ફ્લેમિંગો સીટી બર્ડ સેન્ટેનરી, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.

આ સ્પેશિયલ કેન્સલેશન તા. ૧૬-૭-૧૯૮૪થી કરવામાં આવેલ છે — આવે છે.

સંવત ૧૮૪૦માં અબડાસા તાલુકાના મુખ્યમથક નલિયામાં ગરીબ કુટુંબમાં જન્મી, આપબળે આગળ વધી બહુજન હિતાય પ્રવૃત્તિઓ કરનારા શેઠશ્રી નરશી નાથાની ૨૦૦મી જન્મ જયંતિ પ્રસંગે તા. ૫-૮-૧૯૮૪ના રોજ મુંબઈ મધ્યે પોસ્ટ ખાતા તરફથી સ્પેશિયલ કેન્સલેશન આપવામાં આવેલ. આ કેન્સલેશન સ્ટેમ્પ પર આ રીતે લખાણ છે :

શેઠશ્રી નરશી નાથાકી ૨૦૦વી જન્મ જયંતી — હિંદી

૨૦૦th બર્થ એનીવર્સરી ઓફ શેઠશ્રી નરશી નાથા - અંગ્રેજી

બમ્બઈ - હિંદી

૫-૮-૧૯૮૪ — અંગ્રેજી

બોમ્બે — અંગ્રેજી.

શ્રી અનંતનાથજી જૈન મંદિરકી ૧૫૦વી જયંતી - હિંદી

૧૫૦th ઍનીવર્સરી ઑફ શ્રી અનંતનાથજી જૈન ટેમ્પલ - અંગ્રેજી

આ પ્રસંગે ખાસ પ્રસિદ્ધ થયેલ કવર તથા કેન્સલેશન છાપની ડિઝાઈન શ્રી દિલીપ સુર્વેએ તૈયાર કરેલ છે.

કામ કરવાની પોતાની તાકાતનો પરિચય, સાચી ધર્મભાવના અને પરોપકારભર્યા જીવનનો સાક્ષાત્કાર કરનાર શેઠશ્રી નરશી નાથાના માનમાં મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને સને ૧૯૩૮માં કાથા બજારથી ભાત બજાર નાકા સુધીના માર્ગને ‘નરશી નાથા સ્ટ્રીટ’ નામ આપેલ. જે આજે પણ એ વિસ્તાર તેમના નામે ઓળખાય છે. માત્ર ૫૯ વર્ષની વયે તા. ૧૧-૧૨-૧૮૪૨ના દિવસે સ્વર્ગવાસી થયા.

તા. ૬-૪-૨૦૦૧ના દિવસે ટપાલ ખાતા તરફથી પ્રગટ થયેલી રૂા. ૩/-ના મૂલ્યવાળી બ્લ્યુ રંગની ભગવાન શ્રી મહાવીરની ૨૬૦૦મી જન્મ જયંતિ પ્રસંગે વિમોચન થયેલી ટિકિટનું તે જ દિવસે ભુજ - માંડવી રોડ પર કોડાય પુલ પાસે આવેલા જૈન ધર્મના શ્રેષ્ઠ સ્થાનકો પૈકીના ‘બહુંતેર જિનાલય’ ખાતે ખાસ કાર્યક્રમ રાખી અને ટિકિટનું વેચાણ રાખવામાં આવેલ. આવો કાર્યક્રમ માંડવી પોસ્ટ ઑફિસમાં પણ રાખવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા જૈન આગેવાનો તથા માંડવીના પોસ્ટ માસ્ટર શ્રી આ.સી. શાહ અને સ્ટાફના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

આ રીતે કચ્છના પ્રથમ કલેક્ટર, સંસદ સભ્ય સ્વ. શ્રી તુલસીદાસ મુરજી શેઠના માનમાં પોસ્ટ ખાતા તરફથી ફર્સ્ટ-ડે-કવર કેન્સલેશન ભુજમાં આપવામાં આવ્યું હતું. તા. ૪-૮-૨૦૧૨ના ભુજના વાગડ બે ચોવીસીના હોલમાં, સ્વ. શ્રી તુલસીદાસભાઈના સુપુત્રી કચ્છનાં પ્રથમ આઈ.પી.એસ. અધિકારી શ્રી વિજયાલક્ષ્મી શેઠની હાજરીમાં તુલસીદાસભાઈના ફોટાવાળા ફર્સ્ટ-ડે-કવર ઉપર ખાસ કેન્સલેશન અપાયું હતું.

આ ઉપરાંત મસ્કત પોસ્ટ ખાતા તરફથી પ્રગટ કરવામાં આવેલી યંત્ર સાથેના કારીગરના ચિત્રવાળી ટિકિટ પર કચ્છ માંડવીના કારીગર જે મસ્કતમાં કામ કરતા હતા તેનું ચિત્ર પ્રગટ કરવામાં આવેલ છે. તે જ રીતે અમદાવાદમાં યોજાયેલ એક ટિકિટ પ્રદર્શન વખતે પ્રસિદ્ધ કરવામાં આવેલ ફર્સ્ટ-ડે-કવર ઉપર કચ્છી ભરતકામના ચિત્રને રજૂ કરવામાં આવેલ છે. તા. ૯-૧૦-૧૯૯૯ના લોકસેવક શ્રી છગનલાલ કે. પારેખ - પૂ. છગનબાપાની ટિકિટનું વિમોચન થયું તે પ્રસંગે અંજાર મધ્યે ખાસ કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ પ્રસંગે કચ્છ ફિલાટેલિક એસોસિએશનના સભ્યો ખાસ હાજર રહ્યા હતા.

ટિકિટ સંગ્રહનો શોખ કચ્છી પ્રજામાં રાજાશાહીના સમયથી હતો પણ ટપાલ ટિકિટના સંગ્રહ શોખને વ્યવસ્થિત સ્વરૂપ ભુજ મધ્યે યુવા પ્રવૃત્તિઓ કરતી સંસ્થા “ગ્લોબલ હોબી કોર્નર”ના ઉપક્રમે તા. ૨-૧૦-૧૯૭૬ના દિવસે કચ્છ ફિલાટેલિક એસોસિએશનની સ્થાપના કરીને અપાયું. ‘ગાંધી જયંતિ’ના આ શુભ દિને રાષ્ટ્રપિતા ગાંધીજીના માનમાં દેશ વિદેશમાં પ્રગટ થયેલી ટિકિટો, કવર, ફર્સ્ટ-ડે-કવર, સિક્કા, ઈનલેન્ડ, પોસ્ટકાર્ડ પ્રદર્શિત કરતું એક નાનકડું પ્રદર્શન ગોઠવવામાં આવેલ.જેમાં આ લખનારે તા. ૨-૧૦-૧૯૫૧ના ભારતીય ટપાલ ખાતા તરફથી પ્રગટ કરવામાં આવેલા ૯ પૈસાના મૂલ્યવાળાં ચાર પોસ્ટકાર્ડ - પિક્ચર પોસ્ટકાર્ડનો સેટ રજૂ કરેલ હતો. આ ચાર પોસ્ટકાર્ડ ઉપર (૧) બાળકને તેડીને ઊભેલા ગાંધીજી, (૨) ચરખો કાંતતા ગાંધીજી, (૩) કસ્તુરબા સાથે ઊભેલા ગાંધીજી, (૪) પોસ્ટકાર્ડ સાઈઝના ચિત્ર સાથે ગાંધીજી. પોસ્ટલ સ્ટેશનરીના સંગ્રહની દુનિયામાં આ પોસ્ટકાર્ડો ભારે મહત્ત્વ ધરાવે છે.

આ પ્રસંગે કચ્છ ફિલાટેલિક એસોસિએશનના ઉપક્રમે દર રવિવારે ટિકિટ સંગ્રાહકો એકઠા મળતા અને સંગ્રહને આપ-લે પણ કરતા.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૬ ઉપર)**

# કચ્છના વનસ્પતિ વારસાનું જતન કરીએ

● પ્રા. સૂર્યકાંત ભટ્ટ ●

રણ, મહેરામણ અને ડુંગરા — આવી નૈસર્ગિક રચના, વૈવિધ્યસભર કચ્છ એ ગુજરાત રાજયમાં વિસ્તારની દૃષ્ટિએ પ્રથમ નંબર ધરાવતો જિલ્લો છે. સાંસ્કૃતિક વિરાસત અનેરી છે. ખાનપાન, ભાષા, પહેરવેશ આદિ અન્યો કરતાં જુદાં જ તરી આવે છે.

કચ્છ જિલ્લાની ઉત્તરે કચ્છનું મોટું રણ, પૂર્વે કચ્છનું નાનું રણ, પશ્ચિમે અરબી સમુદ્ર તેમજ દક્ષિણે કચ્છનો અખાત આવેલો છે. કચ્છ જિલ્લાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૪૫,૧૬૨ ચોરસ કિ.મી. છે, જે રાજયના કુલ ભૌગોલિક વિસ્તારના ૨૩.૨૭ ટકા જેટલો થાય છે. કચ્છના લગભગ મધ્ય ભાગેથી કર્કવૃત્ત પસાર થાય છે. કચ્છનું મોટું રણ પાકિસ્તાન સરહદને અડીને ઉત્તરે અને નાનું રણ કચ્છના પૂર્વ અને દક્ષિણ ભાગમાં આવેલું છે. કચ્છના રણ વિસ્તારનું ક્ષેત્રફળ ૨૧,૧૬૨ ચો.કિ.મી. છે. ભગવદ્ ગોમંડળમાં 'કચ્છ'ના ૩૧ અર્થ બતાવવામાં આવેલા છે. હડપ્પા સંસ્કૃતિના પાંચ મોટા શહેરોમાં કચ્છ પ્રદેશના 'ધોળાવીરા'નો સમાવેશ થયો છે.

કચ્છમાં વનસ્પતિઓ, આ સૂકો પ્રદેશ હોવા છતાં પણ ઠેરઠેર નીરખી શકાય છે. તમામ દરિયાઈ વિસ્તારો પર ચેરના વૃક્ષોની ઉપલબ્ધિ, તો ધીણોધર તળેટી વિસ્તારો આદિમાં પણ અનેક વનસ્પતિઓ લોકોપયોગી છે. કચ્છના સુવિખ્યાત વનસ્પતિશાસ્ત્રી શ્રી જયકૃષ્ણ ઈન્દ્રજીએ પોતાના પુસ્તક 'શ્રી કચ્છ સંસ્થાનની વનસ્પતિઓ'માં કચ્છની તમામ વનસ્પતિઓની ઓળખ કચ્છી, ગુજરાતી, હિંદી, લેટિન, અંગ્રેજી ભાષામાં આપી છે. ઉપરાંત તેનો ઉપયોગ પણ દર્શાવ્યો છે.

આપણા રસોડામાં રસોઈ માટેના મસાલા — રાઈ, મેથી, જીરૂં, હળદર, હીંગ, મરચું, મીઠું રસોઈ ઉપરાંત રોગોમાં પણ ઉપયોગી બને છે. જેના ઘરગથ્થુ ઉપચાર અનેક છે. જે હવે તો અનેક લોકો જાણે છે. વર્તમાન પત્રો, સામયિકોમાં પણ મસાલાઓના ગુણ, ઉપયોગ અંગેની માહિતી અપાતી રહે છે.

કચ્છમાં સૂકા પ્રદેશમાં જોવા મળતી વનસ્પતિઓ છૂટીછવાઈ પરંતુ વ્યાપક છે. જે દવા બનાવવાના ઉપયોગમાં લેવાય છે. અનેક આયુર્વેદિક ફાર્મસીઓ આ વનસ્પતિઓમાંથી દવાઓ તૈયાર કરી વિવિધ નામ આપી વેચાણ કરે છે. ઉપરાંત યુનાની, એલોપેથિક ડ્રગ્સમાં પણ આ વનસ્પતિઓનો મહત્ત્વનો ફાળો રહેલો છે. કેટલીક મહત્ત્વની વનસ્પતિઓ વિષે સંક્ષેપમાં તેની ઉપયોગિતા અને નામ તેની ઓળખ આપવા અહીં પ્રયત્ન કર્યો છે.

● **ભાંગરો :** આ વનસ્પતિના છોડવા જમીન પર પથરાયેલા હોય છે. પાન કાંગરીદાર હોય છે. તેની લાંબી સળી પર પીળાશ પડતાં ફૂલ આવે છે. છોડ પર રુંવાટી હોય છે. આ વનસ્પતિ વાળ માટે ઉપયોગી છે. યાદશક્તિ વધારનાર, ચર્મ રોગમાં ઉપયોગી તથા રક્તચાપ માટે ઉપયોગી છે.

● **ગોખરૂ :** આ વનસ્પતિ કચ્છમાં બારેમાસ જોવા મળે છે. તેના ફળ પર કાંટા હોય છે. પીળાં ફૂલ ધરાવતી ઝૂંછાળાવાળી વનસ્પતિ સોજા ઉતારવા, રક્તચાપ અર્થે, નપુંસકતા દૂર કરવા વીર્યવર્ધક છે. ગોખરૂ ચૂર્ણનાં તૈયાર પેકેટો મળે છે. શક્તિવર્ધક 'રસાયન ચૂર્ણ'ની ટીકડીઓમાં ગળો, ગોખરૂ અને આમળાનું મિશ્રણ હોય છે.

● **કુંવારપાઠું :** ઘરઆંગણે ઉગાડી શકાય તેવી વનસ્પતિ છે. શુષ્ક જમીન પર ઊગતો પાક છે. આ વનસ્પતિ ક્ષુપ આકારની છે. મૂળમાંથી લાંબા ગર્ભવાળા પાન ફૂટે છે. પાનની અંદર નરમ ભાગ, શીતળ ભાગ દાહનું શમન કરે છે. દાઝેલા ભાગ પર લગાવતાં ઠંડક થાય છે. રૂઝ લાવે છે. ચામડીના રોગોનો નાશ કરે છે.

● **વાયાવરણો (ત્રિપન) :** પાનખર વૃક્ષ તે બિલીપત્રના વૃક્ષ જેવું દેખાય છે. તેને ત્રણ ત્રણ પાન હોય છે. તેના ધોળા રંગનાં પુષ્પોમાં પીળા રંગની ઝાંય પડતાં વધુ સુંદર લાગે છે. તેનાં પાન ભાજી તરીકે ઉપયોગમાં આવે છે. તે કફને હણનાર, પથરીને તોડનાર, સડતા હાડકાને અટકાવવા, વાયુ પ્રકોપ તથા સોજા ઉતારવા માટે ઉપયોગી છે.

● **ગૂગળ :** ચારથી પાંચ ફૂટ જેટલું ઊંચું ગૂગળ વૃક્ષ હોય છે. લીલાશ પડતી છાલ ધરાવતું ઝાડ સફેદ રંગનું હોય છે. પાન ચીકણાં ચમકદાર હોય છે. ફળ પાકે ત્યારે લાલ થઈ જાય છે. તે ગરમ પાણીમાં નરમ પડે છે. અગ્નિમાં બળે, તાપમાં પીગળે છે. ગૂગળનો ધૂપ જંતુઓનો નાશ કરે છે. તેના સેવનથી શ્વેત કણ - રક્તકણ વધે છે. કંઠમાળના રોગમાં ઉપયોગી છે. અરડૂસી તથા મધ સાથે લેવાથી તે કફને સત્વરે દૂર કરે છે. વાયુ પ્રકોપ જેવા કે સંધિવા, કમરનો - મણકાનો દુખાવો દૂર કરે છે.

● **મામેજવો :** મામેજવાના ભાલા આકારનાં નાનાં પાન ફૂટે છે. થડમાંથી એવી ડાળીઓ નીકળે છે. પેટનો દાહ મટાડવા ઉપયોગી છે. ઝેરી જંતુના કરડવાના સ્થાને લગાવવાથી તથા ડાયાબિટીસના દર્દીની સારવાર અર્થે ઉપયોગી છે. ક્વિનાઈનને બદલે વાપરી શકાય છે. મામેજવાના સૂકા છોડના પાવડરનું સેવન લોહી શુદ્ધ કરે છે.

● **ચેર :** ચેરનાં ફૂલ સુગંધિત હોય છે. ફળ ભૂરા રંગનાં, સ્વાદમાં મધુર, પાચનમાં હલકાં છે. ક્ષારને અટકાવે છે. દરિયા કિનારા પર વિશેષતઃ દૃશ્યમાન થાય છે. તે કફનાશક છે. તે પશુઓના ચારા તરીકે ઉપયોગી છે.

● **ચમેડ :** ચમેડને સીંગ આવે છે, જે

બંને છેડે સાંકડી હોય છે. તેનાં બીજ ચપટાં, લીસાં હોય છે. કાળાં તથા કડવાં હોય છે. દૃષ્ટિ સુધારવા કે નેત્રરોગ મટાડવા ચમેડનાં ટીપાં ખૂબ ઉપયોગી મનાય છે. કેટલાક વૈદ્યો તેનો ખાસ ઉપયોગ કરે છે.

● **જેઠીમધ :** જેઠીમધનાં ફૂલ ગુલાબી રંગના પતંગિયાના આકારનાં હોય છે. સીંગો ૨થી ૪ બીજવાળી હોય છે. તે કફનાશક છે. શ્વાસની તકલીફોમાં ઉપયોગી છે. પેટના રોગ મટાડે છે. તરસ પણ મટાડે છે.

● **કેરડા :** અંદાજે ૭ કે ૮ ફૂટ ઊંચાં વૃક્ષના પાન લીલાં, ફળ ગુલાબી રંગના આવે છે. મોટેભાગે રાતાં હોય છે. કેરડાનું અથાણું બનાવી લોકો આરોગે છે. કેરડા કૃમિનાશક છે. કરમિયાનો નાશ કરે છે.

● **પીલુ ખારીજાર :** પીલુનાં વૃક્ષ બહુ ઊંચાં નથી હોતાં. તેનાં પાન સામસામાં અંડાકાર હોય છે. ફળ કાળાં ધોળાં જોવા મળે છે. સંધિવા પર લેપમાં કામ લાગે છે. મધ સાથે લેવાથી ઊલટી મટે છે. દાંતની સફાઈ માટે પેસ્ટ બનાવવા ઉપયોગી છે.

● **અઘેડો :** અઘેડાનાં ફળ કાંટાળા હોય છે. પાન લાંબા, પુષ્પ લાલ રંગનાં હોય છે. દાતણ તરીકે ઉપયોગી છે. જો વારંવાર પેટમાં ચૂંક આવતી હોય તો મધ સાથે લેવાય છે. અઘેડો જંતુનાશક છે. તાવને પણ મટાડે છે.

● **શંખાવળી :** કચ્છમાં ઠેરઠેર દૃશ્યમાન થાય છે. જમીન પર ચોમેર પથરાયેલી આ વનસ્પતિનાં ફૂલ આછાં જાંબુડી છે. ચોમાસા દરમિયાન તે અનેક સ્થળે ઊગી નીકળે છે. મગજને પુષ્ટિ આપનાર છે. તેથી બ્રેઈન ટોનિક હોઈ તેના સીરપ વેચાય છે. પ્રકૃતિમાં ઠંડી છે. તે હાઈ બી.પી.ના દર્દીઓના બી.પી.ને કાબૂમાં રાખતી વનસ્પતિ છે. નિદ્રા લાવનાર કે મગજનો થાક ઉતારનાર છે. શંખપુષ્પી તરીકે ઓળખાય છે.

કચ્છમાં બારમાસી નદીઓ કોઈ નથી. ભારે વરસાદ સમયે કચ્છની ૯૭ નદીઓ વહેતી રહે છે. કચ્છમાં જંગલો ઘણા ઓછા પ્રમાણમાં છે. જે કુલ ૨,૮૭,૯૪૮ હેક્ટરમાં છે. ખેડવા લાયક ભૂમિ ૭,૪૭,૫૦૩ હેક્ટર છે. હાલે વસતિ ૨૧ લાખને આંબી જવા પામી છે.

અત્રે પ્રવાસન ઉદ્યોગને ઉજાગર કરવામાં પ્રતિ વર્ષ ખાસ તો કચ્છ કાર્નિવલ અને રણોત્સવ ઊજવી કચ્છને સિંગાપુર બનાવવાની અનન્ય ઈચ્છા સાથે પર્યટનના વિશ્વના નકશામાં કચ્છનું સ્થાન મોખરે ઉજ્જવળ કરવામાં દેશના હાલના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો સિંહફાળો છે.

*લીમડા લાઈન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

## માણસની નાનપ

*માણસને પૈસાથી મપાય નહીં.*
*પણ ઘણી વખત પૈસા દ્વારા જ માણસ*
*કેટલો નાનો છે એ જાણી શકાય છે.*

*— ડિઝરાયલી*
*સૌજન્ય : "સમજણના સૂર"*

# કચ્છ સંગ્રહાલયની શિલ્પ સમૃદ્ધિ

• નરેશ અંતાણી •

*ભારતના ઈતિહાસ પર પ્રકાશ પાડતા ઈશુની આરંભની સદીના અને તે પછીના સમયના શિલાલેખો કચ્છમાંથી પ્રાપ્ત થયા છે. એ જ પ્રમાણે ગુપ્તકાળ પછીથી સોલંકીકાળ સુધીના શિલ્પ સ્થાપત્યના નમૂનાઓ પણ કચ્છમાં મળી આવ્યા છે. કંથકોટ, પુંઅરેશ્વર, કોટાય અને કેરાનાં મંદિરો ભારતીય શિલ્પ સ્થાપત્યના ભવ્ય ભૂતકાળની સાક્ષી આજે પણ પુરાવી રહ્યાં છે. કાળક્રમે પ્રાકૃતિક આપત્તિઓને કારણે આ મંદિરોમાંથી છૂટા પડેલા કેટલાંક શિલ્પો પણ કચ્છ સંગ્રહાલયની શોભા બન્યાં છે. આ શિલ્પોમાં ક્યાંક ક્યાંક અજંતાના મધુર વળાંકો પણ નજરે પડે છે તો કેટલાંક શિલ્પો ઈલોરાની ભાવ ભંગિમાની યાદ કરાવે છે.*

*કચ્છ સંગ્રહાલયમાં રહેલા શિલ્પોમાંથી કેટલાંક મહત્ત્વના શિલ્પોનો પરિચય આ લેખમાં કરવાનો ઉપક્રમ છે.*

## • છાદ્‌માં રાસલીલાનું શિલ્પ :

કોટાયના શિવાલયના ગર્ભગૃહના આગળના મંડપની શોભા સમાન શિલ્પપ્રચૂર છતની મધ્યમાં વર્તુળાકારે મૂકવામાં આવેલા આ શિલ્પમાં સ્ત્રી અને પુરુષના યુગ્મોને નૃત્યમુદ્રામાં કંડારવામાં આવ્યા છે. આ શિલ્પ સંગ્રહાલ્યના શિલ્પ વિભાગની શોભા બની રહ્યું છે.

સ્ત્રીના હાથમાં દંડ ધારણ કરેલો છે જ્યારે બીજો હાથ ગીત લલકારતી અદામાં છે. તેની બાજુમાં ત્રિભંગ સ્થિતિમાં નૃત્યાંગનાઓ નૃત્ય કરી રહી છે. તેની બાજુમાં પુરુષ મૃદંગ પર થાપ મારી નૃત્યમાં જોમ પૂરી રહ્યો છે. નૃત્યાંગનાના હાથમાં ઘૂઘરા જેવું વાદ્ય છે જ્યારે અન્ય પુરુષ બંસરીના સૂર છેડતો બતાવાયો છે. આ શિલ્પનો કેટલોક ભાગ ખંડિત થયેલો છે.

આ શિલ્પમાં સ્ત્રી અને પુરુષ સમૂહ નૃત્યમાં વર્તુળાકારમાં એક સ્ત્રી અને એ પછી એક પુરુષ એ રીતે ગોઠવાયેલા છે. નવ યૌવનાઓ અને યુવકોના અંગ મરોડની શૈલી, પગ અને હાથના લટકા અને મુખના ભાવો શિલ્પને જીવંત બનાવે છે. રેતિયા પથ્થરમાં કોતરણીથી ખીચોખીચ ભરેલું આ શિલ્પ દર્શનીય છે.

## • કુબેર :

ગોખમાં પગ નીચે દ્રવ્યની થેલી દબાવેલી મુદ્રામાં રહેલા કુબેરની આંખો મીંચેલી બતાવાઈ છે. તેના બે હાથો ખંડિત છે અને મસ્તક પર મુકુટથી શોભાયમાન કુબેરનું શિલ્પ લાલ રેતિયા પથ્થરમાં કંડારવામાં આવ્યું છે.

## • નવગ્રહ પટ્ટ :

સામાન્ય રીતે મંદિરની બારસાખ પર નવગ્રહ પટ્ટના શિલ્પ જોવા મળે છે. એવી જ રીતે આ સંગ્રહાલયમાં રક્ષિત નવગ્રહનાં બે શિલ્પો પણ બારસાખની ઉપરનો ભાગ છે. કોટાયમાંથી મળેલા નવગ્રહના એક પટ્ટની બન્ને બાજુ તથા નીચે દરિયાના મોજાં ઊછળીને શાંત બન્યાં હોય તેવી ભાત ઉપસાવાઈ છે. ગોખમાં આવેલાં કેટલાંક ગ્રહોનાં શિલ્પ ખંડિત હાલતમાં છે. તેથી તેમનાં આયુધો સ્પષ્ટ થતાં નથી. પટ્ટની નીચેના ભાગમાં ચતુર્ભુજ ગણેશની પ્રતિમા કંડારવામાં આવી છે.

અન્ય એક નવગ્રહ પટ્ટમાં સાત ગ્રહો સ્પષ્ટ દેખાય છે જ્યારે બીજા બે ખંડિત છે. શિલ્પાંકૃત ગોખમાં નવગ્રહને આસનસ્થ કરાવાયા છે. આ ગ્રહોના પણ હાથ ખંડિત હોઈ આયુધો સ્પષ્ટ થતાં નથી. એક ગ્રહના હાથમાં કમંડળ નજરે પડે છે. રાહુનું મસ્તક અને કેતુનું અર્ધશરીર દેખાય છે. દરેક ગ્રહોએ વનમાળા અને કટિમેખલા, કંઠમાં એક એક સરીમાલા ધારણ કરેલી છે. તમામની આંખો બંધ છે.

## • ત્રિવિક્રમ :

રેતિયા પથ્થરના સ્તંભવાળા ગોખમાં ચતુર્ભુજ વિષ્ણુને ત્રિભંગ સ્થિતિમાં બતાવાયા છે. જેનો નીચેનો જમણો હાથ ખંડિત છે. ઉપરના હાથમાં ગો અને ડાબામાં અનુક્રમે ચક્ર અને શંખ આવેલા છે. પગ પાસે રહેલા શંખ, ચક્ર ખંડિત છે.

વિષ્ણુના ચાર હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ એ આયુધો જુદા જુદા ક્રમમાં ધારણ કરેલા હોય છે. જેને લઈને તેના ૨૪ ભેદ પડે છે. રૂપમંડન પ્રમાણે આ વિષ્ણુનો જે જમણો હાથ ખંડિત છે તેમાં પદ્મ હોય તો બીજા ત્રણ હાથમાં અનુક્રમે ગદા, ચક્ર અને શંખ હોય તો તે ત્રિવિક્રમ કહેવાય છે. આમ આ શિલ્પ વિષ્ણુનું ત્રિવિક્રમ સ્વરૂપ હોવાનું અનુમાન કરી શકાય છે.

## • ચતુર્ભુજા પાર્વતી :

આ શિલ્પ સ્તંભનો એક ભાગ છે. તેમાં ગોળાકાર પીઠ જેવું બનાવી તેની શોભા વધારવા કીર્તિમુખની પટ્ટી કોતરવામાં આવી છે. તેની ઉપર ગોખમાં ચતુર્ભુજ પાર્વતીની પ્રતિમા કમળ પર લલિતાસનમાં બેસાડી કંડારવામાં આવી છે. તેના જમણા નીચેના હાથમાં અક્ષમાળ, ઉપરનામાં શિવલિંગ જ્યારે ડાબા ઊર્ધ્વ હાથમાં ગણપતિ અને નીચેના હાથમાં કમંડળ ધારણ કર્યું છે. મસ્તક પર જટામુકુટ, કંઠમાં બે સરીમાળા, કર્ણમાં બે કર્ણફૂલ અને બાહુમાં બાજુબંધ ધારણ કરેલા છે. ગોઠણ સુધી લટકતી વનમાળા પણ સુંદર રીતે કોતરાઈ છે.

## • દિક્‌પાલ શિવ :

હિંદુ મંદિર સ્થાપત્યમાં દિક્‌પાલ

પ્રતિમાઓનું વિશેષ મહત્ત્વ રહ્યું છે. આ અંગે કચ્છના મંદિરોની દિક્પાલ પ્રતિમાઓ અંગે ક્યારેક વિગતે વાત કરીશું. દિક્પાલની ઈશાન પ્રતિમા, એ શિવનું એક સ્વરૂપ છે. વેદમાં પણ શિવના એક નામ તરીકે તેનો ઉલ્લેખ કરાયો છે. તેઓ સર્વ વિદ્યાના દાતા અને શિવ સ્વરૂપ છે. તે ઈશાન સ્વરૂપે દિક્પાલનું કામ કરતા હોવાથી દરેક મંદિરના ઈશાન ખૂણામાં તેમની પ્રતિમા સ્થાપિત કરાય છે. તેમના નામ પરથી જ તેઓ ઈશાના અધિપતિ છે તેથી તેમનું નામ ઈશાન પાડવામાં આવ્યું છે. કચ્છ સંગ્રહાલયમાં રહેલી દિક્પાલ શિવની પ્રતિમાની વાત કરીએ તો અલંકૃત ગોખમાં ચતુર્ભુજ શિવ ત્રિભંગ સ્થિતિમાં છે. મસ્તક ઉપર જટામુકુટ, કંઠમાં મૌકિતકમાળા અને પગ સુધી મુંડમાળા ધારણ કરેલી છે. ઉપવસ્ત્ર હાથ પરથી પસાર થઈ લટકી રહેલું છે. જમણા હાથમાં અક્ષમાળા, બીજામાં ત્રિશૂળ જ્યારે ડાબામાં કમંડળ અને ઉપરનામાં સર્પ ધારણ કરેલ છે.

ગોખની બહાર બે દેવાંગનાઓ કંડારવામાં આવી છે. તેના પર ખંડિત મકરમુખ પણ જોઈ શકાય છે.

- **છાદ્યાવશેષ :**

છાદ્યાવશેષના શિલ્પમાં ફરતી વક્રરેખાઓની સાગરનાં મોજાં ઊછળતાં હોય તેવી વેલની ભાત બનાવવામાં આવી છે. જેમાં મધ્યમાં સપ્તદલ પુષ્પ મૂકી ચોરસ તથા લંબચોરસ બનાવવા વક્રાકાર તથા ગોળાકાર રેખાઓથી ભાત બનાવાઈ છે. ચોરસમાં એક નૃત્યકાર નૃત્ય કરે છે, જ્યારે બીજી આકૃતિ ખંડિત છે. બાજુના લંબચોરસમાં ચાર સંગીતકારોની પ્રતિમાઓ ઉપસાવાઈ છે. એમાંની પ્રથમ પ્રતિમાની ભુજા ખંડિત છે જ્યારે બીજી વ્યક્તિની ભુજામાંનું વાદ્ય સ્પષ્ટ થતું નથી. અન્ય વ્યક્તિ હારમોનિયમ વગાડી રહી છે. ચોથી પ્રતિમા કરતાલ જેવું સાધન વગાડી રહી છે. ભાવાવેશ સભર આ પ્રતિમાએ ધારણ કરેલું ઉપવસ્ત્ર શરીર પરથી અર્ધું લટકી રહ્યું છે.

આ શિલ્પના અન્ય એક ચોરસમાંની બે પ્રતિમાઓ પૈકીની એક કરતાલ વગાડી રહી છે જ્યારે અન્ય એક પ્રતિમા તેમાં તાલ પૂરાવતી હોય તેમ હાથને ઊંચો બતાવાયો છે. બાજુના લંબચોરસમાં નૃત્યવૃંદ કંડારવામાં આવ્યું છે. જેમાં બે પ્રતિમાઓ નૃત્ય કરી રહી છે, જ્યારે બાકીની પ્રતિમાઓ પૈકી એક ઢોલક જ્યારે અન્યો મૃદંગ, બંસરીવાદન કરતી બતાવાઈ છે.

દેવાલયના છાદ્યાવિશેષનું આ શિલ્પ તત્કાલીન નૃત્યપ્રકાર અને સંગીતના સાધનોના અભ્યાસ માટે અતિ ઉપયોગી થાય એવું છે પરંતુ ઘણી જ જગ્યાએ ખંડિત હોઈ પ્રતિમાઓની મુખમુદ્રાઓ તથા સંગીતસાજ સ્પષ્ટ થતાં નથી.

સંગ્રહાલયમાં છાદ્યાવિશેષનું અન્ય એક બીજું શિલ્પ પણ સંગ્રહાયેલું છે. જેમાં માનવ આકૃતિઓ નથી પરંતુ ચોરસ તથા લંબચોરસ ભાગોમાં રેખાઓને વિવિધ આકાર આપી સુંદર ભાત ઉપસાવાઈ છે. લંબચોરસમાં સમુદ્રનાં ઊછળતાં મોજાંઓની ભાત સુંદર રીતે ઉપસાવાઈ છે. ચોરસના ઉપરના ભાગમાં દરેક ખૂણે એક એક પાંચ પાંખડીનાં પુષ્પ કોતરાયાં છે.

- **તાપસ તથા ચામરધારિણી :**

આ શિવાલયના જંઘા તથા મંડોવરનું શોભનશિલ્પ છે. જેમાં કીર્તિમુખ અને તેની નીચે બે પુરુષ પ્રતિમાઓની વચ્ચે એક મહિલા પ્રતિમા કંડારાઈ છે. ઉપર ભોગ અને નીચે ત્યાગનું શિલ્પ જટાયુક્ત દાઢીમુખ અને એક હાથમાં કમંડળવાળું છે. બીજા હાથમાં અક્ષમાળા ધારણ કરેલ ખંડિત હાથવાળો તાપસ છે. તાપસની બાજુમાં કંઠમાં મૌક્તિક માળા ધારણ કરેલી ત્રિભંગી ચામરધારિણી અથવા કિન્નરી છે.

- **નરથર :**

આ શિલ્પાવશેષ મંદિરના નરથરનો ભાગ છે જેમાં ઉપરના લંબચોરસમાં ઝરુખામાં પાંચ સ્ત્રી પ્રતિમાઓ કંડારાઈ છે. જ્યારે નીચેના ભાગમાં સિંહ સવારને અન્ય વ્યક્તિ સાથે યુદ્ધ કરતી બતાવાઈ છે. નીચેના લંબચોરસમાં વિકરાળ સિંહ સામે તલવાર ઉગામતી એક પ્રતિમા કોતરાઈ છે. નીચેના દશ્યમાં આરામ ફરમાવતી એક વ્યક્તિ પાસે એક દાસ પગ દબાવતો બતાવાયો છે. અંતિમ દશ્યમાં સિંહે હાર કબૂલી હોય તેમ મોં ફેરવી લીધેલ છે.

- **ઉમા મહેશ્વર :**

દશમી અથવા અગિયારમી સદીની ઉમા મહેશ્વરની ત્રિભંગી પ્રતિમા એકબીજાંને આલિંગન આપી રહી છે. આ પ્રતિમા ખૂબજ ખંડિત અને ઘસાઈ ગયેલી હોઈ આભૂષણો વગેરે સ્પષ્ટ જોઈ શકાતાં નથી.

- **નૌકાનયન :**

દરિયાવટ્ટ માટે જાણીતા કચ્છમાં દરિયાને સ્પર્શતાં શિલ્પો અને પાળિયાઓ મળે તે સ્વાભાવિક જ છે. માંડવીમાંથી પ્રાપ્ત આ રેતિયા પથ્થરની શિલાપટ્ટમાં નૌકા કંડારવામાં આવી છે જેમાં એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ઢાલ સાથે પાંચ યુદ્ધવીરો છે. નૌકાનું સઢ ચડાવેલ હોઈ તે મધદરિયે હોય તેમ લાગે છે. શિલાપટ્ટની ડાબી બાજુ ઉપરના ભાગમાં ચંદ્ર અને સૂરજ જોવા મળે છે. મધદરિયે ચાંચિયાગીરીથી બચવા સજ્જ યોદ્ધાઓનો પાળિયો હોય એવું જણાય છે.

- **જૈન બેસણી :**

સફેદ આરસ પથ્થરમાં કંડારાયેલ આ બેસણીમાં જૈન મુનિ શ્રી સુવ્રતસ્વામિનું બિંબ જે કરાયું તેનો લેખ કોતરાયેલ છે. તેના ઉપરની મૂર્તિ ખંડિત છે. માત્ર બેસણી છે. જેમાં જમણી બાજુ લલિતાસનમાં શાસનદેવીને બેસાડાયાં છે. તેની બાજુમાં સિંહ અને હાથી બે પગ ઊર્ધ્વ કરી હાથીની સૂંઢ વાળેલી સ્થિતિમાં છે. મધ્યમાં લલિતાસનમાં ગોખમાં ચતુર્ભુજ દેવીની પ્રતિમા કોતરાઈ છે. આજ પ્રમાણે ડાબી બાજુમાં પણ છે. પરંતુ તેમાં છેડા પરની દેવીની પ્રતિમા ખંડિત છે. મધ્યમાં ગોખ નીચે ધર્મચક્ર અને બન્ને તરફ હરણ બેઠેલાં છે. ઈસવીસન ૧૨૪૪ (સંવત ૧૩૦૦) નો લેખ દેવનાગરી લિપિ અને સંસ્કૃત ભાષામાં કોતરાયેલો છે. આ બેસણી ભુજની બાઈરાજબાની વાવમાંથી મળેલી છે.

● **ક્ષત્રપકાલીન શિલ્પનું મસ્તક - સૂર્યમુખ તથા અન્ય સૂર્ય પ્રતિમા :**

મ્યુઝિયમના પુરાતત્ત્વ વિભાગમાં એક નાનું મસ્તક પ્રદર્શિત કરવામાં આવેલ છે. ૩જી સદીના આ મસ્તકની ઓળખ 'સૂર્યમુખ' તરીકે આપવામાં આવી છે. પથ્થરની આ મસ્તકની મૂર્તિ નવેમ્બર ૧૯૬૭માં લખપત તાલુકાના દોલતપર ગામેથી લખમશીભાઈ પટેલના સહકારથી પ્રાપ્ત થયેલ છે. આ મુખ સાડા પાંચ સે.મી. ઊંચું અને છ સે.મી. પહોળું છે. ભૂખરા રંગના પથ્થરના બનેલ આ મુખના માથા પર સુંદર કોતરણીવાળો કિરીટ મુકુટ છે. જેના મધ્ય બિંદુમાં કળાયેલ મોરપીંછ જેવી રેખાઓ છે.

કચ્છ મ્યુઝિયમ દ્વારા બહાર પાડવામાં આવેલ સત્તાવાર અખબારી નોંધ કે જે તારીખ ૧૧-૧-૧૯૭૨ના 'કચ્છમિત્ર' દૈનિકમાં પ્રસિદ્ધ થયેલ છે. તેમાં જણાવ્યા પ્રમાણે આ મુખ વિષ્ણુમૂર્તિનું હોવાની શક્યતા દર્શાવેલ છે. પરંતુ મુકુટની દિવાલો પર જવાળા દેખાય છે. તેથી તથા દોલતપર ગ્રામજનોના જણાવ્યા મુજબ આ મસ્તક સાથે સાત ઘોડાનો રથ પણ મળેલ, પણ ખોવાઈ ગયો છે. તેથી તે સૂર્યમુખ જ છે.

ડૉ. ઉમાકાંત શાહના અભિપ્રાય મુજબ દોલતપરના આ મસ્તક પરના મુકુટ વચ્ચેનું અલંકરણ મથુરાના પહેલાથી ત્રીજા સૈકાના કુષાણ યુગનાં મળેલાં શિલ્પો પરના અલંકરણ સાથે ખૂબ જ સામ્યતા ધરાવે છે. આવાં સ્પષ્ટ અલંકરણો વાળું મસ્તક ગુજરાત રાજ્યમાં પહેલું મળવાથી ગુજરાતના શિલ્પ ઈતિહાસમાં તે બહુ અગત્યનું સ્થાન ધરાવે છે. આમ તેમના મતે મસ્તક ક્ષત્રપકાલીન છે.

કચ્છ મ્યુઝિયમમાં રહેલ અન્ય સૂર્યમૂર્તિઓ અંગે ચર્ચા કરીએ તો માંડવી તાલુકાના રાયણ ગામે ૧૯૭૧માં મળેલ અન્ય એક સૂર્યમૂર્તિ જે ૭ સે.મી. પહોળી તથા ૧૫ સે.મી. ઊંચાઈ ધરાવે છે. આ મૂર્તિ ચપટી (રીફીલ) છે. આ મૂર્તિ આખી હોઈ તેને સૂર્યમૂર્તિ તરીકે ઓળખી શકાય છે. આ મ્યુઝિયમનું ૩જી સદીનું ઉક્ત મસ્તક તથા આ ચપટી સૂર્યમૂર્તિ એક જ સદીની છે. આ મસ્તકથી ૯ સદી પછીની કચ્છ મ્યુઝિયમમાં રહેલ એક બારમી સદીની બનાસકાંઠાના ભાકોદર ગામેથી મળેલી ૫૦ સે.મી. પહોળાઈ અને ૧૧૮ સે.મી. ઊંચાઈની સૂર્યની એક પૂર્ણ પ્રતિમાના મસ્તક પરના મુકુટમાં સુરેખ ભૌમિતિક રેખાઓ દોરેલ છે. આમાં કોઈ જવાળાઓ દેખાતી નથી. તો ૧૨ સદીની ભાકોદરથી જ મળેલ ૨૦ હાથવાળા વિષ્ણુની ખંડિત પ્રતિમાના મુકુટ પર પણ તે જ પ્રકારની સુરેખ ભૌમિતિક રેખાઓ ઉપસાવેલ છે.

● **ગરુડવાહી વિષ્ણુ :**

સફેદ આરસના વિષ્ણુ માનવસ્વરૂપ ગરુડ પર બિરાજેલા છે. મસ્તક પર કીર્તિમુકુટ, કાનમાં કર્ણફૂલ, હાથમાં બાજુબંધ, કંઠમાં હાંસડી જેવો હાર તથા બીજો હાર છાતી પર ફેલાયેલો છે. પ્રતિમાના શરીર પર યજ્ઞોપવીત પણ લટકી રહેલું દેખાય છે. વિષ્ણુની આ પ્રતિમાને વીસ ભુજાઓ છે. આ ભુજાઓમાંથી કેટલીક ભુજાઓમાં અક્ષમાળા, ચક્ર, બીજોરું, પાશ, ગદા, ખડગ વગેરે જોઈ શકાય છે બાકીની ભૂજાઓ ખંડિત છે. વિષ્ણુને ધારણ કરેલા માનવ સ્વરૂપ ગરુડ આકાશમાં ઊડી રહ્યો છે. તેના પગ પાસે શંખ અને ચક્રપુરુષ છે. આ પ્રતિમા ૧૪મી સદીની છે.

● **તીર્થંકર ઋષભદેવ :**

સફેદ આરસમાં કંડારાયેલી ઋષભદેવની આ પ્રતિમાનું મસ્તક ખંડિત છે. આ તીર્થંકર પાટલી પર પદ્માસન મુદ્રામાં બેઠેલા છે. છાતી પર શ્રીવત્સનું ચિહ્ન જોઈ શકાય છે. પાટલીમાં ફૂલવેલની કોતરણી છે. મધ્યમાં વૃષભ બેઠેલ છે.

કચ્છ સંગ્રહાલયમાં ૨જી થી ૧૯મી સુધીના વિવિધ શિલ્પો અને સ્થાપત્ય નમુનાઓ અને પ્રતિમાઓ સંગ્રહિત છે જે પૈકી કેટલાક મહત્ત્વના નમૂનાઓનો જ અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અન્ય નમૂનાઓ પણ દર્શનીય છે.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાનાયક્ષ મંદિર પાસે,*
*રિંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, ૨૦૪૩૭૨*
*મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*
*E-mail : naresh_antani@yahoo.in*

## નર-નારીના સંબંધો અને લગ્નસંસ્થા

**(અનુસંધાન : પાના નં.-૫૫ ઉપરથી ચાલુ)**

જેમ અતિ ધાર્મિકતા બરાબર નથી તેમ નાસ્તિકતા પણ બરાબર નથી. પતિ-પત્ની બન્ને નાસ્તિક હોય તો કદાચ ચાલે. ચાલે એ અર્થમાં કે બન્નેના સમાન વિચારો હોવાથી બહુ વિરોધ ન થાય, પણ જો બેમાંથી એક નાસ્તિક હોય અને બીજું આસ્તિક હોય તો આસ્તિકને સહન કરવાનું થાય. પરિણામે પછી નાસ્તિકને પણ સહન કરવાનું થાય. નાસ્તિકતા, પવિત્રતામાં માનતી નથી, એટલે પતિ-પત્નીના સંબંધની પવિત્રતા સચવાતી નથી. એક બહુ જ ખાનદાન પત્ની મારી પાસે આવીને બહુ રડી. બહુ પૂછતાં તેણે કહ્યું કે મારા પતિ મને તેમના મિત્રોની સાથે ભોગ ભોગવવાનું દબાણ કરે છે, કારણ કે બધા મિત્રો બધાની પત્નીઓ સાથે આવા સંબંધ રાખે છે. મને આ નથી ગમતું, મારા માટે તો આવી સ્થિતિ મરવા જેવી થાય છે. હું શું કરું? બિચારી બહુ જ દુઃખી હતી.

આવી એકપક્ષીય નાસ્તિકતા અને તેમાંથી પ્રગટતી મૂલ્યહીનતા દાંપત્યની પવિત્રતાને નષ્ટ કરી મૂકે છે. ક્રમે ક્રમે આવી નાસ્તિકતા, બધી મર્યાદાઓને તોડી નાખે છે. તેમનું એક જ વાક્ય હોય છે કે 'તેમાં શું થઈ ગયું?' જો બન્ને સરખાં નાસ્તિક હોય તો કદાચ બહુ વાંધો ન આવે, પણ જો એક (ખાસ કરીને પત્ની) આસ્તિક હોય તો તેનું આવી બને.

એક વાર અનેક વાનગીઓ ચાખનાર માણસને પછી એક જ વાનગીમાં સંતોષ કે તૃપ્તિ રહેતી નથી. તે રોજ નવું નવું શોધ્યા કરે છે. કારણકે તેણે બધી પાળો તોડી નાખી હોય છે. પણ જો પુરુષના આગ્રહથી પત્ની નવીનવી વાનગીઓ ચાખતી થઈ ગઈ હોય તો તેનું ભયંકર પતન થાય છે. પુરુષના આગ્રહ વિના જ ચૂપચાપ બીજી વાનગીઓ ચાખનારી પત્ની તો પતિથી, સમાજથી, આબરૂથી ડરે છે, પણ પતિના આગ્રહથી વિવિધ વાનગીભોગી સ્ત્રીને હવે ડર કોનો? તે બેફામ થઈ જાય છે, તેનાથી પતિ, સમાજ, ધર્મ અને અંતે તેનું પોતાનું સત્યાનાશ નીકળી જાય છે, તે ચેપી રોગની ભોગ બને છે. ■

# જૈન આગમો, પ્રબંધો અને સાહિત્યમાં કચ્છની સાંસ્કૃતિક સમૃદ્ધિ

• ડૉ. દિનેશ જોષી •

વિવિધતામાં એકતા એ કચ્છની લોકસંસ્કૃતિની આગવી પહેચાન છે. તેથી કચ્છમાં અનેક ધર્મો અને સંપ્રદાયોનું આગમન થયું હોવા છતાં જે તે ધર્મની આગવી પહેચાન જાળવી રાખવાની સાથે કચ્છી પ્રજાએ કચ્છ પ્રદેશની વિશિષ્ટ લોકસંસ્કૃતિ પણ જાળવી રાખી છે. અને તેથીસ્તો કચ્છમાં પ્રવેશ કરતાં આદિસરનાં દેરાસરનાં દર્શન કરવાની સાથે કટારિયા, અંજાર, ભદ્રેશ્વર, મુંદ્રાથી માંડીને અબડાસાની જૈન પંચતીર્થી ઉપરાંત પરંપરા સાથે આધુનિક ઢબે નિર્માણ પામેલ ૭૨ જિનાલય સુધીનાં દહેરાંઓમાં જૈન ધર્મની સાથે કચ્છની સુવાસ મહેકે છે.

કચ્છ અને કચ્છમાં વસેલા વણિકો પરસ્પરથી અભિન્ન છે. દેશ-દેશાવરમાં વેપારાર્થે પથરાયેલ સાહસિક વણિકોના હૃદય ધર્મની સાથે વતન પ્રત્યે એટલાં જ કૂણાં છે. તો જૈન ધર્મ સ્વરૂપે ભગવાન મહાવીરે કચ્છ પર ક્યારે અને કેવી રીતે આશીર્વાદ વરસાવવાનું શરૂ કર્યું એ કહેવું અતિ મુશ્કેલ હોવા છતાં એટલું તો અવશ્ય કહી શકાય કે ભગવાન મહાવીરના નિર્વાણની પહેલી પચીસીમાં જ કચ્છમાં જૈન ધર્મનો સંદેશો ફેલાઈ ચૂક્યો હતો.

કચ્છમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવજીએ અહિંસાનો સંદેશો લઈને પરિભ્રમણ કર્યું હતું. ભદ્રેશ્વરનું મોટું દેરું તે સમયે એટલે લગભગ અઢી હજાર વર્ષ પહેલાં બંધાયાના સગડ મળે છે. કચ્છ વિશે આશરે અઢી હજાર વર્ષ ઉપરની એક વાતમાં મહાવીરના શિષ્ય ગૌતમ સ્વામીને એક પ્રશ્ન પુછાયેલો છે તેનો ઉલ્લેખ છે. ભગવતીસૂત્રના પાંચમા અંગના પહેલા શતકના આઠમા ઉદેશામાં આ પ્રમાણે છે : 'पुरीसेन मत्ते कच्छसि वा दहंसि वा' (હરણને મારવા કોઈ જણ 'કચ્છ'માં જાય, એટલે 'कच्छसि - कच्छे-नदीजल-परिवेष्टिते-वृक्षादिमति प्रदेशे' નદી - જલથી વીંટળાયેલો ઝાડીવાળો પ્રદેશ એટલે કચ્છ)

કચ્છમાં જૈન સંસ્કૃતિ તથા સાહિત્યના અતિ સુદીર્ઘ ઈતિહાસની વાત આ નાનકડી કલમના સહારે કદી પૂર્ણ ન થઈ શકે. છતાં ઝડપી વિહંગાવલોકનની દૃષ્ટિએ ન્યાય આપવા પ્રયત્ન કરીએ તો કચ્છમાં જૈન ધર્મના પ્રસાર સાથે તેનું સાહિત્ય રચાવા માંડ્યું જે આગળ જતાં ઈતિહાસ માટે એક દસ્તાવેજ પુરવાર થયું. આજે પણ કચ્છના અનેક ગામડાઓના દહેરાસરોમાં જૈન સાહિત્યની અનેક હસ્તપ્રતો સચવાયેલી આ સંશોધકે જોઈ છે. તો કચ્છમાં વિવિધ સમયે સત્તા પલટા દરમ્યાન ગુજરાતના શાસકો ધ્વારા જૈન ધર્મનો પ્રસાર પણ થતો રહ્યો. જેમાં કચ્છમાં ચાવડા, સોલંકી અને વાઘેલા શાસકોના આદાન-પ્રદાન સમયે જૈન ધર્મ લોકાભિમુખ રહ્યો હોવાની સાથે ઐતિહાસિક માહિતી પણ મળી શકે છે.

વિદ્વાન મુનિવરોને તેમના કચ્છમાં ભ્રમણકાળ દરમ્યાન તથા ઈતિહાસકારો અને સંશોધનકારોને મળી આવેલ શિલાલેખો, તામ્રપત્રો, ખતપત્રો, પ્રાચીન હસ્તપ્રતો, દંતકથાઓ તથા દુહાઓના આધારે કચ્છમાં જૈન સાંસ્કૃતિક પ્રભાવના વિશે ઘણી માહિતી મળી શકે છે.

આપણે ઉક્તકથિત પુરાવાઓના આધારે આજનો વિષય સ્પષ્ટ કરીશું.

## • જુદા જુદા ગ્રંથોમાં જોવા મળતો કચ્છનો ઈતિહાસ :

આવો, સૌપ્રથમ જૈન આગમોમાં કચ્છ વિશેની માહિતી જોઈએ.

જૈન આગમોમાં કચ્છની ગણના 'આભીર' પ્રદેશ તરીકેની કરવામાં આવી છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે ભરત ચક્રવર્તીએ કચ્છ દેશ પર વિજય કર્યો હતો એવું એના દિગ્વિજય વર્ણનમાં જોવા મળે છે. 'જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ' ગ્રંથમાં ઉપરોક્ત વર્ણન ઉપરાંત 'આવશ્યક સૂત્ર' પરની ચૂર્ણિમાં લખ્યું છે કે કચ્છમાં આભીરો જૈન ધર્મ પાળતા. 'બૃહત્કલ્પ'ની ચૂર્ણમાં એવી નોંધ છે કે કચ્છમાં સાધુઓ રહે છે તે આવાસો ગૃહસ્થોના આવાસ જેવા હોય છે.

આ સિવાય આનંદપુર (હાલના વડનગર) નો એક દરિદ્ર ચતુર્વેદી બ્રાહ્મણ કચ્છમાં ગયો હતો ત્યારે કચ્છના આભીરોએ તેને જૈન ધર્મનો પ્રતિબોધ આપ્યો હોવાના ઉલ્લેખો પણ આગમોમાંથી મળી આવે છે.

શ્રી હેમચંદ્રાચાર્યના 'સિદ્ધહૈમપ્રશસ્તિ' (શ્લોક-૨) માં 'श्री मूलराज पुरुषोत्तमाऽवधीय दुर्मदाभीरान्' વિ. શ્લોકો અને અન્નપ્રબંધોમાં કચ્છના 'આભીર' તરીકેના ઉલ્લેખની સાથે જૈનમત પ્રાબલ્યના પ્રદેશ તરીકે ઓળખાવી કચ્છમાં જૈન ધર્મના પ્રસારની વાત જણાવવામાં આવી છે.

તો ઈતિહાસની દૃષ્ટિએ ભદ્રેશ્વરનો ઉલ્લેખ કર્યા સિવાય વાત અધૂરી ગણાય. 'જગડુચરિત્ર'ના દ્વિતીય સર્ગમાં ભદ્રેશ્વરનો આ મુજબનો ઉલ્લેખ જોવા મળે છે.

*महापुरन्श्री करदर्पणाभम् महेभ्यलोकै परिभासमानम् ।*
*अस्तीह भद्रेश्वर नामधेयम् पुरं वरं कच्छ कृतैकशोभम् ॥*

(અર્થાત્ : મોટા ઘરની ગૃહિણીના હાથમાં શોભતા આયના સમું, મોટા ધનવાન લોકો વડે શોભતું, કચ્છ પ્રદેશની શોભા સમાન ભદ્રેશ્વર નામે એક ઉત્તમ શહેર છે.)

'જગડુચરિત્ર'માં દાનેશ્વરી જગડુશાહના ચરિત્રના સુદીર્ઘ વર્ણન સાથે ભદ્રેશ્વર વિશે પ્રમાણભૂત માહિતી મળે છે.

ઈતિહાસ કહે છે કે અહીં ચાવડાઓની રાજધાની હતી. વાઘમ

ચાવડાનો પુત્ર ભુવડ જ્યાં આગળ લડાઈમાં વીરગતિ પામ્યો હતો ત્યાં તેના નામ પરથી ભુવડ ગામ વસાવેલું છે. તે ગામની નજીકમાં માથા વગરના ધડની પ્રતિમાવાળું એક મંદિર આજે પણ ભગ્નાવેશરૂપે ગાથા કથે છે. 'પ્રબંધ ચિંતામણિ' માં ભુવડે ભુવડેશ્વરનું મંદિર બંધાવ્યું હોવાનું જાણવા મળે છે.

આ સિવાય 'કુમારપાલ પ્રબંધ', 'દ્વયાશ્રય', 'સુકૃત સંકીર્તન', 'વસ્તુપાલ તેજપાલ પ્રબંધ', 'રાસમાળા' તથા 'સુકૃત કીર્તિકલ્લોલિની' માં કચ્છમાં રાજકીય ઉપથલપાથલના ઈતિહાસ સાથે જૈન ધર્મના પ્રસાર વિશે ખાસ્સી માહિતી મળે છે.

કીર્તિકૌમુદીમાં 'संपशये स्वमंत्रिणा कच्छभूपाल लक्षीचकार च' કહીને કચ્છના લાખા ફુલાણી તથા મૂળરાજ સોલંકી વચ્ચેના યુદ્ધની રસભરી વાતો આલેખાયેલી છે.

તો મહમ્મદ ગઝનીના આક્રમણ સમયે અણહિલપુર પાટણના રાજવી ભીમદેવે કચ્છના કંથકોટમાં આશ્રય લીધાની અને ત્યારબાદ ભદ્રેશ્વરમાં બાંધેલા દુર્ગની વાત 'હમ્મીર કાવ્ય', 'પૃથ્વીરાજ ચરિત', તથા 'પૃથ્વીરાજવિજય' જેવા ગ્રંથોમાં જોવા મળે છે.

આ ઉપરાંત Bombay State Gazetteer, શ્રી રતિલાલ દીપચંદ લિખિત 'ભદ્રેશ્વર વસહી મહાતીર્થ' ભોગીલાલ સાંડેસરાના જૈન આગમોમાં ગુજરાત જેવા પુસ્તકોમાં કચ્છમાં જૈન સંસ્કૃતિ વિષયક તલસ્પર્શી માહિતી ઉપરાંત કચ્છમાં જૈન ધર્મના કેન્દ્રરૂપ ભદ્રેશ્વર વિશે પણ વિગતપ્રચુર માહિતી મળે છે.

આ તમામ ગ્રંથોનો નિચોડ સંક્ષિપ્ત રીતે નિહાળીએ તો 'વીરધવળ' પ્રબંધમાં જે 'વેલાકૂલ' પત્તન (બંદર) નું નામ આવે છે તે જ આ ભદ્રાવતીનગરી કે ભદ્રેશ્વર એવું ઈતિહાસકારો માને છે. સમય જતાં સાગરકિનારો ત્રણેક માઈલ દૂર જતો રહ્યો એ સંદર્ભમાં અચલગચ્છના આચાર્ય શ્રી અમરસાગરસૂરિએ વિ.સં. ૧૬૯૧ માં રચેલ 'શ્રી વર્ધમાન પદ્મસિંહ શ્રેષ્ઠચરિત્ર'માં નોંધ્યું છે કે, 'भद्रावत्यामाथान्येषु महामारो प्रवर्तिता.... तस्या जग्रसे कालराक्षसा' (વર્ધમાન શાહના સ્વર્ગવાસ પછી ભદ્રાવતી નગરીમાં મહામારી (રોગચાળો) ફાટી નીકળી. તેમાં ઘણા લોકો મરણ પામ્યા. તે પછી નગરી ક્રમશઃ વેરાન બની ગઈ અને જાહોજલાલીને કાળરૂપી રાક્ષસ ભરખી ગયો.)

'કુમારપાળ પ્રબંધ'માં કચ્છના રણને કાંઠે ચોબારીના ગઢના નષ્ટ થયેલાં ખંડેરો અને ઝીંઝુવાડાના દુર્ગદ્વારનું અદ્ભુત વર્ણન જોવા મળે છે. જે સિદ્ધરાજના સમયના અવશેષો હોવાનું પ્રબંધકાર કથે છે. તો કુમારપાળના સમયમાં કચ્છના દરિયાઈ વેપારથી જૈન વેપારીઓ અઢળક સમૃદ્ધિ મેળવતા હોવાનું 'મોહપરાજય' નામક નાટકમાં ઉલ્લેખ છે. કુમારપાળે પોતાના તાબાનાં અઢાર મંડલોમાં ચૌદ વર્ષ સુધી હિંસા બંધ કરાવી તથા વિહારો કરાવ્યા હોવાનું વિવિધ પ્રબંધોમાં ઉલ્લેખો છે. 'કુમારપાળ પ્રબંધ' માં કુમારપાળના રાજ્યની હદમાં સમગ્ર કચ્છ આવી જતું હોવાનું નિર્દેશાયેલું છે.

આ સિવાય વિદ્વાન જૈનમુનિ શ્રી જિન વિજયજી સંશોધિત 'ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસની સાધન સામગ્રી' પુસ્તકથી માંડીને મુનિશ્રી વિદ્યાવિજયજી લિખિત 'મારી કચ્છ યાત્રા' જેવાં પુસ્તકો ઉપરાંત સાંપ્રત મુનિશ્રી ભુવનચંદ્રજીના 'કચ્છ કલામ' માં પ્રકાશિત થયેલા લેખોમાં કચ્છમાં જૈન સંસ્કૃતિ વિષયક સારી એવી માહિતી મળી રહે છે.

### ● શિલાલેખો અને તામ્રપત્રોમાં ઉલ્લેખો :

કચ્છમાં સંશોધનની દૃષ્ટિએ ઘણાં સ્થળો છે જ્યાં જૈન સંસ્કૃતિનાં પુનિત પદચિહ્નો મળી આવ્યા છે. જેમાં ભદ્રેશ્વર, ગેડી, સેલારી, કંથકોટની ધરતીના ખોળે ઈતિહાસનાં અનેક સંભારણાંઓ સાંપડ્યા છે. શિલાલેખો, પાળિયાઓ, મંદિરોના ભગ્નાવશેષો, તેમાં કોતરાયેલાં શિલ્પો રૂપી આ સંભારણાઓ અનેક વર્ષોનો ઈતિહાસ આલેખી જવાની સાથે ઈતિહાસકારો અને પુરાતત્ત્વવિદોને જૈન સંસ્કૃતિની ગૌરવગાથાનું વિશેષ સંશોધન કરવાનું આહ્વાન આપી જાય છે.

શિલાલેખોની શૃંખલામાં અગત્યનો ગણાય એવો એક આભીર ઈશ્વરદેવનો શિલાલેખ દોલતપુર નજીકથી મળી આવ્યો છે. તે લેખ ઈ.સ. ૩૩૨ના અરસાનો છે. જેમાં શદૌહસ ગોત્રના જૈસકના પૌત્ર અને વરાહદેવના પુત્ર આભીર ઈશ્વરદેવે આર્યગોત્રના દ્યુતિસ્વામીને આપેલા દાનની નોંધ છે.

ભદ્રેશ્વરના મંદિરોમાં જે જૂના શિલાલેખોના આધારો મળે છે તેમાં એક અર્ધમાગધી ભાષામાં લખેલા લેખમાં વિક્રમ સંવત ૧૧૩૪ નો ઉલ્લેખ છે. એ જ પરિસરમાં શ્રી પાર્શ્વનાથજી તથા શ્રી શાંતિનાથજીની પ્રતિમાઓ નીચે વિક્રમ સંવત ૧૨૩૨ ના ઉલ્લેખો વંચાય છે.

રવગ્રામ નજીક મળી આવેલા શિલાલેખમાં આ મુજબની હકીકત જોવા મળે છે : 'संवत १३२८ वर्षे श्रावण सुदि २ शुकेऽद्य: श्रीमद् अणहील पाटणाधिष्ठित समस्त राक्तवलि समलंकृत महाराजधिराज श्रीमदार्जुन देव कल्याण विजय राज्ये तन्नियुक्त महामात्यश्री मालदेवे....'

ભદ્રેશ્વરમાં ભીમદેવે બંધાવેલા દુર્ગનો ઉલ્લેખ ભદ્રેશ્વરમાંથી મળી આવેલા તામ્રપત્રમાં જોવા મળે છે.


"ROLEX" Brand

Rushabh
STEEL CENTRE
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
Tel. : 2242 2072, 3393 7310 • Fax : (022) 3008 0072
MFGR. & DEALERS IN : Rolex SQUARE DABBA & TIFFIN

## ● જૈન દહેરાસરોમાં શિલ્પ :

ભૂકંપે નષ્ટપ્રાય બનાવી ચૂકેલાં ભદ્રેશ્વરના દહેરાસરો તથા કંથકોટના જિનમંદિરો જૈન સંસ્કૃતિની બેનમૂન શિલ્પકૃતિઓ રજૂ કરતા જીવંત દસ્તાવેજ સમા હતાં. ભદ્રેશ્વરના વિશાળ પરિસરમાં બાવન દેરીઓમાં દરેક પ્રતિમાજી પધરાવેલાં હતાં. મધ્યમાં ભગવાન શ્રી મહાવીર બિરાજમાન હતા. મંદિરની સમગ્ર બાંધણી દેલવાડાનાં દેરાંને મળતી હતી. રંગમંડપ, પૂજામંડપ, રાસમંડપ, પ્રદક્ષિણા વગેરેનું આયોજન કલાપૂર્ણ હતું. સુંદર શિલ્પકળાના નમૂના સમી યક્ષિણીઓ અને પૂતળીઓની આકૃતિઓ તેમના કિનારા અને કંદોરાના કસબી સાથે નયનરમ્ય લાગતી હતી. (હાલે આ તમામ અવશેષો સાચવી રાખવામાં આવ્યા છે.)

ભદ્રેશ્વરની અદ્વિતીય જાહેજલાલીને લીધે ભૂતકાળમાં અનેક વખત તેના પર હુમલાઓ થયા છે અને દરેક વખતે આ દહેરાંઓનો જીર્ણોદ્ધાર થયો છે. ભૂતકાળમાં કુલ નવ વખત જીર્ણોદ્ધાર પામી ચૂકેલા આ દહેરાંઓ ભૂકંપ બાદ હવે દસમી વખત નવું રૂપ ધારણ કરી રહ્યાં છે.

સોળ થાંભલી તરીકે ઓળખાતું સ્થળ કંથાદુર્ગનું અદ્વિતીય સંભારણું છે. આ ભગ્ન જિનમંદિર એના ભૂતકાલીન વૈભવીપણાનો ખ્યાલ આપે છે. ભૂકંપને લીધે નષ્ટપ્રાય થયેલા આ મંદિરના ગર્ભગૃહની બહાર વિશાળ સભામંડપ હોવાનો અંદાજો આવી શકે છે. મેઘમંડપથી શોભા માટે નિર્માણ કરવામાં આવેલાં કીર્તિમુખો, હંસ અને માનવીના શિલ્પો ઘણા કલાસભર હોવાનો અંદાજો આ ભગ્ન મૂર્તિઓને જોતાં આવે છે. હાલે તદ્દન ઘસાઈ ગયેલી શિલ્પ સમૃદ્ધિ પરથી તેના નવસર્જનની શોભા, સજાવટ અને ભવ્યતાની માત્ર ભાવભરી કલ્પના જ કરવાની રહે છે.

કચ્છની ભૂમિ એ ભુજંગની ભૂમિ છે. એની યથાર્થતા સિદ્ધ કરતું કોઠારા જૈન મંદિરની છત પર આવેલું નાગદમનનું વિશાળ ગોળાકાર શિલ્પ કચ્છ અને જૈન સંસ્કૃતિ અભિન્ન હોવાનું સૂચવી જાય છે.

સુથરી - કોઠારાનું મંદિરનું કાષ્ઠકામ બેનમૂન છે.

## ● કચ્છની જૈન મહાજન સંસ્કૃતિશ્રી :

પ્રાચીન સમયમાં જૈન મુનિવરો પગપાળા વિહાર કરતા કચ્છની દિશા તરફ જઈ રહ્યા હતા. ત્યારે કોઈએ તેમને અણગમાથી પૂછ્યું કે, કચ્છ જેવા દુર્ગમ પ્રદેશમાં જવા માટે તમે આટલી જહેમત શા માટે ઉઠાવો છો?

ત્યારે એક મુનિ ભગવંતે પ્રત્યુત્તર દીધો કે,

*नराः तुरंगाः जल वायु रम्या, गिरा मधुरी शिरपेच वक्राः ।*
*न विद्यते कच्छविहीन देशे, ततो गमिष्यामि हि कच्छ देशे ॥*

(અર્થાત્ : જે ભૂમિના પુરુષો અને અશ્વો ઉત્તમ કોટિનાં છે; હવા, પાણી સ્વાસ્થ્યકારક છે; જ્યાંની વાણી મધુર છે, પાઘડીનો પેચ પણ વાંકો છે એવી લોકસંસ્કૃતિ કચ્છ સિવાય બીજે ક્યાંય નથી. માટે અમે કચ્છ જઈએ છીએ.)

આ નાનકડી કંડિકામાં કચ્છના જૈન મહાજનની સંસ્કૃતિનું કેટલું સુપેરે વર્ણન કરવામાં આવ્યું છે; જે આજે પણ કચ્છના ગામડાઓમાં ઝીણી છાંટ વાળી પાઘડી પહેરેલા જૈન આગેવાનો મહાજન સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. ત્યારે જૈન - મહાજનની સુસંસ્કૃત લોકસમૃદ્ધિ અને રંગોની સમૃદ્ધિની છોળ ઉડાડતું નિમ્નલિખિત લગ્નગીત કચ્છની જૈન સંસ્કૃતિશ્રી ના બળકટ પ્રતીકરૂપ બની રહે છે.

બળદનાં શિંગડાં ઘી-તેલથી ચમકાવેલાં હોય, ગળામાં રુમઝુમ ઝાલર વાગતી હોય, બળદની પીઠે ઓઢાડેલ હીર ભરેલા કપડાના છેડા પણ ઘૂઘરીવાળા હોય, ત્યારે ગાડામાં બેઠેલ જાનડીઓને ઓર ચાનક ચઢે છે. અબડાસાના વણિકોમાં વરને સંબોધીને ગવાતા આ ગીતમાં સમગ્ર કચ્છની જૈન સંસ્કૃતિનું પ્રતિબિંબ પડે છે.

*'હથીય જે રે હલડે સેં આયો રે,*
*ઘૂઘરીયારી વેલ સે આયો રે,*
*સોરો કી આ શાહ જે આંગણ આયો રે,*
*સસ કઈ જે રે પોંખણ આયો રે,*
*બાઈ ધીઅલબઈ જે રે કાજે આયો રે...'*

**મો. ૯૮૭૯૩ ૨૧૬૫૬**
**E-mail : dr_dmj24@yahoo.in**

*વિશ્વની તમામ શક્તિઓ આપણી જ છે. આપણે જ આપણા હાથ આંખો ઉપર મૂકીએ છીએ અને પછી બરાડા પાડીએ છીએ કે સર્વત્ર અંધકાર છે. જાણી લ્યો કે આપણી આસપાસ અંધકાર નથી. હાથ ઉઠાવી લ્યો એટલે પ્રકાશનું દર્શન થશે. એ તો ત્યાં પહેલેથી જ હતો. અંધકારનું, નિર્બળતાનું ક્યારેય અસ્તિત્વ ન હતું. મૂર્ખ એવા આપણે બરાડા પાડીએ છીએ કે આપણે નિર્બળ છીએ, અપવિત્ર છીએ.*

*– સ્વામી વિવેકાનંદ*
*સૌજન્ય : 'શક્તિદાયી વિચાર'*

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

ગાંધી યુગે ભારત : સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં

# કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ : ૧૯૨૧-૧૯૪૮ (પ્રકરણ - ૮)

• આલેખક : કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી •

## ૩૭. કચ્છ યુવક સંમેલન

તા. ૧-૨ મે, ૧૯૩૪.

**૧.** પૂર્વ ભૂમિકા : સંમેલન ભરવાનો નિર્ણય અંજાર પરિષદ વખતે શેઠ મુલરાજ કરશનદાસના પ્રમુખપણા હેઠળ તા. ૨૨-૪-૩૦ના અંજારમાં (૧) શ્રી પ્રભુલાલ જ. ધોળકિયા, (૨) શ્રી બંસીલાલ છાયા, (૩) શ્રી પુરુષોત્તમ ચવાણ, (૪) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૫) શ્રી છગનલાલ ભ. મહેતા, (૬) શ્રી ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા, (૭) શ્રી નૌતમલાલ અમૃતલાલ, (૮) શ્રી જમનાદાસ ગાંધી, (૯) શ્રી મગનલાલ સોની, (૧૦) શ્રી પરષોત્તમ ગોરધન સોની વગેરે હાજર હતા, ત્યારે થયો હતો.

તા. ૧૨-૭-૧૯૩૦ના સ્વાગત સમિતિ રચાઈ, જેના પ્રમુખ : શ્રી નૌતમલાલ અમૃતલાલ, મંત્રીઓ તરીકે (૧) શ્રી પ્રભુલાલ જ. ધોળકિયા, (૨) શ્રી ફૂલશંકર પટ્ટણી, (૩) શ્રી વલ્લભદાસ મહેતા, (૪) શ્રી મગનલાલ સોનીની નિયુક્તિ થઈ હતી. તે ઉપરાંત (૫) શ્રી બંસીલાલ છાયા, (૬) શ્રી પ્રેમજી યુ. ગોર મંત્રીઓ હતા. અધિવેશન તા. ૧-૨ મે, ૧૯૩૪ના ભુજ પરિષદ મંડપમાં મળ્યું હતું. પ્રમુખ સ્થાને શ્રી ચત્રભુજ વિઠ્ઠલદાસ જસાણી, ગાંડિઆના હતા. આમ યુવકો સ્વાતંત્ર્ય સંગ્રામમાં સ્વયં પ્રકાશિત બની આગળ આવ્યા હતા અને હવે પછીના સંગ્રામના તબક્કાઓમાં આગવો ભાગ ભજવ્યો હતો.

## ૩૮. સન ૧૯૩૪-૩૫

**૧.** તા. ૬-૮-૧૯૩૪ના જમનાદાસ પર ટાંગો બેહૂદીથી ચલાવવા બદલ બજારમાંથી હાથકડી નાંખી ધરપકડ કરી. પોલીસની જાસ્તી માટે અંજારમાં હડતાળ પડી. ફોજદાર હેતુભાએ મહાજન પાસે માફી માંગી. કેસ પછી લાંબો ચાલ્યો હતો. આખર જમનાદાસનો છૂટકારો માંડ થયો હતો. રાજ્યની કિન્નાખોરી અને દમનનો દોર વધતો થયો હતો.

**૨.** તા. ૧૮-૯-૧૯૩૪ આશારામ આપઘાતના કારણમાં જબરાઈથી પૈસા પડાવવાના બનાવટી તહોમત હેઠળ ભુજ વરિષ્ઠ કોર્ટમાં (૧) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૨) શ્રી જમનાદાસ ત્રિ. ગાંધી, (૩) શ્રી બદ્રીનાથ શુક્લ, (૪) શ્રી દલપતરામ યુ. જોશી, (૫) શ્રી નાનાલાલ દ. ઉપાધ્યાયને સેશન્સ કમિટ કરવામાં આવ્યા. તહોમતદારોમાં વકીલ (૧) શ્રી ઈશ્વરલાલભાઈ અંતાણી, (૨) શ્રી નૌતમલાલભાઈ માંકડ, (૩) શ્રી ઉમાશંકરભાઈ માંકડ, (૪) શ્રી પ્રેમજી રાઘવજી, (૫) શ્રી છોટાલાલભાઈ ભવાનજી, (૬) શ્રી તુલસીદાસ મુળજી શેઠ બે-ત્રણ વર્ષ લાંબી કોર્ટ કાર્યવાહીમાં હાજર રહ્યા હતા.

**૩.** કચ્છ વકીલ પરિષદનું પ્રથમ અધિવેશન ભુજમાં તા. ૨૦-૧૦-૧૯૩૪ના મળ્યું હતું. પ્રમુખસ્થાને વકીલ ઈશ્વરલાલભાઈ રતનલાલ અંતાણી, સ્વાગત પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ રાઘવજી ઠક્કર હતા.

**૪.** તા. ૮-૧૨-૧૯૩૪ કચ્છ માટે પ્રજાકીય રાજ્ય બંધારણનો મુસદ્દો શ્રી એમ.સી. ચાગલાએ તૈયાર કર્યો તે પ્રસિદ્ધ થયો છે.

**૫.** તા. ૧૨-૧૨-૧૯૩૪ના કચ્છ સ્પિનિંગ મિલનું અંજારમાં ઉદ્‌ઘાટન થયું છે.

**૬.** તા. ૧૫-૧૨-૧૯૩૪ના શ્રી અમૃતલાલ ઠક્કરબાપાની કચ્છમાં પધરામણીની સ્વાગત સમિતિ. પ્રમુખ : સ્વામી શુકરાજદાસજી, મંત્રીઓ : (૧) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૨) શ્રી મલુકચંદ માધવજી. સભ્યો : (૧) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૨) શ્રી ગોકુળદાસ ખીમજી, (૩) શ્રી પ્રભુલાલ જ. ધોળકિયા, (૪) શ્રી ગોવામલ જીવણ વેગડ શ્રી કુંભારિયા.

આમ પ્રજા જાગૃતિનો સર્વાંગી વિસ્તાર વધતો બનતો થયો. જેમાં જનતાના જુદા જુદા વર્ગે પરસ્પર સહાયક સ્વરુપે સહયોગીઓ બનતા રહ્યા.

**૭.** તા. ૨૪-૧૨-૧૯૩૪થી તા. ૫-૧-૧૯૩૫

પરિષદના પ્રમુખશ્રીને કચ્છના પ્રવાસની ગોઠવણ કરવા કમિટી : (૧) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૨) શ્રી જમનાદાસ ત્રિ. ગાંધી, (૩) સ્થાનિક કમિટીના પ્રમુખ, (૪) મંત્રીઓની હતી. તે પ્રવાસોમાં પ્રમુખ શેઠ મુલરાજ કરશનદાસ ઉપરાંત શેઠ સૂરજી વલ્લભદાસ, (૫) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૬) નગરશેઠ સાકરચંદ પાનાચંદ, (૭) શ્રી જમનાદાસ ગાંધી, (૮) શ્રી ગુલાબશંકર અમૃતલાલ રહ્યા. આ પ્રવાસ વાગડ વિસ્તાર સમગ્રમાં થયો હતો.

**૮.** તા. ૨૦-૧-૧૯૩૫ શ્રી હરિજન સેવક સંઘની કચ્છ પ્રાંતિક સમિતિ ઠક્કરબાપાએ નિયુક્ત કરી હતી.

પ્રમુખ : શ્રી હરિરામભાઈ માધવજી મચ્છર. સભ્યો : (૧) શ્રી વિઠ્ઠલજી કે. દવે - ભુજ, (૨) નગરશેટ સાકરચંદ પાનાચંદ, (૩) શેઠ વિશ્રામ હરજી - ભુજ, (૪) શેઠ પુરુષોત્તમ સોમચંદ શાહ - ભુજ, (૫) શ્રી વીરચંદ માણેકચંદ - ભુજ, (૬) શ્રી ઈંદરજી શિવજી - ભુજ, (૭) શ્રી કાંતિપ્રસાદ અંતાણી - અંજાર, (૮) શ્રી ગોકુળદાસ ખીમજી - માંડવી, (૯) શ્રી પ્રભુલાલ ધોળકિયા સદનવાડી, (૧૦) શ્રી વાઘજી કે. સોલંકી - મુંદ્રા, (૧૧) હરિજન રામો ભગત, (૧૨) હરિજન જખુ હરસી - ભુજ, (૧૩) હરિજન લધા ભીમા - ખોંભણી.

મંત્રીઓ : (૧) શ્રી ગુલાબશંકર અમૃતલાલ, (૨) શ્રી મલુકચંદ માધવજી શાહ - ભુજ.

**૯.** તા. ૧૯-૬-૧૯૩૫ રાપર ફોજદાર નુરમામદે જય કચ્છના તંત્રી ફુલશંકર પર સિંધનગર પારકરની કોર્ટમાં બદનક્ષીનો કેસ કર્યો. લાંબો વખત ચાલ્યો હતો.

**૧૦.** શ્રી કાંતિપ્રસાદ ઉપર હરામી, હમેલ રાખવાનું, બનાવટી તહોમત પોલીસે જૂન ૧૯૩૫માં મૂક્યું અને તેથી તેને ભારે ટોર્ચરિંગ પરેશાન કર્યા હતા. આખર તે કુદરતી પુરાવાથી ખોટું ઠર્યું હતું.

**૧૧.** અંજારના નગરશેઠ ગાંધી ધરમશી શિવરાજને ફોજદારી કલમ નીચે સંડોવી પકડ્યા હતા.

**૧૨.** તા. ૧૧-૧૧-૧૯૩૫ રાપરમાં શ્રી ડુંગરશી કચરા ઉપર જીવલેણ હુમલો થયો હતો.

આવા રાજયના દમન વચ્ચે, તે છતાં, જનજાગૃતિ જ્યોત ઝળહળતી રહી હતી.

### ૩૯. કચ્છના કાર્યકરોનું સંમેલન તા. ૧૦-૧૧-૧૨ ડિસેમ્બર, ૧૯૩૬.

પ્રમુખસ્થાને પરિષદ પ્રમુખ મુલરાજ કરશનદાસ હતા. તે ભુજમાં મળ્યું હતું. કચ્છના જુદા જુદા ભાગમાંથી ૫૪ કાર્યકરો હાજર હતા. તેમાં તપાસ કમિટી નિમાઈ હતી. તેમાં સભ્યો : (૧) શેઠ મુલરાજ કરશનદાસ, (૨) શ્રી નૌતમલાલ અમૃતલાલ માંકડ, (૩) શ્રી નગરશેઠ સાકરચંદ પાનાચંદ, (૪) શ્રી ગોકુળદાસ ખીમજી, (૫) શ્રી યુસુફ મહેરઅલી, (૬) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૭) શ્રી જમનાદાસ ત્રિ. ગાંધી, (૮) શ્રી પોપટલાલ લવજી મહેતા, (૯) શ્રી મલુકચંદ માધવજી શાહ, (૧૦) શ્રી કરશનજી શિવરાજ. તાલુકાની પેટા સમિતિઓ નિમાઈ હતી.

અંજાર : (૧) શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી, (૨) શ્રી જમનાદાસ ગાંધી.

મુંદ્રા : (૧) શ્રી જયંતીલાલ રેવાશંકર વ્યાસ, (૨) શ્રી વાઘજી કે. સોલંકી, (૩) શ્રી કરશનજી શિવરાજ, (૪) શ્રી આણંદજી દેવશી શાહ, (૫) શ્રી રાઘવજી કુંવરજી ભેદા.

રાપર : (૧) શ્રી જાદવજી માનસંગ, (૨) શ્રી જાદવજી રાઘવજી, (૩) શ્રી ઈંદરજી ગાંગજી, (૪) શ્રી સ્વરુપચંદ ન્યાલચંદ.

ભુજ : (૧) નગરશેઠ સાકરચંદ પાનાચંદ, (૨) શ્રી નૌતમલાલ અમૃતલાલ, (૩) મલુકચંદ માધવજી શાહ, (૪) શ્રી બંસીલાલ મુગટરામ છાયા, (૫) શ્રી બેચર શામજી પટેલ, (૬) શ્રી રામજી જેવત કોઠારી - રાયધણપર.

અબડાસા : (૧) શ્રી ગોકળદાસ ખીમજી, (૨) શ્રી ખટાઉ દેવજી હેમાણી - જખૌ, (૩) શ્રી લક્ષ્મીશંકર રાવળ - કોઠારા, (૪) શ્રી લક્ષ્મીનારાયણ લાલજી - બીટ્ટા, (૫) શ્રી જેઠાલાલ - નલિયા, (૬) શ્રી દેવીદાસ લાલજી - તેરા, (૭) શ્રી પટેલ જખુ - ખટાઉ, કેરા.

ભચાઉ : (૧) શ્રી નરશી લખમશી - ભચાઉ, (૨) શ્રી પ્રાગજી જોશી - ભચાઉ, (૩) શ્રી ચાંપશી ગુણશી, (૪) શ્રી મેઘા કરશન - વાંધ, (૫) શ્રી રાજાભાઈ લાકડિયા, (૬) શ્રી કાંતિપ્રસાદ અંતાણી, (૭) શ્રી જમનાદાસ ગાંધી, (૮) શ્રી વેલજી ઉગા - ખારોઈ.

આરોગ્ય અંગે કમિટી : (૧) શ્રી ડૉ. મુલજી ગોવિંદજી શેઠ, (૨) ડૉ. વલ્લભભાઈ - ભુજ, (૩) ડૉ. છગનલાલ રાણા, (૪) વકીલ નૌતમલાલભાઈ અમૃતલાલ.

આમ કચ્છની જનતાના સંપર્કથી જનજાગૃતિની અસર પહોંચતા જાગૃતિની અસર વધુ થતી રહી હતી.

### ૪૦. સન ૧૯૩૬-૧૯૩૭

**૧.** શ્રી રાપરના જાદવજી રાઘવજીને ફેબ્રુઆરીમાં જીવલેણ હુમલાની ધમકી મળી હતી.

**૨.** શ્રી રાપરના વકીલ શામજી નાનચંદ જોટા પર કલમ-૧૩૧ પ્રમાણે ફોજદારી કેસ થયો.

**૩.** તા. ૧૮-૪-૧૯૩૬ વીટા સ્ટીમર પર ઉતારુઓની કનડગત માટે તા. ૨૪-૨-૧૯૩૬થી વીટા બહિષ્કાર જાહેર થયો, તે મુંબઈમાં તા. ૨૫-૪-૧૯૩૬ની પરિષદ તરફથી કચ્છીઓની મિટિંગમાં થયો. માંડવીમાં પણ તેવો ઠરાવ તા. ૨૭-૪-૧૯૩૬ની મિટિંગમાં થયો હતો.

**૪.** તા. ૨૦-૬-૧૯૩૬ના જય કચ્છના તંત્રી ઉપર અંજારમાં બદનક્ષી કેસ થયો.

૫. શ્રી જમનાદાસ ગાંધી પર તા. ૨૬-૩-૧૯૩૭ શુક્રવારે જીવલેણ હુમલો થયો. આ બાબતમાં મહારાવ ખેંગારજી ખુદ મુંબઈ જતાં વચ્ચે અંજાર આવ્યા હતા. કાંતિપ્રસાદની મુલાકાત થઈ. તે બાદ જમનાદાસની હૉસ્પિટલમાં મુલાકાત પણ થઈ હતી. આ બાબત ના. મહારાવશ્રીને મુંબઈમાં તા. ૨૧-૪-૧૯૩૭ના ડેપ્યુટેશન મળ્યું હતું. તેમાં (૧) શ્રી શેઠ મુલરાજ કરશનદાસ, (૨) શેઠ લખમીદાસ રવજી તેરસી, (૩) શ્રી નેણશી તેજપાળ, (૪) ડૉ. પુનશી હીરજી મહેશ્વરી, (૫) શ્રી ભવાનજી અરજણ ખીમજી, (૬) શ્રી માવજી ગોવિંદજી શેઠ.

ઉપર પ્રમાણે કચ્છ સ્વાતંત્ર્ય સંગ્રામના તબક્કાવાર ગતિશીલતાથી અને સંગ્રામના સહયોગીઓના અણનમ વલણથી સ્વાતંત્ર્ય સંગ્રામનો વિસ્તાર અને તેથી રાજયની તે પ્રત્યે કડકાઈ વધતાં થતાં હતાં, તે છતાં જન જાગૃતિની જ્યોતનો પ્રકાશ વધતો રહ્યો હતો. ■

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

સમાજ ચિંતન

# તરુણો ઝડપથી પુખ્ત બનતા જાય છે

• હરેશ ધોળકિયા •

જેમ જેમ સમય આગળ વધતો જાય છે, તેમ તેમ વર્તમાન માતા પિતાઓની તકલીફો વધતી જાય છે. બાળ ઉછેરના પ્રશ્નો તીવ્ર બનતા જાય છે. બાળકોને તેઓ પુખ્ત ન થઈ જાય અને જવાબદાર ન બને ત્યાં સુધી કેમ સ્વસ્થ ઉછેરવાં તે માથાનો દુખાવો બનતો જાય છે.

તેનું સીધું કારણ છે. વર્તમાન સમાજ પર અનેક પરિબળો પ્રભાવ પાડી રહ્યાં છે. માત્ર તેના પર નજર કરીએ તો પણ હતપ્રભ બની જવાય છે. દિવસે દિવસે શહેરીકરણ વધતું જાય છે. ગામડાં નગરો બનતાં જાય છે. નગરો શહેરો બનતાં જાય છે. શહેરો મેગા સિટી બનતાં જાય છે. શહેરો પાસે જે ગામડાં છે તેને આ મેગા સિટી ગળવા લાગ્યાં છે. તે તેનાં પરાં બનતાં જાય છે.

બીજું, આગળની સંયુક્ત કુટુંબ પ્રથા લગભગ તૂટી પડી છે. શહેરોમાં તો શક્ય જ નથી રહી. હવે કુટુંબમાં પતિ-પત્ની અને બાળક જ રહ્યાં છે. તેમાં પણ શહેરોમાં તો હવે મોટાભાગે એક જ બાળક છે. વળી, વર્તમાન પતિ-પત્ની બન્ને કામ કરે છે. એટલે મોટાભાગે પોણો દિવસ બહાર રહે છે. તેથી આ બધો સમય બાળક એકલું રહે છે. ક્યારેક તેને કોઈ અન્ય વ્યક્તિ સાચવે છે. બાળકને એકલું ન લાગે માટે માતા પિતા તેને ખૂબ સગવડો પૂરી પાડે છે જેમાં ટેલિવિઝન, મોબાઈલ, વીડિયોગેમ્સ, કમ્પ્યુટર, ઈન્ટરનેટ વગેરેનો સમાવેશ થાય છે. બાળક એકલતા ટાળવા આ બધા સાથે જ પોતાનો મહત્તમ સમય પસાર કરે છે. ક્યારેક મિત્રો સાથે સમય પસાર કરે છે. આ બધાં માધ્યમો, ખાસ કરીને ટી.વી. અને નેટ, તેની સામે ગમે તેવું પીરસે છે. વધારે પડતું પુખ્ત પીરસે છે. ભાગ્યે જ સ્વસ્થ મટિરિયલ રજૂ કરે છે. ઝગડા, હિંસા, અપશબ્દો વગેરે જ તેની સામે આવે છે. ઈન્ટરનેટ તો વળી વધારે પડતું જાતીય મટિરિયલ પણ દેખાડે છે. આ બધાથી બાળકનું મગજ ઊભરાય છે. મોબાઈલમાં પણ વૉટ્સ અપ વગેરે પણ લગભગ આવાં જ મટિરિયલ આપે છે. વડીલોની ગેરહાજરી હોવાથી કોઈ બંધન નથી. તેથી બાળકો નિરાંતે આ બધાને જુવે છે અને તેના પાસેથી પુખ્તત્વના પાઠ શીખે છે. વડીલો તેમના બાળકોને ઓછો સમય આપે છે, તેથી અપરાધભાવ અનુભવે છે. જેનું વળતર તે તેને વધારે સ્વતંત્રતા આપી દૂર કરવા પ્રયાસ કરે છે. આ બધાનો સંયુક્ત રીતે ખૂબ પ્રભાવ બાળકના ચિત્ત પર પડ્યા કરે છે. તે સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચે ઝૂલે છે.

તેમાં પણ જ્યારે સંતાન તરુણાવસ્થામાં આવે છે, ત્યારે આ બધાંનો પ્રભાવ તેના પર વધી જાય છે. એક બાજુ તેનામાં શારીરિક ફેરફાર થતો હોય છે. સમજ પણ વધતી હોય છે. પણ એ બધું ધૂંધળું હોય છે. બાળપણ છૂટતું હોય છે અને પુખ્તત્વ પ્રવેશ કરતું હોય છે. તેથી જિજ્ઞાસા પણ વધતી હોય છે. ખાસ કરીને જાતીય જિજ્ઞાસા. પહેલાં તો સંયુક્ત કુટુંબમાં રહેતું હોવાથી એક શિસ્ત હતું. સમાજમાં પણ શિસ્ત હતું. આ બાબતે કોઈ જ ચર્ચા ન થતી. બાળકની જિજ્ઞાસા સુષુપ્ત રહેતી. છોકરા છોકરીઓ પણ અલગ ઊછરતાં. પણ હવે તો આ સમગ્ર વ્યવસ્થા તૂટી પડી છે. વડીલોનો સંપર્ક જ તૂટતો જાય છે. મોટાભાગે સમવયસ્ક મિત્રો સાથે જ બાળક સમય પસાર કરે છે. પરસ્પર સરખી જ જિજ્ઞાસા છે અને બંધન નથી. તેમને ટેકનોલોજી મદદ કરે છે. તે જિજ્ઞાસાને જે રીતે સંતોષે છે, તે જરૂર કરતાં વધારે હોય છે. તરુણ તે બધું સમજી પણ શકતા નથી. છતાં જાણવાનો રસ હોય છે. તે ક્યારેક વિકૃતિ જન્માવે છે.

અને વર્તમાન તરુણોને તો વડીલોને બદલે ટેકનોલોજી જ મદદ કરે છે. એટલે પરિસ્થિતિ બદલાતી જાય છે. તે જ વાલીનું સ્થાન લેતી જાય છે. તેણે અનેક સવાલો ઊભા કર્યા છે. તેમાં પણ ખાસ કરીને જાતીય સંદર્ભમાં તો અનેક પ્રશ્નો ખડા કરી દીધા છે. સૌથી મોટો સવાલ એ ઊભો કર્યો છે કે તરુણો જાતીય બાબતોમાં વધારે પડતા જાગૃત અને સભાન થતા જાય છે. તેમની પુખ્તાવસ્થાની ઉંમર ઘટતી જાય છે. આગળ જે અઢાર ઓગણીસ વર્ષે પુખ્તતા આવતી હતી, તે હવે પંદર સોળ વર્ષે આવી જાય છે. પરિણામે, જૂના સંદર્ભમાં, તેઓ વધારે પડતા સ્વચ્છંદી બનતા દેખાય છે. તેના સંદર્ભમાં તેમનાં માતા પિતા હજી પૂરાં આ બાબતે તૈયાર નથી થયાં, તેઓ તેમનાં સંતાનોને હજી જૂની રીતે જ જુવે છે, તે રીતે જ ઉછેરે છે. સમાજનું માળખું પણ હજી પણ, આધુનિક દેખાવા છતાં, પાયામાં રૂઢિચુસ્ત જ છે. એટલે જૂનાં મૂલ્યો જ વડીલોના મનમાં છે. તેઓ સંતાનને તે સંદર્ભમાં જ જુવે, તૈયાર કરે છે. પરિણામે બે પેઢી વચ્ચે બહુ મોટો અવકાશ વધતો જાય છે. આમ પણ બે વચ્ચે સંપર્ક ઘટતો જાય છે. તેમાં આ બદલાતા ખ્યાલો તે વધારે છે. માતા પિતા સમજી શકતાં નથી કે તેમનાં સંતાન કેમ વિચિત્ર રીતે વર્તે છે. શૈક્ષણિક સંસ્થાઓ પણ તેમનાં વર્તનને સમજી શકતી નથી. તરુણો ઘર અને સમાજ માટે ધીમે ધીમે સમસ્યા બનતાં જાય છે.

આ બધી બાબતોમાં જે સંશોધનો થાય છે, તેમાં હવે જાતીય વલણોનો અભ્યાસ મુખ્ય બનતો જાય છે. તરુણ છોકરા છોકરીઓનું જે જાતીય વર્તન મુક્ત થતું જાય છે, તે વડીલો અને સમાજને મૂંઝવણમાં મૂકે છે. પણ તેઓ તેનાં વલણોને સમજી શકતાં નથી. કઈ રીતે તરુણો એ બાબતે આગળ વધી રહ્યાં છે તેની પણ તેમને સમજ પડતી નથી. એટલે ક્યારેક વધારે પડતા પ્રત્યાઘાત આપે છે અથવા તેને અવગણવાનો પ્રયાસ કરે છે. પણ તે બાબતે ઊંડાણથી વિચારવાનો

અને સમજવાનો ભાગ્યે જ પ્રયાસ કરે છે.

સદ્‌ભાગ્યે, સંશોધક સંસ્થાઓ આ બાબતોનો અભ્યાસ કરે છે. ભલે આ અભ્યાસો નાના ક્ષેત્રમાં હોય છે, તેનું સામાન્યીકરણ ન કરી શકાય, પણ તે એ મુદાની ઝાંખી તો જરૂર આપે છે. અનેક સામયિકો, ખાસ કરીને અંગ્રેજી સામયિકો, દર વર્ષે જાતીય વલણોના સર્વે કરે છે. દરેક વર્ષે જુદાં જુદાં પાસાંની ચર્ચા કરે છે. થોડા વખત પહેલાં એક અંગ્રેજી સામયિકે તરુણોનાં જાતીય વલણોનો સર્વે કર્યો જે પ્રકાશિત થયેલ છે, તે રસપ્રદ છે. તેના પર નજર કરતાં વર્તમાન તરુણો કઈ રીતે વિચારે - વર્તે છે તેનો આછો ખ્યાલ આવે છે.

સામયિકે ભારતનાં ઓગણીસ શહેરોનાં કુલ ૪૦૪૨ તરુણોનો સર્વે કર્યો હતો. તેમાં ૨૦૨૭ છોકરા હતા અને ૨૦૧૫ છોકરીઓ હતી. તે બધાના ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા અને આ બાબતે વિવિધ સવાલો પૂછવામાં આવ્યા હતા. તેના આધારે મુદ્દા પ્રમાણે ટકાવારી કાઢવામાં આવી હતી. આ મુદ્દાઓને વિવિધ સંદર્ભમાં સમજીએ.

પ્રથમ તેમને પૂછવામાં આવેલ કે તેમના માટે મહત્ત્વના મુદ્દા કયા હતા. તો ૮૯ ટકાએ ‘દેખાવ’ ને મહત્ત્વ આપેલ. ૭૪ ટકાએ પરીક્ષા, ભાવિ અને કારકિર્દીને મહત્ત્વ આપેલ. ૩૨ ટકાએ બીજાઓ સાથે અનુકૂલન સાધવાને મહત્ત્વ આપેલ.

આ તરુણો કઈ ચિંતા વધારે ભોગવે છે તે વિશે પૂછતાં આવા જવાબો મળેલ.

૨૩ ટકા શૈક્ષણિક પ્રગતિ વિશે ચિંતાતુર છે. ૧૯ ટકા ચામડીની સમસ્યાઓથી ચિંતિત છે. ૧૫ ટકા ખરાબ વાળથી હેરાન છે. ૧૪ ટકા મિત્રો સાથે અનુકૂલન કેમ સાધવું તે વિશે ચિંતા કરે છે. ૧૨ ટકા સલામતીની ચિંતા કરે છે. ૧૦ ટકા તરુણો વજનની ચિંતામાં ગ્રસ્ત છે. ૬ ટકાને હાંસી અને મશ્કરી હેરાન કરે છે. એક ટકો પોતાની ઊંચાઈથી પીડિત છે. ૮૯ ટકા તરુણો અને તરુણીઓ માને છે કે સેક્સી દેખાવું તેમના માટે બહુ જ મહત્ત્વનું છે. તો ૧૨ ટકા માને છે કે પોતાનું શરીર બતાવવા ચૂસ્ત કપડાં પહેરવાં જરૂરી છે.

તો આ ચિંતા દૂર કરવા તરુણો કંઈ કરે છે? જવાબો નવાઈ પમાડે તેવા છે. ૩.૮ ટકાએ પોતાના દાંત સરખા કરાવ્યા છે. ૧.૭ ટકાએ વાળની સારવાર કરાવી છે. ૦.૭ ટકાએ નાકની સારવાર કરાવી છે. ૦.૩ તરુણોએ મેદસ્વિતાનું ઓપરેશન કરાવેલ છે. ૦.૩ ટકાએ બોટોક્સ કરાવેલ છે. ૦.૨ ટકા તરુણીઓએ સ્તન વધારવાની સારવાર લીધી છે. ૦.૧ ટકા તરુણો આંખના લેન્સનો ઉપયોગ કરે છે. ગુજરાતની સ્થિતિ જોઈએ તો અમદાવાદના ૩૮ ટકા તરુણ તરુણીઓએ પોતાની ‘ખામી’ સુધારવા કોઈને કોઈ ઑપરેશન કરાવેલ છે.

હવે જે મહત્ત્વનો મુદ્દો છે તે આ તરુણ તરુણીઓ સેક્સ વિશે શું ખ્યાલ ધરાવે છે અને શું વર્તન કરે છે. શિક્ષકો-વાલીઓએ આ બાબત પર ધ્યાન આપવાની જરૂર છે.

પ્રથમ જે તરુણો હજી સંબંધ બાંધવાની ના પાડે છે તેનાં કારણો જોઈએ. તેના જવાબમાં ૨૫ ટકાએ કહ્યું કે તેઓ લગ્ન સુધી રાહ જોવા માગે છે. ૨૪ ટકાએ પોતે તે માટે તૈયાર નથી એમ કહ્યું. ૧૪ ટકા અભ્યાસમાં વ્યસ્ત છે તેથી નથી પડવા માગતા. ૬ ટકા માને છે કે સંબંધ બાંધવા તેમને યોગ્ય વ્યક્તિ નથી મળી. ૫ ટકા વળી કૌમાર્યને મહત્ત્વ આપે છે. ૫ ટકા તેને નીતિ વિરુદ્ધ માને છે. ૨૧ ટકાએ અન્ય કારણો આપ્યાં છે.

પણ સંબંધ બાંધવા વિશે સત્ય શું છે?

સર્વે કહે છે કે ધોરણ દસનાં દસ તરુણ તરુણીઓમાંથી ત્રણ તરુણ તરુણીઓ કૌમાર્ય પાળતા નથી. સંબંધ ચાલુ કરી દે છે. આ પ્રમાણ ૨૦૦૮ માં દસે એક હતું. પ્રથમ જાતીય અનુભવની ઉંમર ૨૦૦૪માં ૧૮-૧૯ હતી તે ૨૦૧૪ માં નીચે ઉતરીને ૧૫-૧૬ ની થઈ ગઈ છે. આ અનુભવ વિશે તેઓ કહે છે કે તેમાંના ૨૨ ટકાએ આ અનુભવ પોતાના સંબંધીઓ સાથે જ પહેલી વાર લીધો છે. સર્વેના ૫૦ ટકા તરુણ તરુણીઓ પ્રેમમાં છે. તેમાંના ૫૫ ટકાએ પોતાના પ્રેમને જાહેરમાં વ્યક્ત પણ કર્યો છે. તેમાંના ૪૯ ટકાએ તો સામી વ્યક્તિને ચુંબન પણ કરેલ છે.

તે બાબતે અન્ય માહિતી મળે છે કે ૪૧ ટકા તરુણ તરુણીઓ સંતતિ નિયમનનાં સાધનો વાપરવા માગતાં નથી. ૭૧ ટકાએ પ્રથમ અનુભવ પોતાને કે મિત્રના ઘેર લીધો છે. તેમાંના ૨૬ ટકા મોબાઈલ પર સેક્સ્ટિંગ પણ કરે છે. ૪૬ ટકા ઓનલાઈન પોર્ન જુવે છે. ૬ ટકા પોતાના સોશિયલ નેટવર્કના મિત્રો સાથે સંબંધ બાંધે છે. તેમાંના ૨૫ ટકા તરુણો એવા છે જેને પોતાની તરુણી મિત્ર ગર્ભવતી બની છે તેની ખબર પડે છે. ૨૪ ટકા તો એવા સક્રિય છે જેમણે ઓછામાં ઓછી પાંચ વાર સંબંધ બાંધ્યો હોય છે. તેમાંના બે ટકા કહે છે કે સેક્સની માહિતી તેમને તેમનાં માતા પિતા પાસેથી મળે છે.

તરુણોના માતા પિતા સાથેના આ સંદર્ભમાં સંબંધો પણ રસપ્રદ છે. શું તેઓ માતા પિતા સાથે સેક્સની વાતો કરે છે? પ્રશ્નના જવાબમાં ૯૧ ટકાએ સ્પષ્ટ ના પાડી. કેવળ નવ ટકાએ હા પાડી. તેમનાં માતા પિતા ક્યારે તેમના પાર નારાજ થાય છે? તે સવાલના જવાબમાં ૪૮ ટકાએ કહ્યું કે જ્યારે તેઓ પરીક્ષામાં નબળો દેખાવ કરે છે ત્યારે ખૂબ નારાજ થાય છે. ૩૦ ટકાએ કહ્યું કે તેઓ જો વાલી કે શિક્ષક સામે ખરાબ વર્તન કરે તો તેઓ નાખુશ થાય છે. ૧૦ ટકાએ પોતે જ્યારે પોર્ન સર્ફ કરે છે ત્યારે તેઓ નારાજ હોવાનું કબૂલ્યું. ૧૨ ટકા માતા પિતા એવાં છે જેમને ખબર પડે કે તેમનાં સંતાને લગ્ન પહેલાં સેક્સ કરેલ છે ત્યારે તે નારાજ થાય છે. ૪૬ ટકા તરુણોએ કહ્યું કે તેમના વાલીઓને તેઓ ખુલ્લાં વસ્ત્રો પહેરે છે તે સામે વાંધો નથી પણ ૩૭ ટકાનાં વાલીઓને વિરોધ છે. ૭૦ ટકા તરુણ તરુણીઓને તેમના બોયફ્રેન્ડ ગર્લફ્રેન્ડને ઘેર લઈ જવાની છૂટ નથી માત્ર ૧૮ ટકાને છૂટ છે. તો ૫૯ ટકાને તેમના મિત્રને ઘેર સૂવાની રજા નથી મળતી માત્ર ૨૬ ટકાને છૂટ મળે છે. ૪૩ ટકાને કડક સૂચના હોય છે કે તેમણે સાંજે સાતથી આઠ સુધી ઘેર આવી જવું. ૪૧ ટકાને નવ વાગ્યા સુધી છૂટ અપાય છે. દસ ટકાને મધ્યરાત્રિ સુધી અને માત્ર ૬

ટકાને કોઈ જ બંધન નથી.

જે તરુણ તરુણીઓ સંબંધ બાંધે છે તેઓ ક્યાં બાંધે છે? જવાબમાં ૪૭ ટકા સાથીને ઘેર, ૩૮ ટકા પોતાને ઘેર, ૨૫ ટકા મિત્રને ઘેર, ૨૧ ટકા હોટેલમાં, ૧૨ ટકા શાળા કે કૉલેજમાં, ૮ ટકા ગામ બહાર, ૫ ટકા હોસ્ટેલમાં, ૪ ટકા જાહેર સ્થળોએ અને ૩ ટકા કારમાં બાંધે છે એમ કહ્યું. તો કયા સમયે સંબંધ બાંધે છે તેના જવાબમાં ૩૦ ટકાએ સાંજે, ૨૫ ટકાએ શાળા કૉલેજ પછી, ૧૭ ટકાએ શાળા કૉલેજ દરમ્યાન અને ૨૭ ટકા રાત્રે કરે છે.

આ તરુણ તરુણીઓ 'ડેટિંગ' કઈ રીતે કરે છે? તેના જવાબ બે રીતે મળ્યા. અહીં સર્વેએ જાતીય સક્રિય અને જાતીય ઓછા સક્રિય તરુણો એવા બે વિભાગ પાડ્યા છે. તેના આધારે જવાબો છે. ૨૨ ટકા સક્રિય અને ૫૮ ટકા ઓછા સક્રિયો વાતો કરે છે. ૨૧ અને ૧૭ ટકા ચુંબન કરે છે. ૧૪ અને ૧૦ ટકા ભેટે છે. ૧૦ અને ૪ ટકા સ્પર્શ કરે છે. ઓરલ સેક્સ ૧૩ ટકા અને ૦.૮ ટકા કરે છે. ૨૦ ટકા સક્રિયો સંબંધ બાંધે છે. ઓછા સક્રિયોના જવાબો નથી. ૮૧ ટકા અને ૪૩ ટકા હસ્તમૈથુન કરે છે. ૯૭ ટકા અને ૧૩ ટકા તરુણીઓના સ્તનનો સ્પર્શ કરે છે. ૮૭ અને ૪ ટકા કપડાં પણ ઉતારે છે. ૫૫ ટકા સક્રિયો અને ૨૬ ટકા ઓછા સક્રિયો કોઈ પ્રખ્યાત વ્યક્તિ સાથે કલ્પનામાં સંબંધ બાંધે છે.

આના પરથી શું નક્કી થઈ શકે? એ કે તરુણો વધારે ઝડપથી પુખ્ત થઈ રહ્યા છે. વાતાવરણ, ટેકનોલોજી, મુક્તતા વગેરે પરિબળો તેમને વહેલા પુખ્ત બનાવે છે.

તો...માતા પિતા કે શિક્ષકોએ શું વિચારવું? બહુ મૂંઝવણ થાય તેવો મુદ્દો છે. તેઓ હજી મોટા ભાગે આ વિષય પર ચર્ચા ટાળવા પ્રયાસ કરે છે. એટલે તેઓ મૂંઝાવાનાં અથવા આઘાત અનુભવવાનાં. પણ તે પોષાય તેમ નથી. તરુણો સાથે બને તેટલી વહેલી આ બાબતે ચર્ચા કરવી જરૂરી છે. વહેલું પુખ્તત્વ તરુણો માટે માનસિક અને બૌદ્ધિક રીતે જોખમી છે. તેમનું મન વિખેરાઈ જવા સંભવ છે. તે તેમને, સંભવ છે, અભ્યાસમાં અડચણરૂપ બની શકે છે. તેમનું ધ્યાન સ્વસ્થ નહીં રહે. એટલે તેમને તેઓ ચૌદ વર્ષ આસપાસ આવે ત્યારે તેના સાથે આ બાબતે ખુલ્લી ચર્ચા કરવી જરૂરી છે. તેની પહેલી જવાબદારી વાલીઓની છે. બાળક તેમના સાથે વધારે રહે છે. વાલીઓએ ઘરમાં બાળક સામે એવી પરિસ્થિતિ ઊભી કરવાની છે કે તેઓ તેમના સાથે નિખાલસતાથી કોઈ પણ વિષયની ચર્ચા કરી શકે. તે માટે તેમણે પણ ખુલ્લા મનના થવાની જરૂર રહેશે. બાળકને આવી ચર્ચા માટે ટોકવા કે ટીકા કરવાની નથી. મિત્ર થશે તો આમ થઈ શકશે. શિક્ષકે પણ આવા જ ખુલ્લા બનવાની જરૂર છે. આ બાબત ટાળી શકાશે નહીં. જો તરુણો વધારે મુક્ત થશે અને સ્વચ્છંદતા તરફ ઢળશે, તો તેમના માટે જોખમ છે. ખાસ કરીને તરુણીઓ હજી આધુનિકતા અને પરંપરા વચ્ચે ઝૂલે છે. તે આવાં વર્તન કરે પણ છે અને પછી ટીકા થાય તો સહન નથી કરી શકતી અને આપઘાત જેવાં પગલાં પણ લેવા પ્રેરાય છે.

આ બાબતે જે સંશોધનો થયાં છે તેને જાણી તેનો ઉપયોગ તેમના સાથે કરવાનો છે. યૌવનધન વેડફાય તે ચલાવી ન શકાય. તેને યોગ્ય સમયે યોગ્ય માર્ગદર્શન મળવું જ જોઈએ. નિષ્ણાતો પણ આમાં મદદરૂપ થઈ શકે.

*ન્યુ મિન્ટ રોડ, ભુજ,*
*કચ્છ - ૩૭૦ ００૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

## પિયાનોની પાઠશાળા

**(અનુસંધાન : પાના નં.-૫૯ ઉપરથી ચાલુ)**

ભાવ સાથે એકેએક શ્રોતા ઊભો થઈ ગયો. આંસુઓને માંડમાંડ ખાળી રાખીને હું સ્ટેજ પર ધસી ગઈ અને આનંદવિભોર થઈને રોબીના ગળે વળગી પડી. 'રોબી! મેં તને આવું વગાડતાં ક્યારેય સાંભળ્યો નથી. તું આટલું સરસ કેમ કરી શક્યો?'

રોબીએ માઈક્રોફોન દ્વારા મને સમજાવ્યું કે 'વારુ, મિસ ઓનર...મારી માતા બીમાર છે તેમ મેં કહેલું તે તમને યાદ છે? વારુ, તેને ખરેખર કેન્સર થયેલું હતું અને આજે સવારે જ મૃત્યુ પામી અને બીજું તે જન્મથી જ બહેરી હતી. આજની રાત્રે તેણે મારું પિયાનો વાદન જ્યાં હશે ત્યાં જરૂર સાંભળ્યું હશે અને તેથી મેં દિલ દઈ પિયાનોવાદન કર્યું! તે સાંજે કાર્યક્રમખંડમાં એક પણ આંખ કોરી નહોતી. સમાજસેવાને વરેલી સંસ્થામાંથી આવેલ લોકો જ્યારે રોબીને સ્ટેજ પરથી બાલઉછેરગૃહમાં સ્થિર કરવા માટે લઈ ગયા ત્યારે મેં જોયું કે તેમની આંખો પણ લાલ થઈ ગઈ હતી અને સૂજી ગઈ હતી. મેં મારી જાત માટે વિચાર્યું કે રોબીને મારા વિદ્યાર્થી તરીકે સ્વીકારીને મારા જીવનને મેં કેટલું સમૃદ્ધ બનાવ્યું છે!

મારે ક્યારેય આશ્ચર્યકારક વ્યક્તિને મળવાનું નથી થયું, પરંતુ તે રાત્રે મને અદ્ભુત વ્યક્તિનો સંપર્ક થયો...તે હતો રોબી.

તે શિક્ષક હતો અને હું વિદ્યાર્થિની હતી, કારણ કે તેણે મને ખંત અને પ્રેમનો અર્થ સમજાવ્યો અને બીજામાં શ્રદ્ધા રાખતાં શીખવ્યું. જેને આપણે જાણતાં નથી તેને તક આપતાં શીખવ્યું. થોડાં વર્ષો બાદ એપ્રિલ, ૧૯૯૫ માં ઓકલાહોમા શહેરમાં આવેલ આલ્ફ્રેડ પી. મરીફેડરલ બિલ્ડિંગમાં થયેલ બેજવાબદારી ભરેલા બૉમ્બમારામાં રોબીનું મૃત્યુ થયેલું.

***(સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલના મુખપત્ર 'સમુદ્ગાર' માંથી સાભાર)***

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
**MFG. ST. STEEL UTENSILS**

# કૂખનો કારોબાર

• હંસરાજ કંસારા •

વર્તમાનપત્રોમાં હાલમાં પ્રકાશિત એક સમાચાર મુજબ સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને સૂચન કર્યું છે કે 'કોમર્શિયલ સરોગસી' ને મંજૂરી ન આપવી જોઈએ.

૨૦૧૩માં કેન્દ્ર સરકાર દ્વારા પારિત એક જાહેરનામા મુજબ કૃત્રિમ ગર્ભાધાન માટે માનવ ભ્રૂણની આયાતની મંજૂરી આપવામાં આવી છે, જેને લીધે નિઃસંતાન વિદેશી દંપતીઓ માટે ભારતમાં કૂખ ભાડે લેવાનું સસ્તું અને સરળ થઈ ગયું છે.

જયશ્રી વાડે નામની એક ઍડવોકેટે આ જાહેરનામાનો વિરોધ દર્શાવતી જાહેર હિતની અરજી કરી હતી. આ અરજીના અનુસંધાને સર્વોચ્ચ અદાલતે કમર્શિયલ સરોગસીને મંજૂરી ન આપવાનું સૂચન કર્યું છે.

ભારતમાં કૂખ ભાડે લેવા આપવાનો કારોબાર બેફામ વધી રહ્યો છે. વિદેશી દંપતીઓ માટે અહીં કૂખ સસ્તી અને સુલભ છે. કાયદાની કોઈ રોકટોક નથી. એક અંદાજ મુજબ ભારતમાં ૨૦,૦૦૦ થી વધુ ફર્ટિલિટી ક્લિનિકમાં આ કારોબાર થાય છે. જો કે, ઇંન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ દ્વારા એમાંના માત્ર ૨૭૦ ક્લિનિક જ નોંધાયેલા છે. ભારતમાં અંદાજિત ૨-૩ મિલિયન ડોલરનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા આ વ્યવસાય પર કાયદેસરની કોઇ દેખરેખ નથી. ઇંન્ડિયન મેડિકલ રિસર્ચ કાઉન્સિલ દ્વારા આ વ્યવસાય અંગે ગાઈડલાઈન્સ બહાર પાડવામાં આવી છે પરંતુ આ ગાઈડલાઈન્સ ફર્ટિલિટી ક્લિનિક કે આ વ્યવસાય સાથે સંકળાયેલા કોઈ માટે બંધનકર્તા નથી. 'ધી આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેકનોલોજી અને ઈન-વિટ્રો ફર્ટિલાઈઝેશન (રેગ્યુલેશન) બિલ છેલ્લા પાંચ વર્ષથી પાર્લામેન્ટમાં રજૂ થવા માટે પેન્ડિંગ છે.

૧ ડિસેમ્બર, ૨૦૧૪ના 'ટાઈમ્સ ઓફ ઇંન્ડિયા' (દિલ્હી એડિશન) માં પ્રકાશિત એક લેખ મુજબ ચેન્નાઈમાં કૂખ ભાડે આપવા તૈયાર મહિલાઓની તસવીરો સાથે બાયોડેટા વેબસાઈટ પર પ્રસારિત થાય છે. નિઃસંતાન દંપતીઓ એમની ઈચ્છા મુજબ એક અથવા વધુ સરોગેટ મહિલા પસંદ કરી શકે છે. આ લેખ અનુસાર ચેન્નાઈમાં પ્રત્યેક ફર્ટિલિટી ક્લિનિકમાં પ્રતિ વર્ષ ૨૦થી વધુ દંપતીઓ કૂખ ભાડે લે છે. આમાંના કેટલાંક વિદેશી યુએસએ અને સિંગાપુરના હોય છે. દેશના ઘણા મહાનગરોમાં આ કારોબાર બેરોક્ટોક ધમધમે છે.

દિલ્હી યુનિવર્સિટી, જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી તેમજ ડેન્માર્કની આરહસ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ૨૦૧૧ ડિસેમ્બરથી ૨૦૧૨ ડિસેમ્બર દરમ્યાન દિલ્હીમાં સરોગસી સાથે સંકળાયેલા ક્લિનિકોનો વિસ્તૃત અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસનો રિપોર્ટ બે આંતરરાષ્ટ્રીય જર્નલ્સ 'બાયો એથિકલ ઈન્કવાયરી' અને 'એક્ટા ઓબ્સટેટિકા' માં પ્રકાશિત થયો હતો. ૭ જુલાઈ, ૨૦૧૫ ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયા (દિલ્હી એડિશન) માં આ અભ્યાસની કેટલીક મહત્ત્વની વિગતો પ્રકાશિત થઈ હતી. આ રિપોર્ટ મુજબ સંશોધનકર્તાઓએ દિલ્હીના ૨૦ ફર્ટિલિટી ક્લિનિકોના ૧૮ ડૉક્ટર્સ તેમજ ચાર એજન્સીના પાંચ એજન્ટોની રૂબરૂ મુલાકાત લીધી હતી. તદુપરાંત ૧૪ સરોગેટ માતાઓ સાથે પણ તેમણે વાતચીત કરી હતી. આ મહિલાઓમાં મોટાભાગની ગરીબ અને અભણ હતી. એમાંની પાંચ મહિલાઓ સીવણ તેમજ અન્ય ઘરકામ કરતી હતી, અન્ય મહિલાઓ પાસે કોઈ વ્યવસાય નહોતો. આમાંની નવ મહિલાઓના પતિ ઑટો અથવા મોટર ડ્રાઈવિંગનું કામ કરતા હતા.

દિલ્હી યુનિવર્સિટીની પ્રાધ્યાપિકા સમાજશાસ્ત્રી તુલિકા પટેલ, જેમણે આ સંશોધનમાં ભાગ લીધો હતો, એમના કહેવા મુજબ પૈસા માટે કૂખ ભાડે આપતી મહિલાઓનું ઘણા પ્રકારે શોષણ થઈ રહ્યું છે. પ્રથમ તો આ વ્યવસાયના દલાલો જેઓ ગરીબ તબક્કામાંથી સરોગસીલાયક મહિલાઓ શોધી લાવે છે. તેઓ આ મહિલાઓને જે પૈસા મળવાના છે તેની વાત તો કરે છે પણ આ વ્યવસાયમાં રહેલાં જોખમો વિશે કંઈ કહેતા નથી. બીજી તરફ ડૉક્ટરો એમના ગ્રાહકોને ચોક્કસ પરિણામ આપવા સરોગેટ મહિલાને ત્રણથી વધારે એમ્બ્રિયો ટ્રાન્સફર કરે છે, જે કૂખ ભાડે આપનારી મહિલા તેમજ પેદા થનારા સંતાનના સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. આવી મલ્ટિપલ પ્રેગનન્સીને પરિણામે જો કોઈ બાળક ખામીયુક્ત જન્મે તો ગ્રાહક દંપતીએ તેનો સ્વીકાર કરવો જ જોઈએ એવું કોઈ કાયદેસરનું બંધન નથી.

આઈ.ઓ.એમ.આર. ગાઈડલાઈન્સ મુજબ નિઃસંતાન દંપતી માત્ર એક જ મહિલાની કૂખ ભાડે લઈ શકે. પરંતુ સંશોધનકર્તાઓએ જોયું કે કેટલાંક ક્લિનિકોમાં એક જ દંપતીએ એક કરતાં વધુ મહિલાઓની કૂખ ભાડે લીધી હતી. એમાંના એક દંપતીને બે સરોગેટ મહિલા થકી ચાર બાળકો મળ્યાં હતાં. ઘણાં દંપતી આ રીતે એક કરતાં વધુ મહિલાની કૂખ ભાડે લે છે. પરંતુ ગર્ભાધાન પછી તેઓ એક જ મહિલાની ગર્ભાવસ્થા દરમ્યાન સંભાળ લે છે. અન્ય મહિલાઓને ગર્ભપાત કરાવવાની ફરજ પડે છે. સરોગેટ મહિલાની પ્રસૂતિ કઈ રીતે કરવી તે પણ ડૉક્ટર જ નક્કી કરે છે. જો કોઈ મહિલા સિઝેરિયન ઈચ્છે તો તેનો વધારાનો ખર્ચ મહિલાએ જાતે ભોગવવો પડે છે.

ઉપરોક્ત અખબારના એક અન્ય લેખમાં દિલ્હીની ગંગારામ હોસ્પિટલના આઈ.વી.એફ. સેન્ટરના મઝુમદારના કહેવા મુજબ કોમર્શિયલ સરોગસીમાં વિદેશીઓ સાથેના કારોબારમાં અનૈતિકતા વ્યાપક છે. કારણ કે સરોગેટ મહિલાને શોધી લાવનારા દલાલો ૧૦૦ ટકા કરતાં વધુ કમિશન મેળવે છે. આ લેખમાં જણાવ્યા અનુસાર સેન્ટર ફોર સોશિયલ રિસર્ચના ડાયરેક્ટર ડૉ. રંજનાકુમારીના કહેવા મુજબ કાયદાના અભાવને કારણે ગરીબ, ભોળી અને અજ્ઞાન મહિલાઓનું શોષણ થાય છે.

સમાન કાયદાના અભાવે વિવિધ સ્થળોએ કાર્યરત ક્લિનિકોનાં ધોરણોમાં પણ ઘણો તફાવત છે. ઉપરોક્ત 'ટાઈમ્સ ઓફ ઇન્ડિયા'ના એક લેખમાં જણાવ્યા અનુસાર ચેન્નાઈ કરતાં આણંદમાં સરોગેટ મહિલાને વધુ વળતર મળે છે. પ્રસૂતિ પૂર્વ અને પશ્ચાત સરોગેટ મહિલાની દેખભાળમાં પણ ઘણું અંતર છે. ચેન્નાઈમાં સરોગેટ મહિલાને પ્રસૂતિ પશ્ચાત માત્ર ત્રણ મહિનાની મેડિકલ સેવા મળે છે તેમજ મહિલાનું કોઈ ઇન્સ્યોરન્સ કવર પણ નથી હોતું. 'કૉમન હેલ્થ' સંસ્થાના ડૉ. શુભાશ્રીના કહેવા અનુસાર સરોગેટ મહિલાને પ્રસૂતિ બાદ ત્રણ મહિના પછી પણ ઘણા કૉમ્પ્લિકેશન્સ થવાની સંભાવના રહે છે. જાણવા મળ્યા મુજબ સરોગેટ મહિલાને મેડિકલ સેવા એક વર્ષ સુધી અપાય છે તેમજ એને ઇન્સ્યોરન્સ કવર પણ અપાય છે, જેનું પ્રથમ ત્રણ વર્ષનું પ્રીમિયમ ક્લિનિક ભરે છે. આ ક્લિનિક સરોગેટ માતાઓને બીજા પણ કેટલાક લાભો આપે છે.

ઘણાં ક્લિનિકો સરોગેટ મહિલાની પ્રસૂતિ પછી પૂરતી દેખરેખ કે ફોલૉઅપ નથી કરતા. કેટલીક ગરીબ મહિલાઓ ફરીથી એમની કૂખ ભાડે આપે છે, જે એમના સ્વાસ્થ્ય માટે હાનિકર્તા છે.

કૂખના કારોબારના આ આર્થિક પાસા ઉપરાંત અન્ય સામાજિક તેમજ માનસિક પાસાંઓ પર પણ પૂરતું ધ્યાન આપવું આવશ્યક છે. પરાયા ભ્રૂણનો પૂરા નવ માસ ભાર વેઠતી અને એને પોતાના રક્તથી સીંચતી માતાને એ બાળકને સ્તનપાન કરાવવું તો દૂર એને જોવાનો પણ એને હક્ક નથી હોતો. ઘણી મહિલાઓને સમાજનો પણ ભય રહે છે.

વર્તમાનમાં આ કારોબારનો કોઈ સામાજિક ઉદ્દેશ હોય તેવું દેખાતું જ નથી. એ સંયોગોમાં એના પર કાયદાનું બારીકીપૂર્વકનું નિયંત્રણ અત્યંત આવશ્યક છે અને આ સંદર્ભે સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને આ બારામાં કરેલી ટકોર સમયોચિત છે.

*સૌજન્ય : "કચ્છ મિત્ર"*

*એ-૧/૧/૪, સમૃદ્ધિ, રામેશ્વર એપાર્ટમેન્ટ,*
*દેવાશિષ સ્કૂલ પાસે, રામદેવનગર,*
*સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (૦૭૯) ૨૬૮૭૨૩૫૦*

*માણસે ઈશ્વર પર એટલો સંપૂર્ણ વિશ્વાસ મૂકવો જોઈએ કે જેથી તેને દુનિયાની સહાનુભૂતિની જરૂર જ ન રહે.*

*— ઇસુ ખ્રિસ્ત*

## સુથરી જે મેઘાશા કે મિલ્યા વા ભગવાન...!!

અબુધ ભક્તેં કેય પણ, પ્રભુ કઈયેંતા સહાય,
મેઘાશાજી ગાલ સુણી, મનમેં હરખ ન માય. (૧)
મેઘાશા મથે બોજ ઘણા, સ્થિતિ સાવ કંગાળ;
આપઘાતજો વિચારકેં, વડી હૂઈ જંજાળ. (૨)
દેવવાણી થઈ ખમ, મર - મ - ભરખમ;
સપને મેં ડિસી દેવ, જાગ્યા પુણ્ય કરમ. (૩)
વાણી ઈ થૈજે માનીયેંજો પોટલો, મડૈઈ વહાણ વટે ખણી વિન;
ને ઇ પોટલો ડૈ બ્યો પોટલો ગિની, તું ઘરે પાછો અચી વિન. (૪)
મોંઘી માનીજો સાટો કંઈધે, મિલ્યો પોટલો જેંમેં વા ભગવાન;
પોટલે કે ગોખલેમેં રખી છડેં, સચ્ચે મૂલ્યથી અજાણ. (૫)
ખોટાંઈધે ન ખોટે માની, એળો થ્યો ચમત્કાર;
અબુધ ભક્ત જે ઘર મિંજા, દૂર થ્યો અંધકાર. (૬)
જ પોટલો ખોલે ન્યાર્યા, ત મીંજાથી નિકર્યા ભગવાન;
ગામવારા ભેગા થૈને નેક્કી ક્યાં, દેરેમેં પધરાઈબો ભગવાન.(૭)
વિક્રમ સંવત ૧૮૯૫મેં, ઉગધે સોનેરી પ્રભાત;
ઘૃતકલ્લોલ વિઠ્ઠા ગાદી તેં, ખુલ્યો ગામજો ભાગ. (૮)
ગામ જમાડ્યાં પ્રેમથી, પ્રભુતેં રખી આધાર;
ઘીજે કૂપમેં વેઈ, અખૂટ ક્યાં ઘીજી ધાર. (૯)
ઘૃતમેં કલ્લોલ કરી, પ્રગટ્યા પારસનાથ;
ઘૃતકલ્લોલ ચોવાણા, સદા ભાવિકેં જે સાથ. (૧૦)
ચડતી થઈ ગામજી, વરત્યો જય જયકાર;
સોનથરી સુખથી ભરી, ચોપાસ ઉમંગ અપાર. (૧૧)
કચ્છમેં સોનજી લંકાસમ, આય સોનથરી ગામ;
સજ્જન દાનેશ્વરીયેં ફેલાંયાં, ચૌ દિશ જેંજો નામ. (૧૨)
ઘૃત કલ્લોલજો મહિમા જિજ્જો, દેશ અને પરદેશ;
સુથરી ગામજી ઉન્નતિ થઈ, ગામજા પલટ્યા વેશ. (૧૩)
અબડાસેજે પંચ તીર્થીએંમેં, સુથરી મહા તીરથ ધામ;
સાંધાણ - કોઠારા - જખૌ ને નલિયા - તેરા ગામ. (૧૪)

*રશ્મિન્ ખોના - મુંબઈ*

**• સૌજન્ય •**

**માતુશ્રી કુંવરબાઈ વિશનજી માંયા મોતા**
**(કચ્છ - સુથરી)**

# ડૉક્ટરો ગરીબ દર્દીઓને ખર્ચના ખાડામાં ઉતારે છે

● સંજય વોરા ●

મુંબઈના એક ઉપનગરમાં રહેતાં શ્રીમતી મહેતા જ્યારે પણ તેમના ફેમિલી ડૉક્ટર પાસે દવા લેવા જાય ત્યારે ડૉક્ટર તેમને હિપેટાઈટીસ-બી ની રસી લેવાની પ્રેરણા કરતા હતા. ડૉક્ટર તેમને હિપેટાઈટીસ-બી ની રસી ન લેવાને કારણે કેવી રીતે જીવનું જોખમ થઈ જાય છે, તેનો પણ ભય બતાવતા હતા. એક વખત એક મેડિકલ રિપ્રેઝન્ટેટિવ ડૉક્ટરને મળવા આવ્યો ત્યારે કેબિન અંદર ચાલતી વાતચીતના શબ્દો તેમના કાને પડ્યા. દવા કંપનીનો પ્રતિનિધિ ડૉક્ટરને કહી રહ્યો હતો કે અમારી કંપની રસીના એક ડોઝની ખરીદી ઉપર તમને ૩૦૦ રૂપિયાનું કમિશન આપશે. આ વાતચીત સાંભળી શ્રીમતી મહેતાને ડૉક્ટરના રસી માટેના આગ્રહનું કારણ સમજાઈ ગયું. રસીનું પ્રયોજન રોગો સામે પ્રતિકાર કરવાનું હોય છે; પણ કેટલાક ડૉક્ટરો માટે તે પૂરક આવકનું સાધન પણ છે. કોઈપણ બાળકનો જન્મ થાય એટલે ડૉક્ટર તેને પોલિયો, ટ્રીપલ અને ટી.બી. ની રસી લેવાની ભલામણ કરે છે. આ રસી કોઈપણ સરકારી આરોગ્ય કેન્દ્રમાં મફત મળતી હોય છે અને તેની કોઈ કિંમત વસૂલ કરવામાં આવતી નથી. સરકાર દ્વારા પલ્સ પોલિયોની જે ઝુંબેશ ચલાવવામાં આવે છે તેમાં પણ ઑરલ વેક્સિન મફતમાં આપવામાં આવે છે. મફતમાં મળતી આ રસીઓ ઉપરાંત એવી કેટલીક રસીઓ છે કે જે ફરજિયાત નથી હોતી પણ મરજિયાત હોય છે. ડિપ્થેરિયા, હિપેટાઈટીસ (એ-બી-સી-ડી), ટિટેનસ, ઈન્ફ્લુએન્ઝા, ચિકન પોક્સ વગેરે રોગોની સારવાર માટે વપરાતી આ રસીઓ કેમિસ્ટની દુકાનમાંથી ખરીદવાની હોય છે અને ડૉક્ટર પાસે મુકાવવાની હોય છે. પોલિયોની ઑરલ વેક્સિન ઓછી અસરકારક પુરવાર થતાં હવે દવા કંપનીઓના એજન્ટ બનીને આ રસીનું પોતે જ વેચાણ કરવા લાગ્યા છે.

સામાન્ય રીતે કોઈપણ ડૉક્ટરની આવકનું મુખ્ય સાધન તેની કન્સલ્ટિંગ ફી હોય છે. ડૉક્ટરો કેમિસ્ટો પાસે દવા લખી આપે અને તેમાં પોતાનું કમિશન રાખે તો તેને અનૈતિક ગણવામાં આવે છે. કોઈ ડૉક્ટર આ રીતે કેમિસ્ટ પાસેથી કમિશન લેતો પકડાઈ જાય તો તેનું લાઈસન્સ રદ કરવામાં આવે છે. કેમિસ્ટો પાસેથી કમિશન લેવાને બદલે હવે ડૉક્ટરો કેટલીક રસીઓ પોતાની ક્લિનિકમાં જ રાખવા લાગ્યા છે. ડૉક્ટરો રસીના જેટલા ડોઝ વેચે તે મુજબ તેમને દવા કંપનીઓ તરફથી કમિશન આપવામાં આવે છે. આ કમિશનના લોભમાં ડોક્ટરો જે રસીની ખરેખર જરૂર ન હોય તે લેવા માટે પણ દર્દીઓ ઉપર દબાણ કરવા લાગ્યા છે.

દિલ્હીની ઑલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીઝના ડૉક્ટર રાકેશ લોઢાએ છત્તીસગઢની જન સ્વાસ્થ્ય સહયોગ સંસ્થાના ડૉક્ટર અનુરાગ ભાર્ગવના સહયોગમાં એક અભ્યાસ અહેવાલ બહાર પાડ્યો છે, જેના ઉપરથી ખ્યાલ આવે છે કે મોંઘીદાટ રસીઓનું માર્કેટિંગ પોતાના દર્દીઓમાં કરીને ડૉક્ટરો કેવી રીતે કમાણી કરી રહ્યા છે. આ અહેવાલ મુજબ ડિપ્થેરિયા, ટિટેનસ, પોલિયો અને ઈન્ફ્લુએન્ઝા-બી ની સારવારમાં વપરાતી રસી પેન્ટાક્ષીમની છાપેલી કિંમત રૂા. ૨૦૬૬/- છે, પણ દવા બનાવતી કંપની ડૉક્ટરોને આ રસી માત્ર રૂા. ૧૪૪૬/- માં આપે છે. એટલે ડૉક્ટર આ રસી એક દર્દીને આપે તો તેમાં તેમને ૬૨૦ રૂપિયાની કમાણી થાય છે. પોલિયોની ઈન્જેક્ટિબલ વેક્સિનાની છાપેલી કિંમત રૂા. ૩૬૫/- છે, પણ દવા બનાવતી કંપની ડૉક્ટરને આ રસી રૂા. ૨૮૦/- માં આપે છે. એક રસીના ડોઝદીઠ ડૉક્ટર ૮૫ રૂપિયાની કમાણી કરે છે. પર્ટુસીસ, ડિપ્થેરિયા અને ટિટેનસની સારવારમાં વપરાતી ટ્રિપાસેલ નામની રસીની છાપેલી કિંમત રૂા. ૧૨૧૧/- છે, પણ તે ડૉક્ટરને રૂા. ૭૬૨/- માં મળે છે. એક ડોઝ પાછળ ડોક્ટરને ૪૪૯ રૂપિયાની કમાણી થાય છે. અછબડાની સારવાર માટે આપવામાં આવતી ઓકાવેક્સ નામની રસીની છાપેલી કિંમત રૂા. ૧૪૬૮/- છે, પણ તે ડૉક્ટરોને રૂા. ૯૮૬/-માં જ મળે છે. આ રસીના એક ડોઝદીઠ ડોક્ટરને ૪૭૨ રૂપિયાની કમાણી થાય છે. હિપેટાઈટીસ-એ ની રસીની છાપેલી કિંમત રૂા. ૯૫૨/- છે, પણ તે ડૉક્ટરને ૬૬૫ રૂપિયામાં મળે છે. એક દર્દીને રસી આપીને ડોક્ટર ૨૮૭ રૂપિયાની કમાણી કરે છે. ઈન્ફ્લુએન્ઝાની સારવાર માટે વપરાતી એક્ટહિબ નામની રસીની છાપેલી કિંમત રૂા. ૪૨૬/- છે, પણ તે ડોક્ટરને ૨૫૧ રૂપિયામાં મળે છે. ડોઝદીઠ ૧૭૫ રૂપિયા ડોક્ટર કમાય છે.

ભારતભરના બજારમાં લગભગ ૬૦,૦૦૦ ઍલોપથી દવાઓ વેચાય છે. આ બધી દવાઓ મૂળભૂત રીતે તો ૫૦૦ જેટલી પાયાની દવાઓનાં મિશ્રણ જેવી હોય છે. ઘણી વખત એક જ દવા અલગ-અલગ બ્રાન્ડ નેમથી વેચાતી હોય છે. આ દવાની ગુણવત્તામાં અથવા તેની માત્રામાં કોઈ ફરક નથી હોતો પણ તેના ભાવોમાં ક્યારેક આસમાન-જમીનનો તફાવત હોય છે. તેનું કારણ એ હોય છે કે એક જ દવા બનાવતી અલગ-અલગ કંપનીઓનો નફાનો ગાળો અલગ અલગ હોય છે. કોઈ કંપની દવાના માર્કેટિંગ પાછળ વધુ ખર્ચ કરતી હોવાથી દવાની કિંમત વધુ રાખે છે. બીજી કંપનીના નફાનો ગાળો ઓછો હોવાથી તે બજારમાં ઓછી કિંમતે દવા વેચે છે. આપણા ફેમિલી ડૉક્ટરની ફરજ એ હોવી જોઈએ કે બજારમાં એક જ દવા અલગ-અલગ ભાવે વેચાતી હોય ત્યારે આપણને સૌથી સસ્તી દવા લખી આપે. પરંતુ ડૉક્ટરો એવી દવા જ લખી આપે છે, જેની કિંમત વધુ હોય પણ તેમને તેમાંથી કમિશન મળવાનું હોય. આ કારણે ગરીબ દર્દીઓને નાહકના ખર્ચના ખાડામાં ઉતરવું પડે છે. ડૉક્ટરો ઉપર આંધળો

વિશ્વાસ રાખવાને કારણે તેઓ મોંઘી દવા ખરીદીને છેતરાય છે.

કોઈપણ દવામાં જે મૂળ તત્ત્વ હોય છે તેને તેનું જિનેરિક નેમ કહેવામાં આવે છે. આ મૂળ દવાનો ઉપયોગ કરીને ફાર્માસ્યુટિકલ કંપની દ્વારા પેકિંગ કરવામાં આવે ત્યારે તેનું માર્કેટિંગ તેના બ્રાન્ડ નેમથી કરવામાં આવે છે. આ રીતે એક જ જિનેરિક નેમ ધરાવતી દવાઓ બજારમાં જુદા જુદા બ્રાન્ડનેમથી વેચાય છે, જેની કિંમતોમાં પણ ભારે તફાવત જોવા મળે છે. દાખલા તરીકે 'રિસ્પેરિડોન' નામની દવાનું જોન્સન એન્ડ જોન્સન કંપની 'રિસ્પરડલ' બ્રાન્ડ નામથી વેચાણ કરે છે. આ દવાની બે મિલિગ્રામની ૧૦ ટેબ્લેટ માત્ર ૧૭ રૂપિયામાં વેચાય છે. વિચાર કરો કે ક્યાં ૧૭ રૂપિયા અને ક્યાં ૨૭૦ રૂપિયા! ૧૭ રૂપિયા ખરીદનારને જે દવા મળે છે તેજ દવા માટે અમુક દર્દીઓ ૨૭૦ રૂપિયા ચૂકવે છે; કારણ કે તેમના ડૉક્ટરે તેમને મોંઘી દવા પ્રિસ્ક્રાઈબ કરી છે. આથી જે દવા, દર્દી ૨૭૦ રૂપિયામાં કેમિસ્ટ પાસેથી ખરીદે છે, તેની બીજી બ્રાન્ડ ૧૭ રૂપિયામાં પણ મળે છે. આ વાતની તેના ફેમિલી ડૉક્ટરને ખબર હોય છે, પણ ૧૭ રૂપિયાની દવા કરતાં ૨૭૦ રૂપિયાની દવામાં તેને વધુ કમિશન મળતું હોવાથી તે દર્દીને નાહકના ખર્ચના ખાડામાં ઉતારે છે.

બજારમાં મળતી એક જ જિનેરિક નેમની દવાની વિવિધ બ્રાન્ડોના ભાવો વચ્ચેનો તફાવત આપણાં ભવાં ચઢાવી દે તેવો છે. રિઝરડ્રોનેટ નામની મૂળ દવા સેનોફી એવેન્ટીસ નામની વિદેશી કંપની 'એક્ટોનેલ' બ્રાન્ડ નેમથી વેચે છે. આ દવાની ૩૫ મિલિગ્રામની ચાર ટેબ્લેટની કિંમત ૨,૦૦૦ રૂપિયા છે. આ જ દવા સીપ્લા નામની ભારતીય કંપની 'રિસોફોસ' નામની બ્રાન્ડ નેમથી વેચે ત્યારે તેની કિંમત માત્ર ૧૧૦ રૂપિયા હોય છે. બજારમાં ૨૦૦૦ રૂપિયામાં અને ૧૧૦ રૂપિયામાં વેચાતી દવામાં કોઈ જ ફરક નથી હોતો. કોઈપણ દર્દીને ડૉક્ટર 'એક્ટેનોલ' નામની દવા લખી આપે ત્યારે દર્દી કેમિસ્ટ પાસે જઈને 'એક્ટેનોલ' જ ખરીદશે તેની ડૉક્ટરને પણ ખબર હોય છે. આ દર્દીને કોઈ કેમિસ્ટ એવી સલાહ નથી આપતો કે આ દવા અલગ બ્રાન્ડ નેમ હેઠળ ૧૧૦ રૂપિયામાં પણ મળે છે; કારણકે દર્દીને ૨૦૦૦ રૂપિયાના ભાવે મળતી દવામાંથી તોતિંગ કમિશન મળે છે. આ રીતે એક્ટેનોલ દવા બનાવતી કંપનીને નફો થાય છે. આ દવા લખી આપનારા ડૉક્ટરને નફો થાય છે; પણ આ દવા ખરીદતો દર્દી લૂંટાઈ જાય છે. તેને એ વાતની ખબર પણ નથી હોતી કે તે જે દવા ૨૦૦૦ રૂપિયામાં ખરીદે છે તે ૧૧૦ રૂપિયામાં પણ મળી શકે છે, આ તો વિવિધ દવાઓના ભાવોમાં મળતા તફાવતનાં એકાદ-બે ઉદાહરણ છે. આવી રમત લગભગ તમામ દવાઓમાં ચાલી રહી છે.

અખબારો જો ગરીબ દર્દીઓની સેવા કરવા માંગતાં હોય તો તેમણે પોતાનાં છાપાંઓમાં વિવિધ બ્રાન્ડ નેમ હેઠળ વેચાતી એક જ દવાના ભાવોની યાદી મેળવીને તેને સમયાંતરે પ્રગટ કરતા રહેવું જોઈએ. આ યાદીનો કોઈ પણ દર્દી દવા ખરીદવા જાય ત્યારે રેડી રેકનર તરીકે ઉપયોગ કરી શકે છે. સેવાભાવી સંસ્થાઓ જો ગરીબ દર્દીઓનું કલ્યાણ કરવા માંગતી હોય તો તેમણે આ પ્રકારની યાદીઓ છપાવીને બહાર પાડવી જોઈએ અને હોસ્પિટલોમાં વહેંચવી જોઈએ. જાગૃત દર્દીને ડૉક્ટર કોઈપણ દવા લખી આપે ત્યારે ડૉક્ટરને પૂછવું કે આ જ દવા અલગ બ્રાન્ડ નેમથી બજારમાં ઓછી કિંમતે મળી શકે ખરી? દર્દી અથવા તેના સ્વજનો મેડિકલ સ્ટોર્સમાં દવા ખરીદવા જાય ત્યારે કેમિસ્ટને પણ સવાલ પૂછવો જોઈએ કે આ દવા અલગ બ્રાન્ડ નેમથી સસ્તામાં મળી શકે ખરી? જો કેમિસ્ટ સેવાભાવી અને ઈમાનદાર હોય તો તેણે પોતાની દુકાનની બહાર આ પ્રકારની માહિતી આપતું બોર્ડ લગાવવું જોઈએ. સૌથી શ્રેષ્ઠ રસ્તો એ છે કે સરકારે કાયદો કરીને દવાઓ ઉપર અમુક ટકાથી વધુ નફો લેવાનો પ્રતિબંધ ફરમાવી દેવો જોઈએ. ભારતમાં દર વર્ષે આશરે ૬૦,૦૦૦ કરોડ રૂપિયાની એલોપથી દવાઓ વેચાય છે. જો આવો કાયદો કરવામાં આવે તો ગરીબ દર્દીઓના ઓછામાં ઓછા ૩૦,૦૦૦ કરોડ રૂપિયા બચાવી શકાય તેમ છે.

*સૌજન્ય : "પ્રેમસુબોધ-પ્રેરણા"*

## રાતની રેલ સફર

**(અનુસંધાન : પાના નં.-૪૨ ઉપરથી ચાલુ)**

ભોજનના સમયે ૪ શાકાહારી ભોજન આવી ગયાં અને અમને ભોજન કરાવી પૂરું બિલ પણ તેણે ચૂકવ્યું. અમે આભાર માન્યો તો તેણે વાત હસી કાઢી!

થોડીવારમાં ટી.ટી.નો પ્રવેશ થયો અને દિલગીરી સાથે તેણે જાહેર કર્યું કે જગાની વ્યવસ્થા થઈ શકી નથી. એટલે અમારે સેકન્ડના સામાન્ય કોચમાં જ સફર કરવી પડશે.

આ વખતે બંને એકસાથે બોલી ઊઠ્યા, 'એવું કરવાની કોઈ જરૂર નથી. અમે મેનેજ કરી લઈશું.' 'સારું...' કહી ટી.ટી. ગયો.

થોડીવારમાં જ તેઓએ પોતાની બર્થ ખાલી કરી અમોને આપી દીધી અને બંને નીચે શેતરંજી પાથરીને આરામથી સૂઈ ગયા! હું વિચારવા લાગી. બે રાત – બે રાજકારણી, કેટલો ફરક! અહીં કૂપેમાં પણ અમે ઘર જેવી સલામતી અનુભવી રહ્યાં છીએ! અને ગઈકાલે?

સવાર થતાં તેઓએ અમદાવાદમાં અમારા રોકાણની વ્યવસ્થા બાબત પૂછ્યું. વયસ્ક વ્યક્તિએ ઑફર કરી કે 'જો કંઈપણ તકલીફ હોય તો મારા ઘરે તમારું સ્વાગત છે.' જુનિયરે પણ ટેકો આપ્યો. 'હું તો ફક્કડરામ છું. અમદાવાદ ઘરબાર જેવું છે નહિ, પણ અજાણ્યા શહેરમાં મારા મિત્રનું આમંત્રણ તમે સ્વીકારી શકો.' અમે ખૂબ ખૂબ આભાર માન્યો. અમારી વ્યવસ્થા થયેલ હતી એટલે એવી જરૂર ન પડી.

મુસાફરીના અંતમાં જ્યારે ટ્રેન પ્લેટફોર્મ ઉપર આવી રહી હતી ત્યારે અચાનક મને ખ્યાલ આવ્યો કે તેઓનાં નામ તો યાદ રહ્યાં જ નથી. જેઓએ જાતે અગવડ વેઠીને અમારી આટલી મદદ કરી, તેઓનાં નામ તો જાણવાં જ જોઈએ. જલદીમાં મેં મારી ડાયરી કાઢી અને નામો આપવા તેઓને વિનંતી કરી. નામો મેં ડાયરીમાં લખ્યાં : (૧) શંકરસિંહ વાઘેલા, (૨) નરેન્દ્ર મોદી.

*(અંગ્રેજી ઉપરથી અનુવાદ : મગનલાલ સંઘવી)*

*ફોન : (૦૭૯) ૨૬૮૭૧૯૨૫*

પ્રાસંગિક

# આંતરરાષ્ટ્રીય ભૂમિ વર્ષ

• સંજય પી. ઠાકર •

*'સ્વસ્થ જીવન માટે સ્વસ્થ ભૂમિ' સૂત્ર સાથે સંયુક્ત રાષ્ટ્રો (યુએન) ની સામાન્ય સભાના ૬૮મા સત્રમાં આંતરરાષ્ટ્રીય ભૂમિ વર્ષ તરીકે ઊજવવાનું જાહેર કરાયું છે. ખાદ્ય સુરક્ષા, કૃષિ, આબોહવા પરિવર્તન શમન, ગરીબી નાબૂદી અને ટકાઉ વિકાસ માટે ભૂમિના મહત્ત્વની વિશ્વવ્યાપી જાગૃતિ આણવાનો આ વિશેષ વર્ષનો ઉદ્દેશ છે...!*

સંયુક્ત રાષ્ટ્રો (યુએન) ની સામાન્ય સભાના ૬૮મા સત્રમાં ૨૦મી ડિસેમ્બર, ૨૦૧૩ના પાંચમી ડિસેમ્બરને 'વિશ્વ ભૂમિ દિવસ' તરીકે પસંદ કર્યા પછી ૨૦૧૫ના વર્ષને આંતરરાષ્ટ્રીય ભૂમિ વર્ષ તરીકે જાહેર કરાયું છે. 'સ્વસ્થ જીવન માટે સ્વસ્થ ભૂમિ' સૂત્ર સાથે આ વર્ષ ઉજવાઈ રહ્યું છે.

આ વિશેષ વર્ષનો ઉદ્દેશ એ છે કે, ખાદ્ય સુરક્ષા, કૃષિ, આબોહવા પરિવર્તન શમન, ગરીબી નાબૂદી અને ટકાઉ વિકાસ માટે ભૂમિના મહત્ત્વની વિશ્વવ્યાપી જાગૃતિ આણવી. સમગ્ર વિશ્વનાં કૃષિ અને પર્યાવરણીય સંગઠનો આ ખાસ વર્ષમાં સ્થાનિક કાર્યક્રમોનું આયોજન કરી પોતાનો સહયોગ આપે છે. આ વર્ષની ઉજવણી માટે અમલીકરણ માટે યુએનએ પોતાના સંગઠન ધ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (ફાઓ : ખાદ્ય અને કૃષિ સંગઠન)ને જવાબદારી સોંપી છે. 'ફાઓ' આ વર્ષમાં વૈશ્વિક ભૂમિ ભાગીદારીના માળખાની મર્યાદામાં રહીને જુદી જુદી સરકારો અને યુએનના મુખ્યાલય સાથે રહીને રણવિસ્તરણ - ઉજ્જડ થતી જમીનનો સામનો કરશે.

ખાદ્ય સુરક્ષા અને અનિવાર્ય ઈકોસિસ્ટમ કાર્યક્રમો માટે જાગૃતિ વધારવી અને જમીનના મહત્ત્વની સમજણ ઊભી કરવાનો આ વર્ષનો ઉદ્દેશ છે. સ્વસ્થ ભૂમિ વગર પૃથ્વી પરનું જીવન તકલાદી બની રહે છે. ભૂમિ એ ખેતીનો પાયો છે. તે આપણને અતિ આવશ્યક ઈકોસિસ્ટમ સેવાઓ પૂરી પાડે છે અને ખોરાક, ચરિયાણ, તાર (રેસા) અને તબીબી પેદાશોનો પાયો બનવા સાથે માનવની સુખાકારી માટે મહત્ત્વ ધરાવે છે.

ભૂમિ એ સેન્દ્રિય દ્રવ્ય (ઓર્ગેનિક કાર્બન) નો મોટામાં મોટો ભંડાર છે, કે જે આબોહવા પરિવર્તનને હળવું અને અનુકૂળ બનાવવા આવશ્યક છે. જમીન એ જળ અછતના યુગમાં તેના ઉચિત સંગ્રહ અને વિતરણમાં અતિ મહત્ત્વ ધરાવે છે. જો કે, ભૂમિ અવનતિ એ વિશ્વના સઘળા ભાગોમાં ઝડપથી વધતી જતી સમસ્યા છે. વિશ્વની ૩૩ ટકા જેટલી ભૂમિ અગાઉથી જ શહેરીકરણને લીધે પતિત થઈ ચૂકી છે. ભૂમિ ધોવાણ, પોષક તત્ત્વોનો ઘટાડો, ખારાશ, એસિડીકરણ અને પ્રદૂષીકરણ એ વધારાના ભય છે. વિશ્વને ઘણો લાંબો સમય જીવંત રાખવા ભૂમિ નિશ્ચિત છે પણ ભૂમિ એ કુદરતી સ્રોત છે, તે સરળતાથી નવેસરથી બનતી નથી. ટકાઉ ભૂમિ વ્યવસ્થાપન એ બધા માટે અગ્રતાક્રમે રહેલી બાબત બનવી જોઈએ.

'ફાઓ'નો વિશ્વ ભૂમિ દસ્તાવેજ પુનઃસ્થાપન અને સુધારણા માટે સશક્ત અને પોસાય તેવા વિકલ્પ તરીકે ટકાઉ ભૂમિ પ્રબંધમાં પ્રોત્સાહિત રોકાણ કરવા સંખ્યાબંધ મુખ્ય પગલાંઓ સૂચવે છે. મહત્ત્વના તેમ છતાં ભલાયેલા સ્રોત ભમિની વધમાં વધ સુરક્ષા માટે વચનબદ્ધ બનવા વિશેષ વર્ષ અનુરોધ કરે છે. સ્વસ્થ જીવન સ્વસ્થ જમીન વગર શક્ય નથી.

આ વર્ષના વિશિષ્ટ હેતુઓ રહેલા છે. જેમ કે, માનવ જીવન માટે ભૂમિ ગહન મહત્ત્વ ધરાવે છે, તે વિશે નાગરિક સમાજ અને નિર્ણય લેનારાઓમાં પૂર્ણપણે જાગૃતિ પેદા કરવી. ખાદ્ય સુરક્ષા, આબોહવા પરિવર્તન અનુકૂલન અને ઉપશમન, જરૂરી ઈકોસિસ્ટમ સેવાઓ, ગરીબી નિમૂર્લન અને ટકાઉ વિકાસમાં નિર્ણાયક ભૂમિકા ભજવતી ભૂમિ વિશે લોકોને શિક્ષિત કરવા, ટકાઉ વ્યવસ્થાપન અને જમીન સ્રોતોની સુરક્ષા માટે અસરકારક નીતિઓ અને કાર્યોને ટેકો આપવો, વિવિધ જમીન વપરાશકાર અને લોકજૂથો માટે સ્વસ્થ ભૂમિના વિકાસ અને તેની જાળવણી માટે ટકાઉ ભૂમિ પ્રબંધ પ્રવૃત્તિઓના રોકાણને પ્રોત્સાહન આપવું, ટકાઉ વિકાસ લક્ષ્યો અને વર્ષ ૨૦૧૫ પછીની કાર્યસૂચિ સાથે અનુસંધાન સાધી સંગીન પહેલ કરવી, વૈશ્વિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય – એમ બધા જ સ્તરે ભૂમિ માહિતી એકત્રીકરણ અને નિયંત્રણ માટેની ક્ષમતામાં ઝડપી વૃદ્ધિ કરવા કમર કસવી.

*બી/૧, પ્લોટ નં.-૧૭૨,*
*ઓધવવિલા, આઈયાનગર,*
*મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૩૦૧૫૩*
*મો. ૯૪૨૮૮૧૯૪૫૩*
*E-mail : sanjaythaker01@gmail.com*

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

વિવિધા

## અહો.... વૈચિત્ર્યમ્....!
# મૃત્યુના દેવ 'યમરાજ'નું પણ મંદિર...!

• ભરત'કુમાર' પ્રા. ઠાકર •

*બ્રહ્માજી (પુષ્કર) અને શનિદેવ (શિંગણાપુર) ની જેમ યમરાજ (મથુરા) નું પણ ભારતમાં એકમાત્ર દેવાલય આવેલું છે! અહીં યમુનાકાંઠે વિશ્રામઘાટના મંદિરે ભાઈબીજના મેળામાં યમપૂજન અને સ્નાનનો મોટો મહિમા છે.*

ભારતમાં વારાણસી 'મંદિરોની નગરી' ગણાઈ છે તેમ ભારત પણ 'મંદિરોનો દેશ' છે. એક તો સનાતન હિન્દુ ધર્મની ભૂમિ અને તેમાં પણ કોટિ દેવદેવીઓની સંખ્યા થકી હિંદુસ્તાનમાં અત્ર-તત્ર-સર્વત્ર તમને શિવાલયો, જિનાલયો, ધર્માલયો અને દેવાલયોના દર્શન થશે. તેમાં અમુક ધર્મસ્થાનોનો સમૂહમાં જ ઉલ્લેખ થાય છે. જેમ કે ચારધામ, પાંચ પવિત્ર સરોવર-તીર્થો, બાર જ્યોતિર્લિંગો, બાવન શક્તિપીઠો, ચોસઠ જોગણી, મહાપ્રભુજીની ચોર્યાસી બેઠકો, કચ્છની પ્રખ્યાત જૈન પંચતીર્થી, મહારાષ્ટ્રમાં અષ્ટવિનાયક ગણપતિ...વગેરે.

### • એક કે બે મંદિરોના દેવ!

પણ કેટલાંક દેવસ્થાનો ભારત કે સમગ્ર વિશ્વમાં એકમાત્ર હોવાનું મનાય છે. પોતાની પુત્રી (સરસ્વતી) પાછળ કામાસક્ત થઈને દોડનાર બ્રહ્માને શાપ મળેલો કે તેની પુષ્કર (રાજસ્થાન) સિવાય ક્યાંય પૂજા નહિ થાય. તેથી પુષ્કર તીર્થનું 'બ્રહ્મામંદિર' વિશ્વનું એકમાત્ર માનવામાં આવે છે. તેવી જ રીતે જેની અઢીથી સાડા સાત વર્ષ માઠી અસર, દુર્ભાગ્ય કે કોપદૃષ્ટિનો સમય મનાય છે એવા પનોતીના દેવ શનિ મહારાજનું પણ એકમાત્ર ગણાતું મુખ્ય મંદિર શિંગણાપુર (મહારાષ્ટ્ર) માં આવેલું છે. (જો કે હવે અન્યત્ર તેમ કચ્છ જિલ્લામાં પણ ભુજ, આદિપુર અને અંજાર ખાતે 'શનૈશ્વરધામો' ઊભાં થયાં છે.)

કચ્છની ઉગમણી બન્નીના આહીરપટ્ટીમાં ધરમપુર (તા. ભુજ) નજીક આવેલ માતૃપિતૃભક્ત 'શ્રવણ કાવડિયા' નું પણ ભારતભરમાં એકમાત્ર મંદિર હોવાનું મનાય છે. એ જ પ્રમાણે વિંધ્યવાસિની માતાજીનાં દેશભરમાં ફક્ત બે-ત્રણ મંદિરો પૈકી કચ્છમાં એકમાત્ર વિઝાણ (તા. અબડાસા) ખાતે આવેલું છે.

આ ઉપરાંત ઘંટાકર્ણ મહાવીર (દાદાવાડી, ભુજ) મહર્ષિ અત્રિ - સતી અનસૂયા (જિયાપર, તા. નખત્રાણા) અને ત્રિપુરાસુંદરી (દયાપર, તા. લખપત) નાં મંદિરો પણ સમગ્ર કચ્છમાં એક-એક છે. તે રીતે કચ્છમાં નૃસિંહ ભગવાનનાં પણ માત્ર ત્રણ મંદિરો ભુજ, અંજાર અને મુંદ્રા ખાતે આવેલાં છે.

### • યમુના કિનારે બેસણાં :

આટલી માંડણી પછી હવે વાત કરીએ આ લેખના નાયક-દેવની. ઉક્ત બે દેવોની માફક યમરાજ (કે ધર્મરાજ) નું પણ એકમાત્ર ગણાતું મંદિર મથુરા (ઉત્તરપ્રદેશ) માં આવેલું છે. જે ભારત જ નહિ, પૂરી દુનિયામાં પણ ક્યાંય નથી. માનવીને જેનું નામ સાંભળતાં ભય લાગે છે એવા શનિ પછી બીજા દેવ એટલે યમરાજ! તેઓ 'મૃત્યુ' ના દેવતા હોવાથી એમનું મંદિર કોણ બનાવે અને કોણ એમની પૂજા કરે?

જેમ આ તીર્થોનાં નામો 'બદ્રી-કેદાર' અને 'ગંગોત્રી-યમુનોત્રી' એમ જોડીમાં બોલાય છે તેમ ઉત્તર ભારતની વિખ્યાત તીર્થત્રયી 'ગોકુલ-મથુરા-વૃંદાવન' પૈકીની મથુરા નગરી તો ત્રણે લોકથી નિરાળી છે. અહીં યમુના નદીના કાંઠે વિશ્રામઘાટ પર 'યમરાજ' બિરાજમાન થયા છે!

તે પણ એકલા નહિ, પોતાની બહેન યમી અર્થાત્ યમુના સાથે. અહીંના 'યમમંદિર'નો ઇતિહાસ અને તેની પ્રતિષ્ઠા પણ એટલી રોચક અને ગરિમાપૂર્ણ છે કે લોકો શ્રદ્ધા અને કૌતુકભર્યા રોમાંચ સાથે આ મંદિરે જઈ મૃત્યુદેવ યમરાજાના દર્શન કરી પોતાને ધન્ય માને છે.

### • કર્મોના ન્યાયકર્તા 'ધર્મરાજ' :

ભારતીય સંસ્કૃતિમાં યમ જેવા યમને પણ દેવ ગણવામાં આવ્યા છે. તે માત્ર મૃત્યુના પ્રતીક નથી. એ અજ્ઞાનતા, અંધકાર અને અદિવ્ય તત્ત્વો સામે લડીને તેમને દિવ્યતા તરફ અભિમુખ કરનારું તત્ત્વ છે. તેનું બીજું સ્વરૂપ 'ધર્મરાજ' નું છે.

હિન્દુ ધર્મમાં એવી માન્યતા છે કે મરણ પછી તેઓ મૃતકનાં શુભાશુભ કર્મોનો ધર્મપૂર્વક (ન્યાય પુરઃસર) વિચાર કરીને તેને સ્વર્ગ કે નરકમાં સ્થાન આપે છે. ધર્માનુસાર ન્યાય તોળવાના એમના કાર્યના કારણે જ એમને 'ધર્મરાજ' તરીકે ઓળખવામાં આવ્યા છે. તો, એમને દક્ષિણ દિશાના દિગપાળ (રક્ષક) અને મૃત્યુના દેવતા પણ કહેવામાં આવ્યા છે.

યમ અને યમી વૈદિકકાળમાં દેવતા, ઋષિ અને મંત્રકર્તા મનાતા હતા. ત્યારે 'યમ'નો મૃત્યુ સાથે કોઈ સંબંધ ન હતો, પરંતુ એમને પિતૃઓ (મૃત્યુ પામેલા લોકો) ના અધિપતિ ગણવામાં આવતા હતા. આજે પણ એમનો એક અલગ 'યમલોક' માનવામાં આવે છે, જેનું ત્યાંનાં અનેક પ્રકારનાં નરકો સહિતનું વિસ્તૃત વર્ણન 'ગરુડ પુરાણ'માં મળે છે.

### • સૂર્યપુત્ર અને શનિબંધુ :

પૌરાણિક માન્યતા અનુસાર તેઓ જગતની ભૌતિક સાધન સંપત્તિઓના નિર્માતા વિશ્વકર્માની પુત્રી સંજ્ઞાદેવી અને ભગવાન સૂર્યનારાયણના પુત્ર છે. 'માર્કન્ડેય

પુરાણ' માં વર્ણન મળે છે કે એકવાર સંજ્ઞાએ પતિ સૂર્યના તેજને સહન ન કરી શકતાં ભયથી આંખો બંધ કરી દીધી. (તેઓ છાયા બનીને રહેવા લાગ્યાં તેથી 'છાયાદેવી' તરીકે પણ ઓળખાયાં છે.)

આ કારણે સૂર્યે શાપ આપેલો કે તેનો થનાર પુત્ર બધાનુ 'સંયમન' (નિયંત્રણ કે નિગ્રહ) કરનારો થશે. આમ, આ શ્રાપના લીધે યમરાજ બધાના 'પ્રાણ' હરે છે. યમ અને યમુના ઉપરાંત છાયા થકી તાપી, શનિ અને અશ્વિનીકુમારોનો જન્મ પણ થયેલો.

યમરાજનો રંગ 'લીલો' દર્શાવવામાં આવે છે. તેઓ લાલ વસ્ત્રો ધારણ કરે છે. એમનું વાહન 'પાડો' છે. એમના મુનશી (લહિયા) નું નામ 'ચિત્રગુપ્ત' છે, જે 'અગ્રસંધાની' નામક ચોપડામાં પાપપુણ્યનો હિસાબ રાખે છે. એમની નગરીને 'યમપુરી', એમના રાજમહેલને 'કાલીત્રી' અને જે સિંહાસન પર બેસીને ન્યાય કરે છે તેને 'વિચાર - ભૂ' કહેવાયું છે. એમના 'મહાચંડ' અને 'કાળપુરુષ' નામે બે અંગરક્ષકો, 'વૈધ્યત' નામક દ્વારપાળ (ચપરાશી) તથા અનેક અનુચરો 'યમદૂત' તરીકે ઓળખાય છે.

- **યમ સંબંધિત પુરાણકથાઓ :**

યમરાજ સાથે સંબંધ અને સંદર્ભ ધરાવતી કેટલીક પૈરાણિક કથાઓ પણ પ્રચલિત છે. બાળક નચિકેતા સાક્ષાત્ યમરાજ પાસેથી અગ્નિવિદ્યા, આત્મજ્ઞાન અને વિશેષ તો મૃત્યુનું રહસ્ય જાણી લાવ્યાની કથા જાણીતી છે. તો, યમરાજ પાસેથી પતિ સત્યવાનને છોડાવનાર સતી સાવિત્રીની આખ્યાયિકા પણ સૌએ વાંચી - જાણી હશે.

વિક્રમ સંવત્સરમાં ભાઈ-બહેનના સંબંધોને લગતા ચાર તહેવારો આવે છે : બાલિકાવ્રત (પોષી પૂનમ), વીરપસલી (શ્રાવણનો પહેલો રવિવાર), રક્ષાબંધન (શ્રાવણી પૂનમ) અને ચોથો તે ભાઈબીજ (કારતક સુદ બીજ). દીપોત્સવીનાં પંચપર્વોની પૂર્ણાહુતિ જ 'ભાઈબીજ' ના તહેવારથી થાય છે. ભાઈ-બહેન વચ્ચેના નિર્મળ અને નિર્વ્યાજ સ્નેહનું તે પ્રતીક છે.

યમરાજ અને તેની બહેન યમુનાની કથા સાથે જોડાયેલો આ તહેવાર 'યમદ્વિતીયા'ના નામે પણ ઓળખાય છે. 'સ્કંદપુરાણ'ની કથા અનુસાર આ દિવસે યમુનાએ ભાઈ યમરાજનો આદર-સત્કાર કરી પ્રેમથી ભોજન કરાવેલું અને જગતના દરેક ભાઈનું કલ્યાણ વાંછેલું. ત્યારથી 'ભાઈબીજ'ના દિવસે બહેનના ઘેર ભાઈ જમવા જાય એવી પ્રણાલી પડી છે.

- **'યમપૂજન'નું પણ મહત્ત્વ :**

ભાઈબીજના તહેવારે કેટલાક વેપારીઓ કલમ-ખડિયાની પૂજા દ્વારા ચિત્રગુપ્તનું પૂજન કરે છે. 'ગરુડ પુરાણ' અનુસાર ચિત્રગુપ્તની ગણના પણ ચૌદ યમરાજમાં થતી હોવાથી આ દિવસે તેની પૂજા કરવાનું માહાત્મ્ય છે. તો નેપાળમાં ભાઈબીજના દિવસે ગૌપૂજા સાથે યમદૂત કાગડાની અને યમદ્વાર - રક્ષક કૂતરાની પણ પૂજા કરવામાં આવે છે. મહારાષ્ટ્રમાં શાલિવાહન શક વર્ષારંભના તહેવાર 'ગુડી પડવા' (ચૈત્રી સુદ એકમ) ના મરાઠી લોકો સરસ્વતી, વિષ્ણુ અને બ્રહ્મા સાથે યમદેવતાનું પણ પૂજન કરે છે.

યમરાજનું વિધિવિધાન અનુસાર પૂજન-અર્ચન કરી સંતૃપ્ત કર્યા હોય તો તે સાધકને ફળે છે. વધુમાં, 'સ્કંદપુરાણ'માં ચાર માસની ચાર બીજની તિથિઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં શ્રાવણ (કલુષા બીજ), ભાદરવો (નિર્મલા બીજ), આસો (પ્રેતસંચાર બીજ) અને કારતક (યામ્યા-યમદ્વિતીયા) નો સમાવેશ થાય છે. તેમાં યમદ્વિતીયા (ભાઈબીજ) ની તિથિએ 'યમપૂજન' નો મહિમા મોટો લેખાયો છે.

માતા છાયા રૂપે રહેવા લાગતાં અકળાયેલા યમે 'યમપુરી' નામે નગરી વસાવી અને બહેન યમુના ગોલોકમાં જતાં રહેલાં. લાંબા અંતરાલ પછી બંને ભાઈ-બહેનનો મથુરાના વિશ્રામઘાટ પર મેળાપ થયેલો. તેથી આ સ્થળનો મહિમા સવિશેષ છે. ભાઈબીજના પર્વ પર મથુરામાં અહીં મોટો મેળો ભરાય છે અને દૂરદૂરનાં ગામોમાંથી શ્રદ્ધાળુ ભાઈ-બહેનો યમુના નદીના આ ઘાટ પર સ્નાન કરવા આવે છે.

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર,*
*વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર, જિ. કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯ મો. ૯૪૨૭૨૨૨૩૧૫૦*
*E-mail : bharat.thaker71@yahoo.com*

## ભાગે આવેલ કામ શ્રેષ્ઠતાપૂર્વક કરો

જીવનમાં આપણા ભાગે જે કામ આવ્યું છે તે અવિરતપણે શક્ય એટલી ઉત્તમ રીતે આપણે કરવાનું છે. દરેક માણસ પાસે વ્યવસાયિક નિપુણતા ન હોઈ શકે. પ્રખર બુદ્ધિમાન વિજ્ઞાની અથવા પૂર્ણ કલાકાર તો વળી એનાથીય ઓછા હોય. મોટાભાગના તો કારખાનામાં, ખેતરમાં કે શેરીમાં કામ કરતા કામદાર જ હોય. પણ કોઈ જ કામ નાનું કે નગણ્ય નથી. માનવજાત માટે ઉપયોગી હોય તે દરેક ગામ ગૌરવપૂર્ણ છે. તેને પૂરેપૂરી ચીવટથી કરવું જોઈએ.

જો કોઈ સફાઈ કામદાર શેરીની સફાઈ કરે તો એ કામ એણે એ રીતે કરવું જોઈએ, જે રીતે માઈકેલ ઍન્જેલો ચિત્રકામ કરતો કે બીથોવન સંગીતની તર્જ બનાવતો કે શેક્સપિયર નાટક - કવિતા રચતો. તેણે સફાઈ કામ એ રીતે કરવું જોઈએ કે પૃથ્વી ઉપર માનવો અને સ્વર્ગમાંથી દેવો એનું અભિવાદન કરતાં કહે, 'અહીં એક મહાન સફાઈ કામદાર વસે છે, જે પોતાનું કામ શ્રેષ્ઠ રીતે કરે છે.'

*— માર્ટિન લ્યૂથર કિંગ, જુનિયર*
*સૌજન્ય : "સમજણના સૂર"*

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....
MRL CLEARING AND FORWARDING PVT. LTD.
(CHA No. 11/374)
MRL GROUP
13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com
Clearing, Forwarding & Shipping Agents

પ્રવાસ

# રાતની રેલ સફર

• મૂળ લેખિકા : શ્રીમતી લીના શર્મા (અંગ્રેજી ઉપરથી અનુવાદ) • અનુવાદ : મગનલાલ સંઘવી •

*શ્રીમતી લીના શર્મા આસામનાં પ્રખ્યાત લેખિકા છે. હાલ તેઓ દિલ્હી ખાતે ભારતીય રેલવેના ઈન્ફોર્મેશન સિસ્ટમ્સ સેન્ટરના જનરલ મેનેજર પદે કાર્યરત છે. આ સફરની વાત તેમણે ૧૯૯૫માં આસામના દૈનિક પત્રમાં પ્રકાશિત કરેલ. મળેલા અનુભવનું તે વખતે બહુ મહત્ત્વ ન હોતાં, તે બનાવ ત્યાંજ વંચાયો અને ભુલાઈ ગયો. બદલાયેલા સંજોગોમાં એ બનાવની વિગત તેમણે ફરીને 'રીડર્સ ડાઈજેસ્ટ'માં દોહરાવી, તે જ આ સત્યકથા.*

૧૯૯૦ના વર્ષના ભરઉનાળે મારે તથા એક સહાધ્યાયીએ રેલવેની તાલીમ અર્થે દિલ્હી જવાનું હતું. લખનૌ સુધી આવી ગયા હતા. ત્યાંથી રાતની ટ્રેનમાં પ્રથમ વર્ગનું આરક્ષણ હોવાથી કોઈ ચિંતા ન હતી. સ્ટેશન ઉપર ખબર પડી કે અમારા કોચમાં બે સાંસદ પણ સફર કરી રહ્યા હતા. અમને થયું, 'ચાલો, સારું રહેશે.' પણ કોચની અંદર જે હાલતનો સામનો કરવો પડ્યો તેની કલ્પના પણ ન હતી. કોચમાં સાંસદોના ડઝનેક માણસો વગર આરક્ષણે ઘૂસેલા હતા. થોડીવારમાં જ તેઓએ અમારી આરક્ષિત બર્થ પચાવી પાડી, અમોને નીચે, સામાન ઉપર બેસવા મજબૂર કર્યા. આખી રાત, તેઓની ઠઠ્ઠા-મશ્કરીઓનો સામનો કરતાં કરતાં ગભરાટ સાથે પસાર કરી. ગુસ્સો બહુ જ આવ્યો. ટી.ટી.ઈ.નો ક્યાંય પત્તો ન હતો, પણ આટલા જણ સામે બે યુવાન મહિલાઓએ ચુપચાપ બેસી રહેવા વગર કોઈ રસ્તો નહોતો. બંને સાંસદ પણ કોઈ રીતે મદદરૂપ ન થયા.

સવારે સહીસલામત નવી દિલ્હી પહોંચી, રાહતનો શ્વાસ લીધો પણ માનસિક રીતે બહુ દુઃખી હતા. છેવટની તાલીમ માટે બીજે જ દિવસે અમદાવાદ પહોંચવાનો કાર્યક્રમ નક્કી થયો. મારી સહયાત્રી તો એટલી ગભરાયેલી હતી કે અમદાવાદ આવવાનું જ મુલતવી રાખ્યું. મને એક અન્ય તાલીમાર્થીનો સાથ મળતાં હિંમત કરી. આરક્ષણ હતું નહીં. વેઈટિંગ ટિકિટો સાથે સ્ટેશને પહોંચી, અમે પ્રથમ વર્ગના ટી.ટી.ઈ.ને અમારી વિગત જણાવી, કંઈ બંદોબસ્ત કરી આપવા વિનંતી કરી. રેલવેના તાલીમાર્થી હોવાથી અમારી વાત સાંભળી, પ્રયત્ન કરવાનો સધિયારો આપ્યો. ત્યાં સુધી બે મહિલાઓને ક્યાં બેસાડવી? એ વિચારી અમોને પ્રથમ વર્ગના કૂપે (જેમાં બે જ બર્થ હોય છે) તરફ લઈ ગયો અને તેમાં બેસી રાહ જોવાનું કહ્યું.

મેં અંદર નજર કરી તો તેમાં પહેલેથી જ બે વ્યક્તિઓ – બંને ખાદીધારી, બેઠેલ હતી! ફરીને બે રાજકારણીઓ! મેં ગભરાટભરી નજરે ટી.ટી.ઈ. સામે જોયું. તે સમજી ગયો. તેણે ધીમેથી કહ્યું, 'આ બંનેને હું સારી રીતે જાણું છું. કાયમી મુસાફરો છે અને બહુ સાલસ અને સરળ માણસો છે. એટલે જરાય ગભરાયા વગર બેસો.' ટી.ટી.ઈ. તેઓને અમારી ભલામણ કરીને ગયો. તેઓ બંનેએ અમારો સામાન રાખવામાં મદદ કરી અને બેસવા જગા પણ કરી આપી. પ્રથમ દૃષ્ટિએ અમને થયું કે, 'ચાલો, પહેલો અનુભવ તો સારો છે!' બંનેમાં એક વયસ્ક વ્યક્તિ ૫૦થી ઉપરની અને બીજી જુનિયર, ૪૦ આસપાસ હશે એમ અનુમાન કર્યું.

ગાડી ચાલુ થયા પછી તેઓએ પોતાની ઓળખાણ ગુજરાતના કાર્યકરો તરીકે આપી અને પોતાનાં નામો જણાવ્યાં. અમે પણ આસામથી આવેલ રેલવેના તાલીમાર્થીઓ તરીકે અમારી ઓળખાણ આપી.

મારી સહયાત્રી ઈતિહાસના વિષય સાથે એમ.એ. થયેલ હતી. તેને ગઈરાતનો અનુભવ ન હતો અને થોડી વાચાળ હોઈ તેણે તેઓ સાથે વાતચીત શરૂ કરી. સામે બંને પણ રાજકીય પાર્ટીના સભ્યો હોવા સાથે સારા અભ્યાસુ હતા. મોટાભાગે ચર્ચામાં વયસ્ક વ્યક્તિ જ ભાગ લઈ રહી હતી અને જુનિયર રસપૂર્વક સાંભળતા હતા. વાતચીતમાં એક તબક્કે શ્યામાપ્રસાદ મુખરજીનો ઉલ્લેખ મારાથી થયો, જેઓ પ્રખ્યાત શિક્ષાવિદ્ અને રાજનીતિજ્ઞ હતા. શરૂમાં નહેરુ મંત્રીમંડળના સભ્ય હતા અને પાછળથી તેઓએ ભારતીય જનસંઘની સ્થાપના કરી. તેમના ૧૯૫૩માં કાશ્મીરમાં થયેલ શંકાસ્પદ મૃત્યુની વાત થઈ. આ વખતે જુનિયરે અચાનક પૂછ્યું, 'તમે શ્યામાપ્રસાદ મુખરજી વિષે ક્યાંથી જાણો?'

'તેઓ કલકત્તા યુનિવર્સિટીના ઉપકુલપતિ હતા ત્યારે મારા પિતાશ્રી પોસ્ટ ગ્રેજ્યુએટના વિદ્યાર્થી હતા અને તેઓએ મારા પિતાશ્રી માટે સ્કોલરશીપની વ્યવસ્થા કરી આપી હતી. પિતાશ્રી અક્સર તેમના વિષે વાત કરતા...' મેં કહ્યું.

અમારી સાથેની વાતચીતથી તેઓ ઉપર અમારી સારી છાપ પડી હશે એટલે વાતવાતમાં તેમણે કહી દીધું, 'તમે ગુજરાતમાં અમારી પાર્ટીમાં જોડાવ.' 'અમે ક્યાં ગુજરાતી છીએ?' અમારો જવાબ.

'તો શું થયું? તમારા જેવી પ્રતિભાશાળી વ્યક્તિઓનું અમારી પાર્ટીમાં હંમેશાં સ્વાગત છે.'

અમારો રાજકારણમાં જોડાવાનો કોઈ ઈરાદો ન હોઈ આ વાત અહીં પૂરી થઈ. પણ અમે નોંધ્યું કે જુનિયરે પહેલીવાર આટલી વાતચીત કરી હતી.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૮ ઉપર)**

દેશાટન

# રશિયા જોઈ અમે એના રસિયા થયા

• માણેક એમ. સંગોઈ •

## • રશિયાનું આકર્ષણ :

આ જુલાઈ મહિનામાં અમે વિશ્વના સૌથી મોટા દેશ રશિયા ગયા. દસ દિવસનો પ્રવાસ. પાંચ દિવસ મોસ્કો અને પાંચ દિવસ સેન્ટ પીટર્સબર્ગ. નહેરુજીના જમાનામાં રશિયાનું નામ સૌના મોઢે હતું. રશિયાના એ સમયના પ્રધાન મંત્રીઓ બુલ્ગાનીન અને ક્રુશ્ચેવની ભારતની મુલાકાતોથી આપણાં દૈનિક અખબારોને અને મેગેઝિનોને એમની છબીઓ અને માહિતીની ખૂબ સામગ્રી મળી ગયેલી. યુરી ગેગેરીને ૧૯૬૧માં પૃથ્વી પરથી રોકેટમાં બેસી અંતરિક્ષમાં યાત્રા કરી એ સાંભળવાનો અનેરો રોમાંચ હતો. રશિયાનું પોતાનું પંદર પાડોશી દેશોનું મોટું જૂથ અને એની સત્તા એટલે સોવિએત યુનિયન. ૧૯૮૯ પછી સોવિએત યુનિયનમાં જોડાયેલ ઘણાં દેશોમાં સ્વતંત્ર થવાનો જુવાળ જાગ્યો અને શરૂઆત કરી બાલ્ટિક પ્રદેશના ત્રણ દેશો — એસ્ટોનિયા, લેટવિયા અને લેથુએનીઆના વીસ લાખ લોકોએ. એમણે રાષ્ટ્ર ગીતો ગાતાં હાથમાં પ્રગટાવેલી મીણબત્તીઓ લઈને ચારસો ત્રીસ માઈલ લાંબી માનવ સાંકળ બનાવેલી. સામ્યવાદી સોવિએત યુનિયનથી આઝાદ થવા અહિંસક સત્યાગ્રહ કરેલો. આ જોવા જેવો પ્રસંગ Human Chainના નામે ઓળખાય છે. ત્યારબાદ બીજા બાર દેશો પણ સોવિએત યુનિયનથી સ્વતંત્ર થઈ ગયા. ૧૯૯૧માં ક્રિસમસને દિવસે રાજધાની મોસ્કોના ક્રેમલીનના કિલ્લામાં ફરકતો સોવિયેત યુનિયનનો ઝંડો ઊતરી ગયો અને એની જગ્યાએ રશિયાનો સફેદ, નીલા અને લાલ રંગના પટ્ટાવાળો તિરંગો ધ્વજ ફરકવા લાગ્યો. ત્યાં સામ્યવાદનો અંત આવ્યો. પ્રજાસત્તાકે પગલાં માંડ્યાં.

લાલ રંગના અમારા બ્રિટિશ પાસપોર્ટનો રુઆબ રશિયામાં ના ચાલે. આતંકવાદીઓના ભયને લીધે પરદેશી ટુરિસ્ટોને વિઝા આપવાના નિયમો સખત થઈ ગયા છે. કમ્પ્યુટર-ઓન લાઈનમાં વિઝા માટેની અરજીના બે પાનાંમાં કેટલાં દિવસ રોકાવું છે, ક્યાં ઊતરવાના છો, ક્યાં ક્યાં જવાના છો એમનું સરનામું, એ હોટેલ કે યજમાનના પત્રો, ફ્લાઈટની ટિકિટની વિગત, હેલ્થ ઇન્સ્યુરન્સની કૉપી, ક્યારે રશિયા છોડો છો કે ત્યાંથી બીજે ક્યાં આગળ જવાના છો, આ અરજી કયા રશિયન વિઝા સેન્ટરમાં આપવાના છો એની વિગત ભરવાની હોય છે. ત્યાં રહેવાના પુરાવા જેને (વિઝા સપોર્ટ લેટર) ટ્રાવેલ વાઉચરના નામે ઓળખાય છે એની કૉપી પણ હોવી જોઈએ. આ અરજીપત્રની એક પણ કોલમ અધૂરી રહી ગઈ તો બીજી વાર ફોર્મ ભરવાનું. રશિયાના પાંચથી વધુ શહેરોમાં ન જઈ શકો. આ બધી વિધિ કરી એમની વિગત અરજીપત્રમાં ઑનલાઈન ભરી એની બે કોપીઓ પ્રિન્ટ કરી અમે અમારા પાસપોર્ટ, જરૂરી ફીની રકમ અને પાસપોર્ટ સાઈઝના બે ફોટો લઈને લંડનના રશિયાના વિઝા સેન્ટરમાં ગયા. ત્યાં બેસવાની વ્યવસ્થા ઘણી સારી હતી, રાહ પણ ન જોવી પડી. અરજીના ફોર્મ ચેક કરાવવાનો વારો તુરંત આવી ગયો. ચેક કરનાર બેન બોલ્યાં, 'આમાં હોટેલના વાઉચરમાં હોટેલનો રજિસ્ટ્રેશન નંબર નથી ભર્યો. બીજું ફોર્મ ભરો, જુઓ સામેના ડેસ્કની સાથે લેડી બેઠાં છે એ તમને મદદ કરશે.' ડેસ્કવાળાં બેન પાસે ગયા એમણે ફોર્મ જોયું, હોટેલનું વાઉચર જોઈ એ બોલ્યાં, 'આ રજિસ્ટ્રેશન નંબર નવા ફોર્મમાં ભરવો પડશે. કમ્પ્યુટરને વાપરવા અને ફોર્મને પ્રિન્ટ કરવા માટે દસ પાઉન્ડની ફી ભરો.' અમે રકમ આપીને એ બેને એમના કમ્પ્યુટર પર નવું ફોર્મ ભરીને બે કોપી પ્રિન્ટ કરીને આપી. બધું ઓકે થયું એટલે ફોર્મ સાથે બીજા કાઉન્ટરે ગયા. ત્યાં ફોર્મની બરાબર વિગત જોઈ, રકમ અને પાસપોર્ટ લઈ રસીદ આપીને દસ દિવસે આપેલ રસીદ સાથે આવીને વિઝા લગાડેલ પાસપોર્ટ લઈ જવા કહ્યું. જો બાય પોસ્ટથી પાસપોર્ટ ઘરે પહોંચતા કરવા હોય તો બીજા પંદરેક પાઉન્ડ ભરવાના. અમે દસ દિવસ બાદ આપેલ તારીખે પાસપોર્ટ લેવા આવી ગયા અને એમાં રશિયાના વિઝાના લાગેલ સ્ટીકર જોઈ નિરાંત અનુભવી. વિઝા માત્ર દસ દિવસના જ હતા. એનાથી વધારે એક પણ દિવસ ત્યાં રહી ન શકાય. ભારતથી રશિયાની યાત્રા કરવાના હો તો સીધી સલાહ એ છે કે વિઝા મેળવવાની આ બધી જંજાળમાંથી બચવા માટે કુશળ વિશ્વાસપાત્ર વાજબી ફી લેનાર ટ્રાવેલ એજન્ટની મદદ લેવી ઠીક પડશે.

## • મોસ્કો માટે પ્રયાણ :

આ બધું જોતાં અમને લાગ્યું કે રશિયન સત્તા પ્રવાસનના ઉદ્યોગ માટે ઉત્તેજન નથી આપતી. એના માટેની જાહેરાતો કે સાહિત્ય સામગ્રી વિશેષ જોવામાં નથી આવતી. રશિયામાં એટલું બધું જોવાનું અને અનુભવ કરવાનું છે છતાં પણ આ રશિયા સરકારની બહારના દેશોના પ્રવાસીઓને ન બોલાવવાની નીતિથી ટ્રાવેલ કંપનીઓ ત્યાંના પ્રવાસના આયોજન માટે ઉત્સાહિત નથી. તેમ છતાં પણ રશિયા જોવાનો અમારો નિર્ધાર મજબૂત રહ્યો. એના પ્રવાસનો આનંદ માણ્યા પછી કહેવું પડશે કે ખરેખર રશિયાના અમે રસિયા થઈ ગયા. લંડનના ગેટવીક ઍરપોર્ટથી જેટ એર લાઈન્સની સવારની દસ વાગ્યાની ફ્લાઈટ લઈ ચાર કલાકની હવાઈ યાત્રા કરતાં મોસ્કોના ડોમોદેડોવો ઍરપોર્ટ સકુશલ પહોંચી ગયા. મોસ્કોનો સમય લંડનના સમય કરતાં બે કલાક આગળ (ભારત સાડા ચાર કલાક આગળ છે) એટલે ત્યાં બપોરના ચાર થયા હતા. પ્લેનથી ઊતરી પાસપોર્ટની તપાસ માટે ઈમિગ્રેશન કાઉન્ટર પર જતાં ઠીક ચાલવાનું હતું. ઠેક ઠેકાણે સિક્યુરિટીના રાઈફલધારી સિપાઈઓ હતા. ઍરપોર્ટ પર વ્યવસ્થા સારી હતી. ઈમિગ્રેશન ફોર્મ ભરવાનું હતું તે ભરીને ઈમિગ્રેશનની

લાઈનમાં લાગ્યા. કાઉન્ટર પર જલ્દી વારો આવી ગયો. ત્યાં પાસપોર્ટની અને અમારી સંપૂર્ણરીતે ચકાસણી થઈ. હાથની અને અંગૂઠાની છાપ મશીન પર જોવાણી. પાસપોર્ટ પર રશિયા આવવાની વધામણી કરતો ઠપ્પો મરાઈ ગયો. ત્યાર બાદ રજિસ્ટ્રેશન સ્લિપ મળી જેને ખૂબજ સાચવીને પાસપોર્ટ સાથે જ રાખવાની અને રશિયા છોડતી વખતે એને ઍરપોર્ટ પર પાછી આપવાની હોય છે. ત્યાંથી સિક્યોરિટીની તપાસ માટે આગળ વધ્યા. જોડા, જાકીટ, ઘડિયાળ, ખિસ્સામાંથી પેન અને ધાતુની જે કોઈ વસ્તુ હોય, કમ્પ્યુટર વગેરે એક્સ-રે મશીનમાંથી પાસ થઈ. સીક્યોરિટી વાળાએ પૂરા શરીરને હાથ લગાડી બરાબર એને સંતોષ થાય ત્યાં સુધી તપાસ કરી. એક્સ-રે મશીનમાંથી પાસ થઈ નીકળેલો અમારો બધો સામાન ભેગો કરી, જાકીટ-જોડાં પહેરી ઍરોપ્લેનમાંથી ઊતરેલ અમારી બેગોને સામાનવાળા હૉલમાં આવી બેલ્ટથી ઉતારીને બેગોને ટ્રોલી પર મૂકી એરપોર્ટના પરિસરમાં જ ચાલતાં ચાલતાં એરોએક્સપ્રેસ ટ્રેઈનના સ્ટેશને આવી ગયા. રસ્તામાં ત્રણ વાર સિક્યોરિટીની પોલીસે અમારા પાસપોર્ટ તપાસ્યા. આવી આકરી તપાસણી બીજા કોઈ દેશમાં નથી જોઈ.

## ● ઍરપોર્ટથી મોસ્કો શહેર ભણી :

ઍરોએક્સપ્રેસ ટ્રેઈનથી મોસ્કોના પાવેલેટસ્કાયા સ્ટેશને જવા માટે ટિકિટ લેવા હવે પાઉન્ડનો પાવર ન ચાલે. એના માટે તો રશિયાનો રૂબલ જ કામ આવે. લંડનથી એક પાઉંડના ચોર્યાસી રૂબલના હિસાબે રશિયામાં વાપરવા જરૂરી રકમ લાવેલા. ચાલીસ મિનિટની રેલ યાત્રા માટે પાંચસો દશ રૂબલની (એટલે કે લગભગ સાતસો રૂપિયા) ની ટિકિટ લીધી. સુખદ યાત્રા કરી મોસ્કો શહેર પહોંચ્યા. રેલવે પ્લેટફોર્મ પર જ ટેક્ષી અંકિત બેજ સાથે ટેક્ષીવાળા પેસેન્જર ગોતતા પ્લેટફોર્મ પર ઊભા હતા. બધા તમને લઈ જવા આગ્રહ કરે. મુંબઈના દાદર સ્ટેશન પર ટેક્ષીવાળા આવી જ રીતે પ્લેટફોર્મ પર દેખાય. અમને એમનો કડવો અનુભવ બે ત્રણ વાર થયેલ. અમારી હોટેલ સ્ટેશનથી પાસે હોવાથી એક ટેક્ષીવાળાને હોટેલનું નામ કહ્યું અને કાગળ પર લખેલ સરનામું બતાવ્યું. એણે એની પાછળ પાછળ આવવા માટે ઈશારો કર્યો. અમે એની સાથે અમારી પૈડાવાળી બેગ લઈ ચાલ્યા. એ અમને સ્ટેશનથી બહાર લઈ ગયો. અંગ્રેજી એ ન સમજે અને અમને ન આવડે રશિયન બોલતાં. એટલે હાથના ઈશારેથી અમારે ક્યાં જવાનું છે તે અમે પૂછ્યું. ફરી એણે સાથે ચાલવાનો ઈશારો કર્યો ને ઠેઠ બહાર રસ્તા પાસે લઈ આવ્યો ને આગળ ચાલતો જાય. અમે એની પાછળ પાછળ ફૂટપાથ પર ચાલતાં થોડે સુધી આવ્યા ત્યારે એણે દૂરથી દેખાતી અમારી હોટેલ તરફ હાથ લંબાવી એ જાણે બોલ્યો કે, લો જોઈ લો તમારી હોટેલ. પંદર માળની બ્લુ રંગની અડધા ગોળાકાર વાળી આ મેરીઓટ હોટેલને ઓન લાઈન બુક કરાવી ત્યારે લેપટોપ પર એના ફોટા જોયેલા. એટલે તેને અમે તરત જ ઓળખી લીધી. પોતાનું કામ છોડી કોઈ પણ લાલચ વગર અમને મદદ કરનાર આ ભલા ટેક્ષીવાળાનો ખૂબ ખૂબ આભાર માન્યો. મોસ્કોના ટેક્ષીવાળા સારા હોય છે એવી મનમાં છાપ પડી.

સ્ટેશનથી હોટેલ તરફ દસેક મિનિટ ચાલ્યા. ફૂટપાથ લગભગ વીસેક ફીટ પહોળી, એકદમ સપાટ. કોઈ પણ ફેરિયા કે અડચણ વિનાની, સાફ સુથરી અને સિમેન્ટ કોન્ક્રીટની જાણે નવી બનાવી હોય એવી. એના પર નાનાં પૈડાંવાળી અમારી બેગ પણ સડસડાટ ચાલી. હોટેલ પહોંચ્યા ત્યાં અમારા પાસપોર્ટ જોઈ રજિસ્ટ્રેશન થયું ને રૂમની ચાવી મળી ગઈ. હોટેલની રૂમમાં ચા-કોફી બનાવવાની સગવડ હતી. નાસ્તો કર્યો. મોસ્કોનું નળનું પાણી ઉકાળીને પીવું એવી ભલામણ થયેલી. એટલે પાણીને ઉકાળી જગમાં ઠંડું કરવા મૂક્યું. લંડન કરતાં મોસ્કો ત્રણ ડિગ્રી વધારે ગરમ હતું. એટલે રૂમમાં રાખેલી પાણીની બોટલ સાથે, બેક પેકમાં કેમેરા, ડાયરી, મેટ્રોના નકશા વગેરે લઈ લીધા. અને હા, હોટેલનું કાર્ડ પણ ખરું જ. સાંજના સાડા છ વાગ્યા હતા. એરોએક્સપ્રેસ ટ્રેઈનની ટિકટમાં એક વખત મેટ્રો ટ્રેઈનની મુસાફરી પણ કરી શકાય તેમ હતું. એટલે અમે દુનિયાભરમાં પોતાની શોભા માટે વખણાતા મોસ્કોના મેટ્રો સ્ટેશનો જોવા માટે નીકળી પડ્યા. ગુગલમાં અને મોસ્કોની યાત્રાના પુસ્તકોમાંથી નોંધ કરી રાખેલી કે કયાં કયાં સ્ટેશનો વિશેષ રૂપે કલાત્મક છે. મેટ્રો પણ એ જ પાવેલેતવાસકા સ્ટેશનથી જતી હતી.

## ● આજની સાંજ મેટ્રો સ્ટેશનોની શોભા જોવા માટે :

મોસ્કો મેટ્રોની બાર લાઈનો છે. તેમાંની એક વર્તુળમાં ચાલે એ સર્કલ લાઈન, બીજી આઠ લાઈન સર્કલના વચમાંથી નીકળે અને બહાર તરફ જાય અને બીજી નાની ત્રણ લાઈનો બહારથી જ ફરે. એટલે તમે ક્યાંક ભૂલા પડ્યા હો તો પાછા સર્કલ લાઈનના પાસેના સ્ટેશને આવીને વચમાંની જોઈતી લાઈનથી જોડાઈ જાવ. ટિકિટનો દર પચાસ રૂબલ. પછી ભલેને આ પચાસ રૂબલમાં આખો દિવસ મેટ્રો સ્ટેશનોમાંથી બહાર નીકળ્યા વગર એક પછી એક મેટ્રો બદલાવતા રહો. અમે એમ જ કર્યું. મેટ્રોના મેપ સ્ટેશનોનાં નામ બધાં રશિયન ભાષામાં. લિપિ સીરીલીક. જેના થોડા અક્ષરો અંગ્રેજી જેવા અમુક અને વળી અમુકના ઉચ્ચાર જુદા. જેવા કે અંગ્રેજીનું N તે રશિયનમાં H, S તે C એવાં તો અટપટા કે એ શીખવા અને સમજવા માટે કોર્સ કરવો પડે. રશિયન નામોની સાથે મેળ ન ખાય એવા અમારા અંગ્રેજીમાં લખેલ જોવાલાયક મેટ્રો સ્ટેશનોનાં નામો કામ આવશે એમ નહોતું લાગતું તોય હિંમત કરી નીકળી પડ્યા. સર્કલ લાઈન સરળ પડશે એટલે એ પસંદ કરી. તેમાં બેલારુસ્કાયા, કોસ્મોલ્સ્કાયા, કીએવ્સ્કાયા, પાર્ક કલ્ચરી અને પછી ગ્રીન લાઈનમાં પ્લોશ્યાદ રેવોલ્યુતસ્લી અને માયાકોવ્સ્કાયા મેટ્રો સ્ટેશનો જોયાં. આ અટપટાં નામોની પાછળ લાગે 'સ્કાયા', પણ રસ્તાઓ બધા અંડર ગ્રાઉન્ડમાં. 'સ્કાય' એટલે કે આકાશ જેવું કંઈ દેખાય જ નહીં. બહાર નીકળવાની જરૂર જ નહિ. જુદી જુદી ટનલોમાં ચાલતાં ચાલતાં દમ નીકળી ગયો. પણ આ રાજમહેલની શોભા જેવાં સ્ટેશનોને બસ જોતા જ રહી જઈએ. બધો થાક ઊતરી જાય.

પ્લોશ્યાદ રેવોલ્યુતસ્લી મેટ્રો અન્ડર ગ્રાઉન્ડ સ્ટેશન પર આવવા અને જવાના બંને પ્લેટફોર્મ અલગ અલગ છે. વચમાં લગભગ છત્રીસેક ફીટનો રસ્તો છે. એ રસ્તામાંથી પ્લેટફોર્મ જવા માટે બંને બાજુએ મનોહર કમાનવાળા વીસેક ગેટ છે. દરેક ગેટ પર સાતેક ફીટ ઊંચી ગ્રામ્ય જીવનની ઝાંખી કરાવતી પિત્તળની આબેહૂબ મૂર્તિઓ છે. એમાંની એકમાં એક સૈનિક કૂતરો લઈને ઊભો છે. એનું કુતૂહલ એવું છે કે જોનાર લોકો કૂતરાના મોઢા પર હાથ ફેરવી ફેરવીને શુકન માને છે. પરિણામે ઘસાઈ ઘસાઈને એનું મોઢું ખૂબ સોના જેવું ચમકે છે. બીજી એક મૂર્તિમાં એક ગ્રામીણ મહિલા પુસ્તક વાંચી રહી છે. આવી તો ચાલીસ વિશેષ વિષયોવાળી મજાની મૂર્તિઓનું વર્ણન ઠીક લાંબુ થઈ જાય. બેલારુસ્કાયા સ્ટેશન પરની ગાલીચાની સુંદર રંગબેરંગી ડિઝાઈનોથી શોભતી જમીન પર લગાડેલી સિરેમિક ટાઈલ્સ છે. સૌથી મનોરમ્ય સ્ટેશન તે માયાકોવ્સ્કાયા. નામ તેવા જ ગુણ. જોતાં જ માયા લગાડી દે. ત્યાં માયાકોવાસ્કી નામના રશિયન કવિની પ્રતિમા છે, એમના નામે આ સ્ટેશન. અન્ડરગ્રાઉન્ડ રસ્તાની છત ઉપર મનોહર ડિઝાઈનોવાળી ટાઈલ્સ. પ્લેટફોર્મ જતાં ગેટની વચ્ચે ઊભરેલી કળાત્મક ફ્રેમમાં પેઇન્ટિંગ કરેલાં આકર્ષક ચિત્રો. ગેટની કમાનો પણ ખૂબજ કારીગરીથી અંકિત. ક્રોપોટકી નામના આર્કિટેક્ટની યાદીમાં ક્રોપેટકિસ્કાયા સ્ટેશનની છત અને દીવાલો પર રંગીન લાઈનોવાળી આકૃતિઓ બસ જોતાં જ રહી જઈએ.

પાર્ક પોબોડી અંડર ગ્રાઉન્ડ સ્ટેશન જમીનથી ઊંડામાં ઊંડું - ચોર્યાસી મીટર એટલે કે આશરે કોઈ ઊંચી બિલ્ડિંગના વીસેક માળ જેટલું નીચે છે. એના બધા માળીને દાદરા ૭૪૦ અને એ સ્વચાલિત દાદરાની એટલે કે એસ્કલેટરની લંબાઈ ૧૨૭ મીટર. જેને નીચેથી ઉપર અને ઉપરથી નીચે આવ-જા કરવા માટે છ મિનિટ લાગે. ખૂબ પહોળી અને પાવરફુલ આંખો ન અંજાય એવી પ્રકાશ યોજનાવાળી આ ચાલતી સુરંગ પર ત્રણ મિનિટ સુધી ઊભા ઊભા આરામથી નીચેથી ઉપર પહોંચી જાવ. કમાલનું એન્જિનિયરિંગ કામ કર્યું છે. કોમ્સોમોલ્સ્કાયા મેટ્રો સ્ટેશન પણ જોયું. ત્યાં પ્લેટફોર્મના વચ્ચેના માર્ગની છત નીચે મોટાં મનોહર બત્તીઓથી ઝળહળતાં લટકતાં ઝૂમખાં, ગુલાબી રંગના સ્થંભો અને નીલા રંગની પથ્થરની દીવાલો. આનું બાંધકામ કોમ્સોમોલ નામના કારીગરોના જૂથે કરેલું. એટલે એમણે જે મહેનત કરી એના માનમાં એમનું નામ આ સ્ટેશનને અપાયું. આપણે જોયું કે આ મેટ્રો સ્ટેશનનાં નામો કવિ, લેખક અને આર્કિટેક્ટને અર્પણ કરાયાં છે. રચનાત્મક સુંદરતાની સાથે આ ભાવાત્મક સૌંદર્યની કદર કરીએ એટલી ઓછી છે. મોસ્કોનાં મેટ્રો સ્ટેશનોમાં લગભગ આખો દિવસ ગિરદી હોય છે એટલે મુસાફરોની એ ભીડમાં પણ જ્યારે પણ ત્યાંની મુલાકાત કરો ત્યારે આ વિશેષ ખાસિયતોની નોંધ જરૂર લેશો. આ સિવાય બીજાં પણ બે મેટ્રો સ્ટેશનો જોયાં અને આજની આ પ્રથમ મોસ્કોની અવિસ્મરણીય સાંજ વિતાવી મેટ્રોમાં બેસી અમારી હોટેલે પહોંચ્યા.

***E-mail : manekzaver@gmail.com***

# જ્ઞાનનો દીવો

જ્ઞાનનો દીવો પ્રગટાવો, અંધકારની ચિંતા છોડી દ્યો, કારણકે આમ પણ સામાન્ય રીતે જીવનમાં ઘણોય અંધકાર છે. તેમાં ઘણી અનીતિ છે. કેટલાક લોકો એવા અંધકારનો સ્વીકાર કરી લે છે. તેઓ પોતાની અંદર પ્રકાશ સુધી પહોંચવાની આકાંક્ષાને ક્ષીણ કરી દે છે. તેથી અંધકારનો સ્વીકાર કરવો તે જ મોટું પાપ છે. તેના દ્વારા માનવી પોતાના પ્રતિ જ અપરાધ કરે છે. એટલું જ નહીં, માણસ બીજાના પ્રત્યે જે અપરાધ કરે છે તેનાં મૂળ આ પાપમાં જ હોય છે. યાદ રાખો કે જે વ્યક્તિ પોતાના માટે આવું પાપ નથી કરતી તે બીજા કોઈ સાથે આવું પાપ નહીં કરે. પણ કેટલાક લોકો અંધકારના સ્વીકારથી બચવા માટેય તેનો અસ્વીકાર કરવા લાગતા હોય છે. તેનું જીવન સતત અંધકારનો નિષેધ કરવામાં વીતે છે. આ પણ ખોટું છે.

અંધકાર માનવાનો નથી, સ્વીકારવાનો નથી ને તેની સામે લડવાનુંય નથી! આ બેય વાત અજ્ઞાન જ છે. જે આ જાણે છે તે પ્રકાશને પ્રગટાવવાનું કામ કરે છે. અંધકાર એ પ્રકાશનો અભાવ છે. આવું જ અશુભ અને અનીતિ તથા અધર્મની બાબતમાં પણ છે. આ બધાનો નાશ કરવાનો નથી પણ નીતિનો, શુભત્વનો અને ધર્મનો દીવો કરવાનો છે. એટલું પૂરતું છે. ધર્મ આવશે તો અધર્મ જશે. અંધકાર સામે લડવું તે વિક્ષિપ્તતા છે. લડવું જ હોય તો પ્રકાશ પાથરવા માટે લડો. તો પ્રકાશની પ્રાપ્તિ થશે તે પછી અંધકાર જશે.

***– ઓશો***

***સૌજન્ય : "સંપર્ક"***

# પ્રાર્થના

કામકાજનો સમય
પ્રાર્થનાના સમય કરતા અલગ છે જ નહિ.

રસોડામાં વાસણોના ખખડાટ વચ્ચે,
કારખાનામાં મશીનોના ઘોંઘાટ વચ્ચે,
એન્જિનોની તીણી ચીસો વચ્ચે,

દર્દીઓના ઉંહકારા વચ્ચે,
અસીલોની ફરિયાદો અને
વકીલોની દલીલો વચ્ચે,



ઓજારોની અથડામણ વચ્ચે,
પૈડાંઓની કિચૂડાટ વચ્ચે,

બાળકોના રૂદન વચ્ચે અને
પ્રેક્ષકોના ઉન્માદભર્યા ચિત્કારો વચ્ચે પણ
જે અંતર્યામી સાથે સંવાદ સાધી શકે છે,
તેનું સમગ્ર જીવન એક પ્રાર્થના જ છે.

***– ભાર્ગવી દોશી***

***સૌજન્ય : "સમજણના સૂર"***

વિચાર વિમર્શ

# પ્રસન્નતાની ક્ષિતિજ

• ડૉ. મુકેશ જોષી •

કટ...કટ...કડડડ...ધમ્મ...ધબાક...રાંઢવુ (દોરડું) તૂટવાની સાથે ડોલ કૂવામાં આશરે સો ફુટ ઊંડે પાણીમાં તૂટેલા દોરડાના ટુકડા સાથે જઈ પડે છે અને ચીચૂડ...ચીચૂડ... અવાજ સાથે ધીમે ધીમે ફરતી ગરગડી અચાનક ઝડપથી ફરીને અટકી જાય છે અને શરૂ થાય છે...એક વિચાર-ચક્ર.

આજુબાજુ પાણી ભરતી પનિહારીઓ અને સવારમાં ત્યાંથી નીકળેલા બે-ત્રણ પુરુષોની મદદથી કૂવામાં પડેલી ડોલ બહાર કાઢવામાં આવે છે. 'કાલે નવું રાંઢવું લગાવી દેશું...આજે જ હરજી તાલુકે જઈને લઈ આવશે.' એ શબ્દો શાંતાને શાતા આપનારા બની રહે છે. 'નવું રાંઢવું કડક પડશે પણ એક અઠવાડિયામાં બધું ઠીક થઈ રહેશે.' એ વિચાર સાથે શાંતા શાંત ચિત્તે બીજા કામે લાગી જાય છે અને...નવું રાંઢવું મળી જતાં ફરી શરૂ થઈ જતી દિનચર્યા તેને ફરી પ્રસન્ન કરી શકે છે. એક જાતની નિરાંત અનુભવે છે શાંતા.

પ્રસન્નતા...નિરાંત...તૂટેલા રાંઢવાને બદલે નવું રાંઢવું મળતાં થતો સંતોષ. શું એનાથી પાણી ખેંચવાની રોજની માથાકૂટ મટી ખરી? ના, તો શાંતાને એવો વિચાર કેમ ન આવ્યો કે હવે કૂવામાંથી પાણી ખેંચવા પંપ જ બેસાડી દઈએ તો? કાયમી મહેનતમાંથી તો છુટકારો મળે ને? ના ...પણ શાંતાને ખરેખર આવો વિચાર આવ્યો જ નહીં. કેમ? કેમ કે એનું ગજું નહીં હોય એમ જ ને? આર્થિક ગજું...પૈસાની સગવડ. પણ...શું સપનાં જોવા માટે પણ ગજું જોઈએ? ના. તો શું કારણ હશે? કારણ એ જ કે શાંતાને મન કૂવામાંથી પાણી ખેંચવાની દૈનિક કામગીરી 'માથાકૂટ' છે જ નહીં, એ તો એના જીવનની દિનચર્યાનો એક ભાગ છે... સહર્ષ... સંતોષપૂર્વક સ્વીકારેલો.

આવાં તો ઘણાં દૃષ્ટાંતો આપણી આજુબાજુ નજર કરતાં જોવા મળે છે. જેમ કે માટીનું સુંદર લીંપણ કરતી સ્ત્રી 'માર્બોગ્રેનાઈટ' નાં સપનાં જોતી નથી. એને મત તો શ્રેષ્ઠ લીંપણ એ જ રાજીપો છે. એવી જ રીતે માટલાને સ્વચ્છ પાણીથી ગાળી ફરતું ભીનું ગળણું વીંટાળતી બાળાને 'રેફ્રિજરેટર' ની તમન્ના નથી. પિત્તળના વાસણને ઘસી ઘસીને સોના જેવાં ચમકાવતી વખતે તેને રંગીન સ્ટેઇનલેસ સ્ટીલના વાસણની ઝંખના નથી. પોતાની જૂની સાઈકલને ઘસીને કપડું મારી ચકચકિત રાખતા માણસને બી.એમ.ડબલ્યુ. કે મર્સિડીઝની ખેવના નથી. દાદાની જૂની ચાવીવાળી કાંડાની ઘડિયાળને જાતે સર્વિસ કરીને આનંદથી વાપરતા માનવીને નવી 'રાડો' કે 'ગૂકકી' બ્રાન્ડની જાહેરાત લલચાવી શકતી નથી. તળાવના લીલવાળા પાણીમાં કપડાં ધોતી સ્ત્રીને અપેક્ષા છે તો બહુ બહુ તો એક તગારું ભરીને ચોખ્ખા પાણીની. એને ફુલ્લી ઓટોમેટિક વોશિંગ મશીનની જરૂરિયાત જણાતી નથી.

બે-એક વર્ષ પહેલાં ડૉ. હાર્દિક યાજ્ઞિકની એક ટૂંકી વાર્તા રીડગુજરાતી.કોમ ઉપર વાંચી હતી. સીંગ-ચણા વેચનારો માધો રૂપિયા સાડા નવ હજાર આપીને ઝૂંપડું ખરીદે છે અને તેની પત્ની રતલી સાથે એનું આનંદ-ઉલ્લાસથી વાસ્તુ કરે છે. એક રાત એમાં રહે છે અને બીજા દિવસે સવારે તો રોડ બનાવવાનો હોવાથી ઝૂંપડું ખાલી કરવાની સરકારી નોટિસ મળે છે. અને તે વખતે ધ્રુસકે ધ્રુસકે રડતાં માધાને રતલી (લેખકના શબ્દોમાં સમજણ મૂર્તિ) કહે છે 'કંઈ વાંધો નથ... આપડે ઈ હમજવાનું કે આપણું હપનું એક વાર પૂરું તો થયું.'

આપણને કદાચ એમ લાગે કે એ તો મજબૂરીને કારણે. આર્થિક મજબૂરી, પોતાની આવક ન હોય, બચત ન હોય, આર્થિક સધ્ધરતા ન હોય તો 'દ્રાક્ષ ખોટી છે' એમ જ લાગે ને? પણ ના...કદાચ અમુક અંશે માણસનું 'ગજું' કારણભૂત હશે, પરંતુ માનવીનું મન પણ ઓછું કારણભૂત નથી. સુખની વ્યાખ્યા... પ્રસન્નતાનાં પ્રાપ્તિ સ્થાનો... માણસે માણસે બદલાય છે. માત્ર આર્થિક બાબત જ નિર્ણાયક હોત તો વિશ્વના ત્રીજા ક્રમના સૌથી ધનાઢ્ય વોરેન બફેટ (૭૭ અબજ ડોલરની સંપત્તિના માલિક) કોમ્પ્યુટર કે મોબાઈલ ન વાપરે તે માનવામાં આવે ખરું? જાતે ગાડી ચલાવે, ડ્રાઈવર ન રાખે એ બને ખરું? આ ધન કુબેરનાં વિશ્વ પ્રસિદ્ધ સુવાક્યો છે 'પ્રસન્નતા અંદરથી પ્રાપ્ત થાય છે.' 'સરળ સાદા આનંદમાંથી પ્રસન્નતા મેળવો' અને 'સાદું જીવન જીવો.' બ્રિજની રમતમાં કે પોપકોર્ન ખાવામાં પણ આનંદ મેળવતા વોરેન બફેટ કહે છે. 'અન્ય શ્રીમંત લોકો શું કરે છે એની મને પડી નથી. માત્ર બીજા પાસે ૪૦૦ ફૂટની હોડી છે એ કારણથી મારે ૪૦૫ ફૂટની હોડી જોઈતી નથી.'

અરે, આપની ખુદની જ વાત કરોને. બાળપણમાં ૧૦ પૈસાના કાતરા કે પીપરમિન્ટ જે આનંદ આપી શકતા હતા તે ફાઈવસ્ટાર હોટલનું ભોજન આપી શકે છે? માતા-પિતાએ માંડ-માંડ પ્રથમ વખત જે સાઈકલ લઈ આપી હતી અને ત્યારે જે આનંદ થયો હતો તે યાદ છે? ઘરે પહેલી વખત સુવેગા કે હીરો મેજેસ્ટિક કે લ્યૂના મોપેડ આવ્યું ત્યારે જે ઉલ્લાસ હતો તે હોન્ડા સિટી ખરીદતાં મળ્યો ખરો? 'પેન્સિલ કલર'ના બોક્ષથી ચિત્રો દોરવાની જે મજા આવતી હતી તે પછી બોર્ડ કેનવાસ અને ઓઈલ પેઈન્ટથી આવે છે ખરી? આવાં તો અસંખ્ય દૃષ્ટાંતો આપને સ્વયં યાદ આવતાં હશે. એ શું બતાવે છે? એ જ કે પ્રસન્નતાને અને આર્થિક બાબતને સાંકળો તો પણ કંઈક એવું છે જે બાકી રહી જાય છે. તો એ શું છે? આને આપણે આત્મસંતોષ કહી શકીએ? અને હા, તો

એ વૈરાગી માટે જ લાગુ પડતી બાબત છે કે સામાન્ય ગૃહસ્થ માટે પણ? શું આને જ વિતરાગ કહી શકાય? આ અંગેનું ચિંતન અને માર્ગદર્શન આપણાં પૌરાણિક વેદો, ઉપનિષદો અને શાસ્ત્રોમાં મળી શકે છે. શ્રીમદ ભગવદ્ ગીતાના બીજા અધ્યાય 'સાંખ્યયોગ' માં કહ્યું છે કે,

***રાગદ્વેષવિયુક્તૈસ્તુ વિષયાનિન્દ્રિયૈશ્ચરન્ ।***
***આત્મવશ્યૈર્વિધેયાત્મા પ્રસાદમધિગચ્છતિ ॥૬૪॥***

*'વશ અંતઃકરણવાળો (મનુષ્ય) રાગદ્વેષ રહિત અને સ્વાધીન થયેલી ઈન્દ્રિયો વડે વિષયો ભોગવે, તો તે (અંતઃકરણની) પ્રસન્નતા પામે છે.'*

***પ્રસાદે સર્વદુઃખાનાં હાનિરસ્યોપજાયતે ।***
***પ્રસન્નચેતસો હ્યાશુ બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે ॥૬૫॥***

*'(એ) પ્રસન્નતા થતાં આ સર્વ (મનુષ્ય)ના દુઃખોનો નાશ થાય છે, કેમ કે પ્રસન્ન ચિત્તવાળાની બુદ્ધિ જલ્દી સ્થિર થાય છે.'*

વળી, ત્રીજા અધ્યાયમાં તૃપ્તિ તથા સંતુષ્ટની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે

***યસ્ત્વાત્મરતિરેવ સ્યાદાત્મતૃપ્તશ્ચમાનવઃ ।***
***આત્મન્યેવ ચ સંતુષ્ટસ્તસ્ય કાર્યં ન વિદ્યતે ॥૧૭॥***

*'પરંતુ જે મનુષ્ય આત્મામાં જ પ્રીતિવાળો, આત્મામાં જ તૃપ્ત તથા આત્મામાં જ સંતુષ્ટ રહે છે, તેને (કંઈ) કરવાનું રહેતું નથી.'*

પરંતુ શું આનો અર્થ એ છે કે માણસે, ખાસ કરીને યુવાનોએ, કોઈ મહત્વાકાંક્ષા જ નહીં રાખવાની? શું સપનાં જોવાં એ ભૂલ છે? ગુનો છે? શું જીવનધોરણ સુધારવાની, શ્રેષ્ઠ બનાવવાની તમન્ના હોવી એ ખોટું છે? એક બાજુથી તો આપણે કહીએ છીએ કે 'નિશાનચૂક માફ, નહીં માફ નીચું નિશાન' અને યુવાનો માટે તો કહેવાયું છે કે, 'ઘટમાં ઘોડા થનગને ને આતમ વીંઝે પાંખ, અણ દીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ.' યુવાની, એ સમર્થતાનો પર્યાય છે. આ વયમાં કશું જ અશક્ય લાગતું નથી. તો પછી આવા આત્મસંયમનાં બંધનો કેટલા અંશે યોગ્ય છે? આવો પ્રશ્ન અને સંશય યુવાનોને થાય તે સ્વાભાવિક છે. જેમ 'બોલે તેનાં બોર વેચાય' અને 'નવ બોલ્યામાં નવ ગુણ' વિરોધાભાસી છે અને આપણને 'ખરું શું?' અને 'ખોટું શું?' ના દ્વંદ્વમાં લાવીને મૂકે છે તેમ આ પ્રશ્ન પણ આજનો, એકવીસમી સદીનો યક્ષ પ્રશ્ન છે. પરંતુ, સહેજ શાંત ચિત્તે વિચારતાં સ્પષ્ટ થશે કે આમાં '૦' અથવા '૧', 'ઑન' અથવા 'ઑફ' કે પછી 'શ્વેત' અથવા 'શ્યામ' જેવી બેમાંથી એકની પસંદગીનો પ્રશ્ન નથી પણ વાસ્તવમાં અતિ, એટલે કે 'ખૂબ વધારે' અને 'ખૂબ ઓછા'થી દૂર રહેવાની વાત છે, મધ્યમ માર્ગની વાત છે જે પૂર્ણ અર્થમાં શ્રેયસ્કર છે. શાસ્ત્રમાં એટલે જ કહ્યું છે કે, 'અતિ સર્વત્ર વર્જયેત.' અંગ્રેજીમાં પણ એક લોકપ્રિય કહેવત છે કે 'Excess of any thing is bad.'

'સ્વ' સાથેનો થોડો વાર્તાલાપ, થોડું ચિંતન આપને એ સ્પષ્ટ કરી આપશે કે કેટલું 'મોટું' સપનું આપણને નિરાંત કે પ્રસન્નતા આપી શકવા સક્ષમ છે? હા, એ ખરું કે જ્ઞાનની ભૂખ સીમિત રાખવાની આવશ્યકતા નથી. પણ જ્ઞાન મેળવીને, સમર્થતા મેળવીને, પછી ભૌતિક સુખ-સાધનો બાબતે આત્મસંયમથી વર્તવાની વાત છે. જેમ સામાવાળાને સજા આપવા સક્ષમ હોવા છતાં તમે ક્ષમા આપો તો જ તેનું મૂલ્ય ગણાય તેમ તમે હાથ લંબાવો અને પ્રાપ્ત કરી શકો એટલા સમર્થ થયા પછી પણ એ ભૌતિક સાધનોથી સંયમપૂર્વક દૂર રહેવાની આ વાત છે. વ્યક્તિથી સમષ્ટિ સુધી આ ચર્ચાને વિસ્તારીએ તો એ નિર્વિવાદ છે કે વ્યક્તિગત ધોરણે મળતું 'રાંઢવાનું સુખ' એ વૈશ્વિક કક્ષાએ દીર્ઘકાલીન વિકાસ (Sustainable Development) પ્રાપ્ત કરવાની દિશામાં ખૂબ મહત્ત્વનું બની રહે છે. ક્યારેક આ 'સામાન્ય સમજણની ક્ષિતિજ'ની બહારની વાત જણાય પરંતુ અસંખ્ય માનવીઓનો આ આત્મસંયમ, આ પ્રસન્નતા, આ નિરાંત આ વિશ્વને જીવવા જેવું બનાવી રાખે છે એમાં બે-મત નથી. એ કલ્પના કરવી કપરી નથી કે જો બધા જ લોકો માટે સુખની પરિકલ્પના એ જ ભૌતિક સાધનો હોત તો, આજે જીવન જેટલું જીવવા જેવું લાગે છે તેટલું પણ લાગત ખરું?

હકીકતમાં પરિસ્થિતિને અનુકૂળ થઈ જવાની અસાધારણ શક્તિ માનવીના મનમાં પડેલી છે, જરૂર પડે તો તેના માટે પોતાની જાતમાં જરૂરી ફેરફાર કરીને પણ. હજારો વર્ષના સમયગાળામાં થતી ઉત્ક્રાંતિ વિષે આપણે જાણીએ છીએ. પરંતુ ટૂંકા સમયગાળા દરમ્યાન પણ આ આપણે અનુભવીએ છીએ એની નોંધ નથી લેતાં એ જુદી વાત છે. દાખલા તરીકે, માણસને ઓરડામાં, પલંગ ઉપર સૂવાની આદત હોય અને સંજોગોવશાત્ ખુલ્લામાં શેતરંજી પાથરીને સૂવાનો વારો આવે તો બે-ચાર દિવસ અજાણ્યું, અધામું લાગે, નીંદર ન આવે એવું બને. પણ પછી માનવી એ પરિસ્થિતિને અનુકૂળ થઈ જાય છે. અરે, એને એ નવી જગ્યા પ્રત્યે એવો લગાવ થઈ જાય છે કે પછી એના વિના એને ગમતું નથી. માનવ મનની આ અગાધ શક્તિનો ઉપયોગ આપણાં જીવનધોરણ નક્કી કરવામાં, આપણી પ્રસન્નતાની ક્ષિતિજ નક્કી કરવામાં કરીએ તો કેવું?

આ વિચારધારાના વિરોધમાં એવી દલીલ પણ શક્ય છે કે તે માનવજાતના એકંદર વિકાસમાં બાધક બની રહે તેમ છે. પરંતુ 'વિકાસ'ની પરિભાષા શું? પુષ્કળ સમય બચાવી શકે તેવી અસંખ્ય શોધ આપણા જીવનને વધુ સુગમ બનાવવા સતત પ્રયત્નશીલ છે. પરંતુ તેમ છતાં આપણે વધુ ને વધુ પ્રમાણમાં સમયનો અભાવ અનુભવી રહ્યા છીએ. નિર્ધારિત સમયમાં નિર્ધારિત પરિણામો ન મેળવી શકવાને કારણે 'સ્ટ્રેસ' અનુભવાય છે અને સ્ટ્રેસ દૂર કરવાના આપણા પ્રયત્નો વધુ સ્ટ્રેસ ઉત્પન્ન કરે છે. અને આ સ્વરચિત વમળોમાં અટવાયેલો રહે છે આજનો માનવી. આપણા ભારતમાં ૨૦૦૮માં ૧૪ કરોડ લોકો 'હાઈપરટેન્શન'થી પીડાતા હતા અને એક અંદાજ મુજબ ૨૦૩૦ માં ૨૧.૫ કરોડ લોકો એના ભરડામાં હશે. શહેરોમાં ૨૦ થી ૪૦ ટકા અને ગ્રામવિસ્તારમાં ૧૭ થી

૨૦ ટકા લોકો હાઈપરટેન્શનથી પીડાય છે. (બ્લડપ્રેશર ૧૩૦-૯૦ થી ઉપર) ૨૦ થી ૩૦ વર્ષની ભરયુવાનીમાં 'બ્રેઈન સ્ટ્રોક' ના કિસ્સાઓ ચેતવણીરૂપ વધી રહ્યા છે.

કદાચ...આપણે કૂવેથી પાણી સીંચીને રાજી રહી શકીએ એ હવે શક્ય ન હોય તો પણ કોઈ સારું પુસ્તક, કોઈ એક વ્યક્તિ, વાજિંત્ર, કોઈ એક રમત, કોઈ એક કામ, કોઈ એક પિરિયડ, કોઈ એક લેખ, કોઈ એક ગઝલ, કોઈ એક ભજન આપણા જીવનમાં 'રાંઢવાનું સુખ' બનીને આપણને પ્રસન્ન રાખી શકે. અને એક પ્રસન્ન વ્યક્તિ જ બીજાને પ્રસન્ન રાખી શકે ને? ચાલો, આપણે જ આપણી પ્રસન્નતાની ક્ષિતિજ નક્કી કરીએ.

★ *"છે શમણાનું નભ આ સીમાઓ વિનાનું,*
*થોડું પાંખ તારી ખમે તો તું કહેજે.*
*નથી શોધવાનું હવે કાંઈ અઘરું,*
*થોડી ભાળ તારી મળે તો તું કહેજે."*

★ *"એ પછી કિલ્લા મહીં તું એકલો ફર્યા કરીશ,*
*સ્વપ્નનો કિલ્લો જરા મોટો ચણીને જોઈ જો."*

★ *"એ ભલે મીઠાં હશે, શમણાં પછી ખસશે નહી,*
*એને તું મહેમાન ગણી સત્કારવાનું છોડી દે."*

★ *"કાગળની હોડી પાર હું કરી શક્યો નહીં,*
*સાચું વજન શમણાનું હું ગણી શક્યો નહીં."*

★ *"ઝૂંપડીમાં મારી આ, છે મોકળાશ એટલી,*
*સ્વપ્નમાં ય કિલ્લા તો હું ચણી શક્યો નહીં."*

***લેખકના ગઝલ સંગ્રહ 'ક્ષણોની મહેફિલ'માંથી***

***સરદાર સરોવર નર્મદા નિગમ લિ., સચિવાલય, ગાંધીનગર.***

## જિંદગીમાં અપેક્ષા

*જિંદગી સાથે મેં એક પેનીનો સોદો કર્યો*
*એટલે જિંદગીએ મને વધારે વેતન ન આપ્યું;*

*પણ સાંજ પડ્યે મેં મારો જૂજ માલ ગણી જોયો,*
*ત્યારે મેં કરગરીને માગણી કરી.*

*જિંદગી ન્યાયી માલિક છે એટલે,*
*તમે જે માગો તે એ આપે છે,*

*પણ એકવાર તમે વેતન નક્કી કર્યું,*
*પછી તો તમારે કામ કરવું જ પડે છે.*

*મેં ઘાટી જેટલા ઓછા વેતનથી કામ કર્યું,*
*પછી અકળાઈને હું શીખ્યો,*
*કે જિંદગી પાસે જે કંઈ વેતન મેં માગ્યું હોત,*
*તે જિંદગીએ મને આપ્યું હોત.*

***– જેસી બી. રિટેવહાઈસ***

***સૌજન્ય : "સમજણના સૂર"***

## જેવા ભાવ પરઠે, તેવા ફળ મળે

એક વખત સદ્. શ્રી મુક્તાનંદ સ્વામી સંત મંડળની સાથે ગામડે - ગામડે વિચરણ કરતા હતા. એક ગામની ધર્મશાળામાં સંતો સાથે સ્વામીએ ઉતારો કર્યો. ગામમાંથી ઝોળી માગી લાવીને નદી કાંઠે આવી ગોળા વાળતા હતા ત્યારે તે ઝોળીમાં કોઈકે રોટલાના ટુકડા ભેગી સેવ નાખેલી તે ગોળા ઉપર દેખાઈ આવતી હતી. ગોળા વાળ્યા બાદ સંતો ઠાકોરજીને થાળ ધરાવી જમવા બેઠા. ત્યાં એક માણસ આવ્યો. તેણે જોયું કે આ 'સાધુ થઈને જીવડા ખાય છે.' સેવને તે જીવડા સમજ્યો. સંતોમાં અવગુણનું ચિંતન કરતો કરતો તે પોતાને ઘેર ગયો. જ્યાં ઘરે જમવા માટે બેઠો ત્યારે તેને ખોરાકમાં જીવડા દેખાયા. તેથી તે જમી શક્યો નહીં. સાંજે ફરી જમવા માટે બેઠો ત્યારે પણ અનાજ જુએ ને તેને ઉલટી થાય. આમ એક-બે દિવસ નહીં પણ પાંચ-પાંચ દિવસ વ્યતીત થઈ ગયા. પછી તેને વિચાર આવ્યો કે, પેલા નદી કાંઠે સંતો જમતા હતા તેમનો અવગુણ લીધો છે ત્યારથી મારી આ દુર્દશા થઈ છે. એમ વિચાર કરી સદ્. શ્રી મુક્તાનંદ સ્વામીના ચરણમાં જઈ લેટી પડ્યો. અશ્રુબિંદુઓથી સ્વામીશ્રીનાં ચરણો ધોઈ નાખ્યાં. સદ્. શ્રી મુક્તાનંદ સ્વામીએ તેને ધીરજ આપી કહ્યું કે, અમને સંતોને તો તમારા માટે કાંઈ દુઃખ લાગ્યું નથી. એક કામ કર, કાલે તું આવજે. સંતો જ્યારે જમતા હોય ત્યારે તું દૂર ઊભો રહી દર્શન કરજે અને સંકલ્પ કરજે કે સંતો તો ભગવદ્ પ્રસાદ આરોગે છે - અમૃત જમે છે તો તને પછી સર્વે અનાજ અમૃતમય લાગશે — ભગવદ્ પ્રસાદ લાગશે. સદ્. શ્રી મુક્તાનંદ સ્વામીની આજ્ઞા શિરોવંદ્ય કરી તે માણસ બીજા દિવસે ફરી સંતો જ્યાં જમવા માટે બેઠા હતા ત્યાં આવી ગયો. સ્વામીશ્રીનાં વચન મુજબ પોતાની દૃષ્ટિ બદલી નાખી તો તેની સૃષ્ટિ બદલાઈ ગઈ. પછી તે માણસ ઘરે જઈ જમવા લાગ્યો તો તેને એ જ અનાજ અમૃતમય દેખાવા લાગ્યું. ભગવદ્પ્રસાદરૂપ લાગવા લાગ્યું. "સ્વામિનારાયણ" "સ્વામિનારાયણ" સ્મરણ કરી તે જમવા લાગ્યો તો તેને જે જીવડાં દેખાતાં હતાં તે દૃષ્ટિ ટળી ગઈ ને શાંતિ - શાંતિ વર્તાવા લાગી. મોટા પુરુષને વિષે જેવા ભાવ પરઠીએ તેવાં ફળ મળે છે. સારું ચિંતવીએ તો સારું ફળ મળે, ખરાબ ચિંતવીએ તો ખરાબ ફળ મળે છે.

***સૌજન્ય : "અવગુણ દહો, ગુણ ગ્રહો"***

***જગતને થોડાં વીર સ્ત્રી-પુરુષોની જરૂર છે. એવી વીરતાનું આચરણ કરો, જે 'સત્ય'ને જાણવાનું સાહસ કરે, જીવનમાં તેને પ્રગટ કરવાની હિંમત દાખવે, જે મૃત્યુ સમક્ષ થરથર ધ્રૂજે નહીં, પણ તેનું અભિવાદન કરે અને મનુષ્યને પ્રતીતિ કરાવે કે એ પોતે અમર આત્મા છે અને સમગ્ર બ્રહ્માંડમાં કોઈ તેને હણી શકે નહીં, ત્યારે તમે મુક્ત થશો.***

***– સ્વામી વિવેકાનંદ***

***સૌજન્ય : 'શક્તિદાયી વિચાર'***

હૃદય મંથન

# આપવાનો આનંદ

• ડૉ. કાંતિ ગોર 'કારણ' •

શ્રીમદ રાજચંદ્ર, જેમને ગાંધીજીએ પણ પોતાના આધ્યાત્મિક ગુરુ માનેલા. ગાંધીજીએ એમના વિશે લખ્યું છે : 'જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઈને તરત જ આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય તેની જાત વેપારીની નહીં પણ શુદ્ધ જ્ઞાનીની છે.'

શ્રીમદ્ રાજચંદ્રનાં ઉપદેશ વચનો કોઈ પણ જિજ્ઞાસુને માટે પ્રેરક છે. એમણે પુષ્પમાલા રૂપે ૧૦૮ વાક્યો લખ્યાં છે. જે વાક્યો પર અનેક વ્યાખ્યાનો થયાં છે. એમણે લખેલું એક વાક્ય નોંધું છું : 'ભોગના આનંદ કરતાં ત્યાગનો આનંદ વધારે ચડિયાતો છે.'

ભોગવવા કરતાં આપવાનો જે આનંદ છે તે અનુભવ્યા વિના સમજાય તેવો નથી.

આના સંદર્ભમાં વાંચેલ ઉદાહરણ રૂપ વાર્તા આજે વાચકમિત્રોને સંભળાવવી છે.

એક નગરમાં એક કંજૂસ શ્રીમંત રહેતો હતો. ચામડી તૂટે પણ દમડી ન છૂટે તેવો. દાન આપવાની વાત તો બાજુએ રહી, કોઈને એના હક્કનું પણ ન આપે. આવો માણસ કોઈને દાન આપે એ કોઈને સંભવ જ ન લાગે.

એવું બન્યું કે શહેરમાં એક મહામારી ફાટી નીકળી. લોકો ટપોટપ મરવા લાગ્યા. એક સંત પુરુષે લોકોને રાહત આપવા માટે, મદદરૂપ થવા માટે સેવાની પ્રવૃત્તિ શરૂ કરી. અનાજ, દવાઓ વગેરે પૂરી પાડવા માટે ધનવાન લોકો પાસેથી ફાળો એકઠો કરીને લોકોને મદદરૂપ થવાનું શરૂ કર્યું. પણ ખર્ચ ઘણો વધારે હતો. પૈસાદારોનો સહયોગ જોઈએ તેવો મળતો ન હતો. પૂરતી સહાય ન મળે તો લોકોને મદદ ન કરી શકાય તેવી સ્થિતિ હતી. અને લોકોની દયનીય હાલત જોઈને એમનો જીવ બળતો હતો.

બહુ વિચાર્યા પછી એ સજ્જનને એક યુક્તિ સૂઝી આવી. એમને લાગ્યું કે એને અમલમાં મૂકવાથી એમને જોઈતી મદદ મળી રહેશે. પેલા કંજૂસ પાસે ગયા અને એને કહ્યું. 'મારું એક કામ કરો. ગરીબ નિરાધારોને મદદ કરવા મને ૧૦,૦૦૦ રૂપિયાનો એક ચેક આપો. ચિંતા ન કરો. તમારે દાન આપવાનું નથી. હું સાંજે તમને ચેક પાછો આપી દઈશ.' શેઠે તેમને પૂછ્યું, 'એક દિવસ ચેક રાખવાથી તમને શો ફાયદો થશે?' એ સજ્જને જવાબ આપ્યો. 'એ તમને હું સાંજે કહીશ.' શેઠે ૧૦,૦૦૦/- નો ચેક લખી આપ્યો.

પછી એ સજ્જન કંજૂસ શેઠે આપેલો ચેક લઈને બીજા શ્રીમંતો પાસે પહોંચ્યા અને એ ચેક બતાવ્યો. એ શ્રીમંતોને નવાઈ લાગી. તેમણે વિચાર્યું કે ખોટી પાઈ ન આપે તેવા માણસે આટલી મોટી રકમ આપી તો આપણે પણ વધારે રકમ આપવી જોઈએ.

સાંજે એ ભાઈ કંજૂસને એનો ચેક આપવા ગયા. તો કંજૂસે એ પરત લેવાની ના પાડી. એ સેવાભાવી ભાઈને નવાઈ લાગી. એમણે આગ્રહપૂર્વક એ ચેક લઈ લેવાનું કહ્યું. શેઠે જવાબ આપ્યો. 'અરે ભાઈ, તમે ચેક લઈને ગયા પછી અનેક શ્રીમંતો મારી પાસે આવ્યા અને મને ગરીબો અને જરૂરિયાતમંદને દાન આપવા માટે અભિનંદન આપ્યા. મને બહુ સારું લાગ્યું. જીવનમાં આપવાનો આનંદ આટલો બધો અદ્ભુત છે તે મને આજે જાણવા મળ્યું. ખરેખર આપવાનો આનંદ, ભોગવવાના આનંદ કરતાં હજાર ગણો મહાન છે તે મને સમજાઈ ગયું છે.' આ માર્મિક વાત ઘણું બધું કહી જાય છે.

એમનું બીજું વચનામૃત જોઈએ : 'સંસારનું રૂપ વિચિત્ર છે.'

આને સમજવા માટે એક ઉદાહરણ જોઈએ. એક સંત ભિક્ષા માટે એક ગૃહસ્થના ઘરે આવ્યા. એ દિવસે એ માણસને ત્યાં એના પિતાનું શ્રાદ્ધ હતું. એનો પિતા મરીને બળદ થયેલો અને એ માણસના ઘરના આંગણામાં બાંધેલો હતો. એની મા મરીને ફળિયામાં જ કૂતરી થયેલી. શ્રાદ્ધના દિવસે દૂધપાક કરેલો. કૂતરી બારણામાં આવીને બેઠેલી. એ કૂતરીએ દૂધપાકમાં ગરોળીને પડતી જોઈ. આ દૂધપાક ખાશે તે મરી જશે એમ માનીને તે દૂધપાક પર જઈને ઓકી. બધાએ કૂતરીને ખૂબ મારી. એની કેડ ભાંગી ગઈ. કૂતરી જેમ તેમ ઘસડાતી બળદની ગમાણમાં જઈને બેઠી. ભિક્ષા માટે આવેલા સાધુએ પોતાની જ્ઞાનદૃષ્ટિથી આ જોયું અને તે હસવા લાગ્યા. ઘરના માલિકે આ જોઈને પૂછ્યું. 'મહારાજ, શા માટે હસ્યા?' એટલે મુનિએ બધી વાત કરી કે 'તમે જે કૂતરીને મારી તે તમારી માતા હતી. અને પેલો બંધાયેલો બળદ તમારો બાપ છે. વળી તમારી સ્ત્રી તમારા જે બાળકને રમાડે છે તે તમારો પડોશી હતો અને તેને તમે એટલા માટે મારી નાખેલો કે તે તમારી પત્ની પર કુદૃષ્ટિ કરતો હતો. તે જ તમારો પુત્ર થયો છે અને તમે તેને રોજ પ્રેમથી રમાડો છો. આ બધું જોઈને મને હસવું આવ્યું.'

આ સાંભળીને એ માણસનું મન સંસાર પરથી ઊઠી ગયું અને તેણે સંન્યાસ લઈ લીધો.

આ સંસારમાં આપણે કોની સાથે કયા સંબંધમાં છીએ તે જાણતા નથી અને એ સંબંધ ક્યારે કઈ રીતે બદલાઈ જવાનો છે તે આપણને ખબર નથી. તેથી બધા સાથે સારો વ્યવહાર, સારું વર્તન કરીએ તે અનિવાર્ય છે. બીજું કંઈ આપણા હાથમાં ન હોય પણ સંસારમાં કમસે કમ બધા સાથે સારો વહેવાર રાખવાનો પ્રયત્ન તો થઈ શકે. ■

તીર્થ પટ

હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર

જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ર૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.

Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

વહી ગયેલા દિવસો

# તહેવારોની રાણી દિવાળી

• અલકા અરવિંદ સંઘવી •

વીતેલા દિવસોમાં દિવાળીની ઉજવણી ખૂબ જ હોંશે હોંશે કરતા. શરદ પૂર્ણિમાનો દિવસ જાય એટલે ઘરમાં સાફ સફાઈનું કામ ચાલે. કોઈ કોઈ વખત રંગરોગાન પણ કરાવીએ. ઘરમાં પહેલાં વાસણો, તાંબા પિત્તળ, જર્મન સિલ્વર રહેતાં. જેથી વાસણોને ખૂબ જ કાળજીપૂર્વક ઘસીને ચમકાવતાં. કામ ખૂબ જ મહેનતવાળું હતું તોય હોંશે હોંશે કરતાં અને આનંદની લાગણી અનુભવતાં. ઘરના ખૂણે ખૂણા સફાઈ કરી નાખતાં. પછી નાસ્તા બનાવવાના કામ ચાલે. પહેલાંના વખતમાં નાસ્તા ઘરે જ બનાવતાં એટલે પડોશી બહેનો એકબીજાની મદદમાં આવે અને અનુકૂળતા પ્રમાણે નાસ્તા બનાવીએ.

માંડવીની દિવાળીની ઉજવણી અલગ જ રીતે થતી. ધનતેરસના દિવસે દહેરાસરના નાના ભાઈ ભોજક મોટા મોટા શેઠિયાઓના ઘરે જાય અને છએક ફૂટ જેટલી લાંબી અને પહોળી રંગોળી સફેદ પલાળેલા ચોકથી કરવા આવે. તે વખતે એ રંગોળીને મોક્ષની બારી કહેતા. અને ઘરના બારશાખ (દરવાજાની ફ્રેમ) લાકડાની હોય, એને લક્ષ્મીજીના ફોટા ચોંટાડીને શણગારી જાય.

દિવાળીના પાંચે દિવસ વહેલી સવારમાં સુકન... સુકનની બૂમ મારતાં એક કુંભાર આવે અને સુકનમાં મીઠું આપી જાય અને પૈસા લઈ જાય. આમ તો મીઠું કોઈ લોકો હાથોહાથ એકબીજાને ન આપે પણ કુંભાર મીઠાને સુકન સ્વરૂપે હાથોહાથ આપી જાય તે અમે આનંદથી લેતાં.

ત્યારબાદ કુંભારણબેન બાળકો માટે માટીના રમકડાં અને દીવા માટે કોડિયાં આપી જાય. અમે નાનાં હતાં ત્યારે કુંભારણની ખૂબ જ રાહ જોઈ બેસતાં કેમકે ઘરગટ્ટાનાં રમકડાં હોય.

રમકડાં આપી જાય એટલે અમને તો જાણે મિલ્કત મળી ગઈ. અમે બધાં બાળકો રમકડાં રમીને ખૂબ સારી રીતે વેકેશન પસાર કરતાં. રાત્રે ઘરનાં બધાં જ સોનાના, હીરાના, મોતીના દાગીના, રૂપિયા સિક્કા વગેરેની ધનપૂજા કરતાં અને દીવડાથી ઘરના આંગણે ટોડલે દીવડા મૂકી ઝગમગાવીએ. અને વડીલો કે મોટા ભાઈ-બહેન ફટાકડા ફોડીને પ્રકાશ પર્વ ઊજવતા.

કાળી ચૌદશના લાપસી ભજિયાં જમણમાં હોય. એટલે થોડાં ભજિયા સાંજ માટે અલગથી રાખી મૂકે અને ચોવાટે ભજીયા મૂકી આવે અને કળશિયો પાણી ફરીને જાય. ચોવાટે મૂકેલા ભજિયાંની ફરતે પાણીની ધાર કરી આવે. જેથી એવી માન્યતા હતી કે ઘરમાંથી કકળાટ ટળી જાય.

દિવાળીના દિવસે પણ રોશની કરતા. અમે ગામમાં થતી રોશની જોવા જઈએ. સરસ્વતી પૂજન (લક્ષ્મી પૂજન) ઠેકઠેકાણે થતું હોય. દુકાન, વખારમાં આ પૂજન કરે જેથી હિસાબના નવા ચોપડા બેસતા વર્ષથી શરૂ કરે.

ઉપરોક્ત બધા જ દિવસોમાં ઘેર ઘેર રંગોળી, દીવડા અને શણગાર થાય જ. બધા લોકો નવાં નવાં કપડાં પહેરેલાં જોવા મળે.

ભુજની દિવાળી ઉજવણી કાંઈક અલગ હોય. ધનતેરસથી બેસતા વર્ષ સુધી સવારમાં 'ફટાકડાના બહિષ્કાર'ના નારા લગાવતાં બાળકોની પ્રભાત ફેરી ગામમાં ફરે અને જૈન વંડામાં બાળકોને પ્રભાવના તરીકે ભણવાનાં ઉપકરણો અને મીઠાઈ આપતાં.

વાણિયાવાડના ડેલામાં મામા હતા. ચારેક મામા હતા. મોટી ડેલીવાળા બધા જ લોકો મામાના શણગાર કરે. દીવડા પ્રગટાવે, દેરાસર પાસે એક મામાના પ્રાંગણમાં સાંસ્કૃતિક પ્રોગ્રામ કરતા. અમે અમારા નાનાને ત્યાં ગયા હોઈએ તો એમાં પણ અમે ભાગ લેતાં અને સુંદર ઉજવણી દિવાળીની કરતાં.

અમારા મોસાળમાં ગાયો દૂઝતી હતી. તેથી સવારમાં ગોવાળિયા દોહી જાય એટલે પહેલું દૂધ દેરાસરમાં પ્રક્ષાલ માટે આપવા જતા અને ખૂબ સંતોષ અનુભવતા.

અમારા નાનાની ગાયના શીંગડાને પણ કલર કરતાં. ઘરને ખૂબ જ શણગારતાં. રંગોળી પૂરતાં. ગોખલામાં અને ચોકમાં આંગણામાં દીવા પ્રગટાવતાં.

દિવાળીની રાત્રે શારદા પૂજન થાય. ત્યારબાદ શેરડીના સાંઠાની મશાલ બનાવી 'એરાયો મેરાયો' બોલતા બોલતા ગલીની બહારના ભાગમાં મૂકી આવતાં અથવા ગઢરાંગ પાસે મૂકી આવતાં. દિવાળીના રાત્રે અડોશ પડોશ ફળિયામાં ફટાકડા ફોડતાં અને બધા ભેગા મળી હમીરસર તળાવ પાસે ફટાકડા ફૂટતા, તે જોવા જતાં. અને ત્યાં એક મોટો ઓટલો હતો ત્યાં ખૂબ જ સૂરીલા બેન્ડ પાર્ટી વાગતી. જે આનંદમાં ખૂબ જ ઉમેરો કરતી.

બેસતા વર્ષે સવારમાં નાહી ધોઈ નવાં નવાં કપડાં પહેરી દેરાસર જતાં. અમારા મોટા વડીલોને પગે લાગતાં અને સગા સંબંધીઓને ત્યાં જઈ 'નૂતન વર્ષાભિનંદન' કહેતા અને વડીલો પણ અમારા હાથમાં એક-બે રૂપિયા ભેટમાં આપતા. આમ અમે ભેટમાં મળેલા રૂપિયાથી ખૂબ જ ખુશ થતાં.

તેના કરતા અત્યારે જો કે ધમાલ - દેખાડો વધારે જોવા મળે છે. ફટાકડા એટલું બધું પ્રદૂષણ કરે છે કે દિવાળી પ્રકાશના વર્ષ કરતાં ધુમાડાનો તહેવાર બની જાય છે. દીવડાની જગ્યાએ રંગબેરંગી ઝગારા મારતી લાઈટો જોવા મળે છે. રંગોળી પણ ખૂબ જ સુંદર જોવા મળે છે. છતાંય અંદરથી ઉમંગ જેવું ઓછું હોય છે. ખેર, પરિવર્તન એ કુદરતી નિયમ છે. ભૂતકાળની વાતો ભૂંસાતી નથી. મનમાં વાગોળવાની મજા કાંઈક ઓર છે.

*૯, વિજય એપાર્ટમેન્ટ, કૃષ્ણબાગ,*
*મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.*
*મો. ૯૪૨૬૧ ૪૧૯૫૮*

મુલાકાત

# નાણાં વગર દુનિયાની પદયાત્રા

• અંગ્રેજી ઉપરથી અનુવાદ : મગનલાલ સંઘવી •

*આ કહાણી એક રાજસ્થાની જૈન, ગાંધીવાદી શાંતિ સૈનિક, પર્યાવરણવિદ્દ, શિક્ષણશાસ્ત્રી, લેખક અને કેટલાયની પ્રેરણામૂર્તિ એવા શ્રી સતીશકુમાર (હાલ ઉંમર-૭૭)ની છે. ખાસ કરીને વર્ષ ૧૯૬૨-૬૪ દરમિયાન તેઓએ જૈન સાધુની જેમ એક મિત્ર સાથે નાણા વગર ૩ ખંડની ૧૩,૦૦૦ કિ.મી.ની કરેલ પદયાત્રા માટે પ્રખ્યાત છે. હાલ લંડન ખાતે તેઓ **RESURGENCE AND ECOLOGIST** નામના સામયિકના તંત્રીપદે કાર્યરત છે. જોકે તેઓ ક્યારેય શાળા કે કૉલેજનું પગથિયું ચડ્યા નથી!*

*૪ વર્ષની ઉંમરે પિતાનું અવસાન થયું, ત્યારથી આ નાના બાળકના મગજમાં મૃત્યુ બાબત મૂંઝવણ રહ્યા કરતી હતી. ૭ વર્ષની ઉંમરે માતા સાથે પરિવારના ગુરુ મહારાજને મળવાનું થયું ત્યારે બાળકે ગુરુજીને પૂછી જ લીધું : "મૃત્યુથી છુટકારો મળી શકે?" ગુરુ મહારાજનો જવાબ હતો : "જો કોઈ સંસારનો ત્યાગ કરીને દીક્ષા લે, સાધુ જીવન અપનાવે, તપશ્ચર્યા કરી કર્મોનો ક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કરે તો જન્મ મરણથી છુટકારો મળે."*

*અને ૭ વર્ષના બાળકે માતા પાસે જૈન દીક્ષા લેવા રજા માગી. સતીશકુમારની જીવનયાત્રાની આ શરૂઆત.*

*'રીડર્સ ડાઈજેસ્ટ'ના હાલના તંત્રી શ્રી મોહન શિવાનંદે લંડનમાં ગયા વરસે તેમની મુલાકાત લઈ તેમની ભાતીગળ જીવનયાત્રા બાબત જાણવાનો પ્રયત્ન કર્યો. તેમની વચ્ચે થયેલ પ્રશ્નોત્તરીનો સારભાગ પ્રસ્તુત છે.*

**પ્રશ્ન** : *માતાજીએ દીક્ષા લેવાની રજા આપી?*

**ઉત્તર** : ન જ આપી. 'પિતા નથી. તું પણ જઈશ તો મારું કોણ?' ત્યારબાદ મને (તે વખતે જીવલેણ ગણાતા) શીતળા નીકળ્યાં. ત્યારે માતાએ કહ્યું : 'આમાંથી તું પાર ઊતરીશ તો હું દીક્ષા લેતાં નહીં રોકું.' હું પાર ઊતર્યો અને ૯ વર્ષની વયે મેં જૈન દીક્ષા લીધી. બાદના ૯ વર્ષ જૈન સાધુની જેમ હું ખુલ્લા પગે ફર્યો. સમાજ, કુદરત, ધરતી વિષે ઘણો અનુભવ મળ્યો.

**પ્રશ્ન** : *૯ વર્ષ બાદ શું થયું?*

**ઉત્તર** : ૧૮ વર્ષની ઉંમરે મેં ગાંધીજીની આત્મકથા વાંચી અને એક નવો જ અનુભવ થયો. સમજણ પડી કે અધ્યાત્મ માત્ર સાધુ - સાધ્વીઓ પૂરતું ન હોઈ શકે. જીવનના દરેક ક્ષેત્રમાં એ લાવી શકાય. તમે જો ઇચ્છો તો સમાજને અધ્યાત્મ તરફ લઈ જઈ શકો. ગાંધીના વિચારો મને ગમી ગયા.

**પ્રશ્ન** : *તો તમે પુનર્જન્મમાં માનવાનું બંધ કર્યું?*

**ઉત્તર** : મૃત્યુ વિષેના મારા વિચારો એટલા તીવ્ર નહોતા રહ્યા. એવી માન્યતા — કે મુક્તિ મેળવવા સંસારનો ત્યાગ જરૂરી છે એનાથી મુક્ત થયો.

*આમ દીક્ષા છોડીને સતીશકુમાર ૧૯૫૫માં બોધગયા ખાતે વિનોબા ભાવેના આશ્રમમાં રહ્યા. ત્યાંથી કેરળ ગયા.*

*એ વખતે વિનોબા ભૂદાન યજ્ઞ માટે પગપાળા ફરીને જમીનધારકો પાસે જમીન વગરના ગરીબો માટે જમીનદાન માગતા હતા. આ ભૂદાન યાત્રા દરમિયાન અન્ય એક યાત્રી, શ્રી ઈ.પી. મેનનનો પરિચય થયો. તેઓ બેંગ્લોર હતા ત્યારે અખબારમાં સમાચાર વાંચ્યા કે લંડનમાં અણુશસ્ત્રો સામે વિરોધ પ્રદર્શન કરવા માટે શ્રી બર્ટ્રાન્ડ રસેલને જેલની સજા થઈ છે (રસેલ નૉબલ પ્રાઈઝ વિજેતા હતા.) આ વાંચીને બંને મિત્રોએ શાંતિ સૈનિક બનવાનું વિચારી લીધું.*

**પ્રશ્ન** : *ત્યારબાદ તમોએ શું કર્યું?*

**ઉત્તર** : દીક્ષાનાં વર્ષોમાં નાણાં વગર ખુલ્લા પગે ફર્યો હતો અને વિનોબા સાથે પણ પદયાત્રા કરી. એટલે ચાલવું એ મારા માટે રમત વાત હતી. અમે બંનેએ ભારતથી મોસ્કો, પેરિસ, લંડન થઈ વૉશિંગ્ટન — જે ચારે અણુશસ્ત્રોની રાજધાનીઓ હતી ત્યાં સુધી શાંતિ પદયાત્રા કરવાનું નક્કી કર્યું. 'ચાલતા જઈશું તો જ દુનિયાની નજર પડશે.' આ બાબત વિનોબાની સલાહ માગી. તેમની સલાહ થઈ કે પગપાળા ઉપરાંત એક પૈસો પણ સાથે રાખ્યા વગર જાઓ! અમે વિચારમાં પડી ગયા. નાણાં વગર? વિનોબા કહે, 'હા, વગર પૈસે. યુદ્ધ ભયમાંથી ઉત્પન્ન થાય છે અને શાંતિ વિશ્વાસમાંથી. તમે તમારામાં વિશ્વાસ રાખો એટલે લોકો ઉપર વિશ્વાસ આવશે. એટલે સાધુની જેમ નાણાં વગર જશો તો

ભયમુક્ત થશો, જે શાંતિ માટેનું પહેલું પગથિયું છે.' આમ, સંત વિનોબાના આશીર્વાદ સાથે ગાંધી સમાધિથી અમે યાત્રાની શરૂઆત કરી. પત્રકારોની સારી હાજરીથી સારો પ્રચાર થયો.

**પ્રશ્ન** : *લોકોના પ્રતિભાવો કેવા રહ્યા?*

**ઉત્તર** : ધાર્યા પ્રમાણે જ 'તમે સીધા ઉપરથી જ પાછા ફરશો!' વિઝા મેળવ્યા બાદ સીમા ઉપર એક બહેન રડતાં રડતાં કહે, 'સતીશ, તું પાગલ થઈ ગયો છે? પૈસા વગર અને તે પણ દુશ્મન દેશમાં? તેઓ મારા માટે નાસ્તો લાવ્યાં હતાં. મેં તેમનો આભાર માનીને કહ્યું, 'જો હું આ લઈ જાઉં તો એ માનવ પ્રત્યેનો અવિશ્વાસ કહેવાશે.' બહેન કહે, 'તું જીવતો પાછો નહીં આવે.' મારા બાળપણના મૃત્યુ વિષેના વિચારો યાદ કરતાં મેં કહ્યું, 'જો આ શાંતિ મિશનમાં મૃત્યુ મળે તો એનાથી સારું શું? આ સફરમાં ભોજન કે આશ્રય મળે તો સારું જ, ન મળે તો ઉપવાસ કરી - લાખ તારક હોટલમાં આકાશ નીચે સૂઈ જઈશું.'

**પ્રશ્ન** : *પાકિસ્તાનમાં કેવા અનુભવો થયા?*

**ઉત્તર** : અમે ઉર્દુ લખાણ સાથે પાટિયું રાખેલ હતું. પાકિસ્તાનમાં પ્રેસથી સમાચાર પહોંચી ગયા હતા કે ભારતથી બે શાંતિ સૈનિક પગપાળા અકિંચન અવસ્થામાં છેક વોશિંગ્ટન સુધી જવા નીકળ્યા છે. પાકિસ્તાનમાં પ્રવેશતાં એક મુસ્લિમ સદ્‌ગૃહસ્થ લાહોરથી ૨૫ કિ.મી. ડ્રાઈવ કરીને અમોને મળ્યા. તેઓ કહે, 'ભારત પાકિસ્તાન દુશ્મન છે એ વાત જ બકવાસ છે. આપ કૃપા કરી મારે ઘેર પધારો.' અમે અમારો થોડો જે સામાન હતો તે તેમને આપ્યો અને ચાલતા તેમના ઘેર ગયા. તેઓએ તેમના મિત્રો - સગાઓ સાથે મેળાપ કરાવ્યો. ત્યારબાદનો અનુભવ - Just wonderful! અમોએ એક માસ સુધી ૨૫ ઘરોનું આતિથ્ય માણ્યું. વિશ્વાસનો આ પહેલો અનુભવ. લોકો અમારી વાત સાંભળતા. કેટલાય અમારી સાથે પદયાત્રા પણ કરતા. ત્યાંથી ખૈબરઘાટ પસાર કરતી વખતે હથિયારબંધ પઠાણો અમારી રક્ષા કરવા સાથે ચાલ્યા!

**પ્રશ્ન** : *ત્યાં તમારે ઠંડીનો સામનો કરવો પડ્યો?*

**ઉત્તર** : અફઘાનિસ્તાનમાં ખાસ તકલીફ ન થઈ. ઈરાનમાં પ્રવેશી તહેરાન પહોંચતાં લોકોએ ગરમ કપડાં, સ્લીપિંગ બૅગ, જેકેટ વગેરે આપ્યાં. ઈરાનના શાહને અમે તેના મહેલમાં મળ્યા. તેમણે રસ્તામાં આવતી બધી જગ્યાના અમલદારોને અમારી મદદ કરવા સૂચનાઓ આપી.

**પ્રશ્ન** : *રસ્તામાં ભાષાનો, લોકો સાથે વાતચીતના પ્રશ્નો થયા હશે.*

**ઉત્તર** : આશ્ચર્ય એ વાતનું છે કે આપણે ઈચ્છીએ તો ભાષાઓ કેટલી જલદી સમજી લઈએ છીએ! મારા સાથી શ્રી મેનન મારા શિક્ષક બન્યા. રસ્તામાં ભાંગ્યું તૂટ્યું અંગ્રેજી જાણનારા મળી રહેતા હતા. મોસ્કો પહોંચતાં સુધીમાં મારું અંગ્રેજી પાકું થઈ ગયું હતું! બને ત્યાં સુધી દરેક જગ્યાની ભાષા લખેલ પાટિયાં સાથે રાખતા હતા.

**પ્રશ્ન** : *રશિયામાં કેવા અનુભવો થયા?*

**ઉત્તર** : આ પહેલાં અમે આર્મેનિયામાં એક ચાની ફેક્ટરીમાં અણુશસ્ત્રો, શસ્ત્રત્યાગ, શીતયુદ્ધ વગેરે ઉપર વાતો કરી. ત્યાં એક મહિલાએ અમને ચા પત્તીનાં ૪ પેકેટ આપ્યા. જે ૪ અણુસત્તાઓના વડાઓ ખ્રુશ્ચેવ, ફ્રાન્સના દગોલ, યુ.કે.ના પ્રધાનમંત્રી અને યુ.એસ.ના પ્રમુખને આપવા માટે હતાં. તેણે કહ્યું કે આ વડાઓને સંદેશો આપજો કે આર્મેનિયાની એક માતાએ આ '**શાંતિ ચા**' મોકલી છે. ક્યારેય પણ તેઓને અણુશસ્ત્રોનો ઉપયોગ કરવાનો વિચાર આવે ત્યારે એક કપ ચા પીવા જેટલો સમય થોભીને વિચારે. અમે ચા સ્વીકારી.

***આમ સતીશકુમાર અને મેનને સુપ્રીમ સોવિયેટના પ્રમુખને શાંતિ ચા આપી મોસ્કોથી બાયલોરશિયા, પોલેન્ડ, જર્મની, બેલ્જિયમ થઈને ફ્રાન્સ પહોંચ્યા. વચ્ચે દરેક જગાએ જાહેર સ્થળોએ અને યુનિવર્સિટીઓમાં શાંતિ સંદેશ આપ્યો. ચાલતા ચાલતા પગમાં છાલાં પણ પડ્યાં અને જૂતાં પણ મળી રહ્યાં.***

***ફ્રાન્સના પ્રમુખ દ'ગોલે અણુ અખતરા વિરોધી સંધિ ઉપર હસ્તાક્ષર ન કર્યા, એના વિરોધમાં પેરિસમાં સ્થાનિક શાંતિ ચાહકોએ કરેલ દેખાવોમાં આ બે ભારતીયોએ ભાગ લઈ ત્રણ દિવસનો જેલવાસ પણ ભોગવ્યો! ભારતીય રાજદૂતે પોલીસ અધિકારી સાથે આવી મુક્તિ અપાવી. શાંતિ ચા નું પેકેટ પ્રમુખને પહોંચાડવા કોશિશ કરવાની ખાતરી આપી, પોલીસ અધિકારીએ સ્વીકાર્યું. ત્યાંથી તેઓ બોટથી ઈંગ્લિશ ચેનલ ઓળંગી ઈંગ્લેન્ડ પહોંચ્યા. પ્રધાનમંત્રી વતી લોર્ડ ઍટલીએ તેઓનું સ્વાગત કર્યું.***

**પ્રશ્ન** : *યુ.કે.માં તમે બર્ટ્રાન્ડ રસેલને મળ્યા જ હશો.*

**ઉત્તર** : અમે અહોભાવથી તેમને મળ્યા. તેમણે કહ્યું, 'તમે આવી યાત્રાના ખબર આપ્યા ત્યારે મને થયું કે મને તો ૯૦ થયાં, તમે પહોંચો ત્યાં સુધી હું હયાત ન પણ હોઉં. પણ તમે બહુ ઝડપથી ચાલ્યા. તમોને મળીને બહુ જ આનંદ થયો.' અમારે ઘણી બાબતો ઉપર વાતો થઈ. છેલ્લે તેમણે અમેરિકા પહોંચવા માટે જરૂરી રકમની ઑફર કરી. અમે કહ્યું, 'આજ સુધી તો અમને

નાણાને અડવાની જરૂરત નથી પડી.' તેમણે અને અન્ય શાંતિ ચાહકોએ મળીને ન્યુયોર્ક જતી સ્ટીમર - ક્વીન ખેરીની ટિકિટોની વ્યવસ્થા કરી અને અમે ન્યુયોર્ક પહોંચ્યા. ત્યાંથી ચાલતા ૪૦ દિવસે વૉશિંગ્ટન પહોંચ્યા. ત્યાં પ્રમુખ જહોન્સનના પ્રતિનિધિએ અમારું સ્વાગત કર્યું. પ્રેસિડેન્ટ સ્વ. કેનેડીની કબર પાસે શ્રદ્ધાંજલિ આપી ગાંધી સમાધિથી શરૂ કરેલ આ યાત્રા અમે પૂરી કરી. ત્યાંથી અમે એટલાન્ટામાં ડૉ. માર્ટિન લ્યુથર કિંગને મળ્યા.

**પ્રશ્ન :** *ડૉ. કિંગનો પ્રતિભાવ કેવો રહ્યો?*

**ઉત્તર :** બહુ સારો. ટેબલ પાછળ ગાંધીજીની તસવીર હતી. તેમણે અફસોસ વ્યક્ત કર્યો કે કરોડો લોકોને જીવનની મુળભૂત જરૂરિયાતો નથી મળતી ત્યારે અણુશસ્ત્રો પાછળ અબજોનો ખર્ચ થાય છે, જ્યારે કોઈપણ સમજદાર શાસક અણુશસ્ત્રનો ઉપયોગ કરવાનું વિચારી જ ન શકે.

**પ્રશ્ન :** *ત્યાંથી તમે ભારત પાછા આવ્યા?*

**ઉત્તર :** ના. જાપાનના શાંતિ ચાહકોના આમંત્રણથી જાપાન ગયા. હિરોશિમા - નાગાસાકી ગયા. બૌદ્ધ સાધુઓએ અમારી સાથે પદયાત્રા કરી. ત્યાંથી સ્ટીમર દ્વારા ૧૯૬૪ સપ્ટેમ્બરમાં મુંબઈ આવ્યા. વિનોબાને મળતાં તેઓ બહુ જ ખુશ થયા. 'જુઓ, મેં કહ્યું હતું ને — નાણાં વગર યાત્રા થશે.' ખરેખર, અમોને આ એક અદ્‌ભુત અનુભવ થયો.

*ભારત પાછા ફરીને બંને ભારતભરમાં ફર્યા અને યાત્રાની વાતો કહી અને સતીશકુમારે યાત્રા વિષે પુસ્તક લખ્યું : 'બિના પૈસે દુનિયાકી પૈદલ યાત્રા.' ૧૯૬૯માં ગાંધી જન્મ શતાબ્દી નિમિત્તે સતીશકુમારને ઈંગ્લેન્ડના શાંતિચાહકો તરફથી પ્રવચન આપવાનું આમંત્રણ મળતાં તેઓ ત્યાં ગયા.*

**પ્રશ્ન :** *વર્ષોથી તમે શાંતિનો પ્રચાર કરો છો, છતાં દુનિયામાં ઘણું બધું અજુગતું બની રહ્યું છે.*

**ઉત્તર :** દુનિયામાં અનેક પરિબળો છે. એમાંનો હું હકારાત્મક પરિબળ છું. જેમાં ગાંધી, ડૉ. કિંગ, દલાઈ લામા ઉપરાંત અનેક કલાકારો, કવિઓ, સંગીતકારો, ગાયકો, નર્તકો, ખેડૂતો, સ્થપતિઓ વગેરે જેઓ આ દુનિયામાં સંવાદને જાળવવાનું કામ કરે છે તેમાંનો હું એક છું અને મારું યોગદાન યથાશક્તિ આપું છું. મારા પ્રયત્નોથી દુનિયા બદલે કે નહીં, હું તો બદલી જ રહ્યો છું.

**પ્રશ્ન :** *તમે પરણ્યા અને હાલ શાંતિ અને પર્યાવરણનું કામ કરો છો, તો જૈન દીક્ષા છોડી ગૃહસ્થ જીવનમાં ખુશ છો?*

**ઉત્તર :** સાધુજીવન છોડવાથી ખુશ છું એમ નહીં કહું. મને એ અવસ્થામાં પણ ખૂબ સરસ અનુભવો થયા. પુષ્કળ શીખવાનું મળ્યું. બાદમાં વિનોબાજી સાથે કામ કરવામાં પણ ખૂબ આનંદ આવ્યો અને અદ્‌ભુત અનુભવો થયા. દુનિયાની યાત્રાએ મારામાં મોટું પરિવર્તન આણ્યું. હું સાધુ તરીકે અને એ છોડ્યા બાદ બંને વખતે ખુશ હતો. સાધુપણું છોડવાની વાતને હકારાત્મક રીતે પણ લઈ શકાય. કોઈપણ રીતે વાત આગળ વધવાની છે.

**પ્રશ્ન :** *તમારો પૂર્વાશ્રમ ધાર્મિક અને આધ્યાત્મિક હોવા છતાં તમારી વાતમાં ક્યાંય ઈશ્વર આવતો નથી. તમે ઈશ્વરમાં માનો છો?*

**ઉત્તર :** જૈન અને બૌદ્ધ — બંને ધર્મમાં પ્રચલિત અર્થમાં લેવાતા ઈશ્વરનું અસ્તિત્વ નથી. મારી વ્યાખ્યા પ્રમાણે આ સમગ્ર બ્રહ્માંડમાં Quantum Physics રૂપે જે ઊર્જા વહી રહી છે એને ઈશ્વર કહીએ તો ઠીક છે. એ રીતે આ વૃક્ષ, પથ્થર કે આપણે પી રહ્યા છીએ એ ચા માં પણ ઈશ્વર છે. બાકી ઉપર આકાશમાં ક્યાંક રહેતા બ્રહ્માંડ કે સૃષ્ટિના સર્જનહાર કે પાલનહાર એવા ઈશ્વરમાં હું માનતો નથી.

*ત્રિવેણી બંગલો, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (૦૭૯) ૨૬૮૭૧૯૨૫*

**આ જગમાં થોડા મલે!**

**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**

*— રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa**
**Electronics**
**An ISO 9001-2000 COMPANY**
**MANUFACTURERS OF**
**ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**

સમાજની ક્ષિતિજો

નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૨૦

# નર-નારીના જીવનમાં આકર્ષણનાં મહત્ત્વનાં કારણો

● સ્વામી શ્રી સચ્ચિદાનંદજી ●

સંસારનાં સુખદુ:ખનો મૂલાધાર નર-નારીના સંબંધો છે. આ સંબંધોને સુખરૂપ બનાવવા લગ્નસંસ્થા રચાઈ છે. પણ લગ્નસંસ્થાની કુરૂઢિઓએ તેને કેટલાક અંશે દુ:ખમય પણ બનાવી છે. એટલે લગ્નસંસ્થાનો જ વિરોધ (ત્યાગ) કરનારી ધારણાઓ પણ નીકળી છે, પણ તેના દ્વારા પણ નર-નારીના સંબંધો પૂર્ણ સુખરૂપ તો નથી જ થઈ શક્યા. ઊલટાનું તેમાં પ્રેમની જગ્યાએ વાસનાની પ્રધાનતા આવી ગઈ, કર્તવ્યપરાયણતાની જગ્યાએ સ્વસુખકેન્દ્રિતતા આવી ગઈ અને સૌથી મોટી હાનિ તો સ્થિર-સ્થાયી હૂંફ અને ઓથ આપનાર જીવનસાથી ખોવાઈ ગયો તેની થઈ છે. પછી બન્ને તરફના પ્રકારો નીકળવા લાગ્યા. પણ હજી સુધી શતપ્રતિશત બધાં પતિ-પત્નીઓ સુખી જ થાય તેવી કોઈ પદ્ધતિ પ્રગટી નથી. એટલે હવે સૌના માટે આ બધી વિભિન્ન પદ્ધતિઓમાંથી વધુ સુખદાયી અને ઓછી દુ:ખદાયી હોય તેવી પદ્ધતિને ધોરીમાર્ગ બનાવવો હિતકારી લાગે છે. એ પદ્ધતિ છે 'લગ્નસંસ્થા'નો અને તેની મર્યાદાઓનો સ્વીકાર.

કેટલાંક લોકો 'લગ્ન જ નથી કરવું' એવું માનીને જીવનભર કુંવારાં રહે છે. મારી સમજણ પ્રમાણે આટલાં માણસોએ લગ્ન ન કરવાં જોઈએ : (૧) પુરુષાર્થ વિનાના પુરુષોએ અને વંતરી સ્ત્રીઓએ (વંતરી એટલે નપુંસક સ્ત્રી), (૨) ચેપી રોગવાળાં નર-નારીએ, (૩) જે એકબીજામાં ભળી જ ન શકે તેવાં 'ઈગો' વાળાં માણસોએ. (૪) જેનામાં રળવા-કમાવાની વૃત્તિ કે ક્ષમતા જ ન હોય તેવા પુરુષોએ. (૫) ચીડિયા અને વહેમીલા સ્વભાવવાળાએ. (૬) જેને ધાર્મિક, સામાજિક કે બીજા કોઈ પણ ક્ષેત્રમાં મહત્ત્વનાં કાર્યો કરવાં હોય અને તેથી એકબીજાને પૂરતો સમય આપી શકાય તેમ ન હોય તેમણે.

કાંઈક કુદરતી જ એવી રચના છે કે હજારોમાં એકાદ પુરુષ અથવા એકાદ સ્ત્રી, કામસામર્થ્ય વિનાનાં જન્મે છે. એમાં પુરુષવર્ગને નપુંસક તથા સ્ત્રીવર્ગને વંતરી કહેવાય છે. આવાં નર-નારીએ લગ્ન કરવાં જોઈએ નહિ. એમને લગ્ન માટે બાધ્ય પણ કરવાં નહિ. જોકે આવાં માણસોમાં પણ કામશક્તિ ન હોવા છતાં કામવૃત્તિ તો રહે જ છે, આવાં માણસો ઘૃણાને પાત્ર નહિ પણ દયાને પાત્ર છે. એવી સ્થિતિ માટે એમનો પોતાનો કોઈ દોષ નથી. એ કુદરતના મારથી મરેલાં છે. તે સહાનુભૂતિને પાત્ર છે. જો તેમનો કોઈ ઉપચાર થઈ શકતો હોય તો કરવો જોઈએ, નહિ તો તેઓ અવિવાહિત જિંદગી જીવે એ જ યોગ્ય ગણાય.

જેમને જન્મજાત નપુંસકતા નથી પણ કુટેવોથી કે બીજા કોઈ કારણસર આવી સ્થિતિ ઉત્પન્ન થઈ હોય તેમણે યોગ્ય ઉપચાર કરાવવો જોઈએ. તેમ છતાં પણ જો સફળતા ન મળે તો અવિવાહિત રહેવું હિતાવહ છે. પત્નીના દુશ્ચરિત્રનું જ્ઞાન થવાથી પણ પતિની કામશક્તિ મંદ પડી જાય કે સમાપ્ત પણ થઈ શકે છે. કારણકે પત્નીની ચરિત્રહીનતાથી તેના પ્રત્યે ભારે ઘૃણા થઈ જાય છે, જેથી તેના સ્પર્શ-દર્શન વગેરેથી મન ઘૃણાથી ભરાઈ જાય છે. પત્નીનું આકર્ષણ એ જ પુરુષની શક્તિ છે. જો આકર્ષણની જગ્યાએ ઘૃણા થઈ આવે તો તેને ઉત્તેજિત કરનારું બળ રહે જ નહિ; ઊલટાનું તેને ઠંડું પાડનારું બળ ટકરાય એટલે પુરુષ ઠંડો પડી જાય. આ રીતે દુશ્ચરિત્ર સ્ત્રીના દ્વારા પણ પતિમાં નપુંસકતા આવી શકે છે. એટલે ચરિત્રહીન સ્ત્રી, પોતાના લાગણીવાળા પતિને સાચા જીવતરથી મારીને મૃગજળ જેવા જીવતરને મેળવવા પ્રયત્ન કરે છે. પતિ-પત્નીનું સૌથી મોટું સહાયક બળ છે પરસ્પરનું 'આકર્ષણ'. આ આકર્ષણ જેટલું પ્રબળ તેટલો જ સંબંધ ગાઢ બની શકે છે. આકર્ષણની જગ્યાએ જો વિકર્ષણ થાય તો કદી પણ સંબંધ ગાઢ બની શકે નહિ. આકર્ષણનાં મહત્ત્વનાં કારણો આટલાં છે : (૧) રૂપ, (૨) આરોગ્ય, (૩) બળ-સામર્થ્ય, (૪) સદ્‌ગુણો, (૫) સારો સ્વભાવ, (૬) વફાદારી, (૭) સંસ્કારિતા, (૮) કુશળતા અને મધ્યમ ધાર્મિકતા.

વિકર્ષણનાં પણ એટલાં જ કારણો છે : (૧) કુરૂપતા, (૨) સતત બીમારી, (૩) દુર્બળતા - સામર્થ્યહીનતા, (૪) દુર્ગુણો, (૫) ખરાબ સ્વભાવ, (૬) બિનવફાદારી, (૭) અસંસ્કારિતા (૮) ભોટપણું-મૂર્ખતા અને અતિ ધાર્મિકતા અથવા નાસ્તિકતા.

આ બધામાં સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવે છે, વફાદારી અર્થાત્ ચરિત્ર. જો પતિ-પત્ની ચરિત્રહીન થઈને બીજા માણસોનું સેવન કરતાં થઈ જાય તો પરસ્પરમાં અનાકર્ષણ થઈ જાય. કદાચ પત્ની તો થોડુંક સહન કરી લે પણ મર્દાનગીભર્યો પુરુષ આવું સહન ન કરી શકે. જો તે ખાનદાન હોય અને ન બોલી શકે કે ન ચૂપ રહી શકે તેવી સ્થિતિ હોય અને બગડેલી સ્ત્રી સુધરવાનું નામ ન લેતી હોય તો તેવો પુરુષ નપુંસકતાનો ભોગ બની શકે છે. પાત્ર પરિવર્તનથી, તેનો રોગ કદાચ દૂર થઈ શકે છે. બને ત્યાં સુધી બન્નેમાં એકબીજા પ્રત્યે આકર્ષણોનો સરવાળો વધારવો જોઈએ.

થનગનતું આરોગ્ય હોય તો જ થનગનતું જોબન મળે છે. આરોગ્ય વિનાનાં માણસોને જોબન હોય જ નહિ, જોબન વિના તન-મન બન્નેમાં થનગનાટ રહે નહિ. એટલે સારું આરોગ્ય અને સારું જોબન આકર્ષણ બને છે, તેથી ઊલટું હોય તો વિકર્ષણ બને છે.

આવો જ બળવાન પુરુષ પ્રબળ આકર્ષણ ઊભું કરે છે. દુર્બળ, રેંજી-પેંજી, ધોલ મારો તો ગબડી પડે તેવા, ઊંડી આંખો, ચપકેલા ગાલ, હાંસડી અને પાંસળાં દેખાતાં

હોય એવા માણસો આકર્ષણ ઊભું કરી શકતા નથી. માતા-પિતાએ પોતાનાં બાળકોને હંમેશાં બળવાન બનાવવાના પ્રયત્નો કરવા જોઈએ. યોગ્ય પોષક આહાર, યોગ્ય વ્યાયામ અને રમત-ગમત દ્વારા બાળકોને બળવાન બનાવી શકાય છે. અને હા, આનુવંશિક બળ પણ બાળકોના શરીરમાં ઊતરે છે, એટલે વર-કન્યાની પસંદગીમાં તેનું બળ પણ જોવું જોઈએ. બળમાંથી જ સામર્થ્ય પ્રગટે છે. દુર્બળને વળી સામર્થ્ય કેવું? આવા દુર્બળો આધ્યાત્મિકતાના ઓઠા નીચે બ્રહ્મચારી થઈને પોતાની દુર્બળતાને ઢાંકવાનો પ્રયત્ન કરતા હોય છે. હાડપિંજર જેવું અને નમાલું અધ્યાત્મ, બળવાન સંસારીઓ કરતાં શ્રેષ્ઠ ન કહેવાય. સાચું અધ્યાત્મ બળવાનોને જ પ્રાપ્ત થઈ શકે. 'નાયમાત્મા બલહીનેન લભ્યઃ' (ઉપનિષદ). અર્થાત્ આ આત્મા બળહીનને પ્રાપ્ત થતો નથી. માણસે બળની ઉપાસના કરવી, દુર્બળતાની નહિ.

નર-નારીનાં સ્થાયી આકર્ષણોમાં મહત્ત્વનો ભાગ તેના સદ્ગુણો ભજવે છે. સદ્ગુણી પતિ અથવા પત્ની સ્થાયી આકર્ષણ ઊભું કરે છે. રૂપનું આકર્ષણ સ્થાયી નથી. દૂધ, બદામ, પિસ્તાં, કેસરથી ભરપૂર કઢેલું દૂધ હોય પણ જો તેમાં માખીઓ પડી હોય તો તેના પ્રત્યે જરાય આકર્ષણ ન રહે. આવું જ દુર્ગુણોનું છે. જો રૂપાળી વ્યક્તિમાં અનેક દુર્ગુણો હોય તો તેના પ્રત્યેનું આકર્ષણ જેમ જેમ દુર્ગુણો પ્રગટ થતા જાય તેમ તેમ ઘટતું જાય. ખાસ કરીને પત્નીમાં આવા દુર્ગુણો વિકર્ષણમાં મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે : (૧) અસત્ય વાણી, (૨) કર્કશ વાણી, (૩) અહંકારભરી તોછડાઈયુક્ત વાણી, (૪) ઉતારી પાડનારી વાણી, (૫) માયાવી વાણી, (૬) ચૌર્યવૃત્તિ, (૭) ખટપટવૃત્તિ, (૮) નિર્લજ્જવૃત્તિ, (૯) ફૂવડપણું, (૧૦) પતિના શત્રુઓ સાથે પ્રેમ કરવાની વૃત્તિ, (૧૧) અનિખાલસતા, હંમેશાં કાંઈ ને કાંઈ સંતાડવાની વૃત્તિ, (૧૨) પોતાના જ સ્વાર્થનો દૃષ્ટિકોણ, (૧૩) પતિના વિચારો અને અભિપ્રાયોથી વિરુદ્ધમાં બકબક કરતા રહેવાની વૃત્તિ આવા બધા અનેક દુર્ગુણો છે, જે પોતાના પ્રત્યે વિકર્ષણ અથવા ઘૃણા ઊભી કરાવે છે અને બન્ને એકબીજાથી દૂર ખસતાં જાય છે.

નર-નારીનો સારો સ્વભાવ પરસ્પરમાં સૌથી મોટું આકર્ષણતત્ત્વ છે. જો બેમાંથી એકનો સારો અને બીજાનો ખરાબ સ્વભાવ હોય તો સારા સ્વભાવવાળાને સહન કરવાનું થાય છે. પણ જો પત્નીનો સારો સ્વભાવ હોય તો શરૂઆતમાં તે સહન કરે છે, પણ અંતે તેનો વિજય થાય છે. સારો સ્વભાવ એ પરમાત્માની મોટામાં મોટી બક્ષિસ છે અને ખરાબ સ્વભાવ સૌથી મોટામાં મોટો શત્રુ છે.

પતિ-પત્નીના દાંપત્યને અનેક વૈતરણીઓ પાર કરાવનારું મહત્વનું તત્ત્વ છે — 'વફાદારી'; એકબીજા પ્રત્યે પૂર્ણ વફાદારી. ભલે બે વાસણો ટકરાય અને ખખડાટ કરે પણ જો વફાદારીમાં આંચ ન આવે તો ઘી પાછું ઠામમાં ને ઠામમાં પડીને બધું સારું થઈ જાય. જે પરસ્પરમાં પૂર્ણ વફાદાર રહે છે, તે અનેક વૈતરણીઓ પાર કરીને કિનારે પહોંચી જતાં હોય છે, પણ જો વફાદારી જ ન હોય તો કોઈ ને કોઈ વૈતરણીમાં દાંપત્યને અને પોતાને ડુબાડી મારતાં હોય છે.

પતિ-પત્ની બન્નેમાં સંસ્કારિતા હોય તો એકબીજા પ્રત્યે આકર્ષણ વધી જાય. સંસ્કારિતા એટલે સારી-મીઠી વાણી, સારો-મીઠો વ્યવહાર, સારું-મીઠું વલણ વગેરે. અસંસ્કારિતા કે કુસંસ્કારિતા જો પત્નીમાં હોય અને પતિ સંસ્કારી હોય તો પત્ની આકર્ષણ ખોઈ બેસે. જો પતિ કુસંસ્કારી અને પત્ની સંસ્કારી હોય તો પતિ, પત્નીનું આકર્ષણ ખોઈ બેસે. પછી પડ્યું પનારું પાર પાડવાનું જ રહે, કાં તો છૂટા થવાનું થાય. હા, બન્ને કુસંસ્કારી હોય તો બહુ વાંધો ન આવે.

પતિ-પત્ની બન્નેમાં વ્યાવહારિક કુશળતા હોય તો, ઘણા પ્રશ્નો આપોઆપ ઉકેલાતા રહે અને વ્યર્થના પ્રશ્નો ઊભા ન થાય. પણ જો આવી કુશળતા ન હોય તો નાના પ્રશ્નો પણ મોટા બની જાય અને દાંપત્યને ખળભળાવી મૂકે. બન્નેમાં જો પતિ કુશળ હોય અને પત્ની ઓછી કુશળ હોય પણ પગલેપગલે ચાલનારી હોય તો ખાસ વાંધો ન આવે. પણ પત્ની અકુશળ હોવા છતાં કુશળ પતિથી ઊલટી ચાલનારી હોય તો ભારે આઘાત-પ્રત્યાઘાત થાય. પતિ, પત્ની આગળ, નિખાલસ ન થઈ શકે. તેને ખબર છે કે આ ઊંધી છે, ઊંધું જ ચાલશે, એટલે ઘણી બાબતોને છુપાવે છે. એની ખબર પત્નીને પડતાં તે વધારે અકુશળતાથી કલહ કરે છે. આમ બન્ને વચ્ચેનું આકર્ષણ ઓછું થઈ જાય છે. પણ માનો કે પત્ની કુશળ હોય અને પતિ અકુશળ હોય તો, પત્ની હાવભાવની કળાથી પતિને અનુકૂળ બનાવી શકે. ખાનદાન પત્ની અકુશળ પતિનો ત્યાગ કે તિરસ્કાર ન કરે. કારણ કે તેનામાં સહનશક્તિ હોય છે. પતિ-પત્નીમાં મધ્યમ કક્ષાની ધાર્મિકતા હોવી સારી છે. ધાર્મિકતાથી બન્નેમાં એકાત્મતા, વિશ્વાસ, પવિત્રતા અને સ્થાયિત્વ આવી શકે છે. એટલે ધાર્મિકતા હોવી સારી વસ્તુ છે. પણ અતિ ધાર્મિકતા સારી નહિ. પતિ, ભગતડો હોય, જ્યારે જુઓ ત્યારે સપ્તાહો, ભજન-મંડળીઓ, પગપાળા સંઘ કે તીર્થોમાં ભટક્યા કરતો હોય, ન કમાતો હોય, ન પત્નીને સમય આપતો હોય-આવો ભગતડો પતિ, પત્નીનું આકર્ષણ ખોઈ બેસે છે. એટલું જ નહિ ઘણી વાર તો પત્નીને પણ ખોઈ બેસે છે. એટલે ઘરમાં બહુ ભગતડાં પાકે તેવા સંસ્કારો કે વાતાવરણ કરવું નહિ. માપસરની ધાર્મિકતા અને વધુ પડતી કર્તવ્યપરાયણતાવાળું વાતાવરણ હિતકારી છે.

પણ જો પત્ની અતિ ધાર્મિક હોય તો પતિનું આવી બન્યું સમજો. ચરિત્રહીન પત્ની જેમ પતિને સુખ ન આપે તેમ અત્યંત ભગતડી પત્ની પણ પતિને સુખ ન આપે. તે સવારથી સાંજ સુધી મંદિરોમાં આંટા માર્યા કરશે. જાતજાતનાં મૂર્ખતાભર્યાં વ્રતો કરશે, ખાવાપીવાની બાબતમાં પણ કઠોર નિયમો પાળશે, ગુરુ કરાવ્યા વિના રહી નહિ શકે અને પછી ગુરુ અને માનેલા સંતોની પાછળ ભટક્યા કરશે. તેમને માલમલીદા ખવડાવશે પણ પતિની ઉપેક્ષા કરશે. તે બિચારો ભૂખ્યો રહેશે. કામવ્યવહારમાં પણ વિરોધી રહેવાથી પતિને હંમેશાં અસંતુષ્ટ રાખશે, આવી ભગતડી પત્ની પણ પતિનું આકર્ષણ ખોઈ બેસે છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૬ ઉપર)**

માંગલિક

# સદી પહેલાંની યોગનિષ્ઠ આચાર્યશ્રીની આર્ષવાણી

• પન્નાલાલ ખીમજી છેડા •

મહુડી તીર્થમાં સ્થાપિત શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવથી મોટાભાગના જૈનો માહિતગાર છે. જેમની ભક્તિ અને દર્શન અર્થે હજારો લોકો દરરોજ અહીં આવે છે, સુખડી ચડાવે છે અને પોતે પણ વાપરે છે. અહીં તીર્થ કે શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવ વિષે લખવાને બદલે આ તીર્થના સ્થાપક યોગનિષ્ઠ આર્ષદ્રષ્ટા આચાર્ય ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગરજી મ.સા. દ્વારા ૧૦૪ વર્ષ પહેલાં ઐતિહાસિક અને સામાજિક પરિવર્તનો વિષે લખાયેલી આગાહીઓનો પ્રત્યેક શબ્દ કેટલો સચોટ છે તેની જાણકારી આપવાનો પ્રયત્ન કરેલ છે.

પૂ. આચાર્ય ભગવંતશ્રીએ ૧૦૪ વર્ષ પૂર્વે સોળ પંક્તિનું એક કાવ્ય રચ્યું છે. આ કાવ્ય મહુડી તીર્થના પ્રવેશદ્વારની બહારની ભીંત પર વર્ષોથી લખેલું છે. છેક ૧૯૫૮થી આજ સુધી અનેક વખત મહુડી દર્શન કરવા ગયો છું ત્યારે દીવાલ પર લખેલું આ કાવ્ય વાંચી આશ્ચર્યમાં ગરકાવ બન્યો છું. પ્રસ્તુત કરું છું કાવ્ય અને તેની પંક્તિઓનું અર્થઘટન.

*પહેલી બે પંક્તિઓ છે :*

***"એક દિન એવો આવશે, એક દિન એવો આવશે***
***મહાવીરના શબ્દો વડે, સ્વાતંત્ર્ય જગમાં થાવશે."***

જૈન ધર્મ ભગવાન મહાવીર બોધિત અહિંસાના ઉપદેશ પર આધારિત છે. ઈ.સ. ૧૯૧૧માં ભારત બ્રિટિશ શાસન હેઠળ હતું. આઝાદીની લડત ચાલુ હતી. આઝાદી ક્યારે મળશે તેની કોઈને કલ્પના ન હતી. એ સમયે ગાંધીજીનું આગમન થયું. ભારતની પ્રજાનો સહકાર અને શાંત અહિંસક લડત વડે બ્રિટિશ શાસનને મહાત કરી ૧૯૪૭માં આઝાદી મેળવી. ભગવાન મહાવીરે પ્રબોધેલા અહિંસાની ભાવના આઝાદીની લડતનું મુખ્ય સાધન બની રહી.

*પછીની બે પંક્તિઓ છે :*

***"સહુ દેશમાં સ્વાતંત્ર્યના શુભ દિવ્ય વાદ્યો વાગશે,***
***બહુ જ્ઞાનવીરો-કર્મવીરો જાગી અન્યને જગાવશે." એક દિન...***

માત્ર ભારતની આઝાદીની વાત કરી આચાર્યશ્રી અટક્યા નથી. ભારતની આઝાદીનો ધબકાર વિશ્વના તમામ દેશોએ અનુભવ્યો. જેમનો સૂર્ય કદી આથમ્યો ન હતો તેવા બ્રિટિશ શાસનની નાગચૂડમાંથી એક પછી એક દેશ સ્વતંત્ર થવા માંડ્યા. એટલું જ નહિ, જગતમાં જ્યાં જ્યાં ગુલામી હતી ત્યાં ત્યાં સ્વાતંત્ર્યનો નાદ ફેલાયો. અનેક કર્મવીરો આ લડત લડવા જાગી ઊઠ્યા અને બીજાઓને જગાડ્યા અને પોતાના રાષ્ટ્રની આઝાદી માટે કટિબધ્ધ બન્યા.

*આ જ સંદર્ભમાં પછીની ચાર પંક્તિઓ જોઈએ :*

***"અવતારી વીરો અવતરી કર્તવ્ય નિજ બજાવશે,***
***અશ્રુ લ્હોઈ સૌ જીવનાં, શાંતિ ભણી પ્રસરાવશે." એક દિન...***

***"સહુ દેશમાં, સહુ વર્ણમાં જ્ઞાનીજનો બહુ ફાવશે,***
***ઉદ્ધાર કરશે દુ:ખીનો, કરુણા ઘણી મન લાવશે." એક દિન...***

વિવિધ રાષ્ટ્રોની આઝાદી માટે, માનવમાત્રના વિકાસ માટે અવતરેલા અવતારી પુરુષોનો ઉલ્લેખ કરતાં તેમણે લખ્યું કે, જગતની શાંતિ માટે આવા સંતપુરુષો દુ:ખીજનોનાં આંસુઓ લૂછશે. ભારતમાં અને વિશ્વમાં અન્યત્ર શૂર અને સંતોનું અવતરણ થયું. તેમણે જુદાં જુદાં પ્રાપ્ય માધ્યમો દ્વારા વિશ્વશાંતિ માટે પ્રયત્નો કર્યા. દોરા-ધાગા અને અંધશ્રદ્ધા ફેલાવનારાઓ કરતાં ચિંતકો અને જ્ઞાનીઓનું મહત્ત્વ વધ્યું. કરુણાની દૃષ્ટિ વડે નિરાધારોના આંસુઓ લૂછી તેમનો ઉધ્ધાર કરવા અનેક સંત મહાત્માઓએ ભારત - આફ્રિકા અને ગુલામીના અંધકારમાં જીવતાં રાષ્ટ્રોમાં સબળ પ્રયત્ન કર્યો.

*હવેની ચાર પંક્તિઓ વિજ્ઞાને કરેલી ક્રાંતિની છે. પંક્તિઓ છે :*

***"સાયન્સની વિદ્યા વડે શોધો ઘણી જ ચલાવશે***
***જે ગુપ્ત તે જાહેરમાં, અદ્‌ભુત વાત જણાવશે"... એક દિન...***

***"રાજા સકલ માનવ થશે, રાજા ન અન્ય કહાવશે,***
***હુન્નર, કળા સામ્રાજ્યનું બહુ લોક જોર ધરાવશે."... એક દિન...***

અહીં આચાર્યશ્રી ધર્મ કે અધ્યાત્મની નહિ પણ વિજ્ઞાનની વાત કરતાં, વૈજ્ઞાનિકોએ કરેલી અદ્‌ભુત શોધોનું મહત્ત્વ દર્શાવતાં કહે છે કે, અનેક ઘટનાઓ અને વાતો જે ક્યારેય જાહેરમાં પ્રસિધ્ધ થઈ ન હતી, તે કોઈ ચમત્કૃતિ દ્વારા નહિ પણ વિજ્ઞાનની શોધ દ્વારા પ્રગટ થઈ. પ્રત્યેક શોધ તેનાં પ્રથમ તબક્કે હેરત પમાડે તેવી, અદ્‌ભુત જણાઈ, સાયન્સની વિદ્યાએ સમગ્ર જગતની તસવીર બદલી નાખી.

અડધું જગત એ દાયકાઓમાં રાજાશાહીમાં જીવતું હતું. રજવાડાં અને શાસકો વડે રાજ્યો ચાલતાં પણ આચાર્યશ્રીએ ભાખ્યા પ્રમાણે ધીરે ધીરે તેમની હકૂમત ગઈ, લોકશાહી આવી, નાના મોટા હુન્નરો અને ઉદ્યોગોની શક્તિ વધી. સો વર્ષ પહેલાં ગુલામીમાં સબળતી આપણી પ્રજાને ટૅકનોલોજી, સાયન્સ કે હુન્નર ઉદ્યોગોની કલ્પના કરવી પણ અશક્ય હતી એ સમયે આચાર્ય ભગવંતશ્રીની આર્ષ દૃષ્ટિએ આ બધું કઈ રીતે વિચાર્યું હશે?

આશ્ચર્ય પામવાનો વારો તો હવેની ચાર પંક્તિઓમાં આવે

છે. આજે કમ્પ્યુટર અને ઈન્ટરનેટનો જમાનો છે. દસ પંદર વર્ષ પહેલાં આજના દિવસોની કલ્પના કોઈએ કરી હતી ખરી? ના, માત્ર સેકંડમાં જ આપણા પ્રશ્નોનો જવાબ આપતાં આજના વીજાણુ યંત્રો વિષે આપણને કોઈ કહે તો આપણે હસી કાઢતાં. જગતના એક ખંડના ઓરડામાં બેઠેલી વ્યક્તિ હજારો માઈલ દૂર બેઠેલા પોતાના સ્વજન સાથે વાતો તો કરે છે, સાથે તેની પ્રવૃત્તિ અને સ્થાનને પણ જોઈ શકે છે તેવી વાતને તરંગથી વિશેષ ન માનીએ એ વાતને આચાર્યશ્રીએ આ પછીની છેલ્લી પંક્તિઓમાં અદ્ભુત રીતે કંડારી છે. એ વાંચતાં ખ્યાલ આવશે કે વિશ્વના કોઈ પણ સ્થળ કે સ્થિતિની માહિતી તમારી મુઠ્ઠીમાં હશે તેવી વાત કરનાર આચાર્ય ભગવંતશ્રી માટે "આર્ષ દ્રષ્ટા" જેવો શબ્દ પણ કદાચ ટૂંકો પડે છે.

*આ છે પંક્તિઓ :*

***"એક ખંડ બીજા ખંડની ખબરો ઘડીમાં આવશે,***
***ઘરમાં રહ્યાં વાતો થશે, પર ખંડ ઘર સમ થાવશે".. એક દિન...***

***"એક ન્યાય સર્વ ખંડમાં, સ્વાતંત્ર્યમાં આવશે,***
***બુધ્યબ્ધિ પ્રભુ મહાવીરના તત્ત્વો જગતમાં વ્યાપશે"...એક દિન...***

છેલ્લી બે પંક્તિઓ આવનારા સમયની આપણને કદાચ રાહ જોવડાવશે. આપણે વાંચેલી ચૌદ પંક્તિઓમાં તેમણે રજૂ કરેલાં સત્યને તો આપણે સમજી શક્યા એ સમગ્ર વિચાર આવનાર પેઢીઓ માટે આશ્ચર્યની અવધિનો હશે.

ભારતને આઝાદી મળી. રજવાડાં ગયાં. લોકશાહી આવી અને આચાર્ય ભગવંતશ્રીનું કથન સાચું પડ્યું. ભારતમાં ન્યાયની ભાવના સમાન બની રહી. આચાર્યશ્રીની પંક્તિઓ તો કહે છે કે ભગવાન મહાવીર સ્વામીએ ઉપદેશેલાં મહાન સત્યો સમગ્ર જગતમાં એક સમાન રીતે વ્યાપી રહેશે, સત્ય - અહિંસાનો ડંકો વાગશે. આજે પ્રવર્તી રહેલા આતંકવાદના ઠેકાણે સમગ્ર જગતમાં શાંતિનો શંખનાદ ફૂંકાશે. ગ્લોબલાઈઝેશન - વૈશ્વિકીકરણ પ્રવાહ આગળ વધશે ત્યારે જગતને ભગવાન મહાવીરનાં વચનો અને આચાર્યશ્રીની ભવિષ્યવાણીનું સાતત્ય સમજાશે.

૧૦૪ વર્ષ પહેલાં સમગ્ર આલમના અવધૂતસમા યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરીશ્વરજી મ.સા.ની આ અજર અમર પંક્તિઓ, આચાર્યશ્રી ઉદયકીર્તિસાગરજી મ.સા. કહે છે તેમ અલ્પબુદ્ધિવાળા જનો જેને સ્વીકારે પણ નહીં અને ગણતરીબાજ અસ્વીકૃતિની મહોર લગાવી દે, એવા કવિતા કર્મની ઘટના તો વિશ્વની આઠમી અજાયબી છે.

કેટલાંય વર્ષોથી કેસેટ્સ, સી.ડી. વગેરેમાં મઢાયેલાં આ કાવ્યને હજારો લોકોએ સાંભળ્યું છે, અનુભવ્યું છે. આજે પણ જૈન ધર્મના આ વિશાળ તીર્થમાં પૂજન-અર્ચન કરતાં પહેલાં આચાર્ય ભગવંતશ્રીએ લખેલી આર્ષવાણીને મનમાં ઘૂંટીને તીર્થમાં સ્થિત તેમના પ્રતિમાજીને વંદન કરી ધન્ય બને છે.

***મો. ૯૮૨૦૨ ૮૪૦૪૪***

# સફળતાનો મુખ્ય મંત્ર

ગુલામીની બેડીઓમાં જકડાયેલા દેશને જગાડનારા રાષ્ટ્રપ્રેમી નેતા અને પ્રાચ્ય વિદ્યાના વિદ્વાન બાળ ગંગાધર ટીળકના ઓજસ્વી વક્તૃત્વના પ્રભાવ હેઠળ આખી સભા મંત્રમુગ્ધ બની ગઈ. જ્યારે એમનું ભાષણ પૂરું થયું, ત્યારે થોડીક ક્ષણો સભામાં મૌન સેવાઈ ગયું અને પછી તત્કાળ તાળીઓના ગડગડાટથી આખો હૉલ ગાજી ઊઠ્યો.

કેટલાક શ્રોતાજનો લોકમાન્ય ટીળકને ઘેરી વળ્યા. એક શ્રોતાએ પ્રશ્ન કર્યો, "આપ અત્યંત ઓજસ્વી વક્તા છો, પ્રકાંડ વિદ્વાન છો, 'કેસરી' અને 'મરાઠા' અખબારના લેખક અને સંપાદક છો. જોરદાર દાખલા-દલીલ સાથે અંગ્રેજ સરકારના કાયદાઓનો પ્રબળ વિરોધ કરો છો, તો સાથોસાથ દુષ્કાળ રાહતનું કાર્ય કરો છો. અનેકવિધ વિષયો પર કલમ ચલાવો છો અને લોકસમૂહમાં જાહેર ભાષણો આપો છો. વૈદિક સંશોધનોમાં ઊંડો રસ લો છો, તો ગીતા વિશે 'ગીતારહસ્ય' ગ્રંથનું લેખન કરો છો. મને સવાલ એ થાય છે કે આટલા બધા કાર્યો તમે એક સાથે કઈ રીતે કરી શકો છો?"

લોકમાન્ય ટીળકે ઉત્તર આપતાં કહ્યું, "યોગ્ય રીતે સમયપત્રક બનાવીને વ્યક્તિ અનેક કામો કરી શકે છે. સમયાનુસાર કાર્ય કરું છું. માત્ર એટલું જ કે મારા જીવનમાં હું કોઈ કામ દ્વેષભાવથી કરતો નથી."

આ સાંભળી અન્ય શ્રોતાએ વળતો સવાલ કર્યો, "આમ સમયપત્રક બનાવવાથી વધુ કાર્ય થાય, એવું ક્યાં સંભવિત છે? ઘણીવાર આપણી ચિંતા અને અધૈર્ય આપણને સમયપત્રક પ્રમાણે કામ કરવા દેતા નથી. આ સમયપત્રક ખોરવાઈ જાય એટલે વળી કામ ઉપરાંત એ નક્કી કરેલું સમયપત્રક ખોરવાયાની ચિંતા રહે, એનું શું?"

બાળ ગંગાધર ટીળકે હસીને કહ્યું, "ભાઈ, મારી સફળતાનું રહસ્ય એટલું જ છે કે હું દરેક કામ તનાવમુક્ત થઈને મારી શક્તિ અને ક્ષમતા અનુસાર કરું છું. એ સમયે એવી બાબત પર ધ્યાન આપતો નથી કે લોકો મારા વિષે શું કહેશે. સહુની પાસે સમય તો સરખો જ હોય છે, પરંતુ ઘણી વ્યક્તિઓ પોતાનો મોટાભાગનો સમય પોતાના વિષે બીજાઓ શું કહે છે એ જાણવામાં ગાળે છે. પોતાની નિંદા એ સહન કરી શકતા નથી. તેથી અન્ય વ્યક્તિ પ્રત્યે દ્વેષભાવ ધરાવીને એની પાછળ પોતાનો વખત બગાડે છે. સફળતાનો મંત્ર જ એ છે કે કોઈ પણ પ્રકારના દબાણ, દ્વેષ કે ટેન્શન વિના તથા અન્ય કોઈ બાબતને મનમાં રાખ્યા સિવાય લક્ષ્ય પર ધ્યાન આપવું."

હકીકતમાં આ કારણે જ લોકમાન્ય ટીળકનું જીવન મૂર્તિમંત કર્મયોગનું દૃષ્ટાંત બની રહ્યું.

***પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ***
***સૌજન્ય : "જીવન-માધુર્ય"***

# હવેલી સંગીત અને પસ્તી

• ડૉ. સુધીર મોદી •

થોડા દિવસો પહેલાં દવાખાને શરદભાઈ આવ્યા. અમારા જૂના પાડોશી. ઉંમર પણ લગભગ ૭૨ની. એકવડિયો બાંધો, કાળા વાળમાં થોડીક સફેદ ઝાંય, ચશ્માં પાછળ ચમકતી આંખો અને હસું હસું થતો ચહેરો. જૂના પાડોશી મળે ત્યારે હૃદયમાં એકદમ ઉમળકો આવે અને બંનેના ચહેરા પર આનંદ છવાઈ જાય. પ્રેમ અને સંબંધોની મીઠાશ આપોઆપ બહાર આવી જાય.

ખુશખબર અને કુટુંબના સમાચારો પૂછ્યા બાદ સવાલ કર્યો, 'હવે રિટાયર્ડ થયા બાદ શું કરો છો?'

'પસ્તી ઉઘરાવું છું!'

'પસ્તી ઉઘરાવું છું એટલે?'

'કેમ વળી, ઘેર ઘેર જઈ પસ્તી ઉઘરાવું છું.'

મેં કહ્યું, 'મને તમારી વાતમાં સમજણ ના પડી. આ ઉંમરે ઘરે ઘરે ફરી પસ્તી ઉઘરાવવાની વાત મગજમાં બેસતી નથી.'

શરદભાઈ બોલ્યા : 'આપણે રહ્યા વૈષ્ણવ. શ્રીનાથજીનાં ભક્તિભાવથી દર્શન, પૂજા-ભજન કરીએ. આપણાં વૈષ્ણવ મંદિરોમાં અષ્ટપ્રહરનું હવેલી સંગીત ભક્તિથી અને ભાવથી ગવાય છે. આપણા અમદાવાદમાં શ્રી વિઠ્ઠલદાસ બાપોદરા હવેલી સંગીતના જ્ઞાતા અને ગાનાર હતા. તેઓ થોડાં વર્ષો પહેલાં અવસાન પામ્યા. તેમની એક ખૂબ સરસ ભાવના અને ઈચ્છા હતી કે હવેલી સંગીત લુપ્ત ના થવું જોઈએ. વૈષ્ણવોને તે શીખવવા એક કાયમી સારું સ્થળ બનાવવું જોઈએ.

મેં કહ્યું : હા, હવેલી સંગીતની પરંપરા ચાલુ રહે તે ઉત્તમ કહેવાય.

શરદભાઈ : મને અને મારી પત્ની ઉમાને આ શ્રી વિઠ્ઠલદાસ બાપોદરાની ભાવના મગજમાં બેસી ગઈ. શ્રી વિઠ્ઠલદાસના પૌત્ર શ્રી મંગલદાસ બાપોદરા ખૂબ જ ધાર્મિક ભક્તિભાવવાળા છે અને દાદા પાસેથી હવેલી સંગીત શીખીને તેમનો વારસો જાળવી રાખ્યો છે. આપણા ઘણા વૈષ્ણવોને આ હવેલી સંગીત ભક્તિથી ઘરે ઠાકોરજીને પૂજા કરતી વખતે ગાવાની ઈચ્છા હોય છે અને શીખવાની ભાવના હોય છે.

મેં કહ્યું : હા, તમારી આ વાત સાચી છે.

શરદભાઈ : બસ! મને અને મારાં પત્ની ઉમાને મનમાં અને હૃદયમાં ગોઠવાઈ ગયું કે સદ્‌ગત શ્રી વિઠ્ઠલદાસ બાપોદરાની હવેલી સંગીતની ભાવના અને ઈચ્છાને મૂર્ત સ્વરૂપ આપવા કંઈક કરવું જોઈએ. અમારા બંને દીકરાઓ સુખી છે અને સંસારમાં સારી રીતે ગોઠવાઈ ગયા છે. તો આપણા આ રિટાયર્ડ જીવનમાં આ સારું કામ અને પ્રવૃત્તિ હાથમાં લઈએ.

ત્યારબાદ શું કર્યું?

શરદભાઈ : વૈષ્ણવો પાસે જઈ દાન માગવાનું યોગ્ય ના લાગ્યું. પછી વિચાર આવ્યો કે દરેક ઘરમાં રોજ એક કે બે છાપાં આવતાં હોય છે. તેઓ મહિનાની પસ્તી ભેગી કરી વેચી દેતા હોય છે. તો આપણે વૈષ્ણવોને સમજાવીએ કે હવેલી સંગીતના ઉમદા કાર્ય માટે અમારે પૈસા જોઈતા નથી પરંતુ તમારા ઘરે મહિનાની પસ્તી ભેગી થાય તે અમને આપજો. અમે દર મહિને આવીને લઈ જઈશું. થોડા વૈષ્ણવોને આ વાત સમજાવી. તેમને આ વાત ગમી એટલે તેમના ઓળખીતા બીજા વૈષ્ણવોને પણ વાત કરી. આમ લગભગ ૪૦૦ ઘર નિયમિત પસ્તી આપતાં થઈ ગયાં. બધાને થયું કે આવા ધર્મના સારા કામમાં પસ્તી પણ કામમાં આવતી હોય તો તેનાથી રૂડું શું?

પછી શું?

પછી અમે બંને પતિ-પત્ની રોજ સવારે બે થી અઢી કલાક અને સાંજે પણ બેથી અઢી કલાક આવા વૈષ્ણવોને ત્યાં દર મહિને નિયમિત જઈ પસ્તી ઉઘરાવવાં લાગ્યા. અમે રહીએ નવરંગપુરામાં, પણ વૈષ્ણવોનાં ઘર શાહીબાગ, મણિનગર કે બોપલ હોય તો ત્યાં પણ જતાં થઈ ગયાં.

પસ્તી ભેગી કરતાં કર્યું શું?

અમે એક ટ્રસ્ટ બનાવ્યું. બૅન્કમાં ખાતું ખોલાવી દર મહિને પસ્તી વેચતાં આવતી રકમ તેમાં જમા કરાવતાં ગયાં. આવું લગભગ સળંગ ૧૦ વર્ષ કામ કર્યું અને રૂપિયા અઢાર લાખની રકમ જમા થઈ.

ધન્ય છે તમારી ધીરજ અને સાતત્યભરી મહેનતને!

શરદભાઈ : આ રકમમાંથી તથા બીજા થોડા વૈષ્ણવોએ દાન આપતાં રકમ ૨૬ લાખ થઈ. તેમાંથી આંબાવાડી બજારમાં અશ્વમેઘ ઍલીગન્સમાં બે ઑફિસરૂમ ખરીદ્યા. એક વૈષ્ણવ ઈન્ટિરિયર ડિઝાઈનરે બંને રૂમ ભેગા કરી વિશાળ હૉલ સાઉન્ડ પ્રૂફ બનાવ્યો, જેથી બાજુવાળી ઑફિસોને તકલીફ ના પડે.

તા. ૧૨-૧૦-૨૦૧૪ના રોજ તેનું ઉદ્‌ઘાટન છે. તમને આમંત્રણ આપવા આવીશ.

હું પણ તેમની વાત અને કાર્ય સાંભળીને આશ્ચર્ય સાથે ભાવવિભોર થઈ ગયો. તેમનાં પત્ની ઉમાબહેન પણ તેમના જેવાં સાલસ અને સાચાં વૈષ્ણવ. આ યુગલને જોતાં જ થાય કે આ બંને કપટ વિનાના સરળ માણસો છે. અમુક વ્યક્તિઓને જોતાં જ આપણને તેમના માટે સારો ભાવ અને માન થાય. તેના કારણે જ આટલા બધા વૈષ્ણવોને તેઓ સારું કાર્ય કરે છે તેવો વિશ્વાસ બેઠો અને હિસાબ માંગ્યા સિવાય નિયમિત પસ્તી આપતા રહ્યા.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૮૭ ઉપર)**

જીવન માંગલ્ય

# પિયાનોની પાઠશાળા

• ડૉ. નિરંજન વ્યાસ •

આ એક સત્ય ઘટના છે, જે તમને શાતા આપશે. આ એક સ્નેહ અને ખંતની સુંદર અને સંવેદનશીલ વાર્તા છે. અવશ્ય વાંચવા જેવી છે. મારા મિત્રોના સ્નેહાગ્રહથી હું આ વાર્તા લખી રહી છું. મારું નામ મીલ્ડરેડ ઓનર છે અને ડેશ મોઈનેશ આયોવાની પ્રાથમિક શાળાની ભૂતપૂર્વ સંગીત-શિક્ષિકા છું.

મેં પિયાનોના પાઠ શીખવીને હંમેશાં મારી વધારાની આવક ઊભી કરી છે. આ કામ મેં ૩૦ કરતાં વધારે વર્ષો સુધી કર્યું છે. આ વર્ષો દરમિયાન મેં જોયું છે કે બાળકોમાં જુદી જુદી કક્ષાનાં સંગીત શીખવાની ક્ષમતા રહેલી હોય છે અને મારી પાસે વિશિષ્ટ ક્ષમતાવાળી વ્યક્તિઓ આવતી ન હોવા છતાં મેં કેટલાક પ્રતિભાવાન વિદ્યાર્થીઓ તૈયાર કર્યા છે. આમ છતાં જેને હું સંગીત શીખવા માટે પડકારરૂપ ગણું એવો એક વિદ્યાર્થી રોબી પણ મારા સંપર્કમાં આવ્યો. જ્યારે તેની માતા (કે જે પતિથી વિખૂટી પડેલી હતી) તે પહેલી વખત મૂકવા આવી ત્યારે રોબી ૧૧ વર્ષનો હતો.

પિયાનોના પાઠ અંગે મેં રોબીને સમજાવ્યું કે નાની ઉંમરના વિદ્યાર્થીઓને (ખાસ કરીને છોકરાઓ માટે) પસંદ કરું છું. પણ રોબીએ ખુલાસો કરતાં કહ્યું કે હું પિયાનો વગાડતો હોઉં તે સાંભળવાનું મારી માતાનું હંમેશનું સપનું રહ્યું છે. આથી મેં તેને વિદ્યાર્થી તરીકે સ્વીકારી લીધો.

વારુ, રોબીએ પિયાનોના પાઠ શીખવાનું શરૂ કર્યું અને પ્રારંભથી જ મને લાગ્યું કે આ એક નિરર્થક સાહસ હતું. રોબી જેમ-જેમ પ્રયત્ન કરતો ગયો તેમ તેમ સૂર અને તાલને સુધારવામાં તે પાછો પડતો ગયો. પરંતુ મારા વિદ્યાર્થીઓ પાસેથી જે શીખવાની અપેક્ષા રાખું છું તેવા પિયાનોના સંગીતના કેટલાક અંશો અને અંતરાયો વિશે ગંભીરતાપૂર્વક વિવેચન લખતો. એક મહિના ઉપરાંતના સમય સુધી હું તેને સાંભળતી રહી તેમ જ પ્રોત્સાહિત કરવા માટે બિરદાવતી રહી. તે દરમિયાન તેણે પોતાનો પ્રયત્ન સતત ચાલુ રાખ્યો.

અઠવાડિયાના અંતે પાઠ પૂરો થાય ત્યારે તે અચૂક કહેતો કે મારી માતા હું પિયાનો વગાડતો હોઉં તે સાંભળવા માગે છે. ક્યારેક મને એમ લાગતું કે મારી મહેનત વ્યર્થ છે, કારણકે તેનામાં કોઈ જન્મજાત ક્ષમતા જોવા મળતી નથી. રોબીને અહીં મૂકવા આવે કે તેડવા આવે તેટલા પૂરતી જ તેની માતાને હું જાણતી હતી. એક જૂની ગાડીમાં તેને લઈ જતી. તે હંમેશાં મારી સામે સ્મિત કરતી અને હાથ હલાવતી, પરંતુ ક્યારેય ગાડીની નીચે પગ મૂકતી નહીં.

અચાનક એક દિવસ રોબી લેસન શીખવા આવતો બંધ થઈ ગયો. મેં તેને બોલાવવાનો વિચાર કર્યો. પરંતુ પછી અનુમાન કર્યું કે પોતાની ક્ષમતાના અભાવને કારણે તેણે બીજું કંઈક શીખવાનું વિચારી લીધું હશે. તે આવતો બંધ થયો તેથી મને મનમાં આનંદ થયો કે તેના કારણે મારી શીખવવાની પદ્ધતિનો ખરાબ પ્રચાર અટક્યો. થોડાં અઠવાડિયાં બાદ મેં વિદ્યાર્થીઓને ઘેર સંગીતના કાર્યક્રમનો એક સંદેશ રવાના કર્યો.

મારા આશ્ચર્ય વચ્ચે રોબી (કે જેણે કાર્યક્રમનો સંદેશ મેળવ્યો હતો) એ મને પૂછ્યું કે તે સંગીતના કાર્યક્રમમાં જોડાઈ શકે? મેં તેને જણાવ્યું કે સંગીતનો આ કાર્યક્રમ માત્ર વર્તમાનમાં શીખી રહેલા વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત હતો, જ્યારે તેણે તો અભ્યાસ છોડી દીધો હતો, આથી તે ભાગ લઈ શકે નહીં. તેણે મને કહ્યું તેની માતા ખૂબ બીમાર રહે છે અને પિયાનોના વર્ગ સુધી લેવા-મૂકવા આવવા માટે સક્ષમ નથી, પરંતુ ઘેર રહીને મારો મહાવરો ચાલુ જ હતો. મહેરબાની કરીને, મિસ ઓનર! મને તક આપો, મારી પિયાનો વગાડવાની અદમ્ય ઈચ્છા છે. તેણે ખૂબ જ આગ્રહ કર્યો.

મને ખ્યાલ નથી આવતો કે તેને સંગીત વગાડવા માટે મેં કેમ હા પાડી! કદાચ આ તેનો દુરાગ્રહ હતો અથવા મારો અંતરાત્મા કહી રહ્યો હતો કે બધું સાંગોપાંગ પાર ઊતરશે.

સંગીતના કાર્યક્રમની રાત્રી આવી પહોંચી અને હાઈસ્કૂલની વ્યાયામશાળાનું મેદાન વાલીઓ, સંબંધીઓ અને મિત્રોથી ખીચોખીચ ભરાઈ ગયું હતું. મેં રોબીને મારા આભારદર્શનના વક્તવ્ય અને સમાપનકૃતિની પહેલાં, કાર્યક્રમના અંતમાં સ્થાન આપ્યું. મેં વિચાર્યું કે કદાચ કંઈ નુકસાન થશે તો તે કાર્યક્રમના અંતભાગમાં જ હશે, જેનો સમાપન-પ્રવચનમાં હું રાબેતા મુજબ તેના નબળા દેખાવનો બચાવ કરી શકીશ.

વારુ, સંગીતનો કાર્યક્રમ કોઈ પણ જાતના અવરોધ વગર પૂરો થઈ રહ્યો હતો. વિદ્યાર્થીઓ તેમની કૃતિઓ સંભળાવી રહ્યા હતા. ત્યારબાદ રોબી સ્ટેજ ઉપર આવ્યો. તેણે કરચલીઓવાળાં કપડાં પહેર્યાં હતાં અને તેના વાળ પીંખાયેલા હતા. તેણે બીજા વિદ્યાર્થીઓ જેવાં વ્યવસ્થિત કપડાં કેમ નહોતા પહેર્યાં? મેં વિચાર્યું કે તેની માતાએ આ વિશિષ્ટ રાત્રિના પ્રસંગે તેના વાળમાં દાંતિયો શા માટે નહીં ફેરવ્યો હોય?

રોબીએ પિયાનોની બેઠક ખેંચી અને તેણે જ્યારે જાહેર કર્યું કે આજના કાર્યક્રમમાં રજૂ કરવા માટે મોઝાર્ટની 'સી' મેજરમાં રચાયેલ ૨૧ નંબરની સંગીતની ધૂન પસંદ કરી છે, ત્યારે મને ભારે આશ્ચર્ય થયું અને પછી જે રજૂ થયું તે હું માની ન શકું તેવું હતું. તેની આંગળીઓ હળવાશથી સ્વરની ચાવીઓ પર અને ચપળતાપૂર્વક હાથીદાંતના સ્વરપાસાઓ પર જાણે કે નર્તન કરી રહી હતી. તે અનુભવી અને નીવડેલા કલાકારની જેમ સૂરાવલીઓ રેલાવી રહ્યો હતો. આ ઉંમરે મોઝાર્ટની ધૂન આટલી સરસ રીતે વગાડતાં મેં ક્યારેય કોઈને સાંભળેલ નહીં. સાડા છ મિનિટ બાદ 'ગ્રાન્ટ કેસેન્ડો' થી ધૂન પૂરી કરી અને ભારે પ્રશંસાના

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૪ ઉપર)**

# મર્યાદાને મનમાં રાખો

• હરીશ ખત્રી •

'બેટા અક્ષય, ઉપરની રૂમના કબાટમાંથી જરા મારી બેગ લઈ આવ તો!' રાત્રે હિસાબના કાગળો પાથરીને બેઠેલા પપ્પાએ કહ્યું. આઠ વર્ષનો અક્ષય મૂંગો મૂંગો રિમોટ પકડીને ટી.વી. જોતો રહ્યો. પપ્પા અકળાઈને બોલ્યા, 'અક્ષય, સાંભળ્યું તે?'

'હા પપ્પા, પણ ઉપર બહુ અંધારું હોય છે. એટલે મને બહુ બીક લાગે છે.'

★

સાતમા માળના ફ્લેટમાં રહેતાં મીતાબહેને પંદર વર્ષની દીકરી રાખીને એક સાંજે કહ્યું, 'તું ઘર સાચવજે, હું મંદિરે જઈને આવું છું.'

'ના મમ્મી, મને એકલા એકલા ના ગમે. હું તારી સાથે આવીશ.' ફ્લોર પરના બધા જ ફ્લેટ બંધ હતા. એટલે એકલા રહેવાના વિચારથી જ રાખી ગભરાઈ ગઈ.

દુનિયામાં કોણ સર્વગુણસંપન્ન હોય છે? અભ્યાસ, વ્યવસાય, સમાજ બધે જ સફળ અને કાબેલ પુરવાર થાય એવા લોકો કેટલાં? અને એવા, બહારથી સફળતાને વરેલા લોકો પણ શારીરિક, માનસિક, લાગણીતંત્રની નબળાઈ, મર્યાદા, ઊણપ ધરાવતા હોય છે. તો પછી આપણા જેવા સામાન્ય માણસોની તો વાત જ શી?

અંધારાના કે એકલતાના ડર ઉપરાંત શરમાળપણું, લઘુતાગ્રંથિ, આત્મવિશ્વાસનો અભાવ જેવા કોઈને કોઈ મનોગત ભય (ફોબિયા)નો ભોગ માત્ર બાળકો જ નહીં, મોટાંઓ પણ બનેલા હોય છે. આવી નબળાઈ કે મર્યાદા પણ બે પ્રકારની હોય છે : બાહ્ય અને આંતરિક. શારીરિક નિર્બળતા, આર્થિક મુશ્કેલી, સામાજિક દરજ્જો વગેરે બાહ્ય મર્યાદાઓ છે. તો શારીરિક ખામીઓ, માનસિક નબળાઈ, લઘુતાગ્રંથિ કે ગુરુતાગ્રંથિ વગેરે આંતરિક પરિબળો છે. આ બંને પ્રકારના પરિબળો આપણને મર્યાદા, ઊણપ કે ઓછપનો અનુભવ કરાવે છે.

અજાણી વ્યક્તિ કે અપરીચિત સ્થળની દહેશત પણ કેટલાક લોકોના મનમાં જડાયેલી હોય છે. એવી પરિસ્થિતિમાં મૂકાતા જ માણસ તેની સહજતા, સ્વસ્થતા ગુમાવી બેસે છે. સૌપ્રથમ તો એવી સ્થિતિમાં મુકાવાનું જ તે ટાળે છે. આમ છતાં, મુકાવું જ પડે તો મનમાં સતત અકળામણ અને ગભરામણ અનુભવતો રહે છે. અને પહેલી જ તકે એવી સ્થિતિમાંથી છટકી જવા માટે અધીરો બની જાય છે. એવી તક પ્રાપ્ત થતાં જ પોતાના સુપરિચિત, માનસિક રીતે સુરક્ષિત ગઢમાં પુનઃ પ્રવેશે છે ત્યારે જ નિરાંતનો શ્વાસ લઈ શકે છે.

બહારથી બાહોશ અને આત્મવિશ્વાસુ દેખાતા લોકો પણ આંતરિક રીતે ઘણી મર્યાદાઓથી ઘેરાયેલા હોય એવું બને છે. તેનો સામનો કરીને તેને દૂર કરવા અવશ્ય પ્રયત્નશીલ રહેવું જોઈએ. પરંતુ મહત્ત્વની વાત એ છે કે તમારી મર્યાદા તમારા મનમાં જ રાખો, તમારા પૂરતી જ સીમિત રાખો. જેની તેની આગળ તેને કહેતા ન ફરો કે તેનાં રોદણાં ન રડો. અંધારાની કે એકલતાની જાહેરમાં બોલવાની કે અજાણ્યા લોકો સાથે ભળવાની ફડક તો વત્તેઓછે અંશે દરેક વ્યક્તિમાં હોય છે. પરંતુ એનો જાહેરમાં એકરાર કદી કરશો નહીં. એમ કરવાથી તમારી ઉપર બીકણ, ગભરુ, નબળા મનના હોવાની મહોર વાગી જશે. તમે જાતે નિખાલસપણે સ્વીકારેલી સ્વમર્યાદા પછી તો લોકો વારેવારે તમારે માથે થોપતા રહેશે. તમારા પ્રત્યે સમભાવ કે સહાનુભૂતિ પ્રગટ કરવાને બદલે લોકો તમારી મર્યાદાનો ઢોલ પીટશે. અરે, તમારાથી વધારે ડરપોક વ્યક્તિ પણ તમારા ડરપોકપણાને વારંવાર આગળ કરીને પોતાની ઊણપનો ઢાંકપિછોડો કરવાની મજા લૂંટશે!

અજાણ્યા કે પારકા તો ઠીક, તમે જેને પોતાના કે અંગત માનતા હો તેની આગળ પણ તમારી મર્યાદાનો એકરાર કરતા પહેલાં વિચારજો! તમારી અત્યંત અંગત વાત કે નાજુક સમસ્યાને સમજવાની, સ્વીકારવાની, પચાવવાની પરિપક્વતા ધરાવતી વ્યક્તિ આગળ જ હૈયું ખોલીને સાચી વાત કરી શકાય. નહિતર તમારો નિખાલસ, સહજ એકરાર બૂરી રીતે બૂમરેંગ થઈને તમારી તરફ જ આવશે. પાછળથી ઘણો પશ્ચાતાપ કરવા છતાં અપ્રિય અને અનિચ્છિત સ્થિતિમાંથી બહાર આવવાનો કોઈ ઉપાય રહેશે નહીં. હૃદયની અંતરતમ વાતો પ્રગટ કરવા માટે પણ સંયમ અને સમજદારી દાખવવી અત્યંત આવશ્યક છે. એ વાતો ઝીલનારામાં પણ આવા ગુણ હોય તો જ તમારા દિલની વાત કોઈને કહેજો. બાકી તો, આપણી હૃદયવ્યથા આપણી જાત પૂરતી મર્યાદિત રાખવામાં જ આપણું સુખ અને સલામતી સમાયેલાં છે.

*૩૦૩, પદ્માવતી ડુપ્લેક્સ,*
*સુંદરવન સોસાયટી, વાસણા,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૭.*
*મો. ૯૯૦૪૧ ૫૭૯૩૯*
*E-mail : sharihkhat@yahoo.com*

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

વાર્તા

# પ્રસાદ

● કેશુભાઈ દેસાઈ ●

ઝીણી ઝરમર વચ્ચે ઋષિકેશ છોડ્યું ત્યારે આશિષ જોષીના પરિવારની સૌથી જુનિયર સભ્ય ઢબુડીને પતંગિયાની જેમ પાંખો ફૂટી હતી. દેવભૂમિમાં પ્રવેશતાંની સાથે આબાલ વૃદ્ધ સૌને કોઈ અજબગજબનો નશો ચડતો હોય છે, એવી દંતકથા તો સાંભળેલી પણ ત્યારે આશિષ જોષીએ એ વાત મજાકમાં ઉડાવી દીધેલી. ભોલે ભંડારીના રાજમાં નશો ના ચડે તો બીજું શું ચડે? પોતે જ જ્યાં ધતૂરાની ચલમ ચડાવીને બેઠા હોય ત્યાં! સાયન્સ ગ્રેજ્યુએટ હોઈ એ આવાં ગતકડાં રમતાં મૂકી શક્તો.

ત્રીજે દિવસે હવામાન ખાતાએ ભારે વરસાદની ચેતવણી આપી. એથી યાત્રાળુઓમાં ચણભણ શરૂ થઈ ગયેલી. આ તંત્રને ધર્મ કે ભગવાન જેવી બાબતમાં નામનો પણ રસ નથી. હવે આટલી લાંબી ખેપ ખેડીને આવ્યા હોય એ લોકો દર્શન કર્યા વગર પાછા થોડા જતા રહેશે? તમને ન હોય પણ એમને તો એમના ભગવાનનો છેક ગળા સુધી ભરોસો છે. અધકચરા હશે એ જ તમારી હવામાનશાસ્ત્રીઓની મોં માથા વગરની આગાહીઓથી ડરશે. જેના દિલમાં ડમરુ વાગે છે એને કોઈની બીક નથી રહેતી. આશિષ જોષીએ પણ વૃદ્ધ માતા-પિતા, અઠંગ શિવભક્ત પત્ની અને વિધવા બહેન માલાની શ્રદ્ધા સામે નમતું જોખીને, બેઝ કેમ્પમાં રોકાઈ જવાની સલાહ અવગણી, આગળ વધવાનો નિર્ણય કર્યો હતો.

હૈયે ઢબૂરાયેલી વર્ષો જૂની શ્રદ્ધા માંડ ફળી હોય ત્યાં ભારે વરસાદ અને લેન્ડ સ્લાઇડની બીકે જાત્રા અટકાવે એને આસ્તિક કઈ રીતે કહેવાય? પત્ની સીમાની દલીલ સામે આશિષ જોષીના ચિત્તમાં ચાલી રહેલા સંકલ્પ વિકલ્પ ટકી શકે એમ જ ન હતા.

ત્યારે એને ક્યાં ખબર હતી કે ગૌરીકુંડથી આગળ ભરાતું એનું એકેએક પગલું આખા ભર્યાભાદર્યા પરિવારને મંદાકિનીના ધસમસતા વિકરાળ વહેણમાં ગરકાવ કરી મૂકવાનો કર્મકાંડ બની રહેશે? બપોરે કેદારનાથનાં દર્શન કરી બહાર નીકળતાં એક ભિખારણ મળી હતી. આશિષ જોષી અવળું તાકીને આગળ નીકળી ગયો હતો. ઘરઆંગણે ધરમધ્યાનમાં ડૂબેલી રહેતી ધર્મપત્નીને પોતે ભૂલથીય ટકોર ન કરી બેસે એનો ખ્યાલ રાખવાનો હતો. નીકળ્યા જ છીએ તો લાખ ભેગા સવા લાખ. ધંધો તો આખી જિંદગી સુધી કરવાનો છે. ચારધામ જેવી જગ્યાએ વારંવાર થોડું અવાય છે? વળી આ તો વૃદ્ધ મા-બાપને મન એમનું જીવતે જગતિયું હતું. વિધવા બહેન માટે હવે પછીનાં વર્ષોમાં પહેલો અને છેલ્લો સહારો માત્ર મહાદેવજીના નામનો હતો. એના આળા થઈ ગયેલા મન પર શ્રદ્ધાનો લેપ થાય એ આશયથી તો જાત્રાને લીલી ઝંડી આપી હતી. ત્યારે ક્યાં ખબર હતી કે —! ન રહેવાયું ત્યારે એનાથી રાડ નંખાઈ ગઈ : ગોઝારી ગંગા, તું સ્વર્ગથી ઊતરી છે કે નરકથી? વેરાન વગડામાં બિહામણા આભ નીચે ઘૂઘવતાં પ્રલયજળ સિવાય કોઈ જ બચ્યું નહોતું. હજારો યાત્રાળુઓનાં મડદાં રઝળી રહ્યાં હતાં. આશિષ જોષીને કંઈ જ સૂઝતું ન હતું. એ શૂન્યમનસ્ક થઈ એની પડખે સૂતેલી સીમાની નિશ્ચેષ્ટ કાયાને નીરખી રહ્યો હતો. સીમા પણ મરી ગઈ છે એ વાત સ્વીકારવા એનું મન તૈયાર જ ન હતું. ધસમસતો પહાડ મંદાકિનીમાં ભુખાળવા ભૈરવની જેમ ત્રાટક્યો ત્યારે પળવારમાં તો...

એને એ ભયંકર દશ્ય ધ્રુજાવી દેતું હતું. નદી ડાકણ બનીને કેટકેટલાંનો કોળિયો કરી ગઈ હતી! આંકડો બહાર આવશે ત્યારે જગતમાં હાહાકાર મચી જશે. કશું બચ્યું જ ક્યાં હતું? એક માત્ર ખખડધજ મંદિરનું હાડપિંજર બચ્યું હતું. આભ ફાટ્યું કે ચારે તરફ ભાગંભાગ મચી ગઈ હતી. પડે એના કટકા. કોઈ મંદિર તરફ દોડ્યું હતું, કોઈ બહાર મેદાનમાં. આશિષ જોશીએ મજબૂત હાથે સીમાને પકડી લીધી હતી. અને બેઉ પતિ પત્ની હજી ઘરડાં માતા પિતાને બચાવી લેવા આગળ વધે એ પહેલાં તો આખો એક ડુંગરો ઉપરથી ગબડતો ગબડતો એ કમનસીબ જીવોને એની હડફેટમાં તાણી ગયો હતો. માલાએ ભત્રીજી મંદાની ઢબુડીને તેડેલી હતી. છેલ્લે એનો તીણો ટહુકો સંભળાયો હતો : 'દા...દુઉઉઉ!' બસ, એ પછી બધું જ મંદાકિનીના ઘુઘવાટમાં વિલીન થઈ ગયું હતું. બૉમ્બની જેમ આભ ફાટ્યું હતું. એની આખી દુનિયા રોળાઈ ગઈ હતી. સીમા તણાવા લાગી ત્યારે એણે ઝનૂનપૂર્વક એને જળરાક્ષસના જડબામાંથી ખેંચી લીધી હતી. પણ પછી જોયું કે એના માથામાંથી ગરમ ગરમ લોહીની ધારા વહી રહી હતી અને એનું શરીર પળેપળ ઠંડું પડી રહ્યું હતું. છેલ્લે એણે 'ઓ ભગવાન!' એટલું જ કહ્યું હતું. એ પછી રબ્બરની કોથળીની જેમ એની ગરદન લટકી પડી હતી. 'સી...મા!' આશિષ જોષીએ ગળું ફાડી નાખે એવડી રાડ નાખી હતી : 'તારો ભગવાન તો મારો દુશ્મન નીકળ્યો. કોણ જાણે કયા ભવનું વેર વાળ્યું... પણ...પણ તનેય દયા ના આવી?' તું પણ મને ખો આપી ગઈ? તારે આવો ખેલ પાડવો હશે એવું તો મેં સપને પણ નહીં વિચારેલું... ચારધામ-ચારધામની માળા જપતી હતી તે શું આટલા કાજે?

એ અડધો ગાંડો થઈ ગયો હતો. એનું ચાલે તો એ દોટ મૂકીને કેદારનાથના સ્વયંભૂ લિંગ સામે માથું અફાળીને મરી જાય. મૃત્યુના દેવ, તારે ભોગ જ લેવો હતો તો મારો લેવો જોઈતો હતો. મારી પરી જેવી ઢબુડીનો ભોગ લેતાં શરમ ના આવી તને? - એ મનમાં ઊગ્યું તે બબડતો રહ્યો. કોણ જાણે આભ ફાટ્યું એમાં કેટલા નિર્દોષ જીવોનો કોળિયો થઈ ગયો હશે! આવી ખબર હોત તો કોઈ તારાં દર્શન કરવા

આવત ખરું? લોકો ક્યાં ક્યાંથી આવ્યા હતા! અખાત્રીજના દિવસથી જ કીડિયારું ઊભરાવા માંડ્યું હશે...થોડા નસીબદાર હશે એ વેળાસર પાછા વળી ગયા. થોડાક મોડા પડ્યા એમને સીધો જ ગળી ગયો તેં રમતો મૂકેલો આદમખોર જળ દાનવ. પાણીને પણ ભૂખ લાગતી હશે એની ખબર ન હતી : આજે એનો પરચો મળ્યો પણ એ પરચો તો આશિષ જોષીને કેટલો મોંઘો પડી ગયો હતો! આવા દેવ પાછળ સીમા કેવી ઘેલી હતી...

એને કંઈ જ સૂઝતું ન હતું. એકાદ ક્ષણ પૂરતો એવો વિચાર પણ આવી ગયો કે સીમાના હાથમાં હાથ પરોવી એની સાથે જ જળસમાધિ લઈ લઉં... સીમા સાથે ગાળેલો ચાર દાયકાનો સહવાસ ભલે મંદાકિનીનાં વહેણમાં જ વિલીન થઈ જાય. ઉપર ક્યાંય મળાશે તો મળી લઈશું, બાકીના બધાંને હજી વધુ વખત ક્યાં વીત્યો હતો? માંડ બે કલાક થયા હશે...

મૃત પત્નીના બરફીલા ચહેરાને એણે કચકચાવીને ચૂમી લીધો. છાતીમાં ગોરંભાયેલો ભાર ઠૂઠવો થઈ ફાટી પડ્યો. એ નાના બાળકની જેમ રડતો રહ્યો. મંદાકિનીના વિકરાળ જડબામાં ઓરાઈ ગયેલાં સ્વજનો તો કોણ જાણે ક્યાંનાં ક્યાં પહોંચી ગયાં હશે, ધસમસતાં ઘોડાપૂર પર સવાર થઈને... કાં તો દબાઈ ગયાં હશે પૂર સાથે તણાઈ આવેલા પહાડના કાટમાળ તળે અથવા ફેંકાઈ ગયાં હશે કોઈ અજાણ્યા મુલકમાં રમણે ચડેલી 'કાળ ગંગા'ના કિનારા બહાર. ત્યાં પડ્યાં પડ્યાં એ સડવા માંડશે. એ જંગલી જાનવરો અને ગીધ-સમડી કે કાગડા-કૂતરા અને શિયાળવાંની ઉજાણી બની જશે. હવે એમને શોધવા નીકળું તો પણ એ થોડાં જડવાનાં? અને કદાચ જડે તોય સડેલાં હાડકાં જ ને!

એ ઠંડી પડી ગયેલી લાશ સાથે ચીપકીને સૂઈ ગયો. આ એ જ શરીર, જે એને ચાર ચાર દાયકાઓ લગી હૂંફ આપતું રહ્યું હતું. એની સાથે બહુ નાની ઉંમરે સંસાર માંડ્યો હતો - હજી તો અઢારમું પણ નહોતું બેઠું ત્યાં જ્ઞાતિના પુછાતા કુટુંબમાં જન્મ્યો હોઈ એના કાંડે મીંઢળ બંધાયું હતું. એ ચાર દાયકાના સહજીવન પર ચારધામની જાત્રા પૂર્ણવિરામ બની રહેશે એવું તો સ્વપ્ને પણ નહોતું કલ્પ્યું. જાત્રાનો મોહ પણ એને હતો, પોતાને નહીં. કહ્યા કરતી, 'મંદાના પપ્પા, આપણને તો ભગવાને દીકરો પણ નથી આપ્યો કે મૂઆ કેડે સદ્ગતિ કાજે ચાર બામણનાં છોકરાંને બ્રહ્મભોજન કરાવે. કાકા-પિતરાઈ છે, એ થોડા ખપ લાગવાના? તમારે સગા ભાઈ પણ નથી. આ બધું આમનું આમ પડ્યું રહેશે ને એક દિવસ આપણે....'

એના ગળે બાઝી ગયેલો ડૂમો વછૂટે એ માટે એને એ પાણીનો ગ્લાસ ધરતો અને કહેતો : જાયું તે જવાનું છે સીમુ, ને એ તો જગતનો અફર કાયદો છે. ખુદ ભગવાનને પણ મનુષ્યાવતાર લઈને આવે ત્યારે એ કાયદો પાળવો પડ્યો છે. એનો અફસોસ ના કરાય. મોહમાયા તો ઝાંઝવાનાં જળ જેવી.

'પણ કાયાના કલ્યાણનું તો વિચારાય ને! જિંદગી આખી ઢસરડા જ કૂટ્યા કરવાના? આમને આમ ઘરડાં થવા આવ્યાં. દીકરી હવે ભણી ઊતરી છે. કાલે એનું ઘર કરીને રહેશે. બા-બાપુજી બેઠાં છે ત્યાં સુધી—' એનો અવાજ તરડાઈ જતો. આવી વાતો બે જીવો વચ્ચે એકાંતની પળોમાં જ થયા કરતી. છેલ્લાં પાંચ-સાત વરસ સુધી આ જ પ્રશ્ન શબ્દફેરે ચર્ચાતો રહ્યો હતો. ક્યારેક ધંધાની વ્યસ્તતાને કારણે, તો ક્યારેક બા-બાપુજીની બીમારીના મુદ્દે, ક્યારેક એકાએક બજારમાં ફરી વળેલ મંદીના મોજાનો હવાલો આપીને; તો છેલ્લાં વર્ષોમાં દીકરી મંદાનાં લગ્ન અને વળતે જ વર્ષે એના જિયાણાના બહાના હેઠળ સીમાની શ્રદ્ધા હાલકડોલક થતી રહી. જાત્રા કરવા નીકળીએ ત્યારે દેવ દહેરામાં ને જીવ જોડામાં - એવી સ્થિતિ તો ન જ સરજાવી જોઈએ. નીકળીએ ત્યારે પૂરેપૂરાં નીકળાય તો જ જાત્રાનું પ્રયોજન સચવાય. એટલે સીમા પણ 'મંદાના પપ્પા' સાથે એક મુદ્દે સો ટકા સહમત હતી : સંકલ્પ કર્યો છે અને પાછો સાચા મનથી કર્યો છે, એટલે આજે નહીં તો કાલે - એ સિદ્ધ તો થવાનો જ છે. તારા જેવી ગરીબડી ભક્તાણીના દિલની વાત ના સાંભળે તો એ ભગવાન શાનો? પણ સીમુ, આપણે આ જગતમાં એકલાં જ એને ભજીએ છીએ એવું થોડું છે? કંઈ લાખો કરોડો લોકોના હૈયે એના નામનો અખંડ દીવો બળતો હોય, ત્યાં આપણો વારો આવતાં થોડું મોડું વહેલું પણ થાય તો એથી અકળાવું ના જોઈએ. તને તો ખબર છે - એ જેને મળવા માગે છે એને સામેથી બોલાવે છે. આપણનેય ક્યારેક એ ઊંઘમાંથી જગાડશે, જોજે ને! મને તો પાક્કે પાયે ભરોસો છે... એનું નોતરું આવશે, આવશે ને આવીને રહેશે! બલકે આવશે ત્યારે ઓચિંતું આવશે. અલખધણીના ચોપડે વેઈટિંગ લિસ્ટમાં તારું નામ ટંકાયેલું જ છે. ધીરજ રાખ!

અને પછી ખરેખર એવું જ થયું હતું. સીમાની નણંદ અકાળે રાંડી ત્યારે એનાં પિયરિયાં પર આભ તૂટી પડ્યું હતું. લાડકોડમાં ઉછેરેલી દીકરી રંડાપો ગાળશે કઈ રીતે, એનો અજંપો રહેવા લાગ્યો હતો. વૃદ્ધ બા-બાપુ વલોપાત કરતાં રહેતાં. 'ભલા ભગવાન, અમારે આ દિવસ પણ જોવાનો હતો? વહુને પ્રજા આપી તોય પારકી થાપણ જોગ : મરતી વેળાએ તો મા-બાપને કંધોતર ખપે. છતાં મન વાળી લીધું' તું — નવા જમાનામાં હવે કાંઈ દીકરા-દીકરીના ભેદ રહ્યા પણ નથી. પણ બિચારી માલાએ તારું શું બગાડ્યું'તું? એની જિંદગી ધૂળધાણી કરીને તને શું મળ્યું?' જીવતર પર થીગડું મારવાનીય એની તૈયારી નહોતી : 'જે બનવાકાળ હશે તે બની ગયું બાપુ. હવે મને ખોટો આગ્રહ ના કરો તો સારું. વિધાત્રીએ છઠ્ઠીના લેખ જ અવળા ટાંક્યા હોય ત્યાં આપણે પામર માનવી ઉધામા કરીએ એનો શો અરથ?' માલાનું મન જ ધોળું ધફ્ફ થઈ ગયું હતું.

એણે જ સામે ચાલીને ચારધામની દરખાસ્ત મૂકી હતી. મનખાવતાર મળ્યો હોય ત્યારે ક્યારેક તો જીવે લખચોરાશીના ચકરાવામાંથી છૂટવાનું પણ વિચારવું જોઈએ કે નહીં? આમને આમ ભટક્યા કરશું તો પાર ક્યારે આવવાનો? ભગવાન નવરો નથી કે વિમાન લઈને તેડવા આવે. છૂટવા માગતું

હોય એણે સામા પગલે જવાની તૈયારી રાખવી પડે. મીરાંબાઈએ મહેલ નહોતા છોડ્યા? આપણે મહિનોમાસ ઘરબાર છોડીને એના દરબારમાં જવામાં પણ ગણતરીઓ મૂકીએ તે કેવું! ભાભી, આ વખતે તક ઝડપી લેવા જેવી છે.

ભાભીને તો ભાવતું'તું ને વૈદે બતાવ્યું. અત્યાર લગી એકલી હતી. નાની નણદલનો સાથ મળી ગયો પછી ઝાલી રહે ખરી? તાબડતોબ મંદાને બેસાડી દીધી ઇન્ટરનેટ પર. બા-બાપુજીની સંમતિ તો હતી જ. ટિકિટો બુક થઈ ગઈ એ પછી તો છૂટકો જ નહોતો ને! સામૂહિક નિર્ણય હતો.

મંદા તો મંદાકિની નદી જોવા મળશે એ કલ્પનાથી જ ઘેલી થઈ ગઈ હતી. જાણે બધાંને એકીસાથે તેડું ના મોકલ્યું હોય પર્વતરાજ હિમાલયે! બધાં ખુશખુશાલ હતાં. દિલ્હી સુધી 'ઇન્ડિગો'ની ફ્લાઈટ, ત્યાંથી ટ્રાવેલ્સની સ્પેશિયલ સેવન-સીટર ઝાયલો કાર. સીમાએ એમ.બી.એ. થયેલી લાડકીની 'મેનેજમેન્ટ સેન્સ' નાં ભરપેટ વખાણ કરેલાં : કમાઓ છો કોના માટે? પાંચપચીસ વધુ ખરચાશે તો કાંઈ તમારી તિજોરી ખાલી નથી થઈ જવાની. ઘરડાં મા-બાપને જાત્રા કરાવ્યાનું પુણ્ય મળશે. પેલો શ્રવણ તો કાવડ ઊંચકીને ફરતો'તો, તમારે એવું કષ્ટ નથી ઉઠાવવું પડ્યું એટલો એનો પાડ. એક સાથે ચાર પેઢીઓને જાત્રા કરાવ્યાનું પુણ્ય પામશો!

એની વાત ખોટી પણ ક્યાં હતી? મા-બાપને જતી ઉંમરે પવનપાવડીમાં બેસાડી જાત્રા કરાવ્યાનો હરખ તો આશિષ જોષીને પણ હતો જ વળી. અહીં તો પાછું બેવડું પુણ્ય હતું : વિધવા બહેનની મુરાદ પૂરી કરવાનું પુણ્ય મા-બાપને જાત્રા કરાવવાથી મળતા પુણ્યનેય વટી જાય. હાસ્તો, નો ડાઉટ અબાઉટ ઈટ. અને એવું પુણ્ય તો કદાચ શી ખાતરી કે એ મોડું મોડુંય નહીં ફળે? સીમાનું એ વિશફૂલ થિન્કિંગ આશિષ જોષીની આંખો ભીંજવી દેતું. હવે આ ઉંમરે? માણસે ક્યારેક તો એની એષણાઓ પર ફુલસ્ટોપ મૂકવું જોઈએ કે નહીં? હવે તો પથારો સંકેલવાની વાત કરવી જોઈએ. એને ઠેકાણે આ પંચાવન પાર કરી ગયેલી માનુની કેવાં રતૂમડાં સપનાં જોતી હતી! કહેતી હતી : એના ખજાનામાં ખોટ થોડી છે? એને આપવું હોય તો ગમે તે વખતે આપી શકે, ઊંઘમાંથી ઉઠાડીને. અને પછી એ 'માધુરી' પૂર્તિનાં કાપી રાખેલાં કટિંગ બતાવવા લાગતી : આ સ્ત્રીની ઉંમર કેટલી છે, ખબર છે? એ સડસઠ વરસની ઉંમરે માતા બની શકતી હોય તો મને તો હજી...

આશિષ જોષી બિચારો શું બોલે? શેર માટીની ભૂખ આ ઉંમરે પણ શમી નહોતી. દીકરીના ખોળામાં રમતું ભાણેજિયું પણ પાંચ વરસનું થવા આવ્યું હતું છતાં એની માને પેટ માંડવાના અભરખા જાગતા હતા.

'એની અકળ લીલાનો પાર પામી શક્યું છે કોઈ?' મોડાસાથી નીકળતાં અગાઉ છેલ્લીવાર એકાંત માણ્યું ત્યારે એના ચહેરા પર કેવાં ગુલાબ ખીલી ઊઠ્યાં હતાં...

આશિષ જોષીનું રૂવે રૂવું હલબલી ઊઠ્યું.

એણે ધીમે રહીને એના ઠંડા પડી ગયેલા ગાલ ચૂમી લીધા.

અગાઉની જેમ એણે કશી પ્રતિક્રિયા ના પાઠવી કે ના કર્યું મીઠું છાસિયું. 'શરમાવ જરા, ઘરમાં માથા સમાણી છોકરી ફરે છે ને તમને તે રહી રહીને રાસલીલાના ચટકા ચડે છે!' જીવતી હોત તો આવું જ કશુંક બોલી હોત : આશિષ જોષીને એ વણબોલાયેલા શબ્દો સંભળાતા રહ્યા.

'તું ખરેખર જતી રહી છે? બોલ તો ખરી?' એણે ફરી એકવાર એની છાતીમાં મોઢું ઘુસાડી દીધું. જોશીમઠ અને ગૌરીકુંડમાં એની નજર સતત કોઈ અનાગતનું પગેરું શોધતી હતી. ડોલી ઉપાડતા પહાડી મજૂરોની એને દયા આવતી હતી. કહેવાય દેવભૂમિ, પણ એના રહેવાસીઓને તો કાળી મજૂરી જ કરવાની... પાંચ મણની કાયા ઊંચકીને ડુંગરા ચઢવાના! આખી જિંદગી આના આ ઢસરડા. ચરબીના થપેડા ચડાવી ચડાવીને સોફામાં પણ ના સમાય એવાં કદરૂપાં શરીર વધારતાં રહેવાનું અને પછી ભગવાનનાં દર્શન કરવા આ ગરીબડાં હાડપિંજરોની કાંધે ચડીને જવાનું! થોડી લીલી નોટો ખાતર બિચારા કમનસીબ જીવ ખચ્ચર કરતાંય બદતર જિંદગી જીવે છે. પેટ ખાતર વેઠ કરવી પડે છે. દેવભૂમિમાં જીવતું દોજખ જોઈ એના હૈયે તીણા લિસોટા તણાઈ ગયા હતા.

'કહું છું...' એણે હૈયે ઢબૂરાયેલી તરસને માંડ વાચા આપી હતી : 'બે-ત્રણ દહાડાથી મનમાં વલોવાઈ રહેલો સવાલ છેક હોઠ સુધી આવીને પાછો પેટમાં ઊતરી જાય છે.'

'જે હોય તે કહી દે નહીંતર આવતા ભવમાં કાચબી થવું પડશે!' આશિષે ટીખળ કર્યું હતું.

એના ચહેરા પર સફળ સહજીવનની લાલિમા ફૂટી હતી. 'તમારી સાથે કાચબી તો શું કીડી-મંકોડી બનવા પણ તૈયાર છું. પણ મારી વાત તો જરા સાંભળો...' અને પાછી એ અવઢવ અનુભવતી હોય એમ થોથવાઈ ગયેલી. આખરે બહુ પટાવી ત્યારે એની દુઃખતી રગ ખુલ્લી કરી દઈ બોલી : મંદાના પપ્પા, આપણે અહીંથી કોઈ દુખિયારું છોકરું ખોળે કરી લઈએ તો કેવું? — અર્થાત્ એની પુત્રેષણા તીર્થધામમાં પહોંચ્યા પછીય શમી નહોતી. છેક મૃત્યુની આગલી રાત લગી એના હૈયે એ ઝંખના ધબકતી હતી.

આશિષ જોષીને બરફની પૂતળી બની ગયેલી સહધર્મચારિણીની છેલ્લી ઈચ્છા પૂરી ન કરી શક્યાની લાગણી કોરી ખાવા લાગી. હવે જ્યારે નાટક પૂરું જ થઈ ગયું છે ત્યારે આંસુ કે અફસોસનો કોઈ અર્થ ખરો? જેમના કાજે મરવું ગમે એ બધાં વહેલાં થયાં અને પોતે એકલપંડે બચી ગયો! પેલા મહાભારતવાળા અશ્વત્થામા જેવો અમરત્વનો શાપ તો નહીં લાગ્યો હોય પોતાને! એ મનોમન પોતાની નામર્દાઈ પર હસી પડ્યો. ગેમ ઈઝ ઓવર. પડદો પડી ગયો છે. હીરો સિવાયનાં તમામ પાત્રો નેપથ્યમાં ચાલ્યાં ગયાં છે. કરુણાંત નાટકના છેલ્લા સીનમાં હવે એકલો હીરો જીવે છે. એની નાનામાં નાની જરૂરિયાતનો ખ્યાલ રાખનારી નાયિકાએ દમ તોડવા એના પ્રિયતમનો ખોળો જ પસંદ કર્યો. હવે આગળ શું થશે? નથી પ્રેક્ષકો જાણતા કે નથી હીરોને એનો

અણસાર. કદાચ જીવી જવાય તો પણ આવી એકલવાસી જિંદગી શા કામની?

બહુ જ થાકી ગયેલો હોઈ એને થોડી ઝપકી આવી ગઈ. એણે ભારેખમ બની ગયેલું બરફની પાટ જેવું સીમાનું શરીર ઊંચકી નજીકની શિલાના ટેકે એની લગોલગ લંબાવી દીધું. છેલ્લું સહશયન આવી જગ્યાએ નિર્માયું હશે એની બે પૈકી કોઈએ સ્વપ્ને પણ કલ્પના ન જ કરી હોય. સામે દેવાધિદેવ આટલા વિનાશ વચ્ચે પણ સમાધિમાં લીન હતા. લાશોના ઢગ વચ્ચે પણ એમનું ઘેન થોડું ઊતરવાનું હતું? વહી ગયેલા જળ પ્રવાહમાં લોહી અને લાગણીના તમામ તંતુ સામટા તણાઈ ગયા હતા. કોને ખબર ક્યાં જઈને અટવાયાં હશે એ બધાં! મર્યા પછી પણ સાથે રહ્યાં હશે કે વેરવિખેર થઈ ગયાં હશે? બે ઘરડા જીવોનું તો જાણે સમજ્યા. ભગવાનના દરબારમાં જ મોત આવે એ એમને મન તો સોના જેવું. વળી પાછી ગંગાજીમાં જળસમાધિ. એવું મોત તો પુણ્યશાળી આત્માને જ મળે. છેલ્લે છેલ્લે બેઉએ હાથ ઊંચા કરી કરીને વિદાય લીધી હતી. પોતે ડૂબ્યાં એનો અફસોસ નહોતો પણ ભગવાન પોતાના પરિવારને બચાવે એવી પ્રાર્થના કરતાં હશે બિચારાં. આખી દુનિયા ડૂબે તો ચાલે, એ માયાળુ જીવો એમના કંધોતરને ડૂબતો ના જોઈ શક્યાં હોત...કદાચ એમની અરજી મૃત્યુના દેવના કાનેય પડી હશે. એટલે જ આવા જળ પ્રલયમાંથી હેમખેમ બચી જવાયું હોય તોય કોને ખબર! આશિષ જોષીને એવી જિંદગી તો મોતથી પણ બદતર જ લાગે. વિધવા બહેન, લાડેકોડે મોટી કરેલી મંદા, એના ખોળે ખીલેલું નાજુક નમણું ફૂલ...એ બધાંને અહીં મૂકીને પોતે વતનને મોઢું કઈ રીતે બતાવી શકશે? લોકો પૂછશે તો જવાબ શું આપશે? માંહ્યલોય સવાલ તો કરશે જ. જાગતાં નહીં તો છેવટે ઊંઘમાં, સપનાંની ભાષામાં - પણ એ પૂછ્યા વગર નહીં જ રહે. બોલો જોષી મહારાજ, તમે એકલા એકલા બાકી રહેલી મજલ કોના સહારે કાપી શકશો? બધાંની સાથે તમારે પણ સ્વર્ગારોહણ કરવું જોઈતું હતું.

હજી એનો વલોપાત ચાલુ જ હતો ત્યાં ફરી એકવાર જોરદાર ધડાકા સાથે વાદળ ફાટ્યું. આભલું જમીન પર ફસડાઈ પડ્યું. ઘૂઘવતી નદીમાં ડબાક ડોકિયાં કરતા અનેક જીવો ચીસાચીસ કરી રહ્યા. ફરી પાછો એ જ મહાસંહાર. ઝૂંપડાં, મકાન, પ્રાણી...મંદિરના પ્રવેશદ્વારનો ભુક્કો બોલાઈ ગયો હતો, ફાટી આંખે વીજળીના ચમકારામાં આશિષ જોષીએ જોયું : એક પાંત્રીસ-ચાલીસ વરસની સ્ત્રી એનો એક હાથ ઊંચો કરીને મદદ માટે પોકાર કરી રહી હતી. એના બીજા હાથે એણે કચકચાવીને એના બાળકને કાખમાં દબાવી રાખ્યું હતું. એ પ્રવાહ સાથે તણાતી તણાતી છેક એની નજીકની શિલા સાથે અથડાઈ. ઘુઘવાટા મારતા જળરાક્ષસે એને એક જોરદાર ધોલ મારી બહાર ફંગોળી દીધી. એ બેહોશ થઈને માંડ પચાસ-સો ફૂટના અંતરે પડી હતી. એની કાખમાં દબાયેલું બાળક રાડ પાડી ઊઠ્યું. આશિષ જોષીને દયા આવી ગઈ. શિલા સાથે અફળાઈને સ્ત્રી તો કદાચ...એણે લાંબું વિચાર્યા વગર ઊભા થઈને દોટ મૂકી.

'ઓ જી...' શું સંબોધન કરવું એ ન સૂઝ્યું એટલે એણે સીધો જ હાથ લંબાવી એને કાદવમાંથી બહાર ખેંચી લેવાનો પ્રયાસ કર્યો. વીજળીનો ચમકારો થયો. આભમાં વાદળ આઘાપાછાં ખસતાં ચંદ્રનું અજવાળું ઊઘડ્યું. સ્ત્રીના ચહેરા પર બધું જ ગુમાવી દીધા છતાં એના બાળકને બચાવી લીધાનો હરખ વંચાઈ રહ્યો હતો. એની આંખોમાં મોત સામે ઝઝૂમી, જિંદગીની બાજી જીતી શક્યાનો ઉલ્લાસ વરતાતો હતો.

'ભગવાન ભોલેનાથ આપકા ભલા કરે.' એનાથી આગળ કશું ન બોલી શકાયું. કાદવિયાં લૂગડાં ખંખેરતી અને પરપુરુષ સાથે એકાંતમાં ઊભા રહેવાની શરમ અનુભવતી અજાણી સ્ત્રી ચૂપચાપ બે ડગલાં દૂર હટી ગઈ અને એના ડઘાઈ ગયેલા દીકરાના ચહેરા પર હાથ ફેરવતી રહી. મા માટે સંતાનની જિંદગીથી મોંઘી જણસ બીજી કઈ હોઈ શકે? આશિષ જોષીએ પણ હાથ લંબાવી એના લાડકવાયાને પંપાળ્યો. 'બહોત પ્યારા બચ્ચા હૈ...' એની આંખો સામે થોડા કલાક અગાઉનું એ બિહામણું, વિનાશક રૌદ્ર દશ્ય પ્રત્યક્ષ થઈ ઊઠ્યું : મંદા, મંદાની ઢબુડી...એણે વર્તમાનમાં પ્રવેશવા પ્રયાસ કર્યો. હવે એમનો સાથ થોડો મળવાનો હતો?

'યહાં આઓ, મેરે સાથ સાથ.' એને કશુંક કરવાલાયક કામ પાર પાડી શકાયું એને પરિતોષ હતો. કિનારે ફંગોળાયેલી સ્ત્રી છેક ઘૂંટણ સુધી કાદવમાં ફસાયેલી હતી. પોતે દોડી ન ગયો હોત તો બનાવજોગ કે પાછળથી ધસમસતા જળ પ્રવાહમાં એ ખેંચાઈ ગઈ હોત. કદાચ એ બચી ગઈ હોત તો પણ એનો ઊછર્યોપાછર્યો છોકરો છૂટી જ ગયો હોત. ને પછી મા તરીકે એને એવી જિંદગી બચ્યાનો કોઈ જ આનંદ ન હોત.

એ આભારવશ બનીને આશિષ જોષી સામે જોઈ રહી હતી. 'આપ કે રૂપમેં મુઝે તો ભોલેબાબા હી મિલ ગયે...' એણે નીચી નમી આશિષ જોષીના પગે હાથ અડાડ્યા. 'ઐસા મત કરો. સબ ઉસીકી લીલા હોતી હૈ...' આશિષે જોયું : બાઈને ઠંડી ચડી રહી હતી. એની આજુબાજુ પહાડનો કાટમાળ હતો અને કાટમાળ નીચે કોણ જાણે કેટલી જિંદગીઓ કણસતી હશે.

'મેરે સાથ ચલી આઓ...' એણે એની પત્નીનું શબ બતાવતાં કહ્યું : 'યે મેરી મિસિસકા બોડી હૈ. તુમ ઉસકે કપડે ઉતાર લો. તુમ્હેં બહોત જ્યાદા ઠંડી લગ રહી હૈ.'

સ્ત્રી આંચકો ખાઈ ગઈ. 'નહીં સા'બ, મુઝસે યે કામ નહીં હો સકેગા. આપ કૈસી બાત કરતે હો?'

આશિષ જોષીએ એનો પ્રતિવાદ ન કર્યો. એ દિલ કાઠું કરીને જાતે જ સીમાનાં કપડાં કાઢવા લાગ્યો. ભીનાં જરૂર હતાં, છતાં ઊનનાં હતાં. ખાસ ચારધામ પૂરતાં ખરીદ્યાં હતાં. આશિષને એ વસ્ત્રો ખૂબ ગમતાં હતાં. સીમાએ પહેલવહેલાં પહેર્યાં ત્યારે એણે ઉમળકાપૂર્વક અભિનંદન આપ્યાં હતાં : તું ખૂબ જ જાજરમાન લાગે છે સીમા! આઈ મીન, રૂપાળી તો પહેલાંથી હતી, આ કપડાંમાં એકદમ ગોર્જિયસ - ગૌરવવંતી લાગે છે. એણે હાઈસ્કૂલ દરમિયાન ગોખેલું

સુભાષિત પણ ટાંક્યું હતું :

*....पीतांबरं वीक्ष्य ददौ स्वकन्या*
*चर्माम्बरं वीक्ष्य विषं समुद्रः ।*

ઓછું ભણેલી માતાને એની લાડકવાઈ દીકરીએ સુભાષિતનો અર્થ સમજાવેલો ત્યારે એ બોલી ઊઠેલી : 'પણ આપણે તો એ ચર્મામ્બરધારીના મુલકમાં જવાનું છે. એમને આવા ઠઠારા ગમશે ખરા?'

સ્વેટર પછી ઊનનું ટ્રાઉઝર ઉતારતાં ઉતારતાં આશિષનું હૈયું ઉત્તરાખંડના વાદળની જેમ ફાટી રહ્યું હતું. આંખો સામે આંસુનાં પડળ બાઝી ગયાં હોઈ એ સીમાની પુષ્ટ જંઘાઓની ઝલક માત્ર પામી શક્યો. એણે ઉતાવળે ટ્રાઉઝર ખેંચી લઈ એનાં અંગ-ઉપાંગ ઢાંકી દીધાં. મનોમન એને હાથ જોડ્યા, માફી પણ માગી લીધી.

'તુમ્હારા નામ ક્યા હૈ?' એણે હળવે રહીને એ વસ્ત્રો પેલી પાસે બેઠેલી સ્ત્રી તરફ લંબાવતાં ઉમેર્યું : 'હમ લોંગોને શાયદ તુમ્હેં કલ હી દેખા થા, મંદિર કે પાસમેં હી કહીં...'

'જી સર...મૈં એક બદકિસ્મત ભિખારન હૂં. ઈસ બચ્ચે કે સિવા ઔર કોઈ નહીં હૈ મેરા - ઈસ દુનિયામેં. મેરી તો શાદી ભી નહીં હુઈ થી. યૂં સમઝો કે યહ ભોલેબાબા કા હી બેટા હૈ....' એણે શરમથી નીચું જોઈ ઉમેર્યું : 'જી, મૅડમને કલ મેરે બચ્ચે કે હાથમેં સો રૂપિયે કા નોટ દિયા થા - મુઝે બરાબર યાદ હૈ! — એ ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

આશિષે એને રડવા દીધી. દેખીતું છે : જે બાઈએ આગલા દિવસે દેવાધિદેવનાં દર્શન કર્યા પછી પોતાના બાળકના હાથમાં સો રૂપિયા જેવી 'માતબર' ભીખ આપી હોય એને થોડાક જ કલાક પછી આ હાલતમાં જોવી પડે તેથી રડવું તો આવે જ. એના બાળકને તો સો રૂપિયાની નોટ જ આપેલી, મૂઆ પછી એ જ સ્ત્રીને પોતાનાં ગરમ કપડાં આપી દેવાની છે - એવું તો બિચારી ભિખારણે ધાર્યું પણ ન જ હોય ને! આશિષ જોષીને થયું : આપવા જ બેઠી છો તો આ દરદાગીના પણ... અને જાણે અડધા શુકને સીમાનો હોંકારો સંભળાયો : એમાં તે વળી મને પૂછવાનું હોય? તમારે કંજૂસાઈ ન જ કરવી જોઈએ. એને મારાં કપડાં આપ્યાં એમ મંગળસૂત્ર પણ આપી દો, મંદાના પપ્પા! અને જો સંમત થાય તો એને તમારી સાથે જ....દિલથી કહું છું હોં! એ અવાજ ઘૂઘવતા જળપ્રવાહમાં ઓગળી ગયો.

'તારે છોકરો જોઈતો હતો ને?' ડૂસકું ગળામાં જ દબાઈ ગયું. પાસે ઊભેલા છોકરાને નજીક બોલાવી આશિષ જોષીએ કહ્યું : 'બેટા, મૈયા કો ગંગાજીમેં જલસમાધિ દેની પડેગી. જરા હાથ બઢાઓગે? અચ્છે બેટે હો ના તુમ તો!'

પછી છોકરાએ ચૂપચાપ આશિષ અને એની માતાનાં સૂચનો મુજબ અંજલી ભરીને સીમાના ચહેરા પર છાંટી. પ્રવાહમાં વહી આવેલાં તુલસીદલ અને ફૂલ એના મુખમાં મૂક્યાં. પછી ત્રણે જણાંએ ધીમે રહીને સીમાનું બરફ થઈ ગયેલું શરીર ઊંચક્યું. ઓચિંતું કશુંક યાદ આવી ગયું હોય એમ આશિષ જોષીએ ઉતાવળે એનું મંગળસૂત્ર ઉતારી લીધું. 'હર હર ગંગે...' બોલી ત્રણે જણ પ્રવાહ સાથે દૂર દૂર ફંગોળાતી એ જાજરમાન કાયા તરફ પૂજ્યભાવે જોતાં રહ્યાં. એ દેખાતી બંધ થઈ ત્યારે ફરી એકવાર આભ ફાટ્યું હોય એમ અનરાધાર આંસુનાં ઘોડાપૂર ઊમટ્યાં. પેલી સ્ત્રીનું હૈયાફાટ રુદન જોઈ એનો નાદાન છોકરો પણ રડવા લાગ્યો.

ફરી એકવાર એને સીમાનો હોંકારો સંભળાયો. આશિષ જોષીએ ધીમે રહીને સીમાનું મંગળસૂત્ર એ ભિખારણના ગળામાં પહેરાવી દીધું. ચમકીને ભિખારણે એની સામે જોયું. અપરાધ બોધ અનુભવી રહેલા આશિષ જોષીએ હાથ જોડીને કહ્યું : 'તુમ્હારી મૅડમકી શાયદ યહી આખરી ઇચ્છા થી...'

બેઉ વચ્ચે મૌનનું ચોસલું ગોઠવાઈ ગયું. છોકરો અકળાઈ રહ્યો હતો. આખરે એણે જ મૌન તોડ્યું : 'માં, મુઝે ભૂખ લગી હૈ...'

આશિષ જોષીએ એના ખિસ્સામાં મંદાની ઢબુડી માટે સાચવી રાખેલી કિસમિસ કાઢી. 'ખાઓ બેટા! શાયદ તુમ્હારે લિયે હી બચી હોગી...'

સ્ત્રી તીરછી નજરે આશિષ જોષી સામે તાકી રહી.

'તુમને અબ તક અપના નામ નહીં બતાયા!' આશિષે હિંમત કરીને પૂછી જ લીધું : 'તુમ્હેં સીમા કહકે પુકારૂંગા તો ચલેગા ના? બુરા તો નહીં માન જાઓગી?'

'મેરા નામ સીમા હી હૈ, આપકો કૈસે પતા ચલ ગયા?' એ મલકાઈ. અચાનક વીજળીનો ચમકારો થયો.

'ઉનકા નામ ભી સીમા થા.' આશિષ જોષી એટલું બોલી અટકી ગયો. આભમાં એક જબરદસ્ત કાટકો થયો. બેઉએ એકમેકની સામે જોયું. નાનકડો છોકરો ગભરાઈને આશિષને વળગી પડ્યો.

'ડર લગ રહા હૈ બેટા?' આશિષ જોષીએ એને વહાલથી ઊંચકી લઈ પુચકાર્યો : 'તુમ તો ભોલેબાબા કે બેટે હો. બહાદુર બચ્ચે ડરતે નહીં કિસીસે...' ને સીમા ભિખારણની આંખમાં આષાઢ ઊમટી પડ્યો.

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ-૧૩૨,*
*સેક્ટર-૧૯,*
*ગાંધીનગર-૩૮૨ ૦૨૧.*
*મો. ૯૮૭૯૫ ૪૩૧૩૨*

**કોટન બેઝમાં પરવડે તેવી રેન્જ** | વિશેષતા : હોલસેલ ભાવે રીટેલ

- ગઢવાલ • કોરા કોટન
- સુપરનેટ કોટા • ટીસ્યુ કોટા
- ફેન્સી કોટા • જૈન સિલ્ક
- ચંદેરી ટેમ્પલ • પ્રિન્ટેડ જ્યોર્જેટ



**"કાંચી"ની સાડી વાહ... વાહ...!!**

મીનલ દેઢિયા • 09930704743

**KANCHI** *A Blend of Indian Heritage*

૭૧/૭૩, શાહ ભુવન, ગ્રાઉન્ડ ફ્લોર, જુની હનુમાન લેન, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨.

Tel. : (022) 22060636 E-mail : sareekanchi@gmail.com **Sunday Closed**

# મૃત્યોર્મામ્ અમૃતંગમય

• માલતી શાહ •

ચોવીસ કલાકથી ધોધમાર વરસી રહેલો વરસાદ આ પહેલા તેણે ક્યારે જોયો હતો? તેને યાદ નથી આવતું. કદાચ ક્યારેય આ રીતે વરસાદ વરસ્યો પણ નહીં હોય. તેને લાગે છે કે કદાચ તે આ છેલ્લો વરસાદ જોઈ રહી છે. કદાચ...તે ક્યારનીય તેના પ્રિય હીંચકા પર બેઠી બેઠી વરસતા વરસાદને જોઈ રહી છે. પોતાના આવા વરસાદ વિષેના વિચાર પર તે મનોમન થોડી હસી. વરસે તો જ વરસાદ કહેવાય ને! ઘરની સામેના જ વળાંક પર જ લીમડાની ડાળીઓ તીવ્ર પવનને કારણે તથા વરસાદના મારથી બેફામ ડોલી રહી છે. વરસાદને કારણે આકાશે ઘેરો રાખોડી રંગ ધારણ કર્યો છે. તેને આથમતા સૂર્યને કારણે સૂમડું થઈ જતું આકાશ જોવું ગમે. પણ આજે તે નહીં જોઈ શકે. ગઈ કાલે સાંજથી શરૂ થઈ ગયેલો વરસાદ આજની સાંજ તો પોતાનામાં ડુબાડી દીધી, પણ તે રાતને પણ ગ્રસ્ત જશે કે શું? ઝાડની ડાળીઓ ખૂબ જ પવનને કારણે બેફામ ડોલી રહી છે. વરસાદ છે, અંધકાર છે અને તેમાંય આ રાતે કાબૂ બહાર ડોલતી લીમડાની ડાળીઓ. એવું લાગે છે કે જંગલમાંથી હમણાં જ જંગલી પ્રાણીઓ બહાર નીકળશે. ત્રણ-ચાર ડાળીઓ એ રીતે સામસામી ડોલી રહી છે જાણે બે સિંહબાળ ગમ્મત કરી રહ્યા છે. આ બધી માયાજાળ સાચી તો નહીં પડી જાય ને? મોટાં મોટાં હિંસક પ્રાણીઓ તેના પર ત્રાટકશે તો?

તેણે આંખો બંધ કરી. ભગવાને કદાચ આંખ ઉપર પોપચાં એટલા માટે જ આપ્યાં હશે કે જયારે ઇચ્છા થાય ત્યારે આંખો બંધ કરી શકાય. પછી ન જોવાનું કંઈ પણ જોવું ન પડે. તે કેમ આવી ડરપોક થઈ ગઈ છે? નાનો હર્ષ ખરું જ કહે છે, દાદી તું બહુ ડરપોક થઈ ગઈ છે!

આ પહેલાં તેને સમય આટલો કીમતી ક્યારેય નહોતો લાગ્યો. પણ જ્યારે હવે તે જાણી ગઈ છે કે તેની પાસે સમય હવે ખૂબ જ ઓછો રહ્યો છે, ત્યારથી તે અવઢવમાં મુકાઈ ગઈ છે. તે હવે કેટલું દોડશે? દોડી શકશે ખરી? તેને જાણે અંદરથી ખબર પડી ગઈ છે. તેની પાસે બે અઢી મહિનાથી વધારે સમય ન પણ હોય! આટલો ઓછો સમય એક અશક્ત બીમાર સ્ત્રીને દોડાવી દોડાવીને કેટલું દોડાવી શકે? પહેલાં તો બધું જ સુંદર હતું. તો જે પહેલાં સુંદર લાગતું હતું તે હવે કેમ સુંદર નથી લાગતું? સુંદર ગીતો સાંભળીને ડોલી ઊઠતું તેનું મન હવે આ બધાં ગીતોને પસંદ નથી કરી શકતું. તેને તો આ બધો ઘોંઘાટ લાગે છે. સહન ન થઈ શકે તેવો ઘોંઘાટ.

તેને લાગે છે કે મોતે તેને તૈયાર રહેવાનું કહ્યું અને તે ડરી ગઈ છે. કદાચ મોત અતિથિની જેમ ઓચિંતું આવે તો આટલી પીડા ન જ થાય. પણ જ્યારે તે રીતસરની ચિઠ્ઠી આપણા નામ જોગ મોકલે કે હું આવું છું ત્યારે માનવીની હાલત કેવી થતી હશે? ડર, હતાશા, જીવવા, થોડું વધુ જીવવા માટેનાં તેનાં વલખાં આ બધું તેને ઘેરી વળતું હશે કે નહીં? મોતની મહેફિલ શરૂ થઈ ગઈ હોય અને તમારા હોવાપણાને ચીફ ગેસ્ટ બનાવીને બસ બધું પૂરું!

તેણે કેટલી બધી લાંબી સુંદર જિંદગી વિતાવી છે. આ પહેલાં તેને સમય ક્યારેય કીમતી નથી લાગ્યો કે નહોતો લાગ્યો. તેની હર આજ, બીજા દિવસની કાલ બની જતી અને તેની તે નોંધ પણ નહોતી લેતી. અને હવે તેને પૂરો થતો એક એક દિવસ ગમગીનીમાં ડુબાડતો જશે. શી ખબર, અત્યારે તો પીડા પણ નથી થતી, પણ પછી ક્યારે તે પીડાથી ઘેરાઈ જશે, કોને ખબર. તેણે તેના નજીકથી જોવાનાં ચશ્માં ઉતારી આકાશ તરફ જોયું. કદાચ કોઈ સાંત્વના, કોઈ મધુર સંદેશ તેને આકાશ તરફથી મળે. પણ આકાશ તો અનરાધાર વરસવામાં મશગૂલ છે. આકાશ તેના દર્દથી બેખબર છે. આપણે કદાચ ઇચ્છતા હોઈએ કે આપણા દર્દ વિશે બધા જાણે. પણ આપણા આ દર્દ વિશે જાણીને પણ તેઓ કંઈ પણ કરી શકવાના નથી.

પ્રિયજનની પીડા કે દુઃખના સાક્ષી બનવા સિવાય કંઈ ન કરી શકવાની સજા પ્રભુ શા માટે કરતા હશે? પોતાના કારણે ઘરની બધી જ વ્યક્તિનાં હાસ્ય વિલાઈ ગયાં છે. હીંચકો સ્થિર થઈ ગયો છે અને તે પણ સ્થિર થઈ ગઈ છે. રોજ ચકલીઓના ક્લબલાટને તેણે મને કમને સહ્યો છે, પણ આજે એ કલબલાટ કરતી ચકલી ક્યાં ગઈ હશે? તેઓને આશરો તો મળ્યો હશે ને? તેના હૈયાએ ચકલીની પીડા ઝીલી લીધી હોય તેમ જાણે તેને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી. આંખો બંધ કરી તે હીંચકા પર બેસી રહી!

'મા, સૂઈ ગયા કે શું?' શ્રીલેખાના અવાજે તેણે આંખો ખોલી. તે તેના માટે લીંબુ શરબત લાવી છે. શ્રીલેખા તેનું ખૂબ જ ધ્યાન રાખે છે. તેણે શરબત પીધું અને ગ્લાસ શ્રીલેખાને પાછો આપતાં બોલી, 'અહીં હજી થોડીવાર બેસું? મને ગમે છે.'

તેણે ક્યારેય કોઈ દિવસ તેની પીડાની ફરિયાદ કોઈને પણ કરી નથી. તે બહારથી જરા પણ ભાંગી પડી નથી અને અંદરની વાત તે કોઈને જણાવા દેવા માંગતી નથી. જ્યારે તે નાની હતી ત્યારે મોટો ભાઈ હાથ પહોળા કરીને તેને પૂછતો, 'આટલાં બધાં મરચાં ખાઈશ? આટલું બધું પાણી પીશ? વાઘ આવે તો બી જઈશ?' અને તે ઓચિંતી તાળી પાડતો અને તેની આંખો બંધ થઈ જતી. 'જો બી ગઈને!' ના...ના...ને ના...તે ત્યારે પણ નહોતી બીતી અને અત્યારે પણ નહોતી બીતી.

ઘરનાં બધાં જાણતાં હતાં કે તે હવે લાંબો સમય નથી. પણ બધાં એવા ભ્રમમાં હતાં કે તેને તેની માંદગી વિષે ખબર નથી. વારે વારે બ્લડ ટેસ્ટ, વારે વારે એમ.આર.આઈ. — આ બધું જાણે સ્વાભાવિક છે તેવું તે માને તેવું બધા ઇચ્છતા હતા. તે પણ આ બાબતે કોઈ ચર્ચા કરતી

નથી. કોઈ ટેસ્ટ કરાવવા જવાનું હોય કે ડૉક્ટર પાસે જવાનું હોય તે કારની આગળની સીટમાં ચૂપચાપ બેસીને રસ્તાના વળાંકો, ચાલ્યા જતા માણસો, ઊંચાં ઊંચાં બિલ્ડિંગો, તેજ રફતારથી દોડી જતાં વાહનો અને ક્યારેક ધીમો વરસતો વરસાદ જોઈ રહેતી. તે કદાચ મનમાં વિચારતી હશે કે આ બધું તે કેટલો સમય નીરખી શકશે?

તે તો શું, કોઈ પણ સમયને બાંધી શકે ખરું? કોઈ એક વળાંક પર સ્થિર ઊભા રહી જવાથી ન તો તેની સાથે સમય ઊભો રહે છે, ન તો તેની આસપાસની દુનિયા! તે સમજે છે કે તેનું કોઈ એક ક્ષણ પર ઊભા રહેવું તેને એકલતાની સાથી બનાવી દેશે!

જેટલો પ્રેમ સુંદર, જેટલી લાગણી હૃદયને સ્નેહથી તરબોળ કરી દે તેવી હોય તેટલી જ જુદાઈ વિરૂપ બની જતી હશે? શું જુદાઈને રંગીન ન બનાવી શકાય? ધુળેટીના દિવસે રંગાયેલા હર એક ચહેરા પ્રસન્ન હોય, જુદાઈ જો રંગીન બની જાય તો તે રંગને કારણે હર એક ચહેરા પ્રસન્ન બની શકે, પણ તેમ થતું નથી.

તે થોડી થોડી ધ્રુજવા લાગી. ધરતીકંપ પછી છોડવાઓના નાનાં નાનાં નાજુક થડ આછા કંપન સાથે થોડા થોડા કાંપ્યા કરે તે રીતે તે કંપતી રહી. શ્રીલેખા હજી ત્યાં જ તેની સામે ઊભી હતી. કદાચ તે ચૂપચાપ ઊભી રહીને તેને નીરખતી હશે. તેણે શ્રીલેખા સામે વિવશતાથી જોયું. તે કંઈ પણ કહે તે પહેલાં શ્રીલેખા તેના માટે શાલ લાવી, તેને પ્રેમથી ઓઢાડી, તેના બેડરૂમમાં લઈ ગઈ : 'થોડીવાર આરામ કરો મા... બહુ વિચારો નહીં!'

સ્વચ્છ સુંદર તેનો બેડરૂમ છે. વિશાળ બારીઓને કારણે હવા-ઉજાશથી તેનો રૂમ છલકાય છે. તેને પૂછીને શ્રીલેખા રોજ બધી જ બારીઓના પડદા હટાવી દે છે. જેથી સૂર્યનો સુંગધિત પ્રકાશ તેના રૂમમાં આવી તેના અણુએ અણુમાં ફેલાઈ જાય. કદાચ તે નવજીવન પામે. પણ તેના પોતાના લાખ પ્રયત્ન છતાંય તે પ્રસન્ન નથી રહી શકતી. તેનો રૂમ ખૂબજ સુંદર રીતે પોતાની પસંદગીને અનુરૂપ સજાવેલો છે. પણ તો પણ તેને હવે આ સુંદર રૂમમાં રાતદિવસ રહેવું નથી ગમતું. બારી નજીક જ ગોઠવેલો તેનો પલંગ તેને બહારની દુનિયાને રૂમમાં લાવવા માટે મદદ કરે છે. બગીચામાં વાવેલી નાળિયેરી તેની બારીમાંથી ડોકિયાં કરતી હોય છે. હાય...હેલ્લો.... કહેતી નાળિયેરી ક્યારેક તેને ખુશ કરે છે, ક્યારેક તે તેના તરફ જોતી પણ નથી. પડખું ફરીને સૂઈ રહે છે.

તેને હવે થોડું સારું લાગે છે. આમ પણ સાંજનો જમવાનો સમય થવા આવ્યો છે. તે રૂમમાંથી બહાર આવી શ્રીલેખા સાથે વાતો કરવા ડાઈનિંગ ટેબલની એક ખુરશી પર બેઠી. રસોડામાં રસોઈ કરતી શ્રીલેખા બોલી, મા અહીં બેસવું ગમે છે ને? બેસો, આપણે વાતો કરશું. બસ આ શાક વઘારી લઉં પછી હું free જ છું. આ શ્રીલેખા આટલી પ્રેમાળ કેમ છે? હજી તો તે નવી નવી પરણીને આવી છે, પણ જાણે પૂર્વભવની તેની દીકરી હોય તેમ તેની સંભાળ લે છે. તેને સાંભળે છે. શ્રીલેખાના વાણી વર્તનમાંથી તેને ખૂબ સાંત્વના મળે છે, તો તેના સ્પર્શમાં જાદુ જ હોય ને!

સૌનું મોત તો નિશ્ચિત છે. પણ ક્યારે, તે માનવી જાણતો નથી હોતો. જન્મ સાથે જ જો તેના મૃત્યુની તિથિ પણ લખાઈને આવતી હોત તો કદાચ આ જમીન મારી, આ જમીન તારી, તારી જમીન પણ મારી—ની લડાઈ થતી ન હોત! પૈસા માટે માનવી કાવાદાવા કરતો બંધ થઈ જાત. પ્રભુને કદાચ માનવી આવી બધી રમતો રમશે તેવી કલ્પના પણ નહીં હોય. નહીં તો પળવારમાં Stop this કહીને તેની લાકડી પૃથ્વી પર ફેરવી દે અને all is over. પણ તેવું કંઈ જ થતું નથી. પ્રભુને હજી તો લાખો કરોડો અબજો માનવીને જિવાડવાનાં છે. તો શું ફક્ત મૃત્યુ તેના માટે જ નિશ્ચિત છે?

હવે તેનાથી પોતાનું કાંઈ પણ જાતે નથી થઈ શકતું. નબળાઈ ખૂબ જ લાગે છે. પણ છતાંય શ્રીલેખાની મદદથી તેનાં બધાય કામ વ્યવસ્થિત થઈ શકતાં. તે રોજ પૂજારૂમમાં ભગવાનની પૂજા કરવા બેસતી. હર્ષ પણ ક્યારેક તેની સાથે બેસતો, દીવો કરતો. તેણે હવે ભગવાન પાસે શું માંગવું જોઈએ તેની હવે સમજણ પડી ગઈ છે. તે પોતાનું મૃત્યુ ખૂબ જ સહજ રીતે પીડારહિત થાય તેવું માગે છે. હાથ જોડીને તે પોતાના માટે આટલું જ માગે છે અને તે થાકી જાય છે. છતાંય તે ભગવાનને એ પણ કહેવાનું ભૂલતી નથી : પ્રભુ મારી પાછળ મારે જેઓને છોડીને જવાનું છે, તે પ્રિયજનો માટે મારી ગેરહાજરી સહ્ય બનાવજે.

તેનું મન શાંત થઈ ગયું છે. તેને તેની આસપાસ ઘૂઘવતો દરિયો નહીં પણ શાંત વહેતી નદી દેખાય છે. આટલી અપાર શાંતિ આ પહેલાં તેને ક્યારે મળી હતી? કદાચ ક્યારેય નહીં. તેણે તેના પરિવારજનો, મિત્રો સૌને ખૂબ જ પ્રેમ કર્યો છે. પરિવારજનોએ પણ તેને પ્રેમમાં તરબોળ કરી દીધી છે. પહેલાં પણ તે પાણી માગે તો દૂધ મળતું, અત્યારે પણ તેવું જ છે. પણ તે હવે કંઈ પણ માગતી નથી. પતિ, દીકરો, વહુ — બધાં જ તેની આસપાસ ફર્યા કરે છે. હર્ષ તો તેનો હાથ છોડતો જ નથી. તે દરેક રીતે દાદીને ખુશ રાખવા પ્રયત્ન કરે છે. પોતાની દરેક નાની મોટી વાતમાં તે દાદીને સામેલ કરે છે. દાદી... દાદી... દાદી... તેનો મીઠો કોમળ અવાજ તેને ખૂબજ પ્યારો લાગે છે. તેની આંખો આનંદથી છલકાઈ જાય છે.

આ બધાં પ્રત્યેની આટલી બધી મોહમાયામાંથી મારા પ્રભુ મને જલદી છોડાવજે. ઘરનાંઓને સહજતાથી ગુડબાય કહી શકું તેવું કરજે. તેણે પલંગમાંથી સૂતાં સૂતાં જ બારી બહાર નજર કરી. થોડાંક ગઈ કાલે ઊગેલાં ફૂલો આજે કરમાઈને નમી પડ્યાં છે. આજે પાછાં ખૂબ જ સુંદર નવાં ફૂલો નવાં રૂપરંગ લઈને ખીલ્યાં છે. આવતીકાલે ફરી બીજાં સુંદર ફૂલો...તે ધ્યાન સાથે પ્રાર્થના ગણગણવા લાગી,

*ૐ અસતોમાં સદ્‌ગમય,*
*તમસોમા જ્યોતિર્ગમય*
*મૃત્યોર્મામ્ અમૃતંગમય...*

હર્ષ દોડતો દોડતો આવ્યો. દાદી... દાદી... ચાલને બહાર, જોને ગુલમહોરનું ઝાડ પડી ગયું... ચાલને દાદી....

દાદીની આંખો બંધ હતી.

*'અમીધારા', ૧૫/બી, પારસ સોસાયટી,*
*ગીતામંદિર સામે,*
*જામનગર-૩૬૧ ૦૦૨. (ગુજરાત)*
*ફોન : (૦૨૮૮) ૨૬૭૯૯૭*
*મો. ૮૭૫૮૮૭૧૭૨૦, ૯૮૨૫૨૯૯૪૯૭*

વિભૂતિ વંદના

# અનન્ય સરદાર

• મનુભાઈ પંચોળી 'દર્શક' •

જયપ્રકાશજીએ હમણાં થોડા દિવસ પહેલાં જ બારડોલીની ખેડૂત સભાને સંબોધતાં કહ્યું, 'મારી જુવાનીમાં મેં સરદારને બરાબર ઓળખ્યા નહોતા,' અને આગળ ચાલતાં ત્યાં સુધી કહ્યું કે 'અત્યારે વિચાર કરતાં એમ લાગે છે કે સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન તરીકે પંડિતજીને બદલે સરદાર હોત તો સારું થાત.'

જે.પી.ના જેવી જ અનુભૂતિ આજની વિષમ દેશસ્થિતિમાં ઘણાને થતી હશે.

મહાપુરુષોને એમના જમાનામાં નજીકના અને દૂરના લોકોનો આવો અભાવો કે વિરોધ સહન કરવો પડે છે.

તેઓ મહાપુરુષ હોવાથી દૂરનું કે ઊંડાણનું જોઈ શકે છે, અને બીજા સામાન્ય માણસ તરીકે એ જોઈ શકતા નથી, એટલે વિરોધ કરે છે.

એમાંયે જો એ મહાપુરુષ સ્પષ્ટવક્તા કે અપ્રિય પથ્ય સૂચવતા હોય તો વિશેષ અણગમો તે ઘડીએ પેદા થાય છે.

પણ જેણે પ્રજાહિત કરવું છે, તેણે અપ્રિયસ્યાપિ પથ્યસ્ય વક્તા થવું પડે છે. ગુંસાઈજી મહારાજનો દોહો જાણીતો છે.

*"સચિવ, વૈદ્ય, ગુરુ, તિનિ જોં,*
*પ્રિય બોલહી, ભય આસ,*
*રાજ, ધર્મ, તન, તીનિ કર*
*હોઈ બેગહીં નાસ."*

સચિવ, વૈદ્ય અને શિક્ષક ત્રણે જો ભય કે પુરસ્કારની આશાએ રાજા, દર્દી કે વિદ્યાર્થીને રુચે તેવું જ કહે તો રાજ્ય, શરીર અને ધર્મ ત્રણેનો તુરત નાશ થશે.

સરદારસાહેબ આ દેશના મહાસચિવ હતા. પ્રજા જ તેમને મન રાજા હતી. તે પ્રજાને જરૂર પડ્યે કડવી વાત સાફ કહેતાં તેમને જીવનભર સંકોચ નથી થયો.

કારણ કે તેમને ભય નહોતો. ભય જ તેમની પાસે આવતાં ભય પામતો, અને કોઈ બદલાની આશા જ ન હતી. અવસાન વખતે તેમને વીલ કરવાપણું નહોતું-કારણ કે સંતાનોને આપવા જેવું કાંઈ હતું જ નહિ-બેચાર જોડ લૂગડાં જ ફક્ત. પરમ અકિંચન, પરમ નિર્ભય હતા સરદારસાહેબ. જે.પી. ની લાગણી સાથે ઘણા લોકો મળતા થશે, આજની કથળેલી જ નહિ, રસ્તો જ ન સૂઝે તેવી ગૂંચવાયેલી પરિસ્થિતિમાં સરદાર જો સુકાની હોત તો સારું થાત.

કારણ કે રાજ્યનીતિ, ખાસ કરીને લોકશાહી રાજ્યનીતિ ને તે માત્ર આદર્શનાં રંગભર્યા સ્વપ્નાં, પણ નિર્ણય લઈ શકતી નથી. વાસ્તવિકતા અને આદર્શ બંને લોકશાહી રાજનીતિની બેઉ આંખો છે. બે આંખોની સહિયારી કામગીરીમાંથી જે દૃશ્ય સાંપડે તેના પર નિર્ણયો લેવાવા જોઈએ. સરદારસાહેબની આ બેઉ આંખો સાબૂત હતી. સરદાર સાહેબે વિચક્ષણ રાજપુરુષને સૂઝે તેવું વાક્ય આ વાસ્તવિકતા અને આદર્શનાં સંબંધો વિશે કહ્યું છે. 'વાસ્તવિકતા અવગણવી તે મૂર્ખામી છે. હકીકતોનો આપણે ઉઘાડી આંખે અને સુયોગ્ય રીતે સામનો કરવો જોઈએ. નહિતર હકીકતો વેર વસૂલ કરે છે.'

ગાંધીજીના તેઓ આંધળા અનુયાયી છે તેમ તેમના વિરોધીઓ એ જમાનામાં કહેતા. જોકે રાજાજીએ બહુ માર્મિક રીતે એકવાર કહેલું કે, 'અમે ઉઘાડી આંખવાળા જેટલું જોઈ શકીએ છીએ તેના કરતાં સમજીને આંખો બંધ રાખનારા સરદાર વધારે જોઈ શકે છે.'

સરદારની નિર્ભયતાનો એ યુગમાં જોટો ન હતો. આ નિર્ભયતાએ એમને જરૂર પડ્યે ગાંધીજીથી જુદા પડવાનું પણ બળ આપ્યું છે.

એ તો જાણીતી વાત છે કે ગાંધીજી ભાગલાની તરફેણમાં નહોતા. પહેલાં સરદાર પણ એ જ માનતા હતા, પણ સરદારની ચકોર વાસ્તવિકતાને એ દેખાઈ ગયું કે ભાગલા આપ્યા સિવાય રસ્તો જ નથી રહ્યો, સિવાય અંગ્રેજોને અહીં ચાલુ રહેવાનું ફરી નિમંત્રણ આપવું, ચાલ્યા જવા ન કહેવું. જે અશક્ય હતું. એમણે હિંમતપૂર્વક ભાગલા સ્વીકારવાનું પ્રતિપાદન કર્યું. એમનું વજન ભાગલામાં જ ઉપાય જોનારાને ન સાંપડ્યું હોત તો નિર્ણય સ્વીકારવામાં મુશ્કેલી પડત.

ગાંધીજીથી અલગ પડતાં એમને દુઃખ જરૂર થયું હશે, પણ અમલ કરવાનું વાજબી લાગ્યું એટલે હિંમતપૂર્વક આગળ વધ્યા જ.

પણ બીજા બે કિસ્સા પણ એમની આવી હિંમતના પુરાવારૂપ છે. ૪૨ની લડત શરૂ થઈ તે પહેલાં રાજાજીએ, જો બ્રિટન આઝાદી આપવાનું કબૂલે તો યુદ્ધપ્રયાસમાં સક્રિય મદદ કરવાનું કોંગ્રેસે કારોબારીને ગળે ઉતરાવેલું. ગાંધીજી માત્ર નૈતિક મદદ કરવાની વાત કરતા હતા, કારણકે યુદ્ધમાં સક્રિય મદદ એટલે હિંસામાં સહકાર, અને ગાંધીજી જેમ તે કોંગ્રેસ તો અહિંસામાં માનતી હતી, એટલે હિંસક મદદ તો થઈ જ ન શકે. ગાંધીજીની આ દલીલ રાજાજીને જ નહિ, સરદારને પણ સાચી નહોતી લાગી. તેમના મતે કોંગ્રેસ રાજકીય સંસ્થા હતી, અને અહિંસાનો સ્વીકાર ધર્મ તરીકે નહિ, પણ નીતિ તરીકે કર્યો હતો. એટલે બ્રિટન સાથે આ પ્રકારની આપ-લે કરવામાં કંઈ વાંધો નહોતો. ગાંધીજી પ્રત્યે એમની ભક્તિનો પાર ન હતો, પણ એ ભક્તિ એમને વાસ્તવિક હકીકત જોતાં રોકતી ન હતી. ગાંધીજી સાથેના આ મતભેદને પ્રસંગે એમણે ગુજરાતના કાર્યકરોને પ્રદેશ સમિતિની સભામાં જે કહ્યું છે તે તેમના કોમળ હૃદય અને સૂક્ષ્મબુદ્ધિનો ઉત્તમ નમૂનો છે. તેમણે કહ્યું છે કે, 'મેં તો બાપુને કહ્યું કે તમે હુકમ કરતા હો કે મારી પાછળ પાછળ આવો, તો આંખો મીંચીને દોડું, પણ એ તો કહે

છે કે મારા કહેવાથી નહીં પણ તમને પોતાને સૂઝ પડતી હોય તો મારે માર્ગે ચાલો. પણ જેમાં મને સૂઝ ન પડતી હોય તેમાં સૂઝ પડે એવું મારાથી શી રીતે કહેવાય? મારે અથવા કોઈએ બાપુની સામે બેઈમાની નહીં કરવી જોઈએ. અત્યારના સંજોગોમાં અહિંસાનો સંપૂર્ણ પ્રયોગ કરવો તે કોંગ્રેસ માટે શક્ય નથી. અમારી શક્તિની મર્યાદા છે. બાપુની અને અમારી વચ્ચે મુલકની શક્તિના માપ વિશે મતભેદ છે. આ એક વ્યક્તિની વાત નથી. વ્યક્તિ તો ગમે તેટલી ઊંચે જઈ શકે. પણ આખી સંસ્થાને સાથે લઈ જવાની વાત છે. તમારામાંથી જેઓ રચનાત્મક કામમાં પડેલા છે અને કોઈ પણ સંજોગોમાં અહિંસાને વળગી રહેવા ઈચ્છે છે તેમને માથે વધારે જવાબદારી છે. તમને એમ લાગતું હોય કે કોંગ્રેસ ખોટે રસ્તે જાય છે તો તમારે વિના સંકોચે એનો બોજો ઉપાડી લેવો જોઈએ, હું તો જરૂર એ તમને આપીશ.''

આવો જ ત્રીજો પ્રસંગ કાકાસાહેબ કાલેલકરે ૧૯૩૨ની લડત વખતે ગૂજરાત વિદ્યાપીઠનું સુસજ્જ પુસ્તકાલય અમદાવાદ મ્યુનિસિપાલિટીને આપ્યું તેનો છે. કાકાસાહેબને એવું લાગ્યું કે લડત લાંબી ચાલશે, વિદ્યાપીઠ શરૂ થવાના સંજોગો નથી. ગાંધીજીએ પોતે હરિજન આશ્રમની મિલકતો સરકારને સોંપી દીધી હતી. તો આ પુસ્તકાલય પણ ત્યાગના બલિદાન તરીકે મ્યુનિસિપાલિટીને સોંપી દેવું. લોકોના ઉપયોગમાં એ રીતે આવશે. ગાંધીજીએ તેમને હા પાડી, અને એ વિશાળ ગ્રંથભંડાર સોંપાઈ ગયો.

સરદાર જેલમાંથી બહાર આવ્યા ત્યારે આ જાણ્યું. પોતે પણ એક ટ્રસ્ટી હતા. તેમને લાગ્યું કે કાકાસાહેબે ઉતાવળ કરી, બધા ટ્રસ્ટીઓના મતની રાહ જોવી જોઈતી હતી. તેમની ચકોર નજર એમ કહેતી હતી કે ગૂજરાત વિદ્યાપીઠ ચાલુ થશે અને પુસ્તકાલય વિનાનું વિદ્યાધામ હોઈ શકે કઈ રીતે?

તેમણે આ પગલું ઠીક નથી તેમ જણાવ્યું અને ગાંધીજીને સમજાવ્યું કે વિદ્યાપીઠ ટ્રસ્ટના નિયમ મુજબ વિદ્યાપીઠ સરકાર સાથે અસહકારમાં માનનારી સંસ્થા છે, બંધારણ પ્રમાણે મ્યુનિસિપાલિટી અર્ધ સરકારી સંસ્થા છે, તેને ન સોંપી શકાય.

પોતાનો આ અભિપ્રાય બરાબર છે કે નહિ તે ભૂલાભાઈ, મુનશી વગેરેને પુછાવી, તપાસાવી, પછીથી નિર્ણય બદલવા, ગાંધીજીને વાત કરી. બંધારણ પ્રમાણે અપાયેલ છે તેમ જો નિષ્ણાત ધારાશાસ્ત્રીઓનો મત પડે તો થયેલ નિર્ણય વિશે પોતાને વાંધો નથી તેમ પણ સરદારે જણાવ્યું. ગાંધીજીને લાગ્યું કે ઉતાવળ થઈ છે. નિષ્ણાતોનો મત સરદારની તરફેણમાં આવ્યો. ગાંધીજીએ પોતાનો મત બદલ્યો અને મ્યુનિસિપાલિટી પાસેથી પુસ્તકાલય પાછું માગવા સંમતિ આપી. તે વખતે સરદારના આગ્રહે તેમના નિકટના આશ્રમી સાથીઓમાં પણ કડવાશ પેદા કરી હતી, પણ સમય જતાં સરદારની વાત સમજાઈ.

દરેક નિર્ભય પુરુષો ખરેખર નિર્ભય હોય તો ઓછેવત્તે અંશે વિનોદી હોય છે. જે ભયભીત કે ચિંતાતુર હોય છે તે હસી શકતો નથી.

ગાંધીજીનો વિનોદ જાણીતો છે જ. અહિંસા તેમની રગેરગમાં હોવાથી તેમનો વિનોદ નિર્દંશ - સહુ કોઈને સરખે જ અંશે હસાવનારો હોય છે.

સરદારના વિનોદમાં વ્યંગ, બેફિકરાઈ, શબ્દચાતુર્યમાંથી ઊપજતું તર્કજન્ય હાસ્ય, આવું પાર વગરનું વૈવિધ્ય છે. એમના વાર્તાલાપો અને ભાષણોમાં આ વિનોદ ઓતપ્રોત હોય છે. ગુજરાતી સાહિત્યનું એ ઘરેણું ગણાશે. સરદારની ભાષાએ ગુજરાતીઓને તેજનો અનુભવ કરાવ્યો, વીરત્વ તેનું મુખ્ય અંગ છે, પણ વિનોદથી પોતાના સાંભળનારાઓને હળવા કરાવવાનું કે લડાવવાનું પણ સરદારને સહજ હતું. મહાદેવભાઈએ એમની ડાયરીમાં સરદાર અને ગાંધીજી બંનેના વિનોદના તાદશ્ય નમૂનાઓ નોંધ્યા છે.

જેલમાં બાપુને સૂવા માટે જેલરે એક ખાટલો મોકલ્યો. કાથી વડે ભર્યો હતો. સરદાર કહે, 'આવા ખાટલા પર સુવાતું હશે? કાથાથી ભરેલી ગાદી પૂરતી નથી તે વળી કાથીવાળો ખાટલો વાપરવો? મોકલી દો એને પાછો - પાટીવાળો મંગાવો!' બાપુ કહે, 'મારા નાનપણમાં કાથીના ખાટલા જ વપરાતા, તેમાં માંકડ પડ્યા હોય તો જલદીથી ધોવાઈ પણ જાય.' બાપુ નક્કી કરે એટલે તેમને દલીલો તો જડે જ. મહાદેવભાઈ વચ્ચે કહે, 'મારી બા તો નાનપણમાં આદુ ઘસવાનું હોય તો આ કાથીના ખાટલા પર જ છોલતી.' સરદાર તરત કહે, 'આ મૂઠી હાડમાં પણ રહીસહી ચામડી છે તે ભલે આ કાથીના ખાટલા પર છોલાય, ખાટલામાં બાકી શું છે? ચાર પાયે ચાર નાળિયેર બાંધો એટલે પત્યું.'

સરદારનો કીર્તિકળશ તો છે એમણે ભારતના ૫૦૨ રજવાડાનું ગણ્યા મહિનામાં અત્યંત કુનેહ અને ઠાવકાઈથી વિલીનીકરણ કરાવ્યું તે. ઈતિહાસમાં એનો જોટો નથી.

પશ્ચિમના ઈતિહાસમાં અંજાયેલા કોઈ વાર સરદારને બિસ્માર્ક જોડે સરખાવે છે. એમાં બિસ્માર્કનું ગૌરવ થાય છે, પણ સરદારનું અવમૂલ્યન.

કેવળ કદનો પ્રશ્ન લઈએ તો ભારતે આ વિલીનીકરણ દ્વારા મેળવેલો પ્રદેશ બે જર્મની જેટલો અને વસ્તી ત્રણ જર્મની જેટલી હતી. એ મહિનાઓમાં સાડા પાંચ લાખ ચોરસ માઈલ જમીન વિસ્તાર ભારતને મળ્યો. ભારતે પાકિસ્તાનમાં જે ખોયું તેનો વિસ્તાર લાખ ચોરસ માઈલ અને વસ્તી સાડા આઠ કરોડની હતી.

બિસ્માર્કને મુઠ્ઠીભર રાજ્યોનો સંઘ (વિલીનીકરણ નહિ) કરતાં બાર વર્ષ લાગેલાં અને બે લડાઈઓ લડવી પડેલી. સરદારે ગણ્યા મહિનામાં અને એક પણ લડાઈ લડ્યા સિવાય આવડું મહાભારત કામ કર્યું. નથી અશોકથી થયું કે નથી સમુદ્રગુપ્તથી થયું. એટલું જ નહિ, પણ તેઓ ગયા તે દિવસે તેમની યાદમાં રડનારાઓમાં આ રાજવીઓ પણ હતા. જેમનાં રાજ્ય લેવાયાં, તેઓ લેનાર માટે આંસુ સારે એવો અભૂતપૂર્વ બનાવ બન્યો.

આ બનાવનું પૂરું મૂલ્ય આંકવા માટે એ વખતનું વાતાવરણ નજર સામે રાખવું

જોઈએ. અંગ્રેજો અહીંથી મુસ્લિમોને જ દેશનો એક ભાગ આપીને નહોતા ગયા, બધાં જ દેશી રાજ્યોને સ્વતંત્રતા આપીને ગયા હતા. બ્રિટન શહેનશાહે તેમની જોડે કરેલા કરારો રદ થયા હતા - તેમના પરનું શહેનશાહનું સાર્વભૌમત્વ લોપ પામ્યું હતું. એક રીતે જોઈએ તો ૧૮મી સદીના અંતભાગ જેવું જ અંધેર ઊભું થાય તેવો અવકાશ તેમણે ખુલ્લો મૂક્યો હતો.

વળી પાકિસ્તાન તો બે ટુકડામાં હતું. પણ આ બધાં દેશી રાજ્યો તો ભારતના અનેક ટુકડા કરી શકે તેમ હતાં. કાશ્મીર, ત્રિપુરા જેવાં રાજ્ય છેક ભારતની સરહદે હતાં, તો કેટલાંક રાજ્યો દિલ્હીથી ગણ્યા માઈલ જ દૂર હતાં.

મુસ્લિમ લીગ આ રજવાડાંઓને લાલચ આપી ભારતના હૃદયમાં ફાચર મારવા પેંતરો રચતી હતી. ઝીણાસાહેબે જેસલમેર અને જોધપુરના રાજાને બોલાવી પાકિસ્તાનમાં જોડાવા માટે કોરો કાગળ તેમની શરતો લખવા ધરેલો. ભારતનું સદ્ભાગ્ય કે જેસલમેરના રાજાએ એવી શરત મૂકી કે પાકિસ્તાન હિન્દુસ્તાન વચ્ચે લડાઈ થાય તો તેઓ પાકિસ્તાનને મદદ કરવા બંધાયેલા નહિ હોય. આમ એક મહાસંકટમાંથી રાજસ્થાન ઊગરી ગયું. પણ એ વાત સ્પષ્ટ છે રાજાઓને સ્વતંત્ર રહેવાની છૂટ હતી. આજે સબળ અને શાંત હિન્દુસ્તાનમાં બેઠાં બેઠાં આપણે કહીએ કે રાજાઓએ આવું કર્યું હોત તો આપણે એમને ઠેકાણે લાવત. આ રાજાઓમાં કેટલાંક રજવાડાં પાસે બીજા મહાયુદ્ધમાં કસાયેલાં લશ્કરો હતાં. ભારતના સમગ્ર વાહનવ્યવહાર થંભાવી દે તેવી ફૂલગૂંથણી હતી, તેઓને આંતરરાષ્ટ્રીય રીતે સ્વતંત્ર રહેવાની છૂટ હતી. પાકિસ્તાન તેમને લલચાવતું અને બહેકાવતું હતું. આપણે હજુ ઊગીને ઊભા થયા હતા.

આ પરિસ્થિતિમાં સરદારે જે બાહોશીથી કામ લીધું તેણે તેમના વિરોધીઓને પણ દંગ કરી દીધા.

સરદારે પોતાની કામગીરી વર્ણવતાં રાજાઓને દેશભક્તિ દર્શાવવા માટે ધન્યવાદ આપ્યા છે, આમાંના મહત્ત્વના રાજાઓમાં આ દેશભક્તિ જાગૃત કરવામાં પરિસ્થિતિ જેટલો જ સરદારનો ફાળો છે. ગાંધીજી હંમેશાં કહેતાં કે સત્યાગ્રહીએ પોતાના સામાવાળાની સદ્વૃત્તિને જાગ્રત કરવાની છે, વિરોધીની અંદર પડેલી સદ્વૃત્તિ તે સત્યાગ્રહીનું અનામત બળ છે અને તેઓ કહેતા કે સાચા સત્યાગ્રહમાં કોઈની હાર થતી નથી. વિરોધીઓને જેટલી હારની લાગણી રહી જાય તેટલી સત્યાગ્રહની ઊણપ.

સરદારે રાજવીઓ સાથે જે રીતે આ અતિ ગૂંચવાયેલો પ્રશ્ન ઉકેલ્યો, તેણે સાબિત કરી આપ્યું કે તેમનો ગાંધીજી સાથેનો સહવાસ કેવો સુગંધી ભર્યો નીવડ્યો અને તેઓ ગાંધીજીના કેવા ઉત્તમ વારસદાર હતા.

રાજવીઓને જે સાલિયાણાં અપાયાં, તેના વિશે કેટલાક ઉદ્દામોએ વિરોધ કર્યો ત્યારે સરદારે રાજવીઓના ત્યાગના નક્કર આંકડા આપી રાજવીઓની સમજણ માટે ધન્યવાદ આપેલા. મેનનના કહેવા મુજબ એકલા ગ્વાલિયર રાજ્યના ગંગાજળી નિધિમાં જ એટલાં નાણાં હતાં કે તેના વ્યાજમાંથી આખા મધ્યભારતના રાજવીનું સાલિયાણું કાયમ ચૂકવી શકાય અને છતાં સરદારે આ સાલિયાણું નવો રાજવી આવે ત્યારે દર વખતે ઘટતું જ જાય તેવી સ્પષ્ટ જોગવાઈ કરારમાં કરાવી હતી. સરદારનો મુદ્દો હરેક સત્યાગ્રહીની જેમ એટલો જ હતો કે 'આ રાજવીઓને પણ નવી રચનામાં ગોઠવાવાનો સમય મળવો જોઈએ.' આવા ઉદ્દામોએ એક વાર કરાર રદ કરવાની કે બદલવાનો આગ્રહ કર્યો ત્યારે સરદારે એક ગંભીર વાક્યમાં જવાબ આપ્યો, 'સ્વરાજનો આરંભ હું અપ્રામાણિકતાથી કરવા નથી ઈચ્છતો.' દર વર્ષે સાલિયાણામાં બધા મળી સાડા પાંચ કરોડ રૂપિયા કુલ્લે આપવાના હતા. દર વર્ષે પોતાના અંગતખર્ચમાં રાજાઓ પહેલાં ૨૦-૨૫ કરોડ ખરચતા હતા. એકલા નિઝામે રાજ્ય ઉપરાંત જે અંગત જાગીરો, મિલકતો, આપી તેની વ્યાજની વાર્ષિક આવક સવા કરોડની હતી. આ રાજ્યોએ ભારતની તિજોરીમાં ૮૧ કરોડ રૂપિયા આપ્યા. પોતાનાં રાજ્યો ઉપરાંત બાર હજાર માઈલ રેલવે આપી હતી. સરદારે આ અંગે પાર્લામેન્ટમાં કહેલું તે અત્યંત સારગર્ભ નિવેદન છે.

સાલિયાણાંના કરાર રાજાઓએ પોતાના શાસનના અધિકાર જતા કરી પોતાનાં રાજ્યોના અલગ અસ્તિત્વને મિટાવવાનું સ્વીકાર્યું તેના અનુસંધાને થયેલ છે. આપણે એ યાદ રાખીએ કે બ્રિટિશ સરકાર મરાઠા સરદારો સાથે કરેલ ગોઠવણોને અનુસંધાને પુષ્કળ ખરચ કરતી હતી. તેમનું સામ્રાજ્ય સ્થાપવામાં મદદગાર થનાર રાજવીઓ જોડે બ્રિટિશ સરકારે જે પેન્શનની કબૂલાતો કરી તેને આજે પણ આપણે પાળીએ છીએ, તો શું જે બિનલોહિયાળ ક્રાંતિ જેણે આપણા લાખો લોકોનું ભાગ્ય પલટ્યું છે તેને માટે આ નાની કિંમત - હું સમજપૂર્વક નાની વાપરું છું ચૂકવવામાં ખચકાટ કરશું?

જો સલાહમસલતથી સમાધાન ન થયું હોત તો રાજવીઓના તોફાન-બખેડા કરવાની શક્તિ આજે માનીએ તેના કરતાં ઘણી વધારે હતી. તેમને આપણે ન્યાય કરીએ. તેમની જગ્યાએ આપણી જાતને મૂકી જોઈએ અને પછી તેમના ત્યાગનું મૂલ કરીએ. રાજવીઓએ તેમના હિસ્સે આવતી ફરજ બજાવી છે. તેમણે પોતાના શાસનના અધિકારો જતા કર્યા છે, અને રાજ્યોનું વિલીનીકરણ કરવામાં સંમતિ આપી છે. આપણે ભાગે આવતી જવાબદારીનો મુખ્ય ભાગ કરાર પ્રમાણે સાલિયાણાંનો પૂરો અમલ થાય તે માટે જે ખાતરીઓ આપી છે તેનો પૂરો અમલ થાય તે છે. આ કરવામાં આપણી નિષ્ફળતા વિશ્વાસભંગ ગણાશે.' આ સાલિયાણાં જે ક્રમશઃ ઘટતાં જવાનાં હતાં તેને બીજાં કરોડોનાં ખર્ચ કરનારા શાસને પાછળથી બંધ કર્યાં અને તેને પાછું પ્રગતિશીલ પગલું ગણાવ્યું તે સરદારને તો વિશ્વાસભંગ જ લાગ્યો હોત.

ખેડૂત સમાજને રંગભૂમિ પર લાવી શહેનશાહને પડકારનાર, સદીઓથી ચાલ્યા

**(અનુસંધાન : જુઓ પાના નં.-૯૨ ઉપર)**

# આપણા પ્રાઈમ મિનિસ્ટર : મા. શ્રી 'નમો'

• રાસવિહારી મણિયાર •

તા. ૯-૪-૨૦૦૭ ના ચિત્રલેખામાં શ્રી સુરેશ દલાલના શબ્દો છે. "આપણા ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી કવિતા પણ લખે છે. ...તાજેતરમાં એમનો કાવ્ય સંગ્રહ 'આંખ આ ધન્ય છે' પ્રગટ થઈ રહ્યો છે... લખે છે : 'મા સરસ્વતીની સાધનાનું ઉત્તમ પુષ્પ છે મારી માતૃભાષા.' સંગ્રહના આરંભ અને અંતે બે વાક્યમાં એમના સમગ્ર આંતર વ્યક્તિત્વનો અનુભવ થાય છે.... કહે છે :

*"મારા ગુજરાતને પ્રેમ કરે તે મારો આત્મા"*
*"મારા દેશને પ્રેમ કરે તે મારો પરમાત્મા"*

મુંબઈ મરિન ડ્રાઈવ આગળ નવેમ્બર, ૨૦૧૧ ના એક દિવસે શ્રી નાના ચુડાસમાએ એક બેનર પ્રદર્શિત કરેલું. તેમાં શબ્દો હતા :

MODI
A MIRACLE MAN
OF GUJARAT

આજે કોઈને બેનર મૂકવાનો વિચાર જાગે તો તે જરૂર લખી શકે :

P.M. MODI
MIRACLE STATESMAN
OF BHARAT

મેં ૨૦-૯-૧૯૬૫ એ શ્રી બી.એન.માધ્યમિક શાળા છોડી ત્યારે ભાઈ નરેન્દ્ર નવમા ધોરણમાં. તા. ૦૮-૦૯-૧૯૯૮ ના રોજ સમકાલીને એક પરિસંવાદ યોજેલો. વિષય હતો : 'મારા જીવનમાં નિર્ણાયક વળાંક લાવનાર પુસ્તક'

પ્રમુખ હતા : શ્રી સુરેશ દલાલ અને વક્તાઓ હતા

★ ડૉ. પ્રજ્ઞા પૈ
★ નરેન્દ્ર મોદી
★ હરિભાઈ કોઠારી

તેત્રીસ વરસ પછી અમારી મુલાકાત થઈ. એના વક્તવ્યમાં કોઈ સંદર્ભમાં મુક્તકંઠે એણે કહ્યું, 'તમારી કૃતિ કે વિચારને તમારી માતા અને આચાર્યનું અનુમોદન હોય તો જરૂર માનજો કે તમે યોગ્ય માર્ગ ઉપર છો.'

તા. ૨૭ મી નવેમ્બર, ૨૦૦૫ ના રોજ પોતાની શાળાઓના ૨૮ શિક્ષકોનું ભવ્ય સન્માન કર્યું. વારાફરતી દરેક શિક્ષકની સન્મુખ જઈ, ફૂલહાર પહેરાવી, શ્વેત શાલ ઓઢાડી, મા સરસ્વતીની ઊપસેલી છબી સાથેનું મઢેલું સન્માનપત્ર અર્પણ કરી નમીને પ્રણામ કર્યા હતા. ભારતમાં તેમજ વિશ્વમાં અનેક લોકો ઉચ્ચ સ્થાને પહોંચ્યા છે, અને પહોંચે છે પરંતુ પોતાના શિક્ષાગુરુઓનું આ રીતે સન્માન કરવું એ એક વિરલ ઘટના હતી. નરેન્દ્રભાઈ પોતાના વક્તવ્ય દરમિયાન ભાવવિભોર બની ગયેલા અને રણકતા અવાજે તેમણે જણાવ્યું :

*"આ એક જ પ્રસંગ મેં મારા નિજાનંદ માટે યોજ્યો છે અને મારું ઘડતર કરનારાઓને નીચું જોવું પડે તેવું મેં કશું જ કર્યું નથી અને કરીશ નહીં."*

વિરલ અને અપૂર્વ એ સમારંભ હતો. ગુજરાત કૉલેજના મેદાનમાં વીસેક હજારથી વધુની મેદનીમાં શિક્ષણશાસ્ત્રીઓ, સાહિત્યકારો, ઉદ્યોગપતિઓ, મંત્રીઓ, અગ્રણી નાગરિકો અને આમંત્રિતોની ઉષ્માભરી હાજરી હતી. સુંદર અને સમયબદ્ધ આયોજન હતું.

આજે જ્યારે પોતાનાં સગાં માતાપિતાને પોતાની પાસે રાખી તેમને સંભાળવાં, પ્રેમ અને હૂંફથી પ્રસન્ન રાખવાં, તેમને સન્માન પૂર્વક રાખવાને બદલે વૃદ્ધાશ્રમમાં રવાના કરવાના પ્રસંગો વધી રહ્યા છે, ત્યારે પોતાના શિક્ષકો પ્રત્યે આટલો આદર અને પ્રેમ રાખવો એ બહુ ઉમદા વાત છે. ભાઈ નરેન્દ્રે પોતાના વર્ગના સહાધ્યાયીઓને આમંત્રી એક આખો દિવસ તેમની સાથે ગાળ્યો. આટલી જવાબદારીઓમાં શાળાજીવનની જ્યોત જીવંત રાખવી, એ પ્રયત્ન સાબિત કરે છે કે રાજકારણમાં આવ્યા છતાં એનું હૃદય પ્રેમાળ, ભાવપૂર્ણ અને સંબંધોની વેલને નવપલ્લવિત રાખતું રહ્યું છે.

જે વયે સામાન્ય યુવક સંસારની મોજ માણે, પરિવારની છત્ર છાયામાં નિરાંત અનુભવતો હોય અને પોતાના તેમજ પોતાના પરિવારના સુખ, સગવડ માટે પરિશ્રમ કરતો હોય, તે વયે આ યુવાન અપરિગ્રહી રહી આજે આ ગામ, કાલે બીજું સ્થળ, આજે આ પરિવાર કાલે બીજો, મળ્યું તે ભોજન, અને મળે તે ખૂણે નિદ્રા -! આમ આર.એસ.એસ. ના પ્રચારક તરીકે ત્રીસ ત્રીસ વરસ પરિવ્રાજકની જેમ કામ કર્યું. પોતાનો પરિવાર, વતન છોડ્યાં પરંતુ અનેક પરિવાર પોતાના કર્યા. આ દેશ માટે સમર્પિત સાધુ જીવન હતું.

આર.એસ.એસ. ના પૂર્વ સરસંચાલક શ્રી કુપ. સી. સુદર્શન સામાજિક સમરસતા (ન.મો., સંપાદન : કિશોર મકવાણા) ની પ્રસ્તાવનામાં લખે છે :

*'આજે સમાજને તોડનારી શક્તિઓ અગાઉ કરતાં પણ વધારે સક્રિય છે. આવાં પરિબળોનો પરાજિત કરી આપણે સમગ્ર સમાજને પરમ વૈભવ સુધી લઈ જવાનો છે. આથી સંપૂર્ણ સમાજ મારો છે એવો ભાવ જગાડી સમાજરૂપી ભગવાનની આરાધના કરવી પડશે અને આ ભાવને વ્યક્તિગત, પારિવારિક, સામાજિક, વ્યવસાયિક, સાંસ્કૃતિક*

*ક્ષેત્રમાં વ્યવહારિક રીતે જાગૃત કરવો પડશે.*

*સંઘ - સ્વયંસેવક શ્રી નરેન્દ્ર મોદીએ સમાજ વ્યાપ્ત આ દુઃખને દૂર કરવાનો સંકલ્પ લીધો છે, તે એમના વ્યવહારમાં જોવા મળે છે...સમાજના વિવિધ પ્રશ્નોને જોવાનો એમનો એક આગવો દૃષ્ટિકોણ છે. શ્રી નરેન્દ્ર મોદીની સમાજ પ્રત્યે સંવેદના છે, વંચિતો પ્રત્યે કર્તવ્યભાવ છે અને સામાજિક સમરસતા માટે જે પ્રતિબદ્ધતા છે તે એમનાં કાર્યોમાં, તેમનાં પ્રવચનોમાં અને તેમના લેખોમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે."*

દસ વરસના ગાળામાં ગુજરાતના સર્વાંગી વિકાસની નોંધ તેમજ નરેન્દ્રભાઈની ક્ષમતાની નોંધ સમગ્ર દેશે તો લીધી, પરંતુ સમગ્ર વિશ્વે તે જોયું અને તેની ભરપૂર પ્રશંસા કરી. દેશ વિદેશના અનેક ઍવોર્ડ્ઝ ગુજરાતને મળ્યા અને ગુજરાત અન્ય રાજ્યો માટે 'રોલ મોડેલ' ગણાયું.

છેલ્લી લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્રભાઈએ જે કામ કર્યું છે તે સમગ્ર દેશે જોયું અને વિશ્વે ભારે પ્રશંસા કરી. દેશની છબી ઉજ્જવળ બની ઊઠી અને દેશને તેમજ વિશ્વને અનુભવ થયો કે નરેન્દ્રભાઈ એ એક વ્યક્તિ નથી પરંતુ ધારી અસર અને પરિણામ મેળવનાર શક્તિ છે.

૧૬મી મે, ૨૦૧૪ એ પરિણામો આવી ગયાં તે ક્ષણથી અવિરત કાર્યયજ્ઞ શરૂ થયો. પી.એમ. તરીકે અત્યાર સુધીમાં જે કંઈ થયું, અમલમાં મુકાયું, જેની શરૂઆત થઈ તેની યાદી ઉપર નજર ફેરવતા આપણને થાક લાગશે! ઘણું કહેવાયું છે, છપાયું છે, ચર્ચાઓ થઈ છે એટલે વિશેષ વર્ણન ન કરતાં, નીચે યાદી ઉમેરું છું :

૧. ડિજિટલ ઇંડિયા

૨. જન-ધન યોજના

૩. સ્વચ્છ ભારત

૪. મેક ઈન ઈન્ડિયા

૫. સાંસદ આદર્શ ગ્રામ યોજના

૬. અટલ પેન્શન યોજના

૭. પ્રધાનમંત્રી આવાસ યોજના

૮. મુદ્રાબેંક યોજના

૯. પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વિમાયોજના

૧૦. પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના

૧૧. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના

૧૨. પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના

૧૩. ગરીબ કલ્યાણ યોજના

૧૪. સુકન્યા સમૃદ્ધિ યોજના

૧૫. બેટી બચાવ બેટી પઢાઓ યોજના

૧૬. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરન્ટી

૧૭. સાતમું વેતન આયોગ

૧૮. મોદી સાગરમાલા યોજના

અને અન્ય...

નરેન્દ્રભાઈ — જેમણે કહ્યું છે કે શાળામાં વર્ગના મોનિટરની ચૂંટણી પણ એ લડ્યા નથી, તેમણે ગુજરાતની વિધાનસભાની ચૂંટલીઓ લગાતાર જીતી અને ગુજરાતનો સર્વાંગી વિકાસ સાધ્યો અને મે-૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં ભાજપને અભૂતપૂર્વ વિજય અપાવી, રાષ્ટ્રની શાસન ધુરા સંભાળી અને દલિતો, પીડિતો, અછતગ્રસ્ત માટે અનેક પ્રકલ્પો શરૂ કર્યા. તે દરમિયાન કુદરતી આફતો ત્રાટકી તો ત્યાંની પરિસ્થિતિ પણ સંભાળી. નેપાળને પણ કુદરતી ભારે આફત સમયે યુદ્ધના ધોરણે બધી મદદ આપી, ઉમદા પડોશી ધર્મ બજાવ્યો.

અને અન્ય રાષ્ટ્રોની મુલાકાતો : અનેક રાષ્ટ્રોમાં એમનું અદ્‌ભુત સ્વાગત થયું. ત્યાં વસતા ભારતીયો અને અન્ય લોકોએ હૃદયનો પ્રેમ આપી પ્રસન્ન વાતાવરણ ઊભું કર્યું. રાષ્ટ્રોના પ્રમુખો કે વડાપ્રધાનો સાથે આત્મીય સંબંધો ઊભા કરી ભારતની છબી વધુ ઉજ્જવળ કરી. વિશ્વને સમજાયું કે આ એવી વ્યક્તિ છે કે જેની ઉપેક્ષા નહીં થઈ શકે અને ભારતનો વિકાસ જે રીતે થતો રહ્યો છે તે જોતાં આગામી વર્ષોમાં એક મહાસત્તા તરીકે ઊભરશે, એમાં શંકા નથી.

લોકશાહીમાં વિરોધપક્ષ સાચો દેશપ્રેમી ન હોય તો વિરોધના ખાતર વિરોધ કરી સતત અવ્યવસ્થા ઉત્પન્ન કરતો રહે છે અને એમાં ઘણી શક્તિ વેડફાય છે. પરંતુ 'વિરોધ'નો એક મોટો અને મહત્ત્વનો ગુણ છે અને તે એ કે તેનાથી 'ઘડતર' થાય છે.

શિક્ષકોનું સન્માન કર્યું તે સમયે ગુજરાતના વિકાસની વાત કહેતાં નરેન્દ્રભાઈએ જણાવ્યું કે ગુજરાતની હરીફાઈ ભારતના અન્ય રાજ્યો સાથે નહીં પરંતુ જર્મની, જાપાન, ચીન આદિ રાષ્ટ્રો સાથે થશે. આ ખુમારી સિંહની ખુમારી છે. જે રીતે નરેન્દ્રભાઈ અવિરત કામ કરી રહ્યા છે એ જોતાં પ્રભુ જરૂર એમને સફળ કરશે કારણ કે એ સ્વચ્છ છે, નિરપેક્ષ, નિઃસ્વાર્થ છે.

ભાઈ શ્રી સતીશ સિન્નરકરે મરાઠીમાં નરેન્દ્રભાઈ ઉપર એક પુસ્તક પ્રગટ કર્યું છે : "नरेन्द्र मोदी - एकमेव पर्याय"

સરસ પુસ્તક છે. એમાં શરૂઆતમાં "નેતા આવો હોવો જોઈએ" - એ લેખ છે. એમાંની કેટલી બાબતો નરેન્દ્રભાઈને સ્પર્શે છે તે તમે જ વિચારી લો.

★ પ્રત્યેક ભારતીય મનુષ્યનું હિત
એ એની નજર સમક્ષ
ધ્રુવતારાની જેમ ચમકતું રહે...

★ આપણા દેશ બાંધવોની
સેવા કરતી વખતે એ
ચંદ્ર જેવો શીતળ રહે...

★ વિરોધી ક્ષુદ્ર જંતુઓનો
નાશ કરવા માટે એ
સૂર્ય જેવો પ્રખર હોય...

★ દેશના ગૌરવની રક્ષા માટે
ચેતના જાગૃત કરવા
પ્રગટેલા અગ્નિ જેવો હોય.

★ પોતાના અમોઘ વક્તૃત્વથી
દંભીઓને ખુલ્લા કરે તેવી
દેશાભિમાનની જ્યોત પ્રગટાવે તેવો હોય.

★ સંકટોથી વિચલિત ન થતાં
ધૈર્યથી જવાબ આપતો,
ફિનિક્ષ પક્ષીની જેમ ફરી ફરી
ઊભો થઈ, સામનો કરતો હોય

★ પોતાના માટે કંઈ જ નહીં સ્વીકારનાર
અનંત હાથે આપતો રહેનાર
પોતાના વિશાળ હૃદયની
સાક્ષી દેનાર હોય...

★ સંગઠન ઉપર મજબૂત પક્કડ હોય
સામાન્ય કાર્યકર્તાનું પણ
સન્માન જળવાતું હોય અને
સર્વને સાચી લોકશાહી અનુભવાતી હોય.

★ પોતાની ભાષા, મૂલ્યો અને આદર્શ
પરંપરાઓનું અભિમાન જગાડી
પ્રસંગ આવે નાના-મોટાના કાન
પકડી શકે તેવો સાહસિક હોય....

★ ઐતિહાસિક કાર્ય કરી તે
ભારતના ઈતિહાસનું એક
સુવર્ણ પૃષ્ઠ બનવાની ક્ષમતા ધરાવતો હોય...

૧૯૯૮, સપ્ટેમ્બરના પરિસંવાદમાં નરેન્દ્રભાઈએ કહેલું કે તેઓ રાજકારણી નથી, રાજનીતિજ્ઞ છે. શાસનમાં વ્યાપક રીતે ખોટું થાય છે, કૌભાંડો, અન્યાય, પક્ષપાત-દંભ અને કપટ — એ જોતાં રાજ્ય સંચાલનમાં બહુધા મધમાખીઓ જોવા નથી મળતી માખીઓ જોવા મળે છે. કદાચ ક્યારેક મધમાખી શાસનમાં પ્રવેશ પામી તો એનું માખીમાં પરિવર્તન થવાની શક્યતા નકારી ન શકાય. ભાઈ નરેન્દ્ર આ બાબત કેટલા સજાગ છે તે તેમના કાવ્ય ઉપરથી સમજી શકાય છે 'આંખ આ ધન્ય છે' (પૃ. ૭૦)

### પરિચય

સમય, સમયનો વિવિધ પરિચય, હું મધમાખી છું,
શિયાળાની સવારનો સૂર્ય, ભીતરે વૈશાખી છું.
માખી થઈને જ્યાં ને ત્યાં હું
કદી ક્યાંય નહીં બેસું,
ફૂલને પડખે બેસી હું તો
પરિમલ મહીં પ્રવેશું

મસ્ત હવાના ઝોકે ઝોકે ફૂલ ગુલાબી છું.
સમય સમયનો વિવિધ પરિચય, હું મધમાખી છું.
બાગ હોય ત્યાં રાગ હોય
ને રંગ રંગની લીલા,
ચીલે ચીલે ચાલું નહીં,
પણ મારા વિધ વિધ ચીલા.

આમ જુઓ તો ફકીર ફક્કડ, પણ મનનો નવાબી છું,
સમય સમયનો વિવિધ પરિચય, હું મધમાખી છું.
પથ્થર આપે ઠેસને ઠોકર
હોય અંતર ને અંતરાય,
પથ્થરમાંથી રચું પગથિયાં
પર્વત પર પહોંચાય!

ખુદ એ મારો ખુદા સદાનો : સૌનો સાથી છું,
સમય સમયનો વિવિધ પરિચય, હું મધમાખી છું.

ભારતને આઝાદી મળી ત્યારે કદાચ આપણો જન્મ પણ ન થયો હોય પરંતુ એક નાના કસબા, વડનગરની શ્રી બી.એન. માધ્યમિક શાળામાં અભ્યાસ કરેલો, સામાન્ય પરિવારનો બાળક, આજે વિરાટ કાર્ય, ભારતને સશક્ત, સ્વચ્છ અને સુસંસ્કૃત બનાવવાનું કાર્ય હૃદયપૂર્વક કરી રહ્યો છે, તેના આપણને સાક્ષી બનવાનું સૌભાગ્ય મળ્યું છે ત્યારે એનું પ્રથમ પગલું શું હતું તે સદાના માટે સતત હૃદયમાં ધબકતું રાખીએ.

એ પગલું લગભગ સત્તર વરસની વયે લેવાયેલું પગલું હતું—

***"મારા જીવનની ક્ષણ ક્ષણ મારા દેશના ઉત્થાનમાં,***
***મારા દેશ બંધુ-ભગિનીઓની સેવામાં વાપરીશ."***

એ નિર્ભય છે, માનઅપમાન પચાવ્યાં છે, દૃષ્ટિવાન છે, તેના પક્ષે ત્રણ ત્રણ દાયકાનું તપ છે, રાષ્ટ્રને પૂર્ણ સમર્પિત બની સમજપૂર્વક યજ્ઞીય કાર્ય કરી રહ્યો છે ત્યારે એને યશ અને વિજય અનુસરે એમાં શું નવાઈ છે!

ભાઈ નરેન્દ્રની એક બાબતથી હું અતિશય-સવિશેષ મુગ્ધ થયો હોઉં તો તે એ છે કે એમને સમાજના અંતિમ સ્તરના - દલિત, પીડિત, અછતગ્રસ્ત મનુષ્યના હૃદયની સચ્ચાઈ ઉપર પરમ વિશ્વાસ, આદર છે અને તેમનું જીવન ચેતનવંતું, પ્રાણવાન કરવા એ પૂરી શક્તિથી મથી રહ્યા છે.

પ્રભુ એમની દશે દિશાઓથી રક્ષા કરે,
અનરાધાર કૃપા વરસાવતો રહે અને
દોરતો રહે એ જ અંતરની અભ્યર્થના

*૬૦૩, પુનીત ગંગા, છઠ્ઠે માળે, ૨૬,*
*ધાનુકરવાડી, ગોખલે રોડ,*
*કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭.*
*ફોન : (૦૨૨) ૨૮૬૨૭૧૫૫, મો. ૯૮૧૯૪ ૧૬૧૭૩*

આરોગ્ય

# શું ડિપ્રેશન ખરેખર બીમારી છે?

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

ડિપ્રેશન (હતાશા/નિરાશા/ગ્લાનિ/depression) શબ્દનો પ્રયોગ આપણી રોજિંદી જિંદગીમાં અને સામાન્ય વ્યવહારમાં એટલો હળવાશથી વપરાય છે કે 'ડિપ્રેશન' એ એક બીમારી છે અને એની યોગ્ય સારવાર કરવી જોઈએ તેવું ભાગ્યે જ કોઈને લાગે છે. ડિપ્રેશનની બીમારીની ગંભીરતા દર્દીના ઘરના અને નજીકનાં સગાં સંબંધીઓ જાણતાં, સમજતાં અને સ્વીકારતાં નથી.

લોકોમાં એક સામાન્ય સમજ છે કે દરેકના જીવનમાં દુઃખદ તથા નકારાત્મક પ્રસંગો આવવાના જ છે. એ સમયે ડિપ્રેશન (હતાશા) આવવાનું જ છે, બધાને ઉદાસીનતા આવવાની છે, એટલે શું બધાને ડિપ્રેશનની બીમારી છે? અને શું સારવાર કરવાની જરૂરત છે?

૧. સ્વજનનું મૃત્યુ થાય ત્યારે ઘરની વ્યક્તિઓને ઉદાસીનતા આવશે, હતાશા આવશે.
૨. ઉંમરલાયક દીકરી માટે યોગ્ય જીવનસાથી મળતો નથી, ઉંમર વધતી જાય છે માતાપિતાને એની ચિંતા રહે છે.
૩. નોકરીમાં બઢતી (Promotion) મળતી નથી.
૪. લાયક (Qualified) વ્યક્તિને નોકરી મળતી નથી.

આવાં અનેક ઉદાહરણોમાં વ્યક્તિને ઉદાસીનતા (ડિપ્રેશન) આવે છે. શું આ બીમારી છે? શું આ વ્યક્તિને સારવારની જરૂરત છે?

## • મનોવૈજ્ઞાનિક સત્ય અને સમજણ :

બાહ્ય પ્રસંગ પર નહીં પરંતુ વ્યક્તિના મન તથા શરીર પર કેટલી તીવ્ર તથા કેટલો સમય અસર રહે છે એની નોંધ લેવામાં આવે છે. નીચે ટેબલમાં આપેલ મુદ્દાઓ લક્ષમાં લઈ ડિપ્રેશનની લાગણી (જે નૉર્મલ છે) છે કે ડિપ્રેશનની બીમારી છે (જેને માટે યોગ્ય સારવારની જરૂરત છે) એનું નિદાન કરાય છે.

**ડિપ્રેશનની લાગણી કે ડિપ્રેશનની બીમારી**

| ડિપ્રેશનની લાગણી | ડિપ્રેશનની બીમારી |
|---|---|
| (૧) ડિપ્રેશનની લાગણી થોડોક જ સમય રહે છે. દુઃખદ બનાવ, અણધાર્યું પરિણામ મન પર નકારાત્મક અસર કરે છે. એના સંદર્ભમાં ડિપ્રેશનની લાગણી થાય છે. | (૧) ડિપ્રેશનની બીમારી તેમજ મનોભાવ લાંબો વખત રહે છે દિવસોના દિવસો સુધી રહે છે. |
| (૨) ડિપ્રેશનની લાગણી પર વ્યક્તિ જાતે જ (બીજા કોઈની મદદ વિના) થોડા સમયમાં કાબૂ મેળવી લે છે. | (૨) લાગણી, વિચારો, વર્તણૂક પર વ્યક્તિનો કાબૂ રહેતો નથી. વ્યક્તિ સમજી શકે છે કે જે થઈ રહ્યું છે તે યોગ્ય નથી પરંતુ આ બધું એના કાબૂમાં નથી. |
| (૩) સુખદ, હકારાત્મક, આનંદના પ્રસંગો કે બનાવો આ સમય દરમિયાન બને તો વ્યક્તિ આનંદ અનુભવે છે. | (૩) સુખદ, હકારાત્મક, આનંદના પ્રસંગો કે બનાવો વ્યક્તિને આનંદ અપાવતા નથી. |
| (૪) રોજિંદા કામકાજ તથા જીવન પર ડિપ્રેશનની લાગણીની અસર થતી નથી. વ્યક્તિ પોતાની જવાબદારીઓ પૂર્વવત્ વ્યવસ્થિત પણે નિભાવે છે. | (૪) રોજિંદા કામકાજ તથા જીવન પર ડિપ્રેશનની બીમારીની અસર થાય છે. વિચારો, વર્તણૂક, શારીરિક તંદુરસ્તી, સ્વજનો સાથેના પરસ્પરના સંબંધો, કાર્યશક્તિ વગેરે પર નકારાત્મક અસર થાય છે. રોજિંદી જવાબદારીઓ પૂર્ણપણે પૂરી થઈ શકતી નથી. યોગ્ય સારવારની જરૂરત છે. |

ઉપરોક્ત ટેબલમાં આપેલા મુદ્દાઓ પરથી ડિપ્રેશનની લાગણી અને ડિપ્રેશનની બીમારીનું નિદાન કરી શકાય છે. વ્યક્તિમાં બે અઠવાડિયાથી વધારે સમયથી મનનાં તથા શારીરિક લક્ષણો હોય, રોજિંદા જીવનના કાર્યોમાં ખલેલ પહોંચતી હોય, પોતાની જવાબદારીઓ પૂર્ણપણે પૂરી ન થતી હોય, આત્મહત્યાના વિચારો આવતા હોય કે પ્રયાસ કર્યો હોય એવી વ્યક્તિ માટે મનોચિકિત્સકનો અભિપ્રાય લેવો અગત્યનું છે.

## • કેસ સ્ટડી :

એક સુખી સાધનસંપન્ન, સમાજમાં પ્રતિષ્ઠિત, મલ્ટી નેશનલ કંપનીમાં ઊંચા હોદ્દા પર કામ કરતા પિતાની દીકરીની ખૂબજ ધામધૂમથી સગાઈ થઈ. માતાપિતાને અનેરો આનંદ થયો. છ મહિના

બાદ લગ્ન હતાં. લગ્નની તૈયારીઓ તથા ખરીદી થવા લાગી.

સગાઈના ત્રણેક મહિના બાદ અચાનક દીકરીની સગાઈ તૂટી ગઈ. વિચારોના મતભેદને લીધે સગાઈ તૂટી ગઈ.

પિતાના મન પર ખૂબ જ ઊંડો આઘાત લાગ્યો. (૧) મનમાં હતાશા/નિરાશા થઈ. (૨) ગમગીનીમાં ડૂબી ગયા. (૩) ભૂખ ખૂબ જ ઓછી થઈ ગઈ. (૪) ખાવાનું ભાવતું ન હતું. પરાણે થોડુંઘણું જમી લેતા. (૫) રાત્રે ઊંઘ આવતી ન હતી. (૬) વાતવાતમાં રડી પડતા હતા. (૭) નકારાત્મક વિચારો આવતા હતા (૮) પોતાને દોષિત માનતા હતા. 'મારે લીધે મારી દીકરીની જિંદગી બરબાદ થઈ' (અપરાધભાવ) (૯) 'કુટુંબમાં તથા સમાજમાં હું મોઢું બતાડવા લાયક નથી રહ્યો. આના કરતા મરી જવું સારું.' (આત્મહત્યાના વિચારો) (૧૦) નબળાઈ, અશક્તિ લાગતી હતી. (૧૧) ત્રણેક કિલો વજન ઓછું થઈ ગયું હતું. (૧૨) શરીરમાં કળતર થતી હતી. શરીર આખું દુઃખતું હતું (૧૩) માથામાં દુઃખાવો રહેતો હતો. માથું ભારે લાગતું હતું.

નોકરી પર જવાનું મન થતું ન હતું. ચારેક મહિનાથી નોકરી પર ગેરહાજર હતા.

સામાજિક પ્રસંગોમાં જવાનું બંધ કરી દીધું હતું. આ પ્રસંગ પહેલાં લગભગ બધા સામાજિક પ્રસંગોમાં અચૂક હાજરી આપતા હતા.

પત્ની, દીકરી તથા પરિવારજનોએ ખૂબ સમજાવ્યું. નોકરી પર જવા માટે સમજાવ્યું. પરંતુ કોઈપણ ફરક ન પડ્યો. છેલ્લા છ મહિનાથી તકલીફ વધતી જતી હતી.

**પ્રશ્નો :**

(૧) શું આ નકારાત્મક પ્રસંગ પ્રત્યેની વ્યક્તિની ફક્ત પ્રતિક્રિયા છે?

(૨) શું આ વ્યક્તિ બીમારીથી પીડાય છે? આ વ્યક્તિ હાલ બીમાર છે?

(૩) શું આ વ્યક્તિને સારવારની જરૂર છે?

(૪) જો સારવારની જરૂર હોય તો દવાઓ આપવી જોઈએ?

(૫) ફક્ત કાઉન્સેલિંગથી આ વ્યક્તિ પૂર્વવત્ પ્રમાણે નૉર્મલ થઈ શકે?

(૬) સારવારમાં દવાઓ તથા કાઉન્સેલિંગ બંનેની જરૂરત છે?

- **મનોવૈજ્ઞાનિક સમજણ :**

(૧) નકારાત્મક પ્રસંગ પ્રત્યેની આ વ્યક્તિની પ્રતિક્રિયા ઘણી જ વધારે છે. નૉર્મલ લિમિટથી વધારે છે. પત્ની તથા દીકરીની શરૂઆતમાં નકારાત્મક પ્રતિક્રિયા થયેલ. પરંતુ બંને જણ પોતાની રીતે આ પ્રસંગને મનથી સ્વીકારી બહાર આવી ગયાં અને રોજિંદા જીવનમાં પૂર્વવત્ પરોવાઈ ગયાં.

હકીકતમાં તો દીકરી અને પત્નીએ પિતાને સમજાવવાનો ખૂબ જ પ્રયત્ન કર્યો. કાઉન્સેલિંગ કર્યું.

(૨) આ વ્યક્તિના (અ) મનનાં કાર્યો લાગણી, વિચાર, વર્તણૂક, કાર્યશક્તિ પર નકારાત્મક અસર થયેલ છે. આ ફેરફારો વ્યક્તિના કાબૂમાં નથી. (બ) શારીરિક તકલીફો પણ હાલમાં જ થયેલ છે. (ક) આ બધી તકલીફો બે અઠવાડિયાના સમયથી વધારે સમયથી છે. (ડ) કૌટુંબિક, આર્થિક (કામ પર ન જવાથી પગાર કપાવો), સામાજિક રીતે પણ નકારાત્મક અસરો થયેલ છે.

આ એક હતાશાની બીમારીનો, (ડિપ્રેસિવ ડિસીઝ, Depressive Disease)નો કેસ છે.

(૩) આ વ્યક્તિને સારવારની અત્યંત જરૂરત છે. જો યોગ્ય સારવાર ન થાય તો આત્મહત્યા સુધી જવાની શક્યતા છે કારણ કે લક્ષણોમાં અપરાધભાવ તથા જીવવાની ઈચ્છાનું લુપ્ત થવું છે.

(૪) ફક્ત સમજાવવાથી કે કાઉન્સેલિંગથી આ વ્યક્તિમાં નોરમલ થવાની શક્યતા નહિવત્ છે. પત્ની, દીકરી, હિતેચ્છુઓએ પ્રયત્નો કર્યા છે પણ સફળતા મળી નથી.

(૫) હતાશાની બીમારીમાં મગજના જ્ઞાનતંતુઓમાં રાસાયણિક (ન્યુરોટ્રાન્સમિટર્સ) ફેરફારો થાય છે. ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં ફેરફારો થાય છે.

(હતાશા પ્રતિરોધક દવાઓ (Anti depressant medication) દ્વારા આ ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારો નૉર્મલ કરાય છે. (જેમ ડાયાબિટીસની બીમારીમાં ઈન્સ્યુલિન બહારથી અપાય છે તેમ). દવાઓ દ્વારા મનનાં કાર્યો (લાગણી, વિચાર, વર્તણૂક, કાર્યશક્તિ વગેરે) નોર્મલ થાય છે.

(૬) દવાઓની હકારાત્મક અસર દ્વારા વ્યક્તિ નૉર્મલ થયા બાદ કાઉન્સેલિંગની સારવાર (દવાઓ સાથે) કરાય છે. કાઉન્સેલિંગમાં પ્રતિકૂળ સંજોગો તથા પ્રસંગોનો સામનો કરવાનું મનોબળ વધારવામાં આવે છે. (Stress Management)

હવે પછીના લેખમાં આ વ્યક્તિની સારવાર વિષે માહિતી મેળવશું તથા ભારતમાં હતાશાની બીમારી વિષેની અન્ય જાણકારી મેળવશું.

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા', એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલ અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

AMBA
SHIPPING AGENCIES
**CLEARING FORWARDING & SHIPPING AGENTS**
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E),
Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

# લીંબુ પુરાણ

• વરધીભાઈ પી. ઠક્કર •

આયુર્વેદના મહાન પ્રણેતા જેને સૌ ભગવાન ધન્વંતરિના નામે ઓળખે છે, એમને ભગવાનનો અવતાર જ માનવામાં આવે છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં આરોગ્ય સંરક્ષક - જીવનરક્ષક, ચિકિત્સક કે વૈદ્યને ભગવાનનો દરજ્જો આપણે આપીએ છીએ. જેમ આજકાલ અભણ પ્રજા ડૉક્ટરને દેવ માને છે તેમ. સ્વાસ્થ્ય પ્રાપ્તિમાં નિમિત્ત બનનાર ચિકિત્સકને આપણે ભગવાનની જેમ આદર આપીએ છીએ. આવી જ આ વાત ભગવાન ધન્વંતરીના સાથે જોડાયેલ છે.

એક વાર એક ભક્તે ભગવાનને પૂછ્યું કે, પ્રભુ, આ સૃષ્ટિ પર લાખો અને કરોડો પ્રકારની વનસ્પતિઓ, ઔષધિઓ અને જડીબુટ્ટીઓ છે, તે દરેકના ઔષધીય ગુણો આપે વર્ણવ્યા છે. દરેક પ્રકારના રોગો ઉપર તેનો ઈલાજ બતાવતી ઔષધિઓ અને જડીબુટ્ટીઓ વિશે આપે લખ્યું છે. પરંતુ, આટલું બધું યાદ રાખવું સામાન્ય માનવી માટે ખૂબ કઠિન છે. તેનો ઉપાય શું? ભગવાન ધન્વંતરિએ કહ્યું કે રોગો અને બીમારીઓ પણ અનેક પ્રકારની છે, અસંખ્ય છે, તેથી દરેક માટે જે જરૂરી છે તે છે.

ભક્ત પૂછે છે, ‘પ્રભુ, કોઈ એકાદ ફળ એવું બતાવોને કે જે, સર્વ રોગનાશક હોય!’ ત્યારે હસતાં હસતાં પ્રભુએ ભક્તને આંખો બંધ કરવા કહ્યું, પછી ભક્તના હાથમાં એક ફળ મૂક્યું. ભક્તે આંખ ખોલી જોયું તો એ હતું પાકું લીંબુ! ભગવાને કીધું : આનાથી શ્રેષ્ઠ ફળ બીજું કયું હોઈ શકે? જે ગરમી-ઠંડી, વરસાદ, જળ, થળ, આકાશ, રણ અને પર્વતની ચોટી સર્વ જગ્યાએ ઉપલબ્ધ એવું આ ફળ સર્વ રોગમાં ઉપયોગી છે. આયુર્વેદ માને છે કે ત્રિદોષ (વાત, પિત્ત અને કફ) ના અસંતુલનથી/વિષમ થવાથી જ રોગ નિર્માણ થાય છે. એક લીંબુમાં એવો ગુણ છે કે, જે ત્રિદોષનું શમન કરી શકે છે. એથી કોઈ રોગ પેદા થાય જ નહીં અને જો રોગ થયો હોય તો તેનો (લીંબુનો) વિવેકપૂર્વકનો ઉપયોગ સર્વ રોગનો નાશ કરી શકે છે.

મારા જીવનમાં મેં જોયેલી અનેક સ્વસ્થ વ્યક્તિઓનાં જીવનમાં જે સમાનતા જોઈ તેમાં લીંબુ સર્વસામાન્ય હતું. અહીંયા હું એવી ત્રણેક વ્યક્તિઓના જીવનનો ઉલ્લેખ કરીશ જેથી તેની યથાર્થતાનો ખ્યાલ આવે. સૌથી પહેલાં તો હું જે સંસ્થા સાથે વર્ષોથી જોડાયેલો છું તે સંસ્થા અખિલ ભારત યોગ વિદ્યા એવમ્ પ્રાકૃતિક જીવન સંઘના સ્થાપક પ્રમુખ દાદા સુજ્ઞારામ લાડકાણી વિશે વાત કરીશ. અમે બધાં પ્રેમથી એમને દાદાજી કહેતાં. એમની ઉંમર ૮૭ વર્ષની હતી જ્યારે તેમણે શરીર છોડ્યું. એ એમના જીવનનો એક દુઃખદ અકસ્માત હતો, અન્યથા એ કેટલું જીવ્યા હોત એ કહેવું મુશ્કેલ છે. અમારા બધાં કરતાં તેઓ ઉંમરમાં ઘણા મોટા હતાં છતાં, તેઓ અમારા બધાં કરતાં તનથી અને મનથી ખૂબ જ સ્વસ્થ હતા. એમનું સ્વસ્થ શરીર, પહાડી અવાજ, રાષ્ટ્રભક્તિથી ભરપૂર જીવન, પ્રખર ગાંધીવાદી અને સર્વોદય કાર્યકર! બધી જ રીતે સ્વસ્થ અને સક્ષમ. સવારે ઊઠી બાગકામ, ફરવા-ચાલવા જવું, ઘર માટે જરૂરી લોટ દળવો, કસરત, ધ્યાન, માલિશ — એ એમનો નિત્યક્રમ. ચા સિવાય કોઈ વ્યસન નહીં. નિર્મળ જીવન. અનેક સંસ્થાઓનો કાર્યભાર સંભાળે. તેમની તંદુરસ્તીની બે બાબતો ઊડીને આંખે વળગતી. એક તો બ્રાહ્મમુહૂર્તમાં ઊઠવું અને રોજ સાદા પાણીમાં ૧ થી ૨ લીંબુનો રસ નરણા કોઠે પીવો. આ નિત્યક્રમ ઘરે હોય કે બહારગામ પણ અચૂક નિભાવે. કોઈને તકલીફ ન પડે તે માટે તેઓ પોતાના સામાનમાં જ જરૂરી લીંબુ, ચપ્પુ, ગ્લાસ, ગળણી વગેરે સાથે જ રાખતા. યજમાન ઊઠે તે પહેલાં તેઓશ્રી આ દિનચર્યા જાતે જ પતાવી દેતા. શિબિરમાં પણ, ગમે તેટલા શિબિરાર્થીઓ હોય, દરેકને યાદ કરીને લીંબુ આપે જ. એમનું સ્વાસ્થ્ય જોતાં હું કહી શકું કે, દાદાજીનું અકસ્માતથી મૃત્યુ થયું ન હોત તો તેઓશ્રી ૧૦૦ કરતાં પણ વધુ વર્ષો સુધી સ્વસ્થ જીવન જીવ્યા હોત.

આવી જ બીજી વાત મારાં માતૃશ્રીની છે. તેઓનું શરીર ૯૫ વર્ષે છૂટ્યું. શરીરમાં કોઈ રોગ ન હતો. છેલ્લા છ માસથી થોડાં ઢીલાં પડેલાં. પરંતુ છેક સુધી અડીખમ અને સ્વાશ્રયી. ઘરમાં પાંચ દીકરા, પાંચ પુત્રવધૂઓ, દીકરાઓના ઘરે પણ દીકરા અને તેમની પુત્રવધૂઓ અને બાળકો. આમ બહોળો પરિવાર હોવા છતાં, પોતાનું બધું જ કામ જાતે કરતાં. કપડાં, વાસણ, રસોઈ બધુ જ જાતે કરતાં. કોઈને હાથ લગાડવા ન દે. નિયમિત વલોણું કરે, વારાફરતી બધા દીકરાઓને માખણ આપે. ઘરમાં કે સગાઓમાં કોઈ સાજા માંદાની સેવા-શુશ્રૂષા કરવાની હોય, તો તેમને આનંદ આવે. ફુરસદના સમયમાં ભજનો લખતાં. નાના-મોટા કોઈ પણ કામ કે જેમાં આજકાલની ગૃહિણીઓને કંટાળો આવે, એવાં બધાં જ કામ તેઓ આનંદપૂર્વક, ચોકસાઈથી કરી શકતાં અને કરાવતાં પણ ખરા. એમના જીવનમાં પણ બે બાબત મહત્ત્વની જોઈ. એક બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી જવું અને બીજું નિત્ય ૩ થી ૪ લીંબુ રોજનાં જોઈએ. જો લીંબુ ન મળે તો ઘર માથે લે. છેલ્લાં કેટલાંયે વર્ષો સુધી એમના ખોરાકમાં બે જ વાનગીઓ હતી : એક લીંબુ પાણી. આખા દિવસમાં જ્યારે ઈચ્છા થાય ત્યારે લે અને બીજું જાતે વલોણું કરી બનાવેલી તાજી છાશ. આ સિવાય ભાગ્યે જ કોઈ વસ્તુ લેતાં.

આવી જ ત્રીજી વ્યક્તિ મારા જીવનમાં આવી તેની સાથેનો મારો પરિચય ઝાઝો નિકટનો નથી. પરંતુ, તેઓની ઉંમર ૧૦૭ વર્ષની જાણવા મળી. તેઓ ભોપાલમાં રહેતા એક મહાત્મા છે. તેમને મળવાનું થયું ત્યારે એમની સાથેની વાતચીત દરમિયાન મેં એ

જાણી લીધું કે તેઓ નિયમિત બ્રાહ્મમુહૂર્તમાં ઊઠતા અને યોગાભ્યાસ પ્રાણાયામ તો ખરાં જ. આ ઉપરાંત, દિવસમાં નિયમિત ૪ થી ૫ લીંબુનો ઉપયોગ અવશ્ય કરતા. આમ, ઘણી વ્યક્તિઓના જીવનમાં આ સામ્યતા મેં જોઈ. તેથી એક વાત અચૂક કહી શકાય કે, લીંબુ આયુષ્ય વધારે છે એવું તો નથી કહેતો પરંતુ, લીંબુ સ્વસ્થ જીવન, નિરામય જીવન જરૂર આપે છે.

લીંબુની અનેક જાતો છે. આપણે અહીં જે ઔષધીય ગુણોની વાત કરી છે તે પાકા, પીળા, કાગદી લીંબુની છે. વિવિધ જાતોમાં કાગદી લીંબુ, જંબીરી લીંબુ, ગલગલ લીંબુ (પંજાબ બાજુ જ થાય છે), બીજોરૂ, ગધા લીંબુ, જંગલી લીંબુ વગેરે જાતો જાણીતી છે. મોસંબી, સંતરાં, કીનુ, માલ્ટા, પપનસ, ચકોતરા વગેરે પણ બોટોનિકલી લીબું કુળનાં ફળ છે.

લીંબુને વિવિધ ભાષામાં નીચેના નામોથી ઓળખવામાં આવે છે :

લેટિન : સાઈટ્રસ એસિડ/સાઈટ્રસ લિમોનમ, અંગ્રેજી : લેમન, ગુજરાતી : લીંબુ, હિંદી : નીંબૂ, મરાઠી : લીંબૂ, સંસ્કૃત : નિમ્બૂકા, બંગાળી : પાતિલેબૂ, ફારસી : લીમૂ વગેરે

લીંબુ વિશે કેટલીક ગેરસમજણો અને ગેરમાન્યતાઓ પ્રવર્તે છે. લીંબુ ખાટું છે. તેથી તેના સેવનથી સોજા આવે છે, એસિડિટી વધે છે, સાંધા ઝલાઈ જાય છે. પણ ખરેખર એવું નથી. કોઈક રોગીની તીવ્ર રોગાવસ્થા હોય, તો એમને શરૂઆતમાં માફક ન આવે તે જુદી વાત છે. તેવે વખતે શરૂઆતમાં રસની માત્રા ૫ થી ૭ ટીપાંથી અથવા ૧ ચમચીથી શરૂ કરી ધીરે-ધીરે વધારવી જોઈએ. આ રીતે વધારવાથી લીંબુ માફક નથી આવતુંની માન્યતાનો છેદ ઊડી જાય છે અને પાછળથી તેનાં સુખદ પરિણામોથી રોગી ખુશ થાય છે. વૈજ્ઞાનિક હકીકત પ્રમાણે લીંબુ પચીને આત્મસાત થયા પછી તેમાં રહેલ સાઈટ્રિક ઍસિડ રક્તમાંની અમ્લતા ઘટાડી ક્ષારીયતા વધારી રક્તને શુદ્ધ (આલ્કલાઈન) કરે છે. નિસર્ગોપચારના સિદ્ધાંત મુજબ શરીરમાં એકત્ર થયેલ અમ્લતા (યુરિક ઍસિડ જેવાં હાનિકારક ઍસિડો) જ રોગનું કારણ છે. તે બધાંનું ઉદ્ગમ-સ્થાન આપણો અમ્લીય આહાર અને આપણા મનની વિકૃતિ છે. તે બધાંયને લીંબુમાંનો સાઈટ્રિક ઍસિડ નિષ્ક્રિય કરી રક્તને ક્ષારીય અને સમૃદ્ધ બનાવે છે.

વિશ્વના કેટલાંક પ્રસિદ્ધ વૈજ્ઞાનિકોનાં લીંબુ વિશેનાં મંતવ્યો :

★ વિશ્વના વૈજ્ઞાનિકોના મતે લીંબુનો રસ હાઈલી ઍન્ટિસેપ્ટિક છે.

★ પ્રોફેસર કોકના મતે લીંબુના રસમાં રહેલી ખટાશ સર્વ પ્રકારના રોગોનાં જીવાણુઓનો નાશ કરી શકે છે.

★ ડૉ. જે. એચ. કેલોગ (એમ.ડી.) અમેરિકાના બેટલ ક્રીક સેનેટોરિયમના વરિષ્ઠ નિસર્ગોપચારકના મતે લીંબુનો રસ ટાઈફોઈડ અને તેના જેવા ઉગ્ર રોગ ઉત્પન્ન કરનાર જીવાણુઓનો તુરંત નાશ કરી શકે છે. ટાઈફોઈડ કે કોલેરાના ચેપી જીવાણુવાળા પાણીમાં લીંબુનો રસ નાખતાં અડધા કલાકમાં તે જંતુઓનો નાશ કરી નાખે છે.

★ જાપાની જંતુ વિજ્ઞાનીએ પ્રયોગ કરી સાબિત કર્યું છે કે લીંબુમાં રહેલા ખાટા સાઈટ્રિક એસિડમાં સર્વ પ્રકારના રોગ જંતુઓને મારવાની અદ્ભુત શક્તિ રહેલી છે. લીંબુના રસથી કૉલેરાના જંતુ ૧૫ મિનિટમાં અને ટાઈફોઈડનાં જંતુઓ અડધા કલાકમાં મરી જાય છે. જંતુવાળા પાણીના એક પ્યાલામાં એક લીંબુનો રસ નિચોવી ૧૫ થી ૨૦ મિનિટ પછી જોતાં એક પણ જંતુ જીવિત જોવા મળશે નહીં.

★ ડૉ. વિલ્સના મતે અન્ય ખાટાં ફળોની સરખામણીમાં લીંબુમાં જંતુનાશકતાનો ગુણ સૌથી વધારે છે તે તેમાં રહેલા સાઈટ્રિક એસિડને આભારી છે.

★ વિશ્વ વિખ્યાત નિસર્ગોપચારક અને વ્યાયામ પ્રેમી અમેરિકન ડૉ. બર્નાડ મેકફેડનના મતે શરીરમાંનું વિષ નાબૂદ કરવા અને ચામડીનું સૌંદર્ય વધારવા માટે નિયમિત લીંબુનું સેવન એ શ્રેષ્ઠ ઉપાય છે.

★ રસાયણશાસ્ત્રમાં નોબેલ પ્રાઈઝ મેળવનાર પ્રોફેસર ફાન મૂલરે જાહેર કર્યું છે કે લીંબુના રસમાં ન્યુમોનિયાના રોગના જીવાણુઓને નાશ કરવાની અદ્ભુત શક્તિ રહેલી છે. બીજું શરદી અને ઇન્ફ્લુએન્ઝામાં લીંબુના રસનો વિવેકપૂર્વક ઉપયોગ ખૂબ જ લાભકર્તા છે.

વિશ્વમાં સૌપ્રથમ એવરેસ્ટ આરોહક વિજેતા સર ઍડમંડ હિલૈરી અને તેનસિંગ બંને જણાએ પોતાની આ એવરેસ્ટ વિજય યાત્રામાં લીંબુ સાથે રાખેલ. જ્યારે તેઓ થાકીને લોથ થઈ જતા ત્યારે લીંબુ-પાણીના સેવનથી તેમનો થાક જતો રહેતો અને શરીરમાં નવું જોમ અને જુસ્સો આવતા. એક વિદ્વાને પોતાની નોંધપોથીમાં લખ્યું છે કે, "મધ્યયુગમાં નેપોલિયને આલ્પ્સ પર્વત પર વિજય મેળવ્યો હતો, જ્યારે આ યુગમાં વિશ્વની સૌથી ઊંચી ચોટી - ઍવરેસ્ટ પર તો લીંબુએ વિજય મેળવ્યો છે." ટૂંકમાં કહીએ તો થકાવટ દૂર કરવા અને તાજગી મેળવવા લીંબુની શક્તિને સૌ પર્વતારોહકો પણ બરાબર સમજે છે.

સલ્ફા ડ્રગ, રેડિએશન, વિકિરણો, ક્ષ-કિરણોની હાનિકારક અસરો ઉપર લીંબુની પ્રભાવશાળી અસર વિશે નોબેલ પુરસ્કાર મેળવનાર ડૉ. આલ્બર્ટ જેન્ટે સિદ્ધ કર્યું છે કે લીંબુના સેવનથી તે બધાયની હાનિકારક અસરો દૂર થાય છે.

આજકાલ ઉપરનાં ત્રણેય કિરણોનો વપરાશ ચોતરફ જોવા મળે છે. કેટલાક કષ્ટસાધ્ય રોગોની સારવારમાં રેડિએશનનો છૂટથી ઉપયોગ થાય છે. જ્યારે કેટલાક રોગોના નિદાન માટેની ટેકનોલોજીમાં ક્ષ-કિરણોનો છૂટથી ઉપયોગ થાય છે. કેટલાંક આધુનિક ઇલેક્ટ્રોનિક ઉપકરણોના વપરાશ દરમિયાન પણ આવાં કિરણો પેદા થાય છે. જેની હાનિકારકતા ખૂબ જ ભયંકર છે. તેને અટકાવવા અને તેની હાનિકારકતા દૂર કરવા માટે લીંબુની છાલમાં અદ્ભુત તાકાત રહેલી છે. લીંબુની છાલમાં રહેલું લીમોનીન નામનું

તત્ત્વ આ અદ્‌ભુત કાર્ય કરે છે. અમેરિકામાં તો આવી હાનિકારક અસરોથી બચવા માટે લીંબુની છાલનું ચૂર્ણ ભોજન પદાર્થોમાં ભેળવી લોકો છૂટથી લે છે.

લીંબુની છાલને સાફ કરી, બીયાં કાઢી તેને સૂકવી તેનો પાઉડર કરી રોજ સવાર-સાંજ ૧-૧ ચમચી (ટી-સ્પૂન) પાણી સાથે ફાકી જવો અથવા એ પાઉડર જમતી વખતે સલાડ, સંભારો, શાક, સૂપ વગેરેમાં પણ લઈ શકાય. આ પાઉડર ઉપર જણાવેલ હાનિકારક અસરોથી બચાવે છે. રેડિયો એક્ટિવ કિરણો, ક્ષ-કિરણો ઉત્પન્ન કરે તેવા યંત્રો સાથે કામ કરનારા ટેકનિશિયનો, કર્મચારીઓ આ પાઉડરનું નિયમિત સેવન કરી તેની હાનિકારકતાથી બચી શકે છે. કોઈને તેનાથી નુકસાન થયું હોત તો એ પણ તેનું નિયમિત સેવન કરી, થયેલી હાનિકારકતાને ઘટાડી શકે છે.

આપણા રોજ-બરોજના આહારમાં પ્રોટીનપ્રધાન આહારનો અતિરેક કે અનાવશ્યક પ્રોટીનનો ઉપયોગ, રિફાઈન્ડ ઘી, તેલ, ગોળ, ખાંડ, જંકફૂડ, પરિષ્કૃત આહારીય પદાર્થ, પ્રિઝર્વેટિવયુક્ત આહાર, બેકરી પ્રોડક્ટ, ડેરી પ્રોડક્ટ, કૃત્રિમ રંગ-રસાયણો, સુગંધ (એસેન્સ) યુક્ત આહાર, શરબત અને ઠંડાં પીણાં, માંસાહાર, તમામ બજારુ ફરસાણ, મેંદો, મસાલેદાર તીખા તમતમતા ખાદ્ય પદાર્થો, આઈસ્ક્રીમ વગેરે બધા જ ખાદ્ય પદાર્થો શરીરમાં અમ્લતા પેદા કરનારા પદાર્થો છે. તેનાથી પાચન પ્રક્રિયા દરમિયાન નીચે જણાવેલ વિવિધ પ્રકારના એસિડો પેદા થાય છે : (૧) હાઈડ્રોક્લોરિક ઍસિડ (HCl), (૨) સલ્ફ્યુરિક ઍસિડ (ગંધકનો તેજાબ - $H_2SO_4$), (૩) ફોસ્ફોરિક એસિડ ($H_3PO_4$), (૪) લેક્ટિક એસિડ, (૫) યુરિક એસિડ

આ સિવાય માનસિક વિકૃતિ (જેવી કે ક્રોધ, ઈર્ષ્યા, લોભ, અપ્રામાણિકતા) ના કારણે પણ શરીરમાં એસિડો પેદા થાય છે. લીંબુ એક એવું સરળતાથી ઉપલબ્ધ બારમાસી ફળ છે કે, એના નિયમિત સેવનથી તેમાંનો સાઈટ્રિક ઍસિડ આ બધા જ અમ્લોને (ઍસિડોને) નિષ્ક્રિય કરી રક્તની અમ્લતા ઘટાડી ક્ષારીયતા વધારી કુદરતી લવણોથી સમૃદ્ધ કરે છે.

લીંબુનો વિવેકપૂર્વકનો ઉપયોગ બેક્ટેરિયલ ડિસીઝ જેવા કે મેલેરિયા, ન્યુમોનિયા, કૉલેરા, ટાઈફોઈડ, ઈન્ફલુએન્ઝા, શરદી-સળેખમ, સાઈનોસાઈટીસ, વગેરેમાં ખૂબ જ સુંદર પરિણામ આપનાર સાબિત થયેલ છે.

લીંબુ રક્તસ્રાવ, હેમરેજની અકસીર દવા છે. લીંબુમાં રહેલું પેક્ટિન નામનું તત્ત્વ શરીરમાં ગમે ત્યાં થતાં રક્તસ્રાવને અટકાવી શકે છે.

આ માટે નિયમિત લીંબુનું સેવન જરૂરી છે. લીંબુ લિવર અને બરોળના સોજાને દૂર કરી કાર્યક્ષમતા વધારનાર છે.

લીંબુના નિયમિત સેવનથી તેમાં રહેલું એન્ટિઑક્સિડન્ટ તત્ત્વ કૅન્સરની સામે રક્ષણ આપનાર છે. યુરિક ઍસિડને ઝડપથી નિષ્ક્રિય કરી ઘટાડે છે. ગાઉટ જેવા રોગોમાં પણ ઝડપી આરામ આપે છે.

- ★ મેદસ્વિતાના રોગમાં મેદ ઘટાડનાર અને દૂબળા-પાતળા માણસના શરીરમાં આવશ્યક ચરબી વધારનાર એમ બેઉમાં ફાયદાકરાક છે.
- ★ લીંબુમાં રહેલ વિટામિન C અને પોટેશિયમ સોલ્ટ તેમજ ફોસ્ફોરિક એસિડ આહારમાં રહેલ આયર્નને ઍબ્સોર્બ કરવામાં ખૂબ જ મદદરૂપ છે. તેથી આયર્નયુક્ત આહાર અને લીંબુના નિયમિત સેવનથી થોડા જ વખતમાં રક્તમાં હિમોગ્લોબીન વધે છે.
- ★ ફેટી લિવર અને ફેટી ડી-જનરેશન ઑફ આર્ટરીઝને અટકાવે છે.
- ★ લીંબુ-મધનું શરબત ઠંડા પાણીમાં પ્રસૂતાવસ્થા દરમિયાન થતી ઊલટી ઉબકાનું મારણ છે. તાવમાં પડતા શોષમાં પણ આપી શકાય.
- ★ ઉનાળાની કાળઝાળ ગરમીમાં પણ તે શ્રેષ્ઠ તૃષાશામક છે.
- ★ તે અગ્નિ પ્રદીપક હોવાથી ભૂખ વધારે છે, પાચન સુધારે છે અને અપચો દૂર કરે છે.
- ★ બહેનોના માસિક વખતે થતો અતિસ્રાવ, નસકોરી ફૂટવી, બ્લીડિંગ પાઈલ્સ ઝાડામાં પડતું લોહી વગેરેને અટકાવે છે.
- ★ સ્પ્લિન એન્લાર્જમેન્ટ (બરોળનું વધવું) માં લાભકારી છે.

## • લીંબુમાં રહેલાં પ્રજીવકો તથા અન્ય ઉપયોગી તત્ત્વો :

*(પ્રતિ ૧૦૦ ગ્રામ લીંબુના રસમાં)*

| | |
|---|---|
| કાર્બોહાઈડ્રેટ | ૯ ગ્રામ |
| પ્રોટીન | ૧.૫ ગ્રામ |
| ચરબી | ૦.૨ ગ્રામ |
| કેલ્શિયમ | ૧૦૭ mg |
| ફોસ્ફરસ | ૨૦૭ mg |
| કોપર | ૦.૨૬ mg |
| વિટામિન A | ટ્રેસ (trace) |
| વિટામિન B1 | ૨૦ mcg |
| વિટામિન B2 | ૦.૨ mcg |
| વિટામિન B6 | ૦.૬ mcg |
| આયર્ન | ૦.૨૫ mg |
| ફોલિક ઍસિડ | ૭ mcg |
| પોટેશિયમ | ૧૬૩ mg |
| નિયાસિન | ૦.૨ mg |
| સોડિયમ | ૬.૫ mg |
| પેન્ટોથેનિક એસિડ | ૦.૨૦ mg |
| મેગ્નેશિયમ | ૧૧.૬ mg |
| ક્લોરિન | ૫.૧ mg |
| સલ્ફર | ૧૨.૩ mg |
| વિટામિન C | ૬૩ mg |
| પાચનનો સમય | ૧ કલાક ૩૦ મિનિટ |
| કેલરી | ૪૧ |

લીંબુના રસમાં સાઈટ્રિક, મેલિક અને ફોસ્ફોરિક એસિડ રહેલાં છે. આ ઉપરાંત, તેમાં પોટેશિયમ સૉલ્ટ પણ રહેલ છે.

***રોજિંદી વિટામિન C ની જરૂરિયાત :***

પુખ્ત વયના માટે ૭૦ થી ૭૫ mg

સ્તનપાન અને પ્રસૂતાવસ્થા દરમિયાન
૧૦૦ થી ૧૫૦ mg

બાળકો માટે ૩૦ થી ૬૦ mg

*રોજિંદી કેલ્શિયમની જરૂરિયાત :*

પુખ્ત વયના માટે ૪૦૦ થી ૫૦૦ mg

સ્તનપાન અને પ્રસૂતાવસ્થા દરમિયાન
૧૦૦૦ થી ૧૨૦૦ mg

બાળકો માટે ૭૦૦ mg

★ કેન્સર : શરીરમાં વિટામિન C અને ઍન્ટિઓક્સિડન્ટ તત્ત્વની ઊણપ હોય, રોગપ્રતિકારક શક્તિ નબળી હોય અને શરીરમાં ફ્રી રેડિકલ્સનું ડિપોઝિશન થતું હોય ત્યારે કેન્સરનો ગ્રોથ થાય છે. અથવા ગ્રોથ ઝડપી બને છે. લીંબુમાં વિટામિન C પર્યાપ્ત માત્રામાં છે. એમાં રહેલાં તત્ત્વો પાવરફુલ સોર્સ ઓફ એન્ટિઓક્સિડન્ટ છે. જેના લીધે ફોર્મેશન ઓફ ફ્રી રેડિકલ્સને અટકાવે છે. જે કેન્સર અથવા કેન્સરના કોષના ગ્રોથને અટકાવે છે. રોગપ્રતિકારક શક્તિ વધારે છે. જે પણ કેન્સરને અટકાવવામાં અગત્યનો ભાગ ભજવે છે.

★ અસ્થમા સામે પૂરતું રક્ષણ આપે છે.

★ આયર્નના અભિશોષણમાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે.

★ હૃદયસંબંધી રોગોમાં લીંબુનું નિયમિત સેવન ઇસ્કેમિક સ્ટ્રોક સામે રક્ષણ આપે છે.

★ શરદી અને ફ્લુ સામે રક્ષણાત્મક કવચ પૂરું પાડે છે.

## • લીંબુનો ઉપયોગ કરતી વખતે રાખવાની સાવધાની :

★ લીંબુ વિશે આટલું બધું જાણ્યા, વાંચ્યા પછી ગુજરાતીઓ આરંભે શૂરાની જેમ મચી નથી પડવાનું કે લીંબુ ઉપર તૂટી નથી પડવાનું. અહીં વર્ણવેલા ફાયદા કે ઔષધીય ગુણ ત્યારે જ મળે કે જ્યારે લીંબુનું નિયમિત, લાંબા સમય સુધી (મહિનાઓ અને વર્ષો સુધી) ચોક્કસ સમયે, શ્રદ્ધાપૂર્વક, આનંદથી ચોક્કસ માત્રામાં સેવન કરવામાં આવે ત્યારે જ મળે છે. ઉપરની કહેવતની જેમ ઉત્સાહમાં આવી ૪ દિવસ લીંબુ પર તૂટી પડીએ અને પરિણામ ન આવે એટલે ભૂલી જઈએ એમ નહીં.

## શરૂઆત કેવી રીતે કરશો?

★ નવી શરૂઆત કરનારે પોતાની પ્રકૃતિને માફક આવે તે રીતે જ (કોઈની દેખાદેખીથી નહીં) શરૂમાં ૧ લીંબુ સવારમાં ખાલી પેટે ૧ ગ્લાસ કે ૧ કપ નવશેકા ગરમ પાણીમાં કે સાદા પીવાના પાણીમાં નિચોવીને લેવું. ઘણાને તેમના શરીરની તાસીર મુજબ લીંબુ લેતાંની સાથે જ સોજા આવે કે કોઈ પણ પ્રકારની અકળામણ થતી હોય તો તેમણે શરૂઆતમાં ૧ કપ પાણીમાં ૪ થી ૫ ટીપાં લીંબુના રસથી શરૂ કરી ધીરે-ધીરે આ માત્રા વધારતા જવી. ટીપામાંથી વધીને ૧ ચમચી સુધી વધારવું. પછી જેમ-જેમ માફક આવતું જાય તેમ ચોથા ભાગનું લીંબુ, અડધું લીંબુ, પોણા ભાગનું લીંબુ પછી ૧ લીંબુ એમ ખૂબ જ ધીરે ધીરે વધારતા જવું.

★ આમ છતાં પણ કેટલાંકને તકલીફ થાય તો તેમણે લીંબુ રસમાં કેટલાંક ટીપાં આદુનાં રસના મેળવીને પણ લઈ શકાય.

★ એથી આગળ જઈને જરૂર પડ્યે એમાં ચપટી સંચળ, સિંધવ કે મીઠું નાખીને પણ લઈ શકાય.

★ નાનાં બાળકોને જેમને ખાટું માફક ન આવતું હોય કે ગમતું ન હોય એમને શરૂઆતમાં મધ સાથે અને ચપટી સંચળ મેળવીને પણ આપી શકાય. જેમ જેમ લીંબુ માફક આવતું જાય ત્યારે તેની માત્રા વધારતી જવી. શરૂમાં ૧ પછી ૧.૫ પછી ૨ પછી ૨.૫ પછી ૩ એમ એક સાથે એક સમયે વધુમાં વધુ ૪ લીંબુ સુધી જઈ શકાય. એક સાથે એક સમયે ન ફાવે તો ૧ કે ૨ લીંબુ સવારે ખાલી પેટે અને ૧ કે ૨ લીંબુ રાત્રિ ભોજનના ૧ કે ૨ કલાક પહેલાં અથવા રાત્રિ ભોજનના અઢી કે ત્રણ કલાક બાદ સૂવા જતાં પહેલાં લઈ શકાય.

★ જેમ-જેમ લીંબુ માફક આવતું જાય તેમ-તેમ પાણી સિવાયના અવલંબન કે અનુપાન (મધ, મીઠું, સંચળ, આદું રસ) વગેરે છોડતાં જવું. માત્ર સાદા કે નવશેકા પાણીમાં જ લીંબુનો રસ લેવાનો આગ્રહ રાખવો.

★ લીંબુ રસનો સારામાં સારો ફાયદો લેવા માટે સવારે ખાલી પેટે લેવું સર્વશ્રેષ્ઠ છે. આ સિવાય રાત્રિભોજનના ૨ કલાક પહેલાં અથવા અઢી કલાક પછી લઈ શકાય. આ ઉપરાંત રાત્રિ ભોજનના ૧ કલાક પહેલાં લેવાથી તેના કેટલાક વિશેષ ફાયદા થાય છે. આમ દરેક વ્યક્તિએ તેની આવશ્યકતા અને અનુકૂળતા મુજબ દિવસમાં ૧ કે તેથી વધુ વખત લીંબુનું ઉપર જણાવ્યા મુજબ સેવન કરવું જોઈએ. એકધારા નિયમિત પ્રયોગથી આપણા શરીરના મહત્ત્વના આંતરિક અવયવો જેવા કે, લિવર, ફેફસાં, કિડની, હૃદય, મગજ, પાચનતંત્ર વગેરેને રોગમુક્ત કરે છે અને એની કાર્યક્ષમતા વધારે છે. ચામડીના રોગોમાં અને પ્રજનનતંત્રના રોગોમાં પણ ઉત્તમોત્તમ પરિણામ આપે છે. જીવાણુજન્ય ચેપી રોગોના હુમલામાંથી ઉગારે છે અથવા તેમાંથી ઝડપથી બહાર આવી શકાય છે. આમ છતાં પણ ક્યારેક ગૂંચવણ કે મૂંઝવણ અનુભવાય તો અનુભવી પ્રાકૃતિક ચિકિત્સકનું કે લેખકનું માર્ગદર્શન મેળવી આગળ વધવું.

★ ચોમાસામાં કે આકસ્મિક કારણોસર પીવાનું પાણી અશુદ્ધ કે પ્રદૂષિત આવતું હોય ત્યારે તેમાં લીંબુનો રસ મેળવી દેવાથી એ હાનિકારક જંતુરહિત બને છે અને તેનું નિર્ભયતાથી સેવન કરી શકાય છે.

★ લીંબુનો રસ પાણીમાં મિલાવ્યા વગર એકલો ક્યારેય લેવો નહીં, અન્યથા દાંતની ઉપરનું રક્ષણાત્મક કવચ જેને ઍનેમલ કહેવાય છે તેને નુકસાન પહોંચી શકે છે. લીંબુનો રસ પાણીમાં લેવો. પાણીની માત્રા વ્યક્તિની પ્રકૃતિ મુજબ અને શરીરની ક્ષમતા મુજબ વધારી કે ઘટાડી શકાય છે. આમ છતાં પાણી ૨૦૦ કે ૩૦૦ મિલિથી વધુ ન લેવું જોઈએ.

★ લીંબુ ક્યારેય પણ ભોજનમાં કાર્બોહાઈડ્રેટ/સ્ટાર્ચીય આહાર (રોટલી, ભાખરી, ભાત, બટાકાં, શક્કરિયાં) સાથે અથવા પ્રોટીનપ્રધાન આહાર (કોઈ પણ પ્રકારના દાળ-કઠોળ કે ફળીદાર શાક) સાથે ક્યારેય પણ લેવું નહીં.

★ પરંતુ ભોજન પહેલાં એકલું સલાડ/ક્યુંબર ખાતાં હોઈએ અને પોતાની પ્રકૃતિને માફક આવતું હોય તો તેઓ સલાડ કે ક્યુંબરમાં લીંબુ નીચોવી લઈ શકે છે. એ વ્યક્તિએ સલાડ કે ક્યુંબર એકલું ખાધા પછી જ રોટલી, ભાખરી કે ભાત ખાય તો વાંધો નહિ આવે.

★ ઉનાળાની ગરમીમાં લીંબુનો ઉપયોગ માટલીના પાણીમાં કરી શકાય.

★ ઉનાળામાં લીંબુનુ સેવન છૂટથી કરવું જેથી તે લિવર, કિડની અને પાચનતંત્રને સક્ષમ રાખે છે.

★ શિયાળામાં કે ઠંડી ઋતુમાં સાદા કે નવશેકા ગરમ પાણીમાં લેવું, પ્રકૃતિ અને રુચિ અનુસાર.

★ ચોમાસામાં લીંબુની ગુણવત્તા (નબળું, સબળું, સડેલું, ગળેલું) જોઈ પછી જ વાપરવું.

★ લીંબુનો રસ કાચના વાસણમાં નિયમિત વાપરવામાં આળસ કે ચૂક કરવી નહીં. કપ, ગ્લાસ, બાઉલ કે કાચની શીશીમાં જ લેવો હિતાવહ છે. અન્ય ધાતુ જેવી કે પિત્તળ, લોખંડ, તાંબુ, એલ્યુમિનિયમ, પ્લાસ્ટિક વગેરેમાં લેવું સલાહ ભરેલું નથી.

★ લીંબુ તેના ઔષધીય ગુણો માટે પાકાં અને પીળી છાલનાં જ પસંદ કરવાં. લીલી છાલનાં નહીં.

★ લીંબુનું નિયમિત સેવન કરતાં કરતાં ક્યારેક શરીરના કોઈક ભાગ કે સાંધામાં દુઃખાવો થાય કે થઈ આવે તો ચિંતા કર્યા વગર ખાવા-પીવામાં થયેલી ભૂલ સુધારવી કે લીંબુની માત્રા ઘટાડવી. જરૂર પડ્યે માત્રા ઘટાડી એમાં થોડાંક દિવસ માટે આદુનો રસ કે ચપટી સંચળ મેળવી વાપરવું. પરિસ્થિતિ સુધરતાં આદુ કે સંચળ જે નાખતા હોઈએ તે બંધ કરવાં.

### ● લીંબુ પ્રયોગનો લાભ ત્યારે જ મળે જ્યારે...

આ પ્રયોગ કરનારે લીંબુના ઔષધીય ગુણોનો પૂરેપૂરો લાભ મેળવવા માટે નિયમિત ચાલવું/દોડવું/કૂદવું/સીડી ચડ-ઊતર કરવાનો વ્યાયામ/યોગાભ્યાસ (આસન - પ્રાણાયામ વગેરે) મેદાની વ્યાયામ, પોતાના શરીરની શક્તિ અને સામર્થ્ય મુજબ નિયમિત રીતે અચૂક કરવો જ.

રોજિંદા આહારમાં સફેદ ખાંડ (બજારુ ખાંડ), ઊજળો ગોળ, રિફાઈન્ડ ઘી-તેલ, વનસ્પતિજ ઘી, મેંદો, કૃત્રિમ રંગ-રસાયણ, સુગંધ, બજારુ ફરસાણ, તળેલા પદાર્થો, અપ્રાકૃતિક દૂધ અને તેની બનાવટો વગેરેથી પરહેજ કરવો અનિવાર્ય છે. જરૂર પડ્યે ફળીદાર શાક કે લીલાં દાળ-કઠોળ મર્યાદિત માત્રામાં લઈ શકાય. સૂકાં દાળ-કઠોળનો ઉપયોગ ટાળવો અથવા શક્ય તેટલો ઓછો કરવો.

★ લીંબુ એ એક એવું ફળ છે જે ખાટું છે. તેમાં સાઈટ્રિક એસિડ ભરપૂર છે. બાહ્ય મૂલ્યાંકનમાં તેની ઍસિડિક/અમ્લીય/ખાટા ફળમાં ગણના થાય છે. આમ છતાં પણ શરીરમાં ગયા પછી પચીને આત્મસાત્ થયા બાદ એ રક્તમાંથી અમ્લતાને દૂર કરે છે. રક્તને શુદ્ધ કરી ક્ષારીય બનાવે છે. આમ, બહારથી ખાટું દેખાતું લીંબુ પચીને આત્મસાત્ થયા પછી ક્ષારીયતાથી ભરપૂર છે.

★ લીંબુ એ બારમાસી ફળ છે. ભારતમાં કે લગભગ દરેક જગ્યાએ ઉપલબ્ધ છે. સરળતાથી મળી શકે છે. આ એક જ ફળ એવું છે કે જે દરેક ઋતુમાં આપણને સરળતાથી મળી શકે છે. ક્યારેક સસ્તું તો ક્યારેક મોંઘું! તેના ઔષધીય ગુણો જાણ્યાં પછી તેનું નિયમિત સેવન કરવું ખૂબ લાભકારી છે.

★ હિટલરના સમયમાં યુદ્ધ વખતે જર્મન સૈનિકો તેમની કિટમાં લીંબુની છાલનો બારીક પાઉડર રાખતા. તેની તપાસ કરતાં જાણવા મળ્યું કે યુદ્ધ સમયે નાના-મોટા ઘામાંથી થતા રક્તસ્રાવને તાકીદે રોકવાનું કાર્ય આ લીંબુ છાલનો પાઉડર કરે છે, જે ખૂબ જ મહત્ત્વનું પાસું હતું. તેમાં રહેલા આ સત્ત્વને પેક્ટિન કહેવાય છે. બીજાં ઘણાં ફળોમાં આવું તત્ત્વ મળી આવે છે. લીંબુની છાલમાં અને રસમાં આ તત્ત્વ સૌથી વિશેષ પ્રમાણમાં મળી આવે છે.

*પ્રાકૃતિક ચિકિત્સક અને આહાર વિશેષજ્ઞ,*
*અમદાવાદ હેલ્થ સાયંસ ટ્રસ્ટ તથા*
*'પ્રકૃતિ' ઉપચાર કેન્દ્ર, અમદાવાદ.*

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

પર્યાવરણ

# વૃક્ષ પર વીંઝાતો પ્રત્યેક કુહાડો જીવસૃષ્ટિના અસ્તિત્વ પર ઘા કરે છે!

• મહિમ પાંધી •

દેશના કેટલાય ભાગમાં ગરમી તોબા પોકારાવી રહી છે. દર વર્ષે ગરમીનું પ્રમાણ વધી રહ્યાનું આપણે અનુભવી રહ્યા છીએ. અરે, સમુદ્રનું ઉષ્ણતામાન પણ ૩ ડિગ્રી સેલ્સિયસ વધી ગયાનું વિજ્ઞાનીઓ નોંધે છે. વધતી જતી ગરમી ઋતુચક્ર પર માઠી અસર કરી રહી છે. વધુ ગરમીના કારણે બાષ્પીભવન વધવાથી વધુ વાદળ બંધાય છે અને અતિવૃષ્ટિનું જોખમ સર્જાય છે. તેમ પવનના પ્રવાહો પલટાવાથી કેટલાય વિસ્તારમાં વરસાદ ખેંચાઈ જઈ દુકાળ પડવાનો ભય પણ સર્જાય છે. ચક્રવાત અને વાવાઝોડાંના પ્રમાણ અને તીવ્રતામાં પણ વધારો થાય છે.

આમ છતાં આપણે આ સમસ્યાના મૂળસમી અપપ્રવૃત્તિ – વૃક્ષછેદનની ચાલુ જ રાખી છે. તે માનવજાતની મૂર્ખતાની પરાકાષ્ઠા સૂચવે છે. ગ્રીનહાઉસ ઈફેક્ટ ઘટાડવા ધરતી પર વધુ ને વધુ વૃક્ષોનું આચ્છાદન ઊભું કરવાના બદલે આપણે વન, વૃક્ષ અને વનસ્પતિનું સતત નિકંદન કાઢી રહ્યા છીએ. વિજ્ઞાનીઓ અને પર્યાવરણશાસ્ત્રીઓની ચેતવણી આપણા સ્વાર્થી મગજ અને જાણબહેરા કાન સુધી નથી પહોંચતી.

પૃથ્વીના પર્યાવરણ અને હવામાનની સમતુલાની ચાવી વૃક્ષો પાસે છે. વૃક્ષો કાપવાથી કાર્બન ડાયોક્સાઈડ શોષાવાનું બંધ થાય છે, ગરમી અને પ્રદૂષણ વધે છે, ઋતુચક્ર ખોરવાઈ જાય છે, કુદરતી આપત્તિઓ વધે છે, વરસાદની વિશ્વસનીયતામાં ઘટાડો થાય છે, ભૂગર્ભજળ ઊંડાં જાય છે. આ તમામ સમસ્યા નિવારવા વધુ ને વધુ વનો વિકસાવવાની જરૂર છે, પણ વનો ઉગાડવાના બદલે વિવિધ કારણોસર તેનો નાશ કરાઈ રહ્યો છે. નિષ્ણાતો કહે છે કે વીસમી સદીના અંત અને એકવીસમી સદીના પ્રારંભે દર વર્ષે લગભગ ૭૫ લાખ હેક્ટર વિસ્તારનાં વનો નાશ પામતાં રહ્યાં છે.

પ્રાકૃતિક કારણોસર પણ વનો ઘટતાં હોય છે. વનોની ગુણવત્તા (ક્વૉલિટી) માં ઘટાડો થવાથી તેનો વિસ્તાર ઘટતો હોય છે. આદિવાસીઓ પેઢીઓથી વનોમાં વસતા હોય છે અને વનોની જાળવણીની પરંપરાગત જાણકારી તેમની પાસે હોય છે. તેમની રહેણીકરણી અને રીતભાત પણ વનોને પુષ્ટ કરનારી હોય છે. વનો અને આદિવાસીઓ એકમેક પર નિર્ભર હોય છે. આદિવાસીઓનું સ્થળાંતર થતાં વનો પર માઠી અસર થાય છે અને વનો ઘટતાં આદિવાસીઓ પર! વનો ઘટતાં તેના પર નિર્ભર લોકો માટે આજીવિકા, આશ્રયસ્થાન અને બળતણની સમસ્યા સર્જાય છે.

ખોરાક, ઊર્જા, કાચો માલ પૂરો પાડતા અને સૌથી વિશેષ તો પ્રદૂષણ નિયંત્રણની પ્રાકૃતિક યંત્રણા બની રહેતાં વૃક્ષોને કાપવાની પ્રવૃત્તિ આત્મઘાતી જ ગણાય. વૃક્ષ પર પડતો એક એક કુહાડાનો ઘા માનવજાતના પગ પર જ પડે છે. વૃક્ષપ્રેમીઓએ કરેલી ગણતરી મુજબ એક વૃક્ષ કાપવાથી લગભગ સોળ લાખ રૂપિયાનું નુકસાન થાય છે. વૃક્ષો ચારો અને ફળ પૂરાં પાડે છે. મીણ, મધ, રાળ અને લાખ જેવી આડપેદાશો આપે છે, પશુપક્ષીઓને આશ્રય આપી તેમના સંવર્ધનમાં સહાયભૂત બને છે. આ તો તેના દેખાતા ફાયદા છે, પણ હવાને શુદ્ધ કરતો પ્રાણવાયુ ઉત્પન્ન કરીને હાનિકારક અંગારવાયુને શોષી લઈને, જમીનમાં ભેજ જાળવવા અને પાણી જમીનમાં ઉતારવામાં મદદરૂપ બનીને, જમીનનું ધોવાણ અટકાવીને, જમીનની ગુણવત્તા સુધારીને એ માનવ જ નહિ સમગ્ર જીવસૃષ્ટિને મદદ કરે છે. આ બધાની રૂપિયામાં કિંમત કાઢવાનો પ્રયાસ કરાયો છે. નિષ્ણાતોના મતે એક વૃક્ષ અઢી લાખ રૂપિયાનો પ્રાણવાયુ આપે છે. એવો અંદાજ છે કે એક હેક્ટર વન ત્રણ મેટ્રિક ટન પ્રાણવાયુ પૂરો પાડે છે. થોડા કિલો કોલસા મેળવવાની કે અન્ય ઉપયોગ માટે લાકડું મેળવવાની લાહ્યમાં આપણે એ જીવનદાતા પર કુહાડા વીંઝીએ છીએ!

એક વૃક્ષ જીવનકાળ દરમિયાન ૭૦ મેટ્રિક ટન ધૂળને ઊડતી અટકાવે છે. જમીનનું ધોવાણ અટકાવીને એ માનવીના અઢી લાખ રૂપિયા બચાવે છે. એટલો જ લાભ પાણી અને ભેજના સંગ્રહ દ્વારા કરાવી આપે છે. વનો અને વૃક્ષો ધ્વનિ-પ્રદૂષણને ખાળે છે. (બધાં જ ધર્મસ્થાનોની આસપાસ ખાસ આ કારણસર જ વિશાળ વૃક્ષો ઉછેરવાં જોઈએ!)

અત્યારે દર વર્ષે ૧૭,૦૦૦૦ ચોરસ કિલોમીટર વનોનો નાશ થઈ રહ્યો છે. વિવિધ ઉત્પાદનો માટે લાકડું મેળવવા, જમીનો સાફ કરવા, 'વિકાસ' (!) માટે આ નિકંદન કઢાઈ રહ્યું છે. સ્વિટ્ઝરલેન્ડના કુલ વિસ્તાર કરતાં ચાર ગણા વિસ્તારનાં વનોનો નાશ દર વર્ષે થાય છે. તે જોતાં આવતાં વીસ વર્ષમાં વિશ્વનાં વર્ષાવનો સમૂળગાં અદશ્ય થઈ જશે એવું જણાય છે.

વન અને વૃક્ષ નીલકંઠ છે. માનવજાતની મૂર્ખતાનું વિષ પી લઈ, એ અસ્તિત્વનું અમૃત આપે છે. આમ છતાં આપણે તેની હત્યા કરીએ છીએ. મત્સ્ય પુરાણમાં લખ્યું છે કે, એક વૃક્ષ દસ પુત્ર સમાન છે. વૃક્ષછેદન આ રીતે પુત્રહત્યા જ ગણાય!

આ આત્મઘાતી પ્રવૃત્તિઓ અટકાવવાના પ્રયાસો બહુ ઓછા થાય છે. હા, પ્રચાર બહુ થાય છે. આપણે પણ અંધારું છે, અંધારું છે એવી બૂમો પાડવાના બદલે એક મીણબત્તી જાતે જ સળગાવવી જોઈએ. કાગળનો દુરુપયોગ ન કરીને, લાકડાના વપરાશમાં વિવેક વાપરીને અને સૌથી વિશેષ તો વૃક્ષછેદનનાં ભયસ્થાનો અંગે જાગૃતિ ફેલાવીને આપણેય મહત્ત્વનું યોગદાન આપી શકીએ. અને હા, વૃક્ષો રોપવાનું તો દરેક વ્યક્તિ માટે અનિવાર્ય જ બનવું જોઈએ. પારણાથી સ્મશાન સુધી આપણને એક પણ સોપાન પર લાકડા વિના નથી ચાલતું. કમ સે કમ પાંચ વૃક્ષ વાવીને ઉછેરીએ તો એટલા પ્રમાણમાં આપણે પ્રકૃતિના ઋણમાંથી મુક્ત થશું.

*સૌજન્ય : 'માઈક્રોસ્કોપ', તા. ૨૧-૫-૨૦૦૬*

ઇતિહાસ

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૪૩

● સંકલન : પ્રતાપ નારાણજી દંડ ●

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૨૨-૮-૨૦૧૦ના રોજ સવારના ૯.૩૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી. જેમાં ૬૦થી વધારે સભ્યો હાજર રહ્યા હતા.

સભાનું પ્રમુખસ્થાન સંસ્થાનાં મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ સંભાળેલ હતું. સૌપ્રથમ શ્રી અશોકભાઈ મહેતાએ ઉપસ્થિત સૌને આવકાર્યા હતા અને ગત વર્ષ દરમિયાન સમાજ દ્વારા શરૂ કરાયેલ નવી પ્રવૃત્તિઓ અંગે માહિતી આપેલ હતી. જેમાં મુખ્યત્વે વર્ષ દરમિયાન સમાજનાં સભ્ય પરિવારોમાંથી ગુજરી ગયેલ વ્યક્તિઓની તે વર્ષ બાદના જાન્યુઆરી માસના પ્રથમ રવિવારે સમૂહ પ્રાર્થનાનું આયોજન કરવાનું હતું. તથા કચ્છ સિવાય ગુજરાતમાં અસ્તિત્વ ધરાવતી કચ્છી જૈન સંસ્થાઓનું સંમેલન, ધોરણ-૮થી ઉપરનાં ધોરણમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓનો સરસ્વતી સન્માન કાર્યક્રમ અલગથી કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. વર્ષ દરમિયાન સંસ્થાની વિવિધ સમિતિઓ દ્વારા યોજાયેલ ૩૨ પારિતોષિક યોજનાઓ તેમજ આવાસ યોજનાની પૂર્ણાહુતિ, ઉદ્ઘાટનનો સમારંભ, ફ્લેટોની ફાળવણીની તથા આવાસ યોજના અંતર્ગત તૈયાર થયેલ 'નવનીત ભવન' ઉપર સમાજના કુટુંબોનો વસવાટ અને શ્રી કચ્છી વિશ્રામગૃહ ખાતે કચ્છ આર્ટ ગેલેરી ચાલુ કરવા બદલનાં પ્રયત્નો અંગેની વિસ્તૃત માહિતી આપી હતી.

ઉપરોક્ત કાર્યવાહી બાદ ચૂંટણી પંચે આ વરસે નિવૃત્ત થતાં ટ્રસ્ટ મંડળનાં જુદી જુદી કેટેગરીના ૬ સભ્યો તથા કારોબારી સમિતિના ૬ સભ્યોની સામે બિનહરીફ ચૂંટાયેલા બધા જ સભ્યોનાં નામો જાહેર કરેલ હતા. સાથે સાથે ચૂંટણી ટાળવાના ઇરાદાથી ટ્રસ્ટીપદ માટે (૧) શ્રી મુરજી નરશી લોડાયા તથા (૨) શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા તથા કારોબારી સમિતિનાં સભ્યપદ માટે ઉમેદવારી નોંધાવનાર શ્રી બાબુભાઈ ખેતશી મહેતાએ પોતાનાં ઉમેદવારીપત્રો પાછા ખેંચી લીધેલ તે બદલ તેઓનો આભાર માની તેઓની સંસ્થા પ્રત્યેની ઉમદા ભાવનાને બિરદાવી હતી.

સંસ્થાનાં માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે ગત વર્ષ દરમ્યાનની સંસ્થાની પ્રવૃત્તિઓ તથા વિવિધ સમિતિઓ દ્વારા કરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિઓનો વિસ્તૃત અહેવાલ આપ્યો હતો, જેને હાજર રહેલા સૌ સભ્યોએ ગ્રાહ્ય રાખ્યો હતો.

સહ ખજાનચી શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરે વર્ષ ૨૦૦૯-૧૦નાં ઑડિટ થયેલા હિસાબો રજૂ કર્યા હતા. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ, શ્રી કચ્છી જૈન સેવા ભવન - ગીતા મંદિર તથા મેડિકલ સેન્ટરની આવક જાવકનો હિસાબ વિગતવાર સમજાવ્યો હતો અને દરેક વિભાગની આર્થિક જમા ઉધાર પાસાનો ચિતાર રજૂ કર્યો હતો. ઉપરોક્ત હિસાબો તથા અહેવાલને ગ્રાહ્ય રાખ્યો હતો અને સર્વાનુમતે ગત વર્ષ દરમ્યાન થયેલ સમગ્ર આવક જાવકનાં હિસાબોને મંજૂરી આપવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૦-૧૧ માટે ઑડિટરશ્રીની નિમણૂક કરવામાં આવી હતી. ત્યારબાદ સંસ્થાના માનદ્ મંત્રી તરફથી કેટલાક બંધારણીય સુધારા રજૂ કરવામાં આવ્યા હતા. જેને ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ અન્ય કાર્યવાહી બાકી ન રહેતાં પ્રમુખશ્રીએ સભા બરખાસ્ત જાહેર કરી હતી અને હાજર રહેલા સૌ સભ્યોએ સમૂહ ભોજનનો સ્વાદ માણ્યો હતો.

★ તે જ દિવસે બપોરના ૨.૩૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના ટ્રસ્ટ મંડળની પ્રથમ બેઠક મળી હતી. જેમાં ૧૫ ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા. પ્રમુખશ્રીએ નવા ચૂંટાયેલા સભ્યોને આવકાર આપ્યો હતો તથા બે કો-ઓપ્ટ ટ્રસ્ટીઓની નિમણૂક કરવામાં આવી હતી. ત્યારબાદ શ્રી અશોકભાઈ મહેતાની સર્વાનુમતે મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ તરીકેની વરણી કરવામાં આવી હતી. ટ્રસ્ટ મંડળમાંથી કારોબારી સમિતિમાં નીચે મુજબનાં ૬ ટ્રસ્ટીઓની નિમણૂક કરવામાં આવી હતી : (૧) શ્રી કાંતિલાલ વેલજી સાવલા, (૨) શ્રી નવીન વેરશી હરિયા, (૩) શ્રી પ્રતાપ નારાણજી દંડ, (૪) શ્રી હસમુખ બાબુભાઈ શાહ, (૫) શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ), (૬) ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા. ત્યારબાદ અન્ય જરૂરી ચર્ચા વિચારણા કર્યા બાદ સભા બરખાસ્ત જાહેર કરવામાં આવી હતી.

★ તા. ૨૨-૮-૨૦૧૦ના રોજ બપોરે ૪.૦૦ વાગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કારોબારી સમિતિની બેઠક, સંસ્થાના પ્રમુખ શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતાના પ્રમુખપદે મળેલ હતી.

સૌપ્રથમ પ્રમુખશ્રીએ આજની સભામાં નવા વરાયેલા ૬ સભ્યોને આવકાર આપ્યો હતો તથા ૨ કો-ઓપ્ટ સભ્યોની વરણી કરવામાં આવી હતી. આજની સભામાં સંસ્થાના નીચે મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. શ્રી કાંતિલાલ વેલજી સાવલા : પ્રથમ ઉપપ્રમુખ, શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા : દ્વિતીય ઉપપ્રમુખ, શ્રી પ્રતાપ નારાણજી દંડ : માનદ્ મંત્રી, શ્રી હસમુખ બાબુભાઈ શાહ : સહમંત્રી, શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) : ખજાનચી તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર

: સહ ખજાનચી. વરાયેલા સૌ હોદ્દેદારોને અભિનંદન આપવામાં આવ્યા હતા. સમાજની વિવિધ કાર્યકારીણી સમિતિઓનાં કન્વીનરોની સર્વાનુમતે નિમણૂક કરવામાં આવી હતી. ત્યારબાદ અન્ય જરૂરી ચર્ચા વિચારણા કર્યા બાદ સભા બરખાસ્ત જાહેર કરવામાં આવી હતી.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં મેડિકલ સેન્ટરની પ્રવૃત્તિઓમાં અવારનવાર લોકોપયોગી પરિસંવાદ યોજવામાં આવે છે. તેના અંતર્ગત રવિવાર, તા. ૨૯-૮-૨૦૧૦ના સવારના ૧૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે હૃદયરોગ અને જીવનશૈલી વિષે ઓડિયો વિઝ્યુઅલ મલ્ટીમીડિયા પ્રેઝન્ટેશન સાથે એક પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. જેમાં સમાજના અંદાજિત ૬૫ સભ્યો હાજર રહ્યા હતા.

હૃદયરોગ અને તેનાં કારણો, ચિહ્નો અને તેની સારવારના વિષય પર શહેરના વિખ્યાત કાર્ડિયોલોજિસ્ટ ડૉ. ઊર્મિલ શાહ, MD, DM કે જેઓ શ્રી કચ્છી જૈન ભવન પરનાં મેડિકલ સેન્ટર સાથે પણ સંકળાયેલા છે, તેઓએ સરળ શૈલીમાં વિગતો સમજાવી હતી. મલ્ટીમીડિયા પ્રેઝન્ટેશન સાથે પ્રવચન આપીને તેઓએ લોકોને આ વિષે માહિતગાર કર્યા હતા.

ત્યારબાદ હૃદયરોગ અને જીવનશૈલીના વિષય ઉપર અમદાવાદનાં વિખ્યાત કાર્ડિયોલોજિસ્ટ અને વાસ્ક્યુલર સર્જન ડૉ. ધીરેન શાહ, MS, M.Ch. (CVTs) મલ્ટીમીડિયા પ્રેઝન્ટેશન સાથે ખૂબ જ હળવી શૈલીમાં અગત્યની બાબતો સમજાવી હતી. પ્રવચન બાદ પ્રશ્નોત્તરીમાં શ્રોતાઓએ પૂછેલા પ્રશ્નોના બંને ડૉક્ટરશ્રીઓએ સંતોષકારક જવાબો આપ્યા હતા.

પ્રવચન અગાઉ, સભાની શરૂઆતમાં બંને ડૉક્ટરશ્રીઓનો પરિચય શ્રી અશ્વિનભાઈ સાવલાએ આપેલ હતો. ડૉ. ધીરેન શાહનું સન્માન બુકે અને મોમેન્ટોથી શ્રી વિશાલ શાહે કરેલ હતું અને ડૉ. ઊર્મિલ શાહનું સન્માન શ્રી કાંતિભાઈ સાવલાએ કરેલ હતું. શ્રી અશોકભાઈ મહેતાએ આવકાર પ્રવચન આપેલ હતું. સેમિનારનું સંચાલન શ્રી અશ્વિનભાઈ સાવલાએ કર્યું હતું તથા સેમિનારના અંતે પરિસંવાદનો સારાંશ ડૉ. હિતેન્દ્રભાઈ શાહે રજૂ કર્યો હતો.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો વાર્ષિક સ્નેહ મિલન તથા સ્વામિવાત્સલ્યનો કાર્યક્રમ તા. ૨૬-૯-૨૦૧૦ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સમાજના લગભગ ૧૭૦૦ વ્યક્તિઓએ ભાગ લીધો હતો.

એ દિવસના કાર્યક્રમમાં ભવનના બેઝમેન્ટમાં વિવિધ પ્રકારનાં ગૃહ ઉદ્યોગોનાં ૧૫ જેટલા કાઉન્ટરો તેમજ દીપોત્સવી નિમિત્તે બનનારી મીઠાઈઓનાં ઓર્ડર બુક કરવા માટેનાં કાઉન્ટરો સહિત અન્ય કેટલાક કાઉન્ટરો લગાડવામાં આવ્યાં હતાં. કેટલાંક કાઉન્ટરો ઉપરથી વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં ઉત્તીર્ણ થયેલા બાળ વર્ગથી ધોરણ-૭ સુધીના લગભગ ૨૭૦ જેટલા વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

સ્નેહ મિલન સમારંભની શરૂઆત સંસ્થાના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાના આવકાર પ્રવચનથી કરવામાં આવી હતી. તેઓએ આજના સમારંભમાં પધારેલા સૌ કોઈને આવકાર આપ્યો હતો. ત્યારબાદ સંસ્થાનાં માનદ્ મંત્રીશ્રી પ્રતાપભાઈ દંડે સંસ્થાની પ્રવૃત્તિઓ અને ગતિવિધિઓનો પરિચય કરાવ્યો હતો. સંસ્થાનાં ટ્રસ્ટી શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરે હાજર રહેલા સૌ સભ્યોને મિચ્છામિ દુક્કડમ્ - સામૂહિક ક્ષમાપના કરાવી હતી.

ઉપરોક્ત કાર્યક્રમ બાદ ઉચ્ચ શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિનાં કન્વીનર શ્રી હીરેન કુંવરજી શાહે તેમની સમિતિ દ્વારા રવિવાર, તા. ૩-૧૦-૨૦૧૦ના દિવસે યોજાનાર પાંચ વર્ષ સુધીનાં બાળકો માટેનાં માતા-પિતાનું કાઉન્સેલિંગ કાર્યક્રમની વિગતો સમજાવેલ હતી તથા સમિતિ દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન યોજાનારા કાર્યક્રમોની વિગતવાર માહિતી આપી હતી.

આ વરસે સંસ્થાનાં કેટલાક સંન્નિષ્ઠ ઉત્સાહી કર્મચારીના સન્માન કરવામાં આવ્યા હતા. આ વ્યક્તિઓનું સન્માન ભવન સમિતિનાં અનુક્રમે શ્રી મણિલાલ કુંવરજી ગોસર, શ્રી કે.ડી. શાહ તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરનાં હસ્તે કરવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાનનાં શ્રેષ્ઠ લેખોમાંથી શ્રેષ્ઠ લેખક તથા આંજો કાગર વિભાગમાંથી શ્રેષ્ઠ આંજો કાગર પસંદ કરવા માટે નીમવામાં આવેલ સમિતિનાં સભ્યો શ્રી મહેન્દ્ર સાકરચંદ દોશી, શ્રી હંસરાજ ઠાકરશી કંસારા તથા શ્રી ભોળાભાઈ એન. ગોલીબારનું સંસ્થાનાં પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાનાં હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાનનાં શ્રેષ્ઠ લેખનાં લેખક શ્રી શાંતિલાલ મોતીચંદ સંઘવીનું તથા શ્રી પૃથ્વી નરેન્દ્રભાઈ શાહનું બહુમાન ‘મંગલ મંદિર’ના તંત્રીમંડળના સભ્ય શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહનાં વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. શ્રેષ્ઠ કાગર માટે સુશ્રી ચૌલાબેન કુરુવા દ્વારા બહુમાન કરવામાં આવેલ હતું.

સમાજનાં સભ્ય અને હાસ્ય લેખક શ્રી ચિત્રસેન શાહનાં બે પુસ્તકોનું વિમોચન તે દિવસનાં સમારંભમાં સમાજનાં પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા તથા અન્ય હોદ્દેદારો દ્વારા કરવામાં આવેલ હતું.

વિવિધ સમિતિઓ દ્વારા યોજાયેલ વિધવિધ સ્પર્ધાઓનાં વિજેતાઓનું બહુમાન જે તે સ્પર્ધાનાં દાતાઓશ્રી દ્વારા કરવામાં આવેલ હતું. સમારંભના અંતે સંસ્થાના સહમંત્રી શ્રી હસમુખભાઈ શાહે આભારવિધિ કરેલ હતી.

જમણવાર સમિતિએ પ્રથમ વખતે તે વરસે સમાજના દરેક સભ્યોને પંગતમાં ટેબલ ખુરશી ઉપર બેસાડી જમાડ્યા હતા. આજનાં સમાજના સમારંભ તથા જમણવારનાં સમગ્ર આયોજન પાછળ જમણવાર સમિતિ, પુરસ્કાર સમિતિ, યુવા વિકાસ સમિતિ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિની જહેમત સ્પષ્ટપણે દેખાઈ આવતી હતી. સંકલ્પના કાર્યકર્તાઓએ પણ પોતાની જવાબદારી સારી રીતે નિભાવેલ હતી. સ્વામિવાત્સલ્યનાં જમણ બાદ સમગ્ર કાર્યક્રમ પૂર્ણ થયો હતો. ■

હળવાશની ક્ષણોમાં

# પાંચ ટિકિટ લાહોર!

• ચિત્રસેન શાહ •

દિલ્હી - લાહોરની બસમાં અમૃતસરથી બેઠેલા પાંચ પેસેન્જરોમાંથી એક જણે હજારની નોટ કન્ડક્ટરને આપતાં કહ્યું - 'પાંચ ટિકિટ લાહોર!' (આ વાત શ્રી અટલબિહારી વાજપાઈની સરકાર વખતે ઇન્ડિયન ઍરલાઈન્સનું કાઠમંડુથી દિલ્હી જઈ રહેલ પ્લેન હાઈજેક થયેલું તે પછીની છે.)

કન્ડક્ટરે ઊંચા અવાજે કહ્યું, 'નાની નોટ આપો. બધા જ પેસેન્જર જો ગાંધીજીના ચિત્રવાળી હજાર રૂપિયાની નોટ કાઢશે તો મારે તો નાછૂટકે 'ગોડસે' બનવું પડશે!' પાંચસો કે હજારની એટલી બધી ડુપ્લિકેટ નોટો ફરી રહી છે કે લોકો ફટ દઈને પાંચસો કે હજારની નોટ કાઢે છે!

'પાન પરાગ'ની પાઉચ લેનારો પણ પાંચસોની નોટ કાઢે છે!

અરે એક વાર તો એક બેંક ઓફિસરે બૂટપોલિશ કરાવ્યા પછી બૂટપોલિશ કરનારા છોકરાને પાંચસોની નોટ આપી! બૂટપોલિશ કરનાર છોકરો તો હેબતાઈ જ ગયેલો!

ઉપર જણાવ્યું છે તેમ જ્યારે કન્ડક્ટરે પેલા પેસેન્જરને ઊંચા અવાજે કહ્યું (કન્ડક્ટર તો બધી જગ્યાએ સરખા જ હોય પછી બસ દિલ્હી - લાહોરની હોય કે ગાંધીનગર - અમદાવાદની હોય!) ત્યારે પેલા પેસેન્જરે કન્ડક્ટરને એક ખૂણામાં લઈ જઈ કાનમાં એક ખાનગી વાત કરી. ત્યારબાદ કન્ડક્ટરે પેલા પાંચ લોકો સાથે ઊંચા અવાજે તો શું નીચા અવાજે પણ વાત કરી નહીં! એટલુંજ નહીં ઊલટાની વી.આઈ.પી. ટ્રીટમેન્ટ આપવાનું શરૂ કર્યું!

આ લાહોરવાળી બસમાં, કાઠમંડુથી દિલ્હી જઈ રહેલ અને હાઈજેક થયેલ ઇન્ડિયન ઍર લાઈન્સની ફ્લાઈટ નંબર 'IC C 14' નો એક કમનસીબ પેસેન્જર પણ મુસાફરી કરી રહ્યો હતો! વચ્ચે લંચ માટે એક જગ્યાએ બસ જ્યારે ઊભી ત્યારે તેણે તેની બાજુમાં બેઠેલા સહપ્રવાસીને પ્લેન હાઈજેકિંગ વખતની દિલધડક દાસ્તાન સંભળાવી!

'પ્રથમ તો ૩-૪ દિવસ અમારા બધાના હોશકોશ ઊડી ગયેલા. પાંચ-પાંચ બુકાનીધારી પડછંદ લોકોને અમે હાઈજેકરના સ્વરૂપમાં યમરાજાને એકદમ નજીકથી જોયા! પરંતુ પછી જેમ જેમ દિવસો વીતતા ગયા અને જાણ્યું કે ભારત સરકાર તાલીબાનો અને હાઈજેકર સાથે વાટાઘાટો કરી રહી છે ત્યારે થોડી રાહત થઈ. ટેન્શન વચ્ચે ટાઈમપાસ કરવા પાછળથી કેટલાક લોકો તો પ્લેઈંગ કાર્ડ પણ રમવા લાગ્યા હતા! - 'દુઃખનું ઓસડ દહાડા' એ ન્યાયે! અપહરણકર્તાઓ પણ આઠ-આઠ દિવસથી 'મંકી કેપ' પહેરીને તેમજ બુકાની બાંધીને કંટાળ્યા હતા! તેથી તે લોકો પણ થોડા ઠંડા પડ્યા હતા! આવા વાતાવરણનો લાભ લઈ એક માતાએ તો પોતાના બાળક માટે બોર્નવીટા હલાવવા ચમચી માગી તો અપહરણ કર્તાએ કહ્યું - 'ચમ્મચ તો નહીં હૈ - યે પિસ્તોલ સે કામ ચલા લો!' આવી રીતે હાઈજેક કરાયેલા પ્લેનના કમનસીબ પેસેન્જરો કંદહારના ઍરપોર્ટ પર પાર્ક કરેલા પ્લેનમાં ઊંચા જીવે અને નીચી મૂંડીએ જીવી રહ્યા હતા!

દાઢીવાળા કદાવર અફઘાન તાલીબાનોને જોઈ કોઈ કોઈને તો વળી નાનપણમાં સ્કૂલમાં ભણેલ 'કાબુલીવાલા' વાર્તાવાળો ભલો ભોળો કાબુલીવાળો યાદ આવી જતો હતો! એ કાબુલીવાળાને ભારતમાં નાની બેબીને જોઈને કાબુલમાંની પોતાની દીકરી યાદ આવી જતી હતી. અહીં પ્લેન હાઈજેકિંગના કેસમાં ઊલટું થયું હતું. કંદહારમાં કમનસીબ પ્લેનના પાયલોટ ડી.ચારણને દિલ્હીમાં રહેલી પોતાની દીકરી યાદ આવી ગઈ હતી!'

એકાદ મહિના પહેલા હાઈજેક થયેલા પ્લેનનો કમનસીબ પ્રવાસી આ બધી વાત જ્યારે પોતાની બાજુની સીટ પર બેઠેલા સહપ્રવાસીને કરતો હતો ત્યારે પેલો સહપ્રવાસી મૂછમાં હસતો હતો!

ત્યારબાદ એ કમનસીબ પ્રવાસીએ પોતાની સાથે આવેલા મિત્રને કહ્યું - 'આપણે પાકિસ્તાન તરફ કૂણું વલણ કેમ અપનાવીએ છીએ તેજ સમજાતું નથી! આપણે જ 'કિટ્ટા' કરીએ છીએ અને પછી આપણે જ 'સમઝૌતા એક્સપ્રેસ' શરૂ કરીએ છીએ! ચાર ચોપડી ભણેલા પણ સમજી શકે તે વાત આપણા રાજકારણીઓ કેમ સમજતા નથી?'

તેના મિત્રે હસતાં હસતાં જવાબ આપ્યો - 'પણ તે સમજવા માટે ચાર ચોપડી તો ભણવું પડે ને!'

અને બસમાં હાસ્યનું મોજું ફરી વળ્યું! બસમાં બેઠેલા પ્રવાસીઓને ક્યાં ખબર હતી કે એ હાસ્ય થોડી મિનિટોમાં જ રુદનમાં ફેરવાઈ જવાનું છે!

બસે જેવી વાઘા સરહદ ક્રોસ કરીને પાકિસ્તાનના પ્રદેશમાં પ્રવેશ કર્યો કે અમૃતસરથી બેઠેલા અને લાહોરની પાંચ ટિકિટ લેવાવાળાઓએ એકાએક 'મંકી કેપ' પહેરી લીધી અને પોતાની જગ્યા પર ઊભા થઈ ગયા. એક જણે બસના ડ્રાઈવરના લમણે પિસ્તોલ રાખી કહ્યું - 'અમે પાંચ જણ ઇન્ડિયન ઍરલાઈન્સના હાઈજેકર જ છીએ! બસની ચાવી અમને સોંપી દે! અમે તે સમયે ખૂંખાર ત્રણ આતંકીઓને છોડાવ્યા હતા આ વખતે આ બસ હાઈજેક કરી અમે ત્રીસ આતંકીઓને છોડાવવા માગીએ છીએ!

તે સમયે અમે કંદહારમાં કહેલું ને કે 'ફિર મિલેંગે!' ત્યારબાદ એક મહિના દરમ્યાન બસ હાઈજેકિંગનો આ પ્લાન અમે બનાવ્યો અને દિલ્હી આવી ગયા!

હવેનો સોદો લાહોરમાં થશે! પ્લેન હાઈજેકવાળા કમનસીબ પ્રવાસીની કમનસીબી હવે બેવડાઈ ગઈ હતી!

*પ્લોટ નં.-૩૧૪/એ, સેક્ટર-૨૦,*
*રાજશ્રી સિનેમા પાસે, ગાંધીનગર-૩૮૨ ૦૨૦.*
*ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨*



# બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામે ફ્લેટવારા હસમુખકાકા અજ સાંજી ટાણે બાર નકર્યા આંઈ સે અનીંકે ભરાભર દસાજે નતો, ક હીં ઠેબા ખાઈંધા ખાઈંધા હલેંતાં ને હેડાથી હુડા ઠેકે ઠેકેને વેનેતાં? સે જરા તપાસ ત કર અનીંકે કુરો તકલીફ આય? હીં ત કતેક છણધા ત હથપગ જોરાઈંધા...

બચુડો : (તપાસ કે ને ચેં) હસમુખકાકા કે કોઈ તકલીફ નાય પણ અજ કારી ચૌદસ આય, ને મળે પંઢજે ઘરજો કકળાટ કઢેલા કરે વડા રસ્તેતેં ઠેક ઠેકાણે રખેને પાણીજા વડા વડા મીંઢા કઈંયેતા. સે કેંજે ઘરજો કકળાટ પંઢજે ઘરમેં ન અચે વેને તેંલા કે હસમુખકાકા મીંઢા ઠેકે ઠેકેને હલેંતા...

## ખિલજા મ ભલા

મોન્ટુ : પપ્પા, તમે મને નકામો ટોક ટોક કરો છો. આખા વર્ગમાં એક બાબતમાં તો હું સૌથી પહેલો જ હોઉં છું.

પપ્પા : રહેવા દે... એવું કોઈ બાબતમાં શક્ય જ નથી.

મોન્ટુ : સ્કૂલ છૂટવાનો ઘંટ વાગે ત્યારે વર્ગમાંથી બહાર નીકળવામાં હું સૌથી પહેલો હોઉં છું.

☺ ☺ ☺ ☺ ☺

મોહનદાસ : અરે મણિબેન, આ તમારે મનીયો ભણતર પૂરું કર્યા પછી શું બનવાનો છે?

મણિબેન : મારો મનીયો ભણતર પૂરું કર્યા પછી ડોસો બનવાનો છે.

મોહનદાસ : કેમ એમ કહો છો?

મણિબેન : તો શું કહું? આ એક એક ધોરણ પાસ કરવામાં એને પાંચ વર્ષ લાગે છે. હવે તમે જ ગણતરી કરી લો. ભણતર પૂરું કર્યા પછી એ ડોસો નહીં બને તો શું બનશે..?!

☺ ☺ ☺ ☺ ☺

છગનભાઈ : અરે મગનભાઈ, આ તમારો હાથ અને પગ કઈ રીતે ભાંગ્યો?

મગનભાઈ : તમને પેલી સીડી દેખાય છે?

છગનભાઈ : હા....

મગનભાઈ : મને એ નહોતી દેખાઈ. એટલે અથડાયો અને હાથ-પગ ભાંગ્યા.

☺ ☺ ☺ ☺ ☺

ભભૂતમલ: મને સમજાતું નથી કે આ કરોડીમલ પોતાની કમાણીનું શું કરે છે... ગયે મહિને પણ એ સાવ કડકો હતો અને આ મહિને પણ સાવ કડકો છે.

મોટુમલ : કેમ, એ તમારી પાસે પૈસા ઉછીના લેવા માટે આવ્યો હતો?

ભભૂતમલ: ના.. ના... પણ મેં એની પાસે રૂપિયા ઉધાર માંગ્યા હતા.

☺ ☺ ☺ ☺ ☺

રાજુ : અરે ગોલુ, આ કબાટમાંથી ખાંસીની દવાની બાટલી લઈને ક્યાં જાય છે? કોને ખાંસી થઈ છે?

ગોલુ : કોઈને કાંઈ થયું નથી પણ મારા રેડિયોમાંથી ખોખરો અવાજ નીકળે છે. એટલે થયું, બે ચમચી એમાં નાખું તો અવાજમાં ફેર પડશે...

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : બોલ આદિત્ય, સફરજન ખાવું લાભદાયક છે કે નુકસાનકારક?

આદિત્ય : સાહેબ, જો કોઈને ખવડાવવું પડે તો નુકસાનકારક... પણ જો કોઈ મફતમાં ખવડાવે તો લાભદાયક.

☺ ☺ ☺ ☺ ☺

ભિખારી : શેઠ સાહેબ, તમે મને ૫૦ રૂપિયા આપશો તો હું મારા મમ્મી-પપ્પાને મળી શકીશ.

શેઠ : તારા મમ્મી-પપ્પા ક્યાં છે?

ભિખારી : સાહેબ, એ સિનેમા જોવા હમણાં જ સામેની ટોકીઝમાં ગયા છે.

☺ ☺ ☺ ☺ ☺

હોટલ માલીક : (પ્રવાસીને) શું તમને ગીત ગાતા આવડે છે?

પ્રવાસી : ના. પણ કેમ... કોઈ પ્રોગ્રામમાં ગાવા જવાનું છે?

હોટલ માલીક : ના. પણ અહીંના બાથરૂમના દરવાજામાં કડી નાખેલી નથી. એટલે અંદર હો ત્યાં સુધી ગાતા રહેવું પડે એમ છે.


☺ ☺ ☺ ☺ ☺

ચીન્ટુ : સાહેબ, તમે મારું પરિણામ મારા પપ્પાને ઈ-મેઈલ કરી દેશો?

શિક્ષક : પણ તું કહેતો હતો કે તારા ઘેર કોમ્પ્યુટર તો છે નહીં...

ચીન્ટુ : એટલે જ હું ઈ-મેઈલ કરવાનું કહું છું....

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*




## 'મંગલ મંદિર' : દીપોત્સવી વિશેષાંક

જયભારત સહ જણાવવાનું કે 'મંગલ મંદિર'નો દીપોત્સવી વિશેષાંક વાંચી પ્રસન્નતા અનુભવી. આ દળદાર અને સાચવી રાખવા લાયક વાર્તાસાગર વિશેષાંક માટે અભિનંદન પાઠવું છું.

પ્રસ્તુત નવેમ્બર વિશેષાંકમાં ગુજરાત અને કચ્છના ગણમાન્ય સર્જકોની ચૂંટાયેલી વાર્તાઓ વેદના જગાવી ગઈ. આપે કચ્છી લેખકોને આમંત્રી, નવલિકાઓ લખાવી, સુંદર કામ કર્યું છે. તેમજ કચ્છમિત્ર, કચ્છ કલામ અને કચ્છ અર્પણની જેમ કચ્છી ભાષાની કૃતિઓને સ્થાન આપી વાચકોનાં દિલ જીતી લીધાં છે. આ પ્રણાલી ચાલુ રાખશો એવી અપેક્ષા છે. કચ્છી સર્જકોનો વાર્તા વૈભવ ખરેખર સ્પર્શી ગયો. મંગલ મંદિરનો સાહિત્યિક સંસ્પર્શ ચાલુ રાખવા વિનંતી. ફરી એકવાર ધન્યવાદ...!

*પ્રાણલાલ હીરજીભાઈ ઠાકર - ભુજ*
*ફોન : (૦૨૮૩૨) ૨૩૦૧૫૩*

★

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

મારો, તમારો, અમારો અને આપણો – એ જ છે શ્રી કચ્છી જૈન સેવા સમાજ. આપણો સમાજ ઊંચી ઊંચી છલાંગો મારી સિદ્ધિનાં સોપાન સર કરી રહ્યો છે અને નવો ઇતિહાસ બનાવી રહ્યો છે.

ન ભેદ, ન ભાવ; ન મોટાઈ, ન અહમ્, ન અહંકાર – એવા આપણા સમાજના વડીલો હોય, યુવાનો હોય કે આબાલવૃદ્ધથી રચાયેલો આ સમાજ ભવ્યતાથી ઊભરી આવ્યો છે. કોટિ કોટિ વંદન કરવાનું મન થાય છે.

સમાજે હંમેશાં દરેક સભ્યને કાંઈક ને કાંઈક આપવાની કોશિશ કરી છે. બધી જ કમિટીના મેમ્બરો હરહંમેશાં બધાની વાત સ્વીકારી, કઈ રીતે મદદરૂપ થવું એ રાહ જોઈને જ બેઠા હોય છે. આ સમાજના આવા સભ્યો માટે ગૌરવ અનુભવું છું. દરેક સભ્ય ઉંમરને લાયક, એની સેવા આપવા કટિબદ્ધ છે. "સૌનો સાથ – સૌનો સહકાર" – આ જ આપણને ગૌરવ આપનારું સૂત્ર છે.

આપણું મુખપત્ર "મંગલ મંદિર" પણ કેટલું સુંદર અને સોહામણો અંક છે. ઘણી વખત ટપાલમાં મોડું આવે તો અમે નિરાશ થઈને બેસી જઈએ છીએ. મંગલ મંદિરમાં અવનવા માહિતીપ્રધાન લેખોનો રસથાળ પીરસાય છે.

મારા જેવી નાનકડી લેખિકાની પેનને ઘૂંટણિયાં ભરવા માટે એક પેજ રૂપી જગ્યા આપે છે, એ મારા માટે ગૌરવની વાત છે.

આપણા સમાજની મેડિકલ પ્રવૃત્તિ પણ એટલી જ દાદ માગી લે છે. સેવાભાવી સ્ટાફ, સેવાભાવી ડૉક્ટરો પણ કદર કરવાને હક્કદાર છે. અસંખ્ય લોકોને રાહતના ભાવે મેડિકલનો લાભ મળે છે એ પણ એક ગૌરવની વાત છે.

અમારા જેવા સિનિયર સિટીઝનનું પણ ધ્યાન રાખી સિનિયરને ગમતી પ્રવૃત્તિઓ પણ સરાહનીય છે અને વડીલો, ભાઈઓ, બહેનો આવા પ્રોગ્રામ થકી એકબીજાને મળી આનંદ અનુભવતા હોય છે.

*અલકા એ. સંઘવી - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૫૪૭૦૭૭૫*

★

ભાઈ મયૂર જ્યારે સંગીત વિષે ('મંગલ મંદિર' સપ્ટેમ્બર અંક) લખે ત્યારે પ્રતિભાવ આપવાનું મન થાય જ.

જૂની (મારી વયના) મધ્ય (મયૂરની વયના) અને નવી નવયુવા પેઢી વચ્ચે ગેપ તો રહેવાનો જ. સાથે એ પણ ખરું કે સંગીતની રુચિમાં ઉંમર પણ કામ કરે છે. અમારી યુવાનીમાં શાસ્ત્રીય સંગીત અમને પણ બોર કરતું.

કોઈપણ ક્ષેત્રમાં – ખાસ કરીને કલાના ક્ષેત્રોમાં એકધારાપણું ચાલે નહીં. પરિવર્તન આવે એ જરૂરી છે. નવું બધું સારું જ આવે કે નરસું જ આવે એ જરૂરી નથી, પણ નવા અખતરા થાય એ આવકાર્ય છે. જે સમયાતીત હશે એ ટકશે, બાકીનું ભુલાશે.

અમારા જમાનાની વાત કરીએ તો બહુ નાના વર્ગને બાદ કરતાં સમાજમાં - સામાન્ય વર્ગમાં સંગીતનું સ્થાન લોકસંગીતને બાદ કરતાં બહુ ઓછું હતું. આજે સંગીતના કાર્યક્રમોમાં યુવાનોની હાજરી ઉપરાંત શાસ્ત્રીય સંગીતમાં ભાગ લેતા - ગાતા સાંભળવાની નવાઈ નથી રહી. શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમોમાં સારી હાજરી દેખાય છે. અમદાવાદમાં જ જોઈએ તો સપ્તકના કાર્યક્રમોમાં ૫૦૦/- કે ૧૦૦૦/-ની ટિકિટો હોવા છતાં બેસવાની જગ્યા નથી મળતી. ટી.વી.ના સંગીતમાં રિયાલિટી શોમાં ભાગ લેવા હજારોની સંખ્યામાં બાળકો અને યુવાનો ઊમટે છે. સંગીત પ્રત્યેના અભિગમમાં સામાન્ય સમાજમાં દેખાતો આ નોંધનીય તફાવત છે, સુધારો છે.

જૂના અને નવા સંગીત બાબત જોઈએ તો આજના સિને સંગીતમાં નૃત્ય તત્ત્વ વધારે દેખાય છે અને ઉર્જાથી ભરપૂર યુવા વર્ગને એ ગમે એ સ્વાભાવિક છે. સમય જતાં તેઓ શાંત સંગીતને પણ પસંદ કરશે. મહત્ત્વની વાત સંગીતનો શોખ હોવાની છે. આ યુવાઓ આજના સંગીત ઉપર નાચી લે, પણ જ્યાં ગાવાની વાત આવે ત્યારે ૧૨-૧૫ વર્ષનાં બાળકો અને ઉપરની ઉંમરના નવયુવાનો પણ ગીતો દાદી કે નાનીના જમાનાના જ ગાતા હોય છે! હાલમાં તા. ૨૯-

૯ના રોજના સમાજના કાર્યક્રમમાં વીસેક ગીતો ગવાયાં – બધાં જ જૂનાં! તેમાં ૭૦ વર્ષ પહેલાંનું ગીત બહેન ફાલ્ગુનીએ ગાયું! ('આવાઝ દો કહાં હૈ... ફિલ્મ : અનમોલ ઘડી, નૂરજહાં અને સુરેન્દ્ર)

અમારી પેઢીએ હિંદી ફિલ્મ અને સંગીતના ૩ યુગ જોયા છે. ૧૯૩૫થી ૧૯૫૦ સુધીના પ્રથમ યુગમાં ગાયકોમાં કે.સી. ડે, પંકજ મલિક, આશિત બરન, કે.એલ. સાઇગલ. ગાયિકાઓમાં કાનન બાલા, નૂરજહાં, ઉમાદેવી, સુરૈયા, જોહરા બેગમ, અમીરબાઈ કર્ણાટકી વગેરે. સંગીતકારોમાં આર.સી. બોરાલ, પંકજ મલિક વગેરે. આ યુગ લગભગ નવયુવાનોમાં ભુલાઈ ગયો છે. આકાશવાણીના સંગ્રહમાંથી આ યુગનાં ગીતો હજુ સાંભળવા મળે છે, જે અમારી પેઢીને જ ગમતાં હશે.

ત્યારબાદનો ૬૦ અને ૭૦ના બે દાયકા ભારતના સિને સંગીતના સુવર્ણયુગ કહી શકાય. એની ચમક હજુ પણ ઓછી નથી થઈ. એ યુગનાં નામો હજુ પણ એટલાં પ્રખ્યાત છે કે નામો આપવાની જરૂરત નથી. ત્યારે ગાયકોની સંખ્યા ઓછી જરૂર હતી, પણ તેઓની ગુણવત્તા સામે આજના ગાયકો ક્યાં ટકી શકે એમ છે? તે વખતના સંગીતકારો સામે ઊભી શકે એવા સંગીતકારો ક્યાં છે? એ બધાની ગુણવત્તાના જોરે જ એ વખતનું સિને સંગીત આજે પણ સદાબહાર છે.

આજના સંગીતકારો અદ્યતન વાદ્યોનો વધારે પડતો ઉપયોગ કરે છે. વાદ્યો ગાયકને ટેકો આપવા માટે, તેના અવાજને નિખાર આપવા માટે હોય છે. એની જગ્યાએ આજે ગાયક ઉપર વાદ્યો જ હાવી થઈ જાય છે. આમાં સુનિધિ, શ્રેયા, સોનુ ઉપરાંત અન્ય સૂરીલા ગાયકોના અવાજનું માધુર્ય દબાઈ જાય છે.

બીજી એક વાત આજના ગીતોમાં ખૂંચે છે. નવાં ગીતોમાં કાવ્યતત્ત્વ અને શબ્દસમૃદ્ધિ લગભગ ગૂમ થઈ ગયાં છે. સાહિર, શકીલ, હસરત, શૈલેન્દ્ર, ગુલઝાર, જાવેદ અખ્તર, પ્રદીપજી જેવા ગીતકારો ક્યાં છે? સંગીતકારો આજે માત્ર વાદ્યો, રિધમ અને ટેકનિકને જ મહત્ત્વ આપે છે. એમાં આવતું સંગીત આગિયા જેવું હોય છે. ૪ - ૬ મહિના પછી બધું ભુલાઈ જાય છે.

આમ છતાં છેવટે તો ભારતીય સંગીત વિષે આશાવાદી રહેવું જ પડે. અખતરા થશે, આવકાર્ય છે, પણ મુળભૂત માળખાને કોઈ આંચ નહીં આવે.

મારી આ માન્યતાઓને કોઈ જનરેશન ગેપ કહે તો મને તેનો બિલકુલ વાંધો નથી!

***મગનલાલ સંઘવી - અમદાવાદ***
***ફોન : (૦૭૯) ૨૬૮૭૧૯૨૫***

★

***'મંગલ મંદિર' દીપોત્સવી અંક વિશે સંખ્યાબંધ પ્રશંસાત્મક પ્રતિભાવો સાંપડ્યા છે. તમામનો તંત્રીશ્રી આભાર માને છે.***

## હવેલી સંગીત અને પસ્તી

**(અનુસંધાન : પાના નં.-૫૮ ઉપરથી ચાલુ)**

આ દંપતીએ ઉદ્‌ઘાટનનું આમંત્રણ પણ દરેક મદદ કરનાર વૈષ્ણવના ઘરે રૂબરૂ જઈને આપ્યું. પધારવા અને હવેલી સંગીત શીખવા કહેતા આવ્યા.

***તેમણે બનાવેલ સ્થળનું નામ :***

'સૂર શૃંગાર કીર્તન વિદ્યાલય (અમદાવાદ) તથા શ્રી વલ્લભ વિઠ્ઠલ કીર્તન આવાસ સેવા ટ્રસ્ટ'

૪૧૪-૪૧૫, અશ્વમેઘ એલીગન્સ, ભુદરપુરા રોડ, આંબાવાડી બજાર, અમદાવાદ-૬.

ઘણા માણસો રિટાયર્ડ થયા બાદ કોઈ ને કોઈ સારી પ્રવૃત્તિ શોધીને તેમાં પરોવાઈ જતા હોય છે - તેનાથી શરીર અને મન વ્યસ્ત રહે છે. ઘડપણ મોડું આવે છે અને સારું કાર્ય કરતા જવાનો આનંદ અને સંતોષ મળે છે. આ વાત શરદભાઈ અને ઉમાબહેનની પ્રવૃત્તિ, કાર્ય અને વાત સાંભળી સૌએ સો ટકા સાચી અને સાર્થક લાગી.

*ગની દહીંવાળાનો એક શેર છે :*

***'આ એક નાનકડી દુનિયા છે,***
***એ માંહે વસ્યા છો આવીને,***
***લાગે જો તમોને અંધારું,***
***તો દીપ જલાવો જીવનમાં.'***

## પ્રભુ

*હું તને ચાહું છું,*
*તું જે છે તેના માટે નહિ,*
*તારી હાજરીમાં હું જે બનું છું તેના માટે.*

*હું તને ચાહું છું,*
*તારા રૂપ કે વ્યક્તિત્વ માટે નહિ,*
*તેં મારા વ્યક્તિત્વને જે રૂપ આપ્યું છે તેના માટે.*

*હું તને ચાહું છું, કેમ કે*
*તું મારા હૃદયમાં ઝાંકી,*
*તેમાંથી દરેક મૂર્ખતા, દરેક અપૂર્ણતાને હળવેથી દૂર કરે છે.*

*એ બધો કચરો તું ત્યાં જોઈ જ નથી શકતો.*

*જે કદી કોઈની નજરે નથી ચઢ્યો*
*તે સદ્‌ગુણોનો અમૂલ્ય ખજાનો તું દૃષ્ટિગોચર કરે છે.*

*તું મારા જીવનને કર્કશ કોલાહલને બદલે સૂરીલા સંગીતનું રૂપ આપે છે.*

*અદૃશ્ય, અસ્પર્શ્ય અને નિ:શબ્દ રહીને કરે છે તું આ બધું*
*છતાં મને રહે છે સતત તારા અસ્તિત્વનો અહેસાસ.*
*હું તને વંદું છું.*

***– રોય ક્રોફ્ટ***
***સૌજન્ય : "સમજણના સૂર"***

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૨૮-૯-૨૦૧૫ના સવારે ૧૦.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન, પાલડીના બેઝમેન્ટ હૉલ ખાતે મળી હતી. જેમાં ઍજન્ડા અનુસાર કાર્યવાહી કરવામાં આવી હતી.

આ સભાનું પ્રમુખસ્થાન સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ સંભાળ્યું હતું. આ પ્રસંગે સમાજની વર્ષ દરમિયાન થયેલ પ્રવૃત્તિઓ તથા કચ્છી વિસામો યોજનાની વિગતવાર છણાવટ કરવામાં આવી હતી.

## એવરીડે હર્બલ બ્યુટી કેર - સામખિયાળી (કચ્છ) દ્વારા નિર્મિત ઓર્ગેનિક કોસ્મેટિક્સ પ્રોડક્ટ્સ તથા ઓનલાઈન સેલિંગ વેબસાઈટનું મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલ દ્વારા લોન્ચિંગ

કોઈપણ દેશના અર્થતંત્રનો પ્રાણ તે દેશના લઘુ એકમો હોય છે તેમ તમામ અર્થશાસ્ત્રીઓ માને છે. રાજ્ય સરકારશ્રીએ એવરીડે હર્બલ બ્યુટીકેરના સાહસને પ્રોત્સાહન આપતાં કંપની દ્વારા નિર્મિત ઓર્ગેનિક્સ કોસ્મેટિક્સ રેન્જ તથા www.khadiherbalshop.com નું લોન્ચિંગ ગુજરાતના સન્માનનીય મુખ્યમંત્રી અને ગતિશીલ ગુજરાતનાં દૃષ્ટા શ્રીમતી આનંદીબેન પટેલના શુભ હસ્તે તા. ૨૧-૧૦-૨૦૧૫, બુધવારના રોજ કરવામાં આવેલ હતું. મુખ્યમંત્રીશ્રી દ્વારા કંપની અને પ્રોડક્ટ્સની તલસ્પર્શી માહિતી મેળવવામાં આવી હતી અને ગ્રામીણ બહેનોને મળતી રોજગારી ક્ષેત્રે તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો. તેઓશ્રી દ્વારા પ્રોડક્ટ્સમાં વપરાતા વિવિધ ઘટકો પણ ગુજરાતમાં જ બને તે માટે સંશોધન કરવા પ્રેરણા કરી હતી.

આ પ્રસંગે ગુજરાત રાજ્યનાં લઘુઉદ્યોગ મંત્રી શ્રી તારાચંદભાઈ છેડા, કચ્છ જિલ્લા ભાજપના અધ્યક્ષ અને રાપરના ધારાસભ્ય શ્રી પંકજભાઈ મહેતા, KVIC ગુજરાતનાં ડાયરેક્ટર શ્રી સંજયજી હેડાઉ આદિ મહાનુભાવો ઉપસ્થિત હતા.

## શ્રી જોરાવરસિંહ જાદવને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા રૂા. ૧ લાખનો મેઘાણી લોકસાહિત્ય ઍવોર્ડ એનાયત કરાયો

ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ લેખક, લોકસાહિત્યવિદ્ અને પ્રતિષ્ઠાપ્રાપ્ત સંશોધક શ્રી જોરાવરસિંહ જાદવને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ચાલતા મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા શરૂ કરાયેલ રૂપિયા એક લાખનો 'શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય ઍવોર્ડ ૨૦૧૫' શ્રદ્ધેય સંત શ્રી મોરારિબાપુના શુભ હસ્તે તા. ૯-૧૦-૨૦૧૫ના રોજ રાજકોટ ખાતે એક સમારંભમાં એનાયત કરવામાં આવ્યો.

## આત્મવિશ્વાસ

*તમે જો માનતા હો કે તમે હારશો*
*– તો તમે હારી જ જવાના.*

*તમે જો માનતા હો કે તમારામાં હિંમત નથી*
*– તો તમે કાયર જ રહેવાના.*
*તમને જીતવું તો ગમે જ,*

*પણ તમે એવું વિચારતા હો કે જીતી નહિ શકો*
*– તો ખાતરી રાખો કે તમે નહિ જ જીતો.*

*સફળતાનો પાયો છે આત્મવિશ્વાસ.*

*જિંદગીની દોડ જીતનાર હંમેશાં*
*શક્તિશાળી જ હોય એવું જરૂરી નથી.*

*જેણે જીતવાનો સંકલ્પ કરી*
*આરંભ કર્યો હોય તે જ જીતે છે.*

***– ભાર્ગવી દોશી***
***સૌજન્ય : "સમજણના સૂર"***

## મનની વૃત્તિ

તમે જેટલું વધુ બીજાંને આપશો, તેટલું વધુ તમે પામશો.
તમે જેટલા વધુ હસશો, તેટલાં તમે ઓછાં દુઃખી થશો.

તમે જેટલું વધુ નિઃસ્વાર્થપણે કામ કરશો
તેટલું વધુ મુક્તપણે જીવી શકશો.

તમે જેટલું વધુ વહેંચશો
તેટલું તમને બીજાને આપવા માટે વધુ મળશે.

તમે જેટલું વધુ ચાહશો
તેટલી વધુ તમને જિંદગી સ-રસ લાગશે.

જે આપણે આપીએ છીએ, તે જ હંમેશ ભરપૂર રીતે
દિવસે દિવસે આપણે પામીએ છીએ.

***– હેલર સ્ટીનર રાઈસ, સૌજન્ય : "સમજણના સૂર"***

*જીવનમાં આમ જો કે પ્રલોભનો અનેક છે*
*જળમાં કમળની જેમ વિકસવાની ટેવ છે.*
***– 'શૂન્ય' પાલનપુરી, સૌજન્ય : "ભણતરનું ભાવજગત"***

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

★ કેગ (CAG)ના ગુજરાત માટેના વર્ષ ૨૦૧૩ના રિપોર્ટમાં જણાવેલ છે કે તે વર્ષના ફેબ્રુઆરી માસના ૨૮ દિવસ જ હતા છતાં તારીખ ૨૯, ૩૦ અને ૩૧માં શ્રમિકોને રૂા. બાર હજારની મજૂરીની ચૂકવણી દર્શાવેલ છે.
**(નયા માર્ગ, તા. ૧-૧૦-૧૫)**

★ મેરઠની કેટલીક છોકરીઓએ પતિ શોધવા માટે R.T.I. કરી છે! આ છોકરીઓ પોલીસ સ્ટેશનમાં જઈ પસંદ કરેલા છોકરાનો અપરાધિક રેકોર્ડ તપાસે છે! પોલીસે જાહેર કરેલા આંકડા મુજબ આવી ૪૦૦ અરજીઓ આવી છે.
**(સાધના, તા. ૧૭-૧૦-૧૫)**

★ એક R.T.I. અરજીના જવાબમાં ભારત સરકારે જણાવ્યું છે કે સરકારી રેકોર્ડમાં 'શહીદ' શબ્દની કોઈ વ્યાખ્યા નથી. અને ભારત સરકારે કોઈપણ રમતને રાષ્ટ્રીય રમત જાહેર કરેલ નથી. અન્ય એક R.T.I. ના જવાબમાં ભારત સરકારે જણાવ્યું કે 'હિંદુ' શબ્દના અર્થની તેઓને ખબર નથી.
**(સાધના, તા. ૧૭-૧૦-૧૫)**

★ બાબાસાહેબ આંબેડકર જ્યારે બીજી ગોળમેજી પરિષદ (સપ્ટેમ્બર - ડિસેમ્બર ૧૯૩૧)માં લંડન ગયા હતા ત્યારે લંડનથી ૩૨ કાર્ટુન ભરીને પુસ્તકો ખરીદી ભારત આવ્યા હતા. **(દલિત અધિકાર, તા. ૨૦-૧૦-૧૫)**

*(ડૉ. આંબેડકરે તો પુસ્તકોનું શોપિંગ કર્યું. આપણામાંથી કોઈ લંડન જાય તો કઈ કઈ ચીજોનું શોપિંગ કરે?)*

★ શ્રી મદનમોહન માલવિયાજીએ બનારસ હિંદુ યુનિવર્સિટીના ગ્રંથાલય માટે આંબેડકરની પૂરી લાઈબ્રેરી રૂા. ૨ લાખ (તે જમાનાના – આજના લગભગ રૂા. ૧૦૦ કરોડ)માં ખરીદી લેવાની ઈચ્છા દર્શાવેલી. જેનો આંબેડકરે ઈન્કાર કરેલો.
**(દલિત અધિકાર, તા. ૨૦-૧૦-૧૫)**

★ વર્ષ ૨૦૧૦ના કોમનવેલ્થ ગેમ્સનું દિલ્હીમાં આયોજન ફક્ત ભ્રષ્ટાચાર માટે જ ચગ્યું છે એમ નથી. ત્યારે આયોજકોએ ૩૮ લંગૂર જાતિના વાંદરાઓને ટ્રેઈન કરીને રાખ્યા હતા. જેમનું કામ ખેલાડીઓના આવાસથી જંગલી વાંદરાઓને દૂર રાખવાનું હતું. **(ચિત્રલેખા, તા. ૨-૧૧-૧૫)**

★ ગુજરાતમાં વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન એટલે કે 'વાસ્મો' સંસ્થાએ ૨૦૧૦માં ૧૬,૪૨૭ ગામોમાં પીવાના પાણીની ગુણવત્તાની ચકાસણી કરી હતી. જેમાં ૫૨૬૦ ગામોમાં પીવાના પાણી એટલી હદે પ્રદૂષિત હતા કે તે પીવાલાયક ન હતા. એને કારણે પ્રદૂષિત પાણીથી થતા રોગોમાં સાત લાખ ઓગણત્રીસ હજાર સાડત્રીસ (૭,૨૯,૦૩૭) કેસ નોંધાયા હતા. છતાં પણ સરકારે છેલ્લા પાંચ વર્ષમાં કોઈ જ પગલાં ભર્યાં નથી. **(ભૂમિપુત્ર, તા. ૧૬-૧૦-૧૫)**

★ મહુવા (જિલ્લો : ભાવનગર)ની ૨૦૦ પથારી ધરાવતી સિવિલ હૉસ્પિટલમાં એકપણ ડૉક્ટર નથી! એટલે ગામમાંથી ચાર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો હૉસ્પિટલમાં આવીને ૨-૩ કલાક માનદ્ સેવા આપે છે. તેથી હૉસ્પિટલ ચાલે છે.
**(ભૂમિપુત્ર, તા. ૧૬-૧૦-૧૫)**

★ એક સમયે ગુજરાતના પાટનગર રહી ચૂકેલા ચાંપાનેરની સુપ્રસિદ્ધ મોતી મસ્જિદની મુલાકાત લેતાં કોઈપણ સામાન્ય જ્ઞાન ધરાવતી વ્યક્તિને ખાતરી થાય છે કે આ બાંધકામ મૂળમાં જૈન દેરાસર છે. જેને ખંડિત કરીને, પ્રતિમાઓ દૂર કરીને, બહાર મિનારાઓ બનાવીને તથા વજુનો હોજ બનાવીને તેને મસ્જિદ તરીકે હવે ઉપયોગ કરવામાં આવ્યો છે. **(શ્રી પ્રવીણ ક. લહેરી, અખંડ આનંદ, સપ્ટેમ્બર-૨૦૧૫)**

★ એક R.T.I. દ્વારા મળેલ માહિતી અનુસાર આપણા દેશમાં છેલ્લા ૧૫ વર્ષમાં અનુસ્નાતક કક્ષાના તથા પીએચ.ડી. કક્ષાના ૧૯૦ જેટલા યુવાન અણુવિજ્ઞાનીઓએ આત્મહત્યા કરી છે. **(દિવ્ય ભાસ્કર, તા. ૧-૧૧-૧૫)**

*(જો કે આ બાબતમાં સરકાર કે પ્રજા, કોઈને કશી ચિંતા - ફિકર નથી.)*

★ મેરઠની હૉસ્પિટલના પોસ્ટમોર્ટમ વખતે મૃતકના શરીરમાંથી અમુક અવયવો કાઢી લેવામાં આવે છે અને તે તાંત્રિકોને વેચી દેવામાં આવે છે. **(વિવેકપંથી, ઓક્ટોબર-૨૦૧૫)**

★ તુર્કીના પ્રમુખના મહેલમાં વાંદાઓના ભારે ત્રાસના કારણે પ્રમુખે રૂા. ૭૨ અબજના ખર્ચે નવો મહેલ બનાવડાવ્યો છે.
**(વિવેકપંથી, ઓક્ટોબર-૨૦૧૫)**

## તમામ સુખો

એક શાંત, સુંદર ઘર, એક સંપભર્યો પરિવાર,
થોડાં સુંદર પુસ્તકો,
ચાહવા ગમે એવાં અને તમને ચાહતા મિત્રો,
થોડી નિર્દોષ, નિષ્કલંક હસી-મજાક,
સત્ય પરત્વે નિષ્ઠા, શ્રદ્ધા, વિશ્વાસ,
પ્રેમ અને આશાથી ભર્યોભર્યો
એક નિર્દંભ ધર્મ –

***બસ આટલું હોય તો સમગ્ર સૃષ્ટિનાં***
***તમામ સુખો તમારાં ચરણ ચૂમતાં હશે.***

**– ભાર્ગવી દોશી**
**સૌજન્ય : "સમજણના સૂર"**

# જાણવા જેવું

***સંકલન : રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)***

## આપણે જૈનો

જૈનોની ભારતભરમાં કુલ વસતિ ૪૪૫૧૭૫૩ છે. તેમાંથી પુરુષોની સંખ્યા ૨૨૭૮૦૯૭ છે જ્યારે સ્ત્રીઓ ૨૧૭૩૬૫૬ છે. આમ પુરુષ અને સ્ત્રીઓ વચ્ચેનો રેશિયો ૧૦૦ : ૯૬ છે. આ વસતિમાંથી શહેરોમાં ૩૫૪૬૯૪૪ જૈનો વસે છે જ્યારે રૂરલ એરિયામાં માત્ર ૯૦૪૮૦૯ જૈનો વસે છે.

